# આત્મધર્મ

## વર્ષ ૧૨

## સળંગ અંક ૧૩૩

### Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | Nov 2005 | First electronic version. |

“सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्ग:”

# આત્મધર્મ


વર્ષ બારમું
અંક પહેલો

: સમ્પાદક :
રામજી માણેકચંદ દોશી

કારતક
૨૪૮૧


## “પ્રભુજી ! તારા પગલે પગલે મારે આવવું રે...”

“અહો નાથ ! અંતરની શક્તિના અવલંબને આપ સર્વજ્ઞ થયા ને અમને એ માર્ગ બતાવ્યો, હે નાથ ! તારી પ્રસન્નતાથી હું પણ તારા જ માર્ગે ચાલ્યો આવું છું.... હે ભગવાન ! આપની પ્રસન્નતા પ્રાપ્ત કરીને હું આત્મબોધ પામ્યો........હે પ્રભુ ! હું પણ તારા પગલે પગલે ચાલ્યો આવું છું......”

–પોતાના સર્વજ્ઞસ્વભાવની પ્રતીત કરીને ભગવાનના ભક્તો કહે છે કે “હે ભગવાન ! આપ તો આત્માના અતીન્દ્રિય–પરમ આનંદના પૂર્ણ ભોક્તા થઈ ગયા, ને અમારા માટે પણ આપ થોડો પ્રસાદ મૂકતા ગયા છો... હે ભગવાન ! આપની પ્રસન્નતાથી અમને પણ આપના અતીન્દ્રિયઆનંદની પ્રસાદી મળી છે.”

-દીપોત્સવી-પ્રવચનમાંથી


વાર્ષિક લવાજમ
ત્રણ રૂપિયા

[૧૧૩]

છૂટક નકલ
ચાર આના

શ્રી જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ .·. સોનગઢ ( સૌરાષ્ટ્ર )

# નૂતન વર્ષના પ્રારંભે........

આ નૂતન વર્ષના પ્રારંભે મંગલરૂપે શ્રી પંચપરમેષ્ઠી ભગવંતોને, પરમ ઉપકારી ગુરુદેવને અને જિનવાણી-ભગવતી માતાને, અતિશય ભક્તિપૂર્વક અભિવંદના કરીએ છીએ; તેમજ "આત્મધર્મ"ના ગ્રાહકો તથા પાઠકો સર્વે આત્માર્થી-મુમુક્ષુ સાધર્મીજનોને વાત્સલ્યપૂર્વક અભિનંદન પાઠવીએ છીએ.

અગિયાર વર્ષ પૂરાં કરીને આપણું 'આત્મધર્મ' માસિક નૂતન વર્ષમાં આગળ વધે છે. અમને જણાવતાં આનંદ થાય છે કે આ નૂતન વર્ષની મંગલબોણીમાં પૂ. ગુરુદેવે "સર્વજ્ઞતા" અને "ક્રમબદ્ધપર્યાય" જેવા અતિશય અગત્યના વિષય ઉપર એકધારા આઠ અદ્ભુત પ્રવચનોની મહાન ભેટ 'આત્મધર્મ'ને આપી છે....તે ઉપરાંત વળી દીપાવલીના મંગલદિને "કેવળીભગવાનનો પ્રસાદ" પણ આપ્યો છે....આ ખરેખર મુમુક્ષુઓનાં મહાન સદ્ભાગ્ય છે.

ભેદજ્ઞાનનો ઝણઝણાટ કરતી, પૂ. ગુરુદેવની પાવનકારી વાણીમાંથી ખાસ ખાસ વિષયો ચૂંટીને 'આત્મધર્મ'માં આપવામાં આવે છે. આત્માના અતીન્દ્રિયસુખને સ્પર્શીને બહાર આવતી પૂ. ગુરુદેવની સુમધુર વાણી દુનિયાના દુઃખી જીવોને સુખનો માર્ગ દેખાડે છે, મૂંઝાયેલા માનવીને મુક્તિની પ્રેરણા જગાડે છે અને જૈનશાસનના ઊંડા હાર્દને સ્પષ્ટપણે સમજાવીને મુમુક્ષુ જીવોને નવી જ દ્રષ્ટિ તરફ દોરી જાય છે. પૂ. ગુરુદેવની આવી ઉપદેશામૃત ધારાના અંશનું પણ વહન કરવું તે આ 'આત્મધર્મ' ને માટે ગૌરવનો વિષય છે. આમ છતાં પણ, તે વાણી પરોક્ષ છે, સંસારથી સંતપ્ત અને મુક્તિના અભિલાષી આત્માર્થી જીવોએ તો પ્રત્યક્ષપણે ગુરુદેવના સમાગમમાં રહીને સીધેસીધું શ્રવણ કરીને એ અમૃતધારા ઝીલવી-એ ખાસ જરૂરનું છે. જે અપૂર્વ તત્ત્વ પૂ. ગુરુદેવ સમજાવે છે તે ઝીલીને, તેનું અંતર્મંથન ને નિર્ણય કરીને, તદ્રૂપ આત્મપરિણમન કરવું તે આપણું સૌનું કર્તવ્ય અને ધ્યેય છે. આ ધ્યેયને પહોંચી વળવા માટે પૂ. ગુરુદેવ અહર્નિશ પ્રેરણા અને પ્રોત્સાહન દ્વારા જે અચિંત્ય ઉપકાર કરી રહ્યા છે તેને ફરી ફરી યાદ કરીને પરમભક્તિપૂર્વક નમસ્કાર કરીએ છીએ. **-સંચાલકો**

---

# 'આત્મધર્મ'ના ભેટ પુસ્તક વિષે ચોખવટ

**મુંબઈમાં** નિવાસ કરતા **'આત્મધર્મ'**ના અધિકાંશ ગ્રાહકોને ભેટ પુસ્તક મળી ગયું છે. ઘણા ગ્રાહકોને ઉક્ત પુસ્તક કયે સ્થળે મળે છે, તેની જાણ નહિ હોવાથી પુસ્તકો બાકી રહ્યાં છે; તો માનવંતા ગ્રાહકોને અભ્યર્થના કરવામાં આવે છે કે નીચેના સરનામે રૂબરૂમાં જઈ મળવાથી પુસ્તક પ્રાપ્ત થઈ શકશે.

પુસ્તકનું પ્રાપ્તિ-સ્થાન :

શ્રી હિમ્મતલાલ છોટાલાલ.

૬૯/૭૧ સુતાર ચાલ,

**મુંબઈ, ૨.**

# નિવેદન

**'આત્મધર્મ'**નો પ્રસ્તુત અંક પૂજ્ય ગુરુદેવનાં અતિ મહત્ત્વપૂર્ણ આઠ પ્રવચનો પ્રકાશિત કરવાનાં હોવાને કારણે, વિલંબથી પ્રકાશિત થઈ ગયો છે. ઉક્તાંકમાં પ્રવચનો ૬૪ પૃષ્ટમાં સમાવી લેવામાં આવ્યાં છે.

**વિશેષસૂચના-**

ઉપરોક્ત કારણને વશ થઈ કાર્યની અધિકતાને અનુલક્ષીને માગશર માસનો અંક પણ આઠેક દિવસ વિલંબથી પ્રકાશિત થશે.

**વ્યવસ્થાપક,**

જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,

સોનગઢ [ સૌરાષ્ટ્ર ]

# ક્રમબદ્ધપર્યાય પ્રવચન

## પ્રથમ ખંડ

[પ્રવચન ૧ થી ૮]

# “કેવળીભગવાનનો પ્રસાદ”

[ શ્રી મહાવીર-નિર્વાણ-મહોત્સવ પ્રસંગે પૂ. ગુરુદેવના અત્યંત ભાવવાહી મંગલ પ્રવચનમાંથી...વીર સં. ૨૪૮૧ ]

ભગવાન મહાવીર પરમાત્મા આજે મોક્ષદશાને પામ્યા; કેવળજ્ઞાન તો તેમને ઘણાં વર્ષ પહેલા થયું હતું, ત્યાર પછી ત્રીસ વર્ષ સુધી અરિહંતપદે તીર્થંકરપણે રહ્યા, ને આજે (આસો વદ અમાસના પરોઢિયે) પાવાપુરીમાં ભગવાન અશરીરી સિદ્ધદશાને પામ્યા. અને ભગવાનના ગણધર શ્રી ગૌતમ સ્વામી પણ આજ દિવસે કેવળજ્ઞાન પામ્યા.... અરિહંતપદ પામ્યા...

.... પણ, “મહાવીર પરમાત્મા નિર્વાણપદ પામીને સિદ્ધ થયા ને ગૌતમગણધર કેવળજ્ઞાન પ્રગટ કરીને અરિહંત થયા,-તેમાં આ આત્માને શું?”-તો કહે છે કે, આ વાતનો જેણે નિર્ણય કર્યો એટલે કે આત્માની પૂર્ણ શુદ્ધ સિદ્ધદશા, તેમજ જ્ઞાનની પૂર્ણદશારૂપ કેવળજ્ઞાન આ જગતમાં છે-એવો જેણે નિર્ણય કર્યો તેણે પોતાના આત્માના પૂર્ણ શુદ્ધસ્વભાવનો નિર્ણય કર્યો....એટલે સિદ્ધદશાનો ને કેવળજ્ઞાનનો ઉપાય તેને પોતાના આત્મામાં શરૂ થઈ ગયો...તે ભગવાનનો નંદન થયો, તેને સર્વજ્ઞભગવાનની પ્રસાદી મળી.

અહો, આજે જ મહાવીર ભગવાન સિદ્ધ થયા... આજે જ ગૌતમપ્રભુ અરિહંત થયા..... ભગવાનને જે સિદ્ધદશા અને અરિહંતદશા પ્રગટી તે પોતાના આત્માના સામર્થ્યમાંથી જ પ્રગટી છે, બહારથી નથી આવી,-આવો નિર્ણય કરીને,...‘મારા આત્મામાં પણ પૂર્ણદશા પ્રગટવાનું સામર્થ્ય ભર્યું છે, હું રાગ જેટલો કે અધૂરી દશા જેટલો નથી પણ પરમાત્મદશા પ્રગટવાના સામર્થ્યનો પિંડ છું’ એમ પોતાના સ્વભાવસામર્થ્યનો વિશ્વાસ કરવો તે અપૂર્વ સમ્યગ્દર્શન છે. ભગવાનને પૂર્ણ કેવળજ્ઞાનસૂર્ય ખીલી ગયો છે ને આ આત્માને તે કેવળજ્ઞાનપ્રભાત ઊગવા માટેનું પરોઢિયું થયું. અનાદિના મિથ્યાત્વનું અંધારું ટળીને સમ્યગ્દર્શન થયું ત્યાં કેવળજ્ઞાનપ્રભાતનો પો’ ફાટયો... અને હવે અલ્પકાળમાં તેને પૂર્ણ કેવળજ્ઞાનસૂર્ય ખીલી જશે.-જુઓ, આ સર્વજ્ઞ ભગવાનની ઓળખાણનું ફળ!

સિદ્ધ થયા પહેલા મહાવીર ભગવાન સર્વજ્ઞતીર્થંકરપણે આ ભરતક્ષેત્રે વિચરતા હતા; ત્યારે તેમના દિવ્યધ્વનિમાં એવો ઉપદેશ આવતો કે “આત્મામાં જ મુક્ત થવાની તાકાત ભરી છે....પૂર્ણ પરમાત્મદશા પ્રગટવાનું સામર્થ્ય આત્માના સ્વભાવમાં જ છે...તેની પ્રતીત કરો...તેની સન્મુખતા કરો...” ભગવાનનો આવો ઉપદેશ ઝીલીને સુપાત્ર જીવો અંતર્મુખ થઈને સમ્યગ્દર્શનાદિ પામ્યા...ત્યાં તેઓ કહે છે કે અહો! સર્વજ્ઞભગવાનના પ્રસાદથી અમે આત્મબોધ પામ્યા! હે નાથ! આપની અમારા ઉપર પ્રસન્નતા થઈ...કેવળી ભગવાનના પ્રસાદથી અમને આત્મબોધ થયો...હે નાથ! મારા ઉપર તારી કરુણા થઈ...મહેરબાની થઈ...કૃપા થઈ! -‘આમ કોણ કહે છે?’-અંતરના જ્ઞાનાનંદ સ્વભાવની દૃષ્ટિ અને પ્રતીત કરીને જેણે પોતાના આત્માની પ્રસન્નતા મેળવી છે-આત્માના આનંદનો અનુભવ કર્યો છે-એવા જ્ઞાની-ધર્માત્મા પોતાની પ્રસન્નતા જાહેર કરતાં કહે છે કે અહો! કેવળી ભગવાને અમારા ઉપર પ્રસન્નતા કરી...અમારા ઉપર ભગવાનની મહેરબાની થઈ...અમને ભગવાનની પ્રસાદી મળી. હે ભગવાન! આજે આપ પ્રસન્ન થયા, આજે આપની કૃપા થઈ...હે ભગવાન! આપની કૃપાથી આજ અમારા ભવભ્રમણનો અંત આવ્યો. ભગવાન તો વીતરાગ છે, તેમને કોઈ ઉપર કરુણાનો રાગ હોતો નથી, પણ સમકીતિને ભગવાન પ્રત્યે તેમજ પોતાના ગુરુ પ્રત્યે આવો ભક્તિનો આહ્‌લાદ આવ્યા વિના રહેતો નથી. હે નાથ! ‘તારી કૃપાએ અમે આત્મબોધ પામ્યા ને હવે અલ્પકાળે અમારા ભવનો નાશ થઈને મુક્તદશા થવાની છે-એમ જ આપે કેવળજ્ઞાનમાં જોયું છે’-એ જ આપની અમારા ઉપર અકષાયી કરુણા છે, એ જ આપની પ્રસન્નતા અને મહેરબાની છે.

આત્માને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ જે મુક્તિનો માર્ગ, તેના બોધનું નિમિત્ત સર્વજ્ઞભગવાનની વાણી છે; તે વાણી યથાર્થપણે ઝીલીને જેમણે અંતર્સ્વભાવના અવલંબને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રદશા પ્રગટ કરી, એવા ધર્માત્માઓ-સાધુ-સજ્જનો-સમકીતિ સંતો કહે છે કે હે નાથ! આપ તો કેવળજ્ઞાન અને મોક્ષ પામીને પરમાનંદથી તૃપ્ત....તૃપ્ત થયા... ને અમારા ઉપર પણ કરુણા કરીને અમને એ

આનંદની પ્રસાદી આપી...આપના પ્રતાપે અમને પણ અમારી સર્વજ્ઞશક્તિની પ્રતીત થઈ... અમને અમારા આનંદનું ભાન થયું...આ રીતે, આપ વીતરાગ હોવા છતાં હે નાથ ! અમારી પ્રસન્નતાનું કારણ છો...

જુઓ, સાધુ પુરુષો એટલે કે સજ્જનો (સત્-જનો)-સમકીતિ ધર્માત્માઓ કૃતજ્ઞ છે, આત્માના શ્રેયમાર્ગમાં જેમનો ઉપકાર થયો તેને કદી ભૂલતા નથી. ભગવાનના નિમિત્તે પોતાને રત્નત્રયભાવ પ્રગટયો ને આત્માની પ્રસન્નતા પ્રગટી ત્યાં કહે છે કે અહો ! અમારા ઉપર ભગવાનની મહેરબાની થઈ. પોતામાં પ્રસન્નતા થઈ ત્યાં ભગવાનની પ્રસન્નતાનો પણ આરોપ કર્યો કે ભગવાન મારા ઉપર પ્રસન્ન થયા.

હે મહાવીર ભગવાન ! આપ આજે સિદ્ધ થયા, હે ગૌતમ ભગવાન ! આપ આજે કેવળજ્ઞાન પામ્યા, હે ભગવાન ! આપની પ્રસન્નતા પ્રાપ્ત કરીને હું આત્મબોધ પામ્યો.....હે નાથ ! હું પણ તારા પગલે પગલે ચાલ્યો આવું છું.....

જુઓ, આ દીવાળીનો પ્રસાદ વહેંચાય છે ! લોકો લક્ષ્મીની પ્રસન્નતા માંગે છે, અહીં તો કહે છે કે સર્વજ્ઞભગવાન અમારા ઉપર પ્રસન્ન થયા...આજે અમને ભગવાન સામા મળ્યા (-દૃષ્ટિમાં સન્મુખ થયા), બહાર નીકળતાં જ આજે ભગવાનનો ભેટો થયો-શક્તિમાં તો ભગવાન હતા, પણ વ્યક્તપર્યાયમાં પ્રતીત કરતાં જ ભગવાનનો ભેટો થયો...ભગવાનનો સાક્ષાત્કાર થયો...“અહો નાથ ! અંતરની શક્તિના અવલંબને આપ સર્વજ્ઞ થયા ને અમને એ માર્ગ બતાવ્યો, હે નાથ ! તારી પ્રસન્નતાથી હું પણ તારા જ માર્ગે ચાલ્યો આવું છું.....”

-જુઓ, આ નિઃશંકતાનો માર્ગ !

મહાવીર ભગવાનના મોક્ષને આજે ૨૪૮૧મું વર્ષ બેઠું. પોતાના સર્વજ્ઞસ્વભાવની પ્રતીત કરીને ભગવાનના ભક્તો કહે છે કે હે ભગવાન ! આપ તો આત્માના અતીન્દ્રિય-પરમ આનંદના પૂર્ણ ભોક્તા થઈ ગયા ને અમારા માટે પણ આપ થોડો પ્રસાદ મૂકતા ગયા છો...હે ભગવાન ! આપની પ્રસન્નતાથી અમને પણ આપના અતીન્દ્રિય-આનંદની પ્રસાદી મળી છે...આમ સમકીતિ ભક્તિપૂર્વક ભગવાનના આનંદનો પ્રસાદ માને છે.

-આ છે ભગવાનનો દીવાળીનો પ્રસાદ !

ભગવાન જેવા પોતાના સર્વજ્ઞસ્વભાવની પ્રતીત કરીને, સ્વસન્મુખ થઈને જેણે સમ્યગ્દર્શન અને અતીન્દ્રિયઆનંદના અંશનું વેદન પ્રગટ કર્યું, તેણે જ ખરેખર ભગવાનની મુક્તિનો મહોત્સવ ઊજવ્યો...તેના ઉપર ભગવાન પ્રસન્ન થયા, અને તેને જ ભગવાનની પ્રસાદી પ્રાપ્ત થઈ. “એ અતીન્દ્રિય-પ્રસાદના દાતાર અને લેનાર બંનેનો જય હો-જય હો.”

# વાંચતાં પહેલા....આટલું સુધારજો !

| પાનું | કોલમ | લાઈન | અશુદ્ધ | શુદ્ધ | પાનું | કોલમ | લાઈન | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૧ | ૧૦,૧૧ | આ તો....અજ્ઞાનમાં | ( કાઢી નાંખવું. ) | ૨૮ | ૨ | ૧૯ | છે પ્રકારનું | તે પ્રકારનું |
| | | | હોય | | ૨૯ | ૧ | ૨૮ | પોતાના ક્ષાયકભાવ | પોતાના જ્ઞાયક– |
| ૪ | ૧ | ૧૪ | જ્ઞાન જ તેને | જ્ઞાન જ તેનો | | | વડે | ભાવ વડે | |
| | | | પરમસ્વભાવ | પરમસ્વભાવ | ૩૦ | ૧ | ૨૫ | ન પણ ન થાય | ન પણ થાય |
| ૪ | ૧ | ૧૭ | ત્રિકાળ સત્‌ને | ત્રિકાળ સત્, ને | ૩૨ | ૨ | ૧૩ | નવા ક્રમબંધનને | નવા કર્મબંધનને |
| ૬ | ૧ | ૨૧ | સિદ્ધને | સિદ્ધ, અને | ૩૩ | ૧ | ૭ | કે તેને | કે તેના |
| ૮ | ૧ | ૧૭ | તે બુદ્ધ જ | તે બુદ્ધિ જ | ૩૩ | ૧ | ૨૬ | નિમિત્તાધીન | નિમિત્તનો, કે |
| ૮ | ૨ | ૩૪ | ‘જ્ઞાયક | ‘જ્ઞાપક | | | દૃષ્ટિનો ? | નિમિત્તાધીન | |
| ૧૦ | ૧ | ૭ | હોય તે | હોય કે | | | | | |
| ૧૧ | ૧ | ૧૯ | એકપણ પર્યાયને | એકપણ પર્યાય– | | | | દૃષ્ટિનો ? | |
| | | | | નો | ૩૬ | ૧ | ૩૨ | કર્તા બે કાર્ય | કર્તાના બે કાર્ય |
| ૧૪ | ૧ | ૩૧ | કેવળી ભગવાનને | કેવળી ભગવાને | ૩૬ | ૨ | ૧ | એક પર્યાજ | એક પર્યાય જ |
| | | | જાણ્યું | જાણ્યું | ૩૭ | ૨ | ૧૦ | જનશાસનનો | જૈનશાસનનો |
| ૧૮ | ૧ | ૩૩ | બંનેની અપેક્ષાએ | બંનેની અપેક્ષા | ૪૩ | ૨ | ૨૧ | આપ્યો છે બધા | આપ્યો છે તે |
| ૨૧ | ૧ | ૫ | લૌકિકનાં | લૌકિકાનાં | | | | | બધા |
| ૨૧ | ૧ | ૯ | ( ગાથા ૩૨૨–૩૨૩ | ( ગાથા ૩૨૧– | ૪૪ | ૨ | ૧૨ | કરું, પર | કરું, કે પર |
| | | | ટીકા ) | ૨૨–૨૩ ટીકા ) | ૪૫ | ૨ | ૨૫ | સ્વતઃ પરિણમાવવાવી | સ્વતઃ પરિણ– |
| ૨૧ | ૨ | ૩૩ | ક્રમબદ્ધપર્યાયનો જ | ક્રમબદ્ધ પર્યાયને જ | | | | | માવવાની |
| ૨૨ | ૨ | ૭ | પોતાના ક્રમપણે | પોતાના કર્મપણે | ૪૮ | ૧ | ૭–૮ | જેને આવી વાતનું | જેણે આવી |
| | | | | | | | | શ્રવણ પણ કર્યું | વાતનું શ્રવણ પણ |
| ૨૩ | ૨ | ૨૩ | દૃષ્ટાંત પ્રમાણે | ઉપરના દૃષ્ટાંત | | | | નથી ને | કર્યું નથી તે |
| | | | | પ્રમાણે | ૫૦ | ૨ | ૨૫ | ફેરવી શક્તો | ફેરવી શક્તો નથી, |
| ૨૬ | ૨ | ૩૫ | સર્વ જ્ઞેયોને ) જાણ– | સર્વ જ્ઞેયોને | ૫૭ | ૨ | ૧૫ | જે માને છે | જે માને છે તે |
| | | | નારા એવા પોતાને | જાણનારા એવા | ૫૭ | ૨ | ૨૧ | જે પરદ્રવ્ય | જો પરદ્રવ્ય |
| | | | પોતાને ) | | | | | | |

( વાંચકો પોતાની મેળે સુધારી શકે તેવી સામાન્ય અશુદ્ધિઓ અહીં આપવામાં નથી આવી. )

# ‘આત્મા જ્ઞાયક છે.’

## 卐 ક્રમબદ્ધપર્યાયનું વિસ્તારથી સ્પષ્ટીકરણ અને 卐
## અનેક પ્રકારની વિપરીત કલ્પનાઓનું નિરાકરણ

[ સમયસાર ગા. ૩૦૮ થી ૩૧૧ તથા તેની ટીકા ઉપર પૂ. ગુરુદેવનાં ખાસ પ્રવચનો ]

પૂ. ગુરુદેવે આ પ્રવચનોમાં સળંગપણે એક બાબત ઉપર ખાસ ભાર મૂકયો છે કે : જ્ઞાયક સામે નજર રાખીને જ આ ક્રમબદ્ધપર્યાયનો યથાર્થ નિર્ણય થાય છે. ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કરનારની દૃષ્ટિ કાળ સામે નથી હોતી, પણ જ્ઞાયકસ્વભાવ ઉપર હોય છે. જ્ઞાયક સન્મુખની દૃષ્ટિના અપૂર્વ પુરુષાર્થ વગર ખરેખર ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય થતો નથી ને તેને નિર્મળ ક્રમબદ્ધપર્યાય થતી નથી. આ વાત દરેક મુમુક્ષુએ બરાબર લક્ષમાં રાખવા જેવી છે.

“ભાઈ રે! આ માર્ગ તો છૂટકારાનો છે,–કે બંધાવાનો? આમાં તો જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરીને છૂટકારાની વાત છે; આ વાતનો યથાર્થ નિર્ણય કરતાં જ્ઞાન છૂટું ને છૂટું રહે છે. જે છૂટકારાનો માર્ગ છે તેના બહાને જે સ્વછંદને પોષે છે,–અથવા તો તેને ‘રોગચાળો’ કહે છે, તે જીવને છૂટકારાનો અવસર ક્યારે આવશે?”

-પૂ. ગુરુદેવ

### [ કુંદકુંદ ભગવાનનાં મૂળ સૂત્રો ]

दवियं जं उप्पज्जइ गुणेहिं तं तेहिं जाणसु अणण्णं।
जह कडयादीहिं दु पज्जएहिं कणयं अणण्णंमिह।।३०८।।
जीवस्साजीवस्स दु जे परिणामा दु देसिया सुत्ते।
तं जीवमजीवं वा तेहिमणण्णं वियाणाहि ।।३०९।।
ण कुदोचि वि उप्पण्णो जह्मा कज्जं ण तेण सो आदा।
उप्पादेदि णकिंचि वि कारणमवि तेण ण स होइ।।३१०।।
कम्मं पडुच्च कत्ता कत्तारं तह पडुच्च कम्माणि।
उप्पज्जंति य णियमा सिद्धी दु ण दीसए अणणा।।३११।।

### [ ગુજરાતી હરિગીત ]

જે દ્રવ્ય ઊપજે જે ગુણોથી તેથી જાણ અનન્ય તે,
જ્યમ જગતમાં કટકાદિ પર્યાયોથી કનક અનન્ય છે. ૩૦૮
જીવ અજીવના પરિણામ જે દર્શાવિયા સૂત્રો મહીં,
તે જીવ અગર અજીવ જાણ અનન્ય તે પરિણામથી. ૩૦૯
ઊપજે ન આત્મા કોઈથી તેથી ન આત્મા કાર્ય છે,
ઉપજાવતો નથી કોઈને તેથી ન કારણ પણ ઠરે. ૩૧૦
રે! કર્મ–આશ્રિત હોય કર્તા, કર્મ પણ કર્તા તણે
આશ્રિતપણે ઊપજે નિયમથી, સિદ્ધિ નવ બીજી દીસે. ૩૧૧

### [ અમૃતચંદ્રાચાર્યદેવની ટીકા ]

जीवो हि तावत्क्रमनियमितात्मपरिणामैरुत्पद्यमानो जीव एव नाजीवः, एवमजीवोऽपि क्रमनियमितात्परिणामैरुत्मपद्यमानोऽजीव एव न जीवः, सर्वद्रव्याणां स्वपरिणामैः सह तादात्म्यात् कंकणदिपरिणमैः कांचनवत्। एवं हि जीवस्यस्वपरिणामैरुत्पद्यमानस्याप्यजीवेन सह कार्यकारणभावो न सिध्यति, सर्व द्रव्याणां द्रव्यांतरेण सहोत्पाद्योत्पादकभावाभावात्; तदसिद्धौ चाजीवस्य जीवकर्मत्वं न सिध्यति, तदसिद्धौ च कर्तृकर्मणोरनन्यापेक्षसिद्धत्वात् जीवस्याजीवकर्तृत्वं न सिध्यति। अतो जीवोऽकर्ता अवतिष्ठते।

### [ ટીકાનો ગુજરાતી અનુવાદ ]

પ્રથમ તો જીવ ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી ઊપજતો થકો જીવ જ છે, અજીવ નથી; એવી રીતે અજીવ પણ ક્રમબદ્ધ પોતાના પરિણામોથી ઊપજતું થકું અજીવ જ છે. જીવ નથી; કારણ કે જેમ (કંકણ આદિ પરિણામોથી ઊપજતા એવા) સુવર્ણને કંકણ આદિ પરિણામો સાથે તાદાત્મ્ય છે તેમ સર્વ દ્રવ્યોને પોતાના પરિણામો સાથે તાદાત્મ્ય છે. આમ જીવ પોતાના પરિણામોથી ઊપજતો હોવા છતાં તેને અજીવની સાથે કાર્યકારણભાવ સિદ્ધ થતો નથી, કારણ કે સર્વ દ્રવ્યોને અન્ય દ્રવ્ય સાથે ઉત્પાદ્ય–ઉત્પાદકભાવનો અભાવ છે; તે (કાર્યકારણભાવ) નહિ સિદ્ધ થતાં, અજીવને જીવનું કર્મપણું સિદ્ધ થતું નથી; અને તે (–અજીવને જીવનું કર્મપણું) નહિ સિદ્ધ થતાં, કર્તા–કર્મની અન્યનિરપેક્ષપણે (–અન્ય દ્રવ્યથી નિરપેક્ષપણે, સ્વદ્રવ્યમાં જ) સિદ્ધિ હોવાથી, જીવને અજીવનું કર્તાપણું સિદ્ધ થતું નથી. માટે જીવ અકર્તા ઠરે છે.

[ –સમયસાર ગુજરાતી બીજી આવૃત્તિ ]

સમયસાર ગા. ૩૦૮ થી ૩૧૧ તથા તેની ટીકા ઉપરનાં આ પ્રવચનો છે, મૂળ ગાથા તથા ટીકામાં રહેલા ગંભીર રહસ્યને પૂ. ગુરુદેવે આ પ્રવચનોમાં બહુજ સ્પષ્ટપણે ખૂલ્લું કરીને સમજાવ્યું છે.

# [ ૧ ]
# પ્રવચન પહેલું

[ વીર સં. ૨૪૮૦ ભાદરવા વદ ૧૨ ]

### [ ૧ ] અલૌકિક ગાથા ને અલૌકિક ટીકા

આ અલૌકિક ગાથાઓ છે અને અમૃતચંદ્રાચાર્યદેવે ટીકા પણ એવી જ અલૌકિક કરી છે. ટીકામાં ક્રમબદ્ધપર્યાયની વાત કરીને તો આચાર્યદેવે જૈનશાસનનો નિયમ અને જૈનદર્શનનું રહસ્ય ગોઠવી દીધું છે. ભગવાન આત્માનો જ્ઞાયકસ્વભાવ છે, તે તો જ્ઞાતા–દ્રષ્ટાપણાનું જ કાર્ય કરે છે. કયાંય ફેરફાર કરે એવો તેનો સ્વભાવ નથી, ને રાગને પણ ફેરવવાનો તેનો સ્વભાવ નથી, રાગનો પણ તે જ્ઞાયક છે. જીવ ને અજીવ બધા પદાર્થોની ત્રણેકાળની અવસ્થા ક્રમબદ્ધ થાય છે, આત્મા તેનો જ્ઞાયક છે.–આવો જ્ઞાયક આત્મા તે સમ્યગ્દર્શનનો વિષય છે.

### [ ૨ ] જીવ-અજીવનાં ક્રમબદ્ધ પરિણામ અને આત્માનો જ્ઞાયકસ્વભાવ.

( ટીકા ) "जीवो हि तावत् क्रमनियमितात्मपरिणामै रुत्पद्यमानो जीव एव नाजीव:, एवमजीवोऽपि क्रमनियमितात्मपरिणामैरुत्पद्यमानोऽजीव एव न जीव:,..."

આચાર્યદેવ કહે છે કે "પ્રથમ તો" એટલે કે સૌથી પહેલા એ નિર્ણય કરવો કે જીવ ક્રમબદ્ધ–ક્રમનિયમિત એવા પોતાના પરિણામોથી ઊપજતો થકો જીવ જ છે, અજીવ નથી; એવી રીતે અજીવ પણ ક્રમબદ્ધ પોતાના પરિણામોથી ઊપજતું થકું અજીવ જ છે, જીવ નથી. જુઓ આ મહા સિદ્ધાંત! જીવ કે અજીવ દરેક વસ્તુમાં ક્રમબદ્ધપર્યાય થાય છે, તેમાં આડુંઅવળું થતું જ નથી. અત્યારે ઘણા પંડિતો અને ત્યાગી વગેરે લોકોમાં આની સામે મોટો વાંધો ઊઠયો છે, કેમ કે આ વાતનો નિર્ણય કરવા જાય તો પોતાનું અત્યાર સુધી માનેલું કાંઈ રહેતું નથી. ૨૦૦૩ ની સાલમાં ( પ્રવચન–મંડપના ઉદ્‌ઘાટન પ્રસંગે ) હુકમીચંદજી શેઠની સાથે દેવકીનંદનજી પંડિત આવેલા, તેમને જ્યારે આ વાત બતાવી ત્યારે તે આશ્ચર્ય પામ્યા હતા કે અહો! આવી વાત છે!! આ વાત અત્યાર સુધી અમારા લક્ષમાં નહોતી આવી. છએ દ્રવ્યોમાં તેની ત્રણેકાળની દરેક પર્યાયનો સ્વકાળ નિયમિત છે. જગતમાં અનંત જીવો છે ને જીવ કરતાં અનંતગુણા અજીવ છે, તે બધાય દ્રવ્યો પોતપોતાના ક્રમ નિયમિત પરિણામે ઊપજે છે. જે સમયે જે પર્યાયનો ક્રમ છે તે એક સમય પણ આગળ પાછળ ન થાય. ૧૦૦ નંબરની જે પર્યાય હોય તે ૯૯મા નંબરે ન થાય, તેમજ ૧૦૦ નંબરની પર્યાય ૧૦૧મા નંબરે પણ ન થાય. આ રીતે દરેક પર્યાયનો સ્વકાળ નિયમિત છે, ને બધાંય દ્રવ્યો ક્રમબદ્ધપર્યાયે પરિણમે છે. પોતાના સ્વભાવનો નિર્ણય થયો ત્યાં ધર્મી જાણે છે કે હું તો જ્ઞાયક છું, હું કોને ફેરવું? એટલે ધર્મીને પરને ફેરવવાની બુદ્ધિ નથી, રાગને પણ ફેરવવાની બુદ્ધિ નથી, તે રાગનો પણ જ્ઞાયકપણે જ રહે છે.

### [ ૩ ] સર્વજ્ઞભગવાન 'જ્ઞાપક' છે, 'કારક' નથી.

પહેલા તો એમ નિર્ણય કરવો જોઈએ કે આ જગતમાં એવા સર્વજ્ઞભગવાન છે કે જેમને આત્માનો જ્ઞાનસ્વભાવ પૂર્ણ ખીલી ગયો છે, અને મારો આત્મા પણ એવો જ જ્ઞાનસ્વભાવી છે. જગતના બધાય પદાર્થો ક્રમબદ્ધપર્યાયપણે પરિણમે છે, પદાર્થના ત્રણકાળની પર્યાયનો ક્રમ નિશ્ચિત છે; સર્વજ્ઞદેવે ત્રણકાળ ત્રણલોકની પર્યાયો જાણી છે. સર્વજ્ઞે જાણ્યું તે ફરે નહિ.–છતાં સર્વજ્ઞદેવે જાણ્યું માટે તેવી અવસ્થા થાય છે–એમ પણ નથી. સર્વજ્ઞભગવાન તો જ્ઞાપકપ્રમાણ છે, તે કાંઈ પદાર્થોના કારક નથી; કારક–

રૂપે તો પદાર્થ પોતે જ છે, દરેક પદાર્થ પોતે જ પોતાના છ કારકરૂપે થઈને પરિણમે છે.

### [ ૪ ] ક્રમબદ્ધપર્યાયના ભણકાર

આચાર્યદેવ પહેલેથી જ ક્રમબદ્ધપર્યાયના ભણકાર મૂકતા આવ્યા છે–

'જીવ પદાર્થ કેવો છે' તેનું વર્ણન કરતાં બીજી ગાથામાં કહ્યું હતું કે "ક્રમરૂપ અને અક્રમરૂપ પ્રવર્તતા અનેક ભાવો જેનો સ્વભાવ હોવાથી જેણે ગુણ–પર્યાયો અંગીકાર કર્યા છે." પર્યાય ક્રમવર્તી હોય છે અને ગુણ સહવર્તી હોય છે. એમ કહીને ત્યાં જીવની ક્રમબદ્ધપર્યાયની વાત બતાવી દીધી છે.

ત્યાર પછી ૬૨મી ગાથામાં કહ્યું કે "વર્ણાદિક ભાવો, અનુક્રમે આવિર્ભાવ અને તિરોભાવ પામતી એવી તે તે વ્યક્તિઓ (અર્થાત્ પર્યાયો) વડે પુદ્ગલદ્રવ્યની સાથે રહેતા થકા, પુદ્ગલનું વર્ણાદિ સાથે તાદાત્મ્ય જાહેર કરે છે." અહીં 'અનુક્રમે આવિર્ભાવ અને તિરોભાવ' પામવાનું કહીને અજીવની ક્રમબદ્ધપર્યાય બતાવી દીધી છે.

કર્તાકર્મ અધિકારમાં પણ ગા. ૭૬–૭૭–૭૮માં પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એમ ત્રણ પ્રકારના કર્મની વાત કરીને ક્રમબદ્ધપર્યાયની વાત ગોઠવી દીધી છે. 'પ્રાપ્ય' એટલે, દ્રવ્યમાં જે સમયે જે પર્યાય નિયમિત છે તે ક્રમબદ્ધપર્યાયને તે સમયે તે દ્રવ્ય પ્રાપ્ત કરે છે–પહોંચી વળે છે, તેથી તેને 'પ્રાપ્ય કર્મ' કહેવાય છે.

### [ ૫ ] જ્ઞાયક સ્વભાવ સમજે તો જ ક્રમબદ્ધપર્યાય સમજાય.

જુઓ, આમાં જ્ઞાયકસ્વભાવ તરફથી લેવાનું છે. જ્ઞાયક તરફથી લ્યે તો જ આ ક્રમબદ્ધપર્યાયની વાત યથાર્થ સમજાય તેવી છે. જે જીવ પાત્ર થઈને પોતાના આત્માને માટે સમજવા માંગતો હોય તેને આ વાત યથાર્થ સમજાય તેવી છે. બીજા ધીઠાઈવાળા જીવો તો આ સમજ્યા વિના ઊંધું લ્યે છે ને જ્ઞાયકસ્વભાવના નિર્ણયનો પુરુષાર્થ છોડીને ક્રમબદ્ધપર્યાયના નામે પોતાના સ્વછંદને પોષે છે. જેને જ્ઞાનની શ્રદ્ધા નથી, કેવળીની પ્રતીત નથી, અંતરમાં વૈરાગ્ય નથી, કષાયની મંદતા પણ નથી, સ્વછંદતા છૂટી નથી ને ક્રમબદ્ધપર્યાયનું નામ લ્યે છે–એવા ધીઠા–સ્વછંદી જીવની અહીં વાત નથી. આ ક્રમબદ્ધપર્યાય સમજે તેને સ્વછંદ રહે જ નહિ, તે તો જ્ઞાયક થઈ જાય. ભગવાન! ક્રમબદ્ધપર્યાય સમજાવીને અમે તો તને તારા જ્ઞાયક આત્માનો નિર્ણય કરાવવા માંગીએ છીએ, અને આત્મા પરનો અકર્તા છે એ બતાવવા માંગીએ છીએ. જો તારા જ્ઞાયકસ્વભાવનો નિર્ણય ન કર તો તું ક્રમબદ્ધપર્યાયને સમજ્યો જ નથી.

જીવ ને અજીવ બધા પદાર્થોની ત્રણેકાળની પર્યાયો ક્રમબદ્ધ છે,–તે બધાને જાણ્યું કોણે ?–સર્વજ્ઞદેવે.

"સર્વજ્ઞદેવે આમ જાણ્યું" એમ સર્વજ્ઞતાનો નિર્ણય કોણે કર્યો ?–પોતાની જ્ઞાનપર્યાયે.

વર્તમાન જ્ઞાનપર્યાય અલ્પજ્ઞ હોવા છતાં તેણે સર્વજ્ઞતાનો નિર્ણય કોની સામે જોઈને કર્યો ?–જ્ઞાનસ્વભાવની સામે જોઈને તે નિર્ણય કર્યો છે.

આ રીતે જે જીવ પોતાના જ્ઞાયકસ્વભાવના નિર્ણયનો પુરુષાર્થ કરે છે તેને જ ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય થાય છે, અને તે જીવ પરનો ને રાગનો અકર્તા થઈને જ્ઞાયક–ભાવનો જ કર્તા થાય છે. આવા જીવને જ્ઞાનસ્વભાવના નિર્ણયમાં પુરુષાર્થ, સ્વકાળ વગેરે પાંચે સમવાય એક સાથે આવી જાય છે.

### [ ૬ ] આમાં જ્ઞાયકસ્વભાવનો પુરુષાર્થ છે તેથી આ નિયતવાદ નથી.

પ્રશ્નઃ– ગોમટ્ટસારમાં તો નિયતવાદીને મિથ્યાદ્રષ્ટિ કહ્યો છે ને ?

ઉત્તરઃ– ગોમટ્ટસારમાં જે નિયતવાદ કહ્યો છે તે તો સ્વછંદીનો છે; જે જીવ સર્વજ્ઞને માનતો નથી, જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરતો નથી, અંતરમાં વળીને સમાધાન કર્યું નથી, વિપરીત ભાવોના ઉછાળા ઓછા પણ કર્યા નથી, ને 'જેમ થવાનું હશે તેમ થશે' એમ કહીને માત્ર સ્વછંદી થાય છે અને મિથ્યાત્વને પોષે છે એવા જીવને ગોમટ્ટસારમાં ગૃહીત મિથ્યાદ્રષ્ટિ કહ્યો છે. પરંતુ જ્ઞાન સ્વભાવના નિર્ણયપૂર્વક જો આ ક્રમબદ્ધપર્યાયને સમજે તો તો જ્ઞાયકસ્વભાવ તરફના પુરુષાર્થ વડે મિથ્યાત્વ ને સ્વછંદ છૂટી જાય.

### [ ૭ ] ભયનું સ્થાન નહિ પણ ભયના નાશનું કારણ.

પ્રશ્નઃ– ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કરવા જતાં કયાંક સ્વછંદી થઈ જવાશે–એવો ભય છે, માટે એવા ભયસ્થાનમાં શા માટે જવું ?

ઉત્તરઃ– અરે ભાઈ! ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કરવો એટલે તારા જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરવો, તે કાંઈ ભયનું કારણ નથી, તે તો સ્વછંદના નાશનું ને નિર્ભયતા થવાનું કારણ છે. જ્ઞાનસ્વભાવની પ્રતીત વગર, હું પરને ફેરવી દઉં–એવી કર્તાબુદ્ધિથી સ્વછંદી થઈ રહ્યો છે; તેને બદલે, પદાર્થોની પર્યાય તેના પોતાથી જ ક્રમબદ્ધ થાય છે, હું તેનો કર્તા કે ફેરવનાર નથી, હું તો જ્ઞાયક છું–એવી પ્રતીત થતાં સ્વછંદ છૂટીને સ્વતંત્રતાનું અપૂર્વ ભાન થાય છે. આ ક્રમબદ્ધપર્યાયની સમજણ તે ભયનું સ્થાન નથી, ભય તો મૂર્ખાઇ અને અજ્ઞાનમાં હોય, આ તો ભયના ને સ્વછંદના નાશનું કારણ છે.

## [ ૮ ] 'જ્ઞાયકપણું' તે જ આત્માનો પરમસ્વભાવ છે.

આત્મા જ્ઞાયક વસ્તુ છે, જ્ઞાન જ તેનો પરમસ્વભાવ ભાવ છે. 'જ્ઞાયકપણું' આત્માનો પરમભાવ છે,–તે સ્વપરના જ્ઞાતાપણા સિવાય બીજું શું કરે? જેમ'છે' ને જેમ 'થાય છે' તેનો તે જાણનાર છે. દ્રવ્ય અને ગુણ તે ત્રિકાળ સત્, ને પર્યાય તે એકેક સમયનું સત, તે સતનો આત્મા જાણનાર છે, પણ કોઈ પરનો ઉત્પન્ન કરનાર, નાશ કરનાર, કે તેમાં ફેરફાર કરનાર નથી. જો ઉત્પન્ન કરવાનું, નાશ કરવાનું કે ફેરફાર કરવાનું માને તો ત્યાં જ્ઞાયકભાવપણાની પ્રતીત રહેતી નથી. એટલે જ્ઞાનસ્વભાવને જે નથી માનતો ને પરમાં ફેરફાર કરવાનું માને છે તેને જ્ઞાયકપણું નથી રહેતું પણ મિથ્યાત્વ થઈ જાય છે.

## [ ૯ ] 'રોગચાળો' નહિ પણ વીતરાગતાનું કારણ.

કેટલાક કહે છે કે 'અત્યારે ક્રમબદ્ધપર્યાયનો રોગચાળો ફેલાયો છે.' અરે ભાઈ! આ ક્રમબદ્ધપર્યાયની પ્રતીત તે તો વીતરાગતાનું કારણ છે. જે વીતરાગતાનું કારણ છે તેને તું રોગચાળો કહે છે? ક્રમબદ્ધપર્યાય ન માનો તો કાંઈ વસ્તુ જ રહેતી નથી. ક્રમબદ્ધપર્યાયપણું તે તો વસ્તુનું સ્વરૂપ છે તેને રોગચાળો કહેવો એ તો મહા વિપરીતતા છે. દ્રવ્ય સમયે સમયે પોતાની ક્રમબદ્ધપર્યાયપણે ઊપજે છે એવો તેનો ધર્મ છે, ક્રમબદ્ધપર્યાયમાં જે સમયે જે પર્યાયનો સ્વકાળ છે તે સમયે દ્રવ્ય તે જ પર્યાયને દ્રવે છે–પ્રવહે છે એવો જ વસ્તુભાવ છે; ને પોતાનો જ્ઞાયક સ્વભાવ છે. આવા સ્વભાવને માનવો તે રોગચાળો નથી, પરંતુ આવા વસ્તુસ્વભાવને ન માનતાં ફેરફાર કરવાનું માનવું તે મિથ્યાત્વ છે ને મિથ્યાત્વ તે જ મોટો રોગચાળો છે.

## [ ૧૦ ] અમુક પર્યાયો ક્રમે ને અમુક પર્યાયો અક્રમે-એમ નથી.

દરેક દ્રવ્યની ત્રણકાળની પર્યાયોમાં ક્રમબદ્ધપણું છે તેને જે ન માને તે સર્વજ્ઞતાને માનતો નથી, આત્માના જ્ઞાનસ્વભાવને માનતો નથી; કેમ કે આત્માના જ્ઞાનસ્વભાવની જો યથાર્થ પ્રતીતિ કરે તો તેમાં ક્રમબદ્ધપર્યાયની પ્રતીત પણ જરૂર આવી જાય છે.

અહીં ક્રમબદ્ધપર્યાય કહેવાય છે તેમાં અનાદિ અનંત કાળની બધી પર્યાયો સમજી લેવી. દ્રવ્યની અમુક પર્યાયો ક્રમબદ્ધ થાય ને અમુક પર્યાયો અક્રમે થાય–એમ બે ભાગલા નથી. કોઈ એમ કહે છે કે– "અબુદ્ધિપૂર્વક પર્યાયો તો જ્ઞાનમાં પકડાતી નથી એટલે તે તો ક્રમબદ્ધ થાય, પરંતુ બુદ્ધિપૂર્વકની પર્યાયોમાં ક્રમબદ્ધપણું લાગુ ન પડે, તે તો અક્રમે પણ થાય."–એ વાત સાચી નથી. અબુદ્ધિપૂર્વકની કે બુદ્ધિપૂર્વકની કોઈ પણ પર્યાય ક્રમબદ્ધ જ થાય છે. જડ ને ચેતન બધા દ્રવ્યોની બધી પર્યાયો ક્રમબદ્ધ જ થાય છે. વળી કોઈ એમ કહે કે 'ભૂતકાળની પર્યાયો તો થઈ ગઈ એટલે તેમાં હવે કાંઈ ફેરફાર ન થઈ શકે, પરંતુ ભવિષ્યની પર્યાયો હજી થઈ નથી એટલે તેના ક્રમમાં ફેરફાર કરી શકાય." આમ કહેનારને પણ પર્યાયનો ક્રમ ફેરવવાની બુદ્ધિ છે તે પર્યાયબુદ્ધિ છે. આત્મા જ્ઞાયક છે એની પ્રતીત કરવાની આ વાત છે. જ્ઞાયકસ્વભાવનો નિર્ણય કરે તો 'મેં આનું આમ કર્યું ને આનું આમ ન થવા દીધું' એવી કર્તાબુદ્ધિની બધી વિપરીત માન્યતાઓનો ભૂક્કો ઊડી જાય છે ને એકલું જ્ઞાયકપણું રહે છે.

## [ ૧૧ ] આવી સત્ય વાતના શ્રવણની પણ દુર્લભતા.

હજી કેટલાક જીવોએ તો આ વાત સત્સમાગમે યથાર્થપણે સાંભળી પણ નથી. 'હું જ્ઞાન છું, જગતની દરેક વસ્તુ પોતપોતાની ક્રમબદ્ધપર્યાયપણે ઊપજે છે, તેનો હું જાણનાર છું, પણ કોઈનો ક્યાંય ફેરવનાર હું નથી'– આવું યથાર્થ સત્ય સત્સમાગમે સાંભળીને જેણે જાણ્યું પણ નથી, તેને અંતરમાં તેની સાચી ધારણા ક્યાંથી હોય? અને ધારણા વિના તેની યથાર્થ રુચિ અને

પરિણમન તો કયાંથી થાય? અત્યારે આ વાત બીજે સાંભળવા પણ મળતી નથી. આ વાત સમજીને તેનો યથાર્થ નિર્ણય કરવા જેવો છે.

### [ ૧૨ ] ક્રમ અને તે પણ નિશ્ચિત.

"जीवो हि तावत्क्रमनियमितात्मपरिणामैरुत्पद्यमानो जीव एव, नाजीवः..." આ મૂળ ટીકા છે, તેના હિંદી અર્થમાં જયચંદ્રજી પંડિતે એમ લખ્યું છે કે 'जीव प्रथम ही क्रमकर निश्चित अपने परिणामों कर उत्पन्न हुआ जीव ही है, अजीव नहीं है' ક્રમ તો ખરો, અને તે પણ નિયમિત, એટલે કે આ દ્રવ્યમાં આ સમયે આવી જ પર્યાય થશે–એ પણ નિશ્ચિત છે.

કોઈ એમ કહે કે 'પર્યાય ક્રમબદ્ધ છે એટલે કે તે એક પછી એક ક્રમસર થાય છે–એ ખરું, પણ કયા સમયે કેવી પર્યાય થશે તે નિશ્ચિત નથી'–તો એ વાત સાચી નથી. ક્રમ અને તે પણ નિશ્ચિત છે, કયા સમયની પર્યાય કેવી થવાની છે તે પણ નિશ્ચિત છે. જો એમ ન હોય તો સર્વજ્ઞે જાણ્યું શું? અહો! આ ક્રમબદ્ધપર્યાયની વાત જેની પ્રતીતમાં આવે તેને જ્ઞાનસ્વભાવની દ્રષ્ટિ થઈને મિથ્યાત્વનો ને અનંતાનુબંધી કષાયનો નાશ થઈ જાય; તેને સ્વછંદતા ન થાય પણ સ્વતંત્રતા થાય.

### [ ૧૩ ] જ્ઞાનસ્વભાવનો પુરુષાર્થ, અને તેમાં એક સાથે પાંચ સમવાય.

અજ્ઞાનીઓ કહે છે કે 'આ ક્રમબદ્ધપર્યાય માનો તો પુરુષાર્થ ઊડી જાય છે.'–પણ એમ નથી. આ ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કરતાં કર્તાબુદ્ધિનું ખોટું અભિમાન ઊડી જાય છે ને જ્ઞાયકપણાનો સાચો પુરુષાર્થ થાય છે. જ્ઞાન–સ્વભાવનો પુરુષાર્થ ન કરે તેને ક્રમબદ્ધપર્યાયનોદ નિર્ણય પણ સાચો નથી. જ્ઞાનસ્વભાવના પુરુષાર્થ વડે ક્રમબદ્ધ–પર્યાયનો નિર્ણય કરીને પર્યાય સ્વસન્મુખ થઈ ત્યાં એક સમયમાં તે પર્યાયમાં પાંચે સમવાય આવી જાય છે. નાટક–સમયસારમાં પં. બનારસીદાસજી પણ કહે છે કે–

टेक डारि एकमैं अनेक खोजै सौ सुबुद्धि,
खोजी जीवे वादी मरै सांची कहवति है।।४५।।

–दूराग्रह छोड़कर एकमें अनेक धर्म ढूँढ़ना सम्यग्ज्ञान है। इसलिये संसार में जो कहावत है कि 'खोजी पावे वादी मरे' सो सत्य है।।

પુરુષાર્થ, સ્વભાવ, કાળ, નિયત અને કર્મનો અભાવ એ પાંચે સમવાય એક સમયની પર્યાયમાં આવી જાય છે.

### [ ૧૪ ] કાર્તિકી-અનુપ્રેક્ષા અને ગોમટ્ટસારના કથનની સંધિ.

સ્વામી કાર્તિકીઅનુપ્રેક્ષામાં ગા. ૩૨૧–૨૨–૨૩માં સ્પષ્ટ કહ્યું છે કે જે સમયે જેમ થવાનું સર્વજ્ઞદેવે જોયું છે તે સમયે તેમ જ થવાનું, તેને ફેરવવા કોઈ સમર્થ નથી.–જે આવું શ્રદ્ધાન કરે છે તે શુદ્ધ સમ્યગ્દ્રષ્ટિ છે, ને તેમાં જે શંકા કરે છે તે પ્રગટપણે મિથ્યાદ્રષ્ટિ છે, તેને સર્વજ્ઞની શ્રદ્ધા નથી.

જે જીવ જ્ઞાનસ્વભાવની શ્રદ્ધા કરતો નથી, ને ક્રમબદ્ધપર્યાયનું ફક્ત નામ લઈને સ્વછંદથી વિષય કષાયને પોષે છે તેને ગોમટ્ટસારમાં ગૃહીત મિથ્યાદ્રષ્ટિ ગણ્યો છે; પરંતુ–જ્ઞાન સ્વભાવની પ્રતીત કરીને જે જીવ ક્રમબદ્ધપર્યાયને માને છે તે જીવને કાંઈ ત્યાં મિથ્યાદ્રષ્ટિ નથી કહ્યો.

### [ ૧૫ ] એકવાર...આ વાત તો સાંભળ!

અહો, આત્માનો જ્ઞાનસ્વભાવ–જેમાં ભવ નથી, તેનો જેણે નિર્ણય કર્યો તે ક્રમબદ્ધપર્યાયનો જ્ઞાતા થયો, તેને ભેદજ્ઞાન થયું, તેણે કેવળીને ખરેખર માન્યા. પ્રભુ! આવું જ વસ્તુસ્વરૂપ છે ને આવો જ તારો જ્ઞાનસ્વભાવ છે; એકવાર આગ્રહ છોડીને, તારી પાત્રતા ને સજ્જનતા લાવીને આ વાત તો સાંભળ!

### [ ૧૬ ] રાગની રુચિવાળો ક્રમબદ્ધપર્યાય સમજ્યો નથી.

પ્રશ્નઃ– આપ કહો છો કે ક્રમબદ્ધપર્યાય થાય છે, તો પછી ક્રમબદ્ધપર્યાયમાં રાગ પણ થવાનો હોય તે થાય!

ઉત્તરઃ– ભાઈ! તારી રુચિ કયાં અટકી છે? તને જ્ઞાનની રુચિ છે કે રાગની? જેને જ્ઞાનસ્વભાવની રુચિ અને દ્રષ્ટિ થઈ છે તે તો પછી અસ્થિરતાના અલ્પ રાગનો પણ જ્ઞાતા જ છે. અને 'રાગ થવાનો હતો તે થયો' એમ કહીને જે રાગની રુચિ છોડતો નથી–તે તો સ્વછંદી મિથ્યાદ્રષ્ટિ છે. આ ક્રમબદ્ધપર્યાયનું સ્વરૂપ સમજે એની તો દ્રષ્ટિ પલટી જાય.

### [ ૧૭ ] ઊંધો પ્રશ્ન-'નિમિત્ત ન આવે તો...?'

'આવું નિમિત્ત આવે તો આમ થાય, ને નિમિત્ત ન આવે તો ન થાય'–આમ જેને નિમિત્તાધીન દ્રષ્ટિ છે તેને ક્રમબદ્ધપર્યાયની ખરી પ્રતીત નથી. 'ક્રમબદ્ધપર્યાય

થવાની હોય પણ નિમિત્ત ન આવે તો ! ' –એ પ્રશ્ન જ ઊંધો છે. ક્રમબદ્ધપર્યાયમાં જે સમયે જે નિમિત્ત છે–તે પણ નિશ્ચિત જ છે; નિમિત્ત ન હોય એમ બનતું જ નથી.

## [ ૧૮ ] બે નવી વાત !–સમજે તેનું કલ્યાણ.

એક નિયમસારની 'શુદ્ધ કારણપર્યાય'ની વાત, ને બીજી આ 'ક્રમબદ્ધપર્યાય'ની વાત, એ બે વાત સોનગઢથી નવી કાઢી–એમ કેટલાક કહે છે; લોકોમાં અત્યારે આ વાત ચાલતી નથી તેથી નવી લાગે છે. શુદ્ધ કારણપર્યાયની વાત સૂક્ષ્મ છે, ને બીજી આ ક્રમબદ્ધપર્યાયની વાત સૂક્ષ્મ છે,–આ વાત જેને બેસે તેનું કલ્યાણ થઈ જાય ! આ એક ક્રમબદ્ધપર્યાયની વાત બરાબર સમજે તો તેમાં નિશ્ચયવ્યવહારના ને ઉપાદાન–નિમિત્તના વગેરે બધાય ખુલાસા આવી જાય છે; વસ્તુની પર્યાય ક્રમબદ્ધ ને હું તેનો જ્ઞાયક–એ સમજતાં બધા સમાધાન થઈ જાય છે. ભગવાન ! તારા જ્ઞાયકસ્વભાવને ભૂલીને તું પરનું કરવાની માન્યતામાં રોકાઈ ગયો ? પરમાં તારી પ્રભુતા કે પુરુષાર્થ નથી, આ જ્ઞાયક ભાવમાં જ તારી પ્રભુતા છે. તારો પ્રભુ તારા જ્ઞાયક મંદિરમાં બિરાજમાન છે તેની સન્મુખ થા, ને તેની પ્રતીત કર.

## [ ૧૯ ] આત્મા અનાદિથી જ્ઞાયકભાવપણે જ રહ્યો છે.

જગતમાં એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીના દરેક જીવ, તેમજ સિદ્ધ, અને અનંતાનંત પરમાણુઓમાં દરેક પરમાણુ, તે બધાય ક્રમબદ્ધપણે પરિણમી જ રહ્યા છે, હું તેમનું શું ફેરવું ? હું તો જ્ઞાયક છું–આવો નિર્ણય કરે તેને સમ્યગ્દર્શન થઈ જાય. આત્માનો જ્ઞાનસ્વભાવ છે તે અનાદિ–અનંત જાણવાનું જ કાર્ય કરે છે. આત્મા તો અનાદિનો જ્ઞાયકભાવ પણે જ રહ્યો છે, પણ અજ્ઞાનીને મોહ વડે તે અન્યથા અધ્યવસિત થયો છે,–એ વાત પ્રવચનસારની ૨૦૦ મી ગાથામાં કરી છે. આત્મા તો જ્ઞાયક હોવા છતાં અજ્ઞાની તેની પ્રતીત નથી કરતો, ને 'હું પરનો કર્તા' એમ મોહ વડે અન્યથા માને છે.

## [ ૨૦ ] કંથચિત્ ક્રમ-અક્રમપણું કઈ રીતે છે ?

કોઈ એમ કહે છે કે–'જીવની પર્યાયમાં કેટલીક ક્રમબદ્ધ છે ને કેટલીક અક્રમરૂપ છે; તેમજ શરીરાદિ અજીવની પર્યાયમાં પણ કેટલીક ક્રમબદ્ધ છે ને કેટલીક અક્રમરૂપ છે.'–તે બધી વાત વસ્તુના દ્રવ્ય–ગુણ–પર્યાયથી વિપરીત છે, જ્ઞાનસ્વભાવથી વિપરીત છે અને કેવળીથી પણ તે વિપરીત છે. વસ્તુમાં એવું ક્રમ–અક્રમપણું નથી, પરંતુ પર્યાય અપેક્ષાએ ક્રમબદ્ધપણું; ને ગુણો સહવર્તી છે તે અપેક્ષાએ અક્રમપણું–એ રીતે વસ્તુ ક્રમ–અક્રમસ્વરૂપ છે.

## [ ૨૧ ] કેવળીને માને તે કુદેવને ન માને.

કોઈ એમ કહેતું હતું કે–'કેવળીએ જેમ દીઠું તેમ થયું છે, માટે જે વાડો ( –સંપ્રદાય ) મળ્યો અને જેવા ગુરુ મળ્યા ( –તે ભલે ખોટા હોય તો પણ ) તેમાં ફેરફાર કરવાની ઉતાવળ ન કરવી, કેમ કે કુદરતના નિયમમાં એમ આવ્યું છે માટે તે બદલવું નહીં.'

–પણ ભાઈ તને કેવળજ્ઞાન બેઠું છે ? અને કુદરતનો નિયમ એટલે વસ્તુસ્વરૂપ તને બેઠું છે ? જેની પ્રતીતમાં કેવળજ્ઞાન બેઠું અને વસ્તુસ્વરૂપ સમજાયું તેના અંતરમાં ગૃહીતમિથ્યાત્વ રહે જ નહિ, કુધર્મને કે કુગુરુને માને એવો ક્રમ તેને હોય જ નહિ. માટે સમકીતિ જીવ કુધર્મ–કુગુરુનો ત્યાગ કરે તેથી કાંઈ તેને પર્યાયનું ક્રમબદ્ધપણું તૂટી જાય છે–એમ નથી. સવળા પુરુષાર્થમાં નિર્મળ ક્રમબદ્ધ પર્યાય થાય છે.

## [ ૨૨ ] જ્ઞાયકસ્વભાવ.

જે દ્રવ્ય જે ગુણોથી ઊપજે–એટલે કે જે પર્યાયપણે પરિણમે તેની સાથે તે તન્મય છે. અહો ! દ્રવ્ય પોતે તે તે પર્યાય સાથે તન્મય થઈને પરિણમ્યું છે, ત્યાં બીજો તેને શું કરે ? આત્મા તો પરમ પારિણામિક સ્વભાવરૂપ જ્ઞાયક છે, જ્ઞાયકભાવપણે રહેવું એ જ તેનો સ્વભાવ છે. આવા સ્વભાવનો નિર્ણય કર્યો ત્યાં સ્વભાવ તરફના પુરુષાર્થથી શુદ્ધપર્યાય થતી જાય છે.

## [ ૨૩ ] "ક્રમબદ્ધ ન માને તે કેવળીને નથી માનતો."

'બસ ! જેવું નિમિત્ત આવે તેવી પર્યાય થાય, અમે ક્રમબદ્ધને માનતા નથી.'–એમ કહેનાર કેવળી ભગવાનને પણ નથી માનતો, ને ખરેખર આત્માને પણ તે નથી માનતો. ક્રમબદ્ધપર્યાયની ના કહેવી તે જ્ઞાન–સ્વભાવની જ ના કહેવા જેવું છે. ભાઈ ! આ ક્રમબદ્ધપર્યાય તે કાંઈ કોઈના ઘરની કલ્પના નથી પરંતુ તે તો વસ્તુના ઘરની વાત છે, વસ્તુનું સ્વરૂપ જ એવું છે. કોઈ ન માને તેથી કાંઈ વસ્તુનું સ્વરૂપ ફરી જાય તેમ નથી.

## [ ૨૪ ] જ્ઞાનસ્વભાવ તરફ પુરુષાર્થને વાળ્યા વગર ક્રમબદ્ધપર્યાય સમજાતી નથી.

'શુભ–અશુભ ભાવ પણ ક્રમબદ્ધ હતા તે આવ્યા,' એમ કહીને જે જીવ રાગના પુરુષાર્થમાં જ અટકી રહ્યો છે

ને જ્ઞાનસ્વભાવ તરફ પુરુષાર્થને વાળતો નથી તે ખરેખર ક્રમબદ્ધપર્યાયને સમજ્યો જ નથી, પણ માત્ર વાતો કરે છે. જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરતાં રાગની રુચિ છૂટી જાય છે અને ત્યારે જ ક્રમબદ્ધપર્યાયનો સાચો નિર્ણય થાય છે. ભાઈ! તું કોની સામે જોઈને ક્રમબદ્ધપર્યાય માને છે? જ્ઞાયકસ્વભાવ સામે જોઈને જેણે ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કર્યો, તે રાગનો પણ જ્ઞાતા જ થઈ ગયો, આ રાગ પલટીને આ સમયે આવો જ રાગ લાવું-એમ રાગને ફેરવવાની બુદ્ધિમાંથી તેનું વીર્ય ખસી ગયું ને જ્ઞાનસ્વભાવ તરફ વળી ગયું; તેને રાગ ટળવાનો ક્રમ ચાલુ થઈ ગયો છે, વર્તમાન સાધકદશા થઈ છે, ને એ જ પુરુષાર્થથી ક્રમ બદ્ધપર્યાયના ક્રમમાં અલ્પકાળે કેવળજ્ઞાન પણ આવશે, -તેનો પુરુષાર્થ ચાલુ છે. જ્ઞાનીને ક્રમબદ્ધપર્યાયના નિર્ણયમાં સ્વભાવની દ્રષ્ટિથી પ્રયત્ન ચાલુ જ છે, તે જ્ઞાનની અધિકતારૂપે જ પરિણમે છે એટલે કે ભૂતાર્થના આશ્રયે જ પરિણમે છે, તેમાં ઉતાવળ પણ નથી ને પ્રમાદ પણ નથી. પ્રવચનસારની ૨૦૨ મી ગાથામાં હેમરાજજી પંડિત કહે છે કે-વિભાવપરિણતિ નહિ છૂટતી દેખીને સમ્યગ્દ્રષ્ટિ જીવ આકુળ-વ્યાકુળ પણ થતો નથી તેમજ સમસ્ત વિભાવ પરિણતિને ટાળવાનો પુરુષાર્થ કર્યા વિના પણ રહેતો નથી; ભૂતાર્થ સ્વભાવનો આશ્રય કરીને વર્તે છે તેમાં તેને પુરુષાર્થ ચાલુ જ છે. એક સાથે પાંચે સમવાય તેમાં આવી જાય છે.

### [ ૨૫ ] પોતપોતાના અવસરોમાં પ્રકાશે છે...

પ્રવચનસાર ગા. ૯૯ 'सदवट्ठिदं सहावे दव्वं...' ઇત્યાદિમાં આચાર્યદેવે ક્રમબદ્ધપર્યાયનો સિદ્ધાંત અલૌકિક રીતે મૂકી દીધો છે. હારના મોતીના દ્રષ્ટાંતે, દ્રવ્યના પરિણામો પોતપોતાના અવસરોમાં પ્રકાશે છે-એ વાત સમજાવીને ક્રમબદ્ધપર્યાયનું સ્વરૂપ એકદમ ખૂલ્લું કરી દીધું છે. વળી એક જ સમયમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ હોવા છતાં, તે ત્રણેનું ભિન્ન ભિન્ન લક્ષણ છે, નાશ એટલે કે વ્યય તે નષ્ટ થતા ભાવને આશ્રિત છે, ઉત્પાદ ઊપજતા ભાવને આશ્રિત છે અને ધ્રૌવ્ય ટકતા ભાવને આશ્રિત છે.-એ રીતે સમયે-સમયે ઉત્પાદ-વ્યય-ધ્રુવ કહીને તેમાં પણ ક્રમબદ્ધપર્યાયની જ સાંકળ ગોઠવી દીધી છે. ( જુઓ ગાથા ૧૦૧ )

### [ ૨૬ ] 'સત્' અને તેને જાણનાર જ્ઞાનસ્વભાવ.

અહો! આચાર્ય ભગવંતોએ જંગલમાં વસીને, પોતાના જ્ઞાનમાં વસ્તુસ્વરૂપને પકડીને આબેહૂબ વર્ણન કર્યું છે. એક તરફ આખું સત્નું ચોસલું જગતમાં પડ્યું છે ને આ તરફ તેને જાણનારો જ્ઞાનસ્વભાવ છે. મહાસત્તા સત્, અવાંતરસત્તા સત્, જડચેતન દરેક દ્રવ્ય ત્રિકાળ સત્ ને તેની એકેકે સમયની પર્યાય પણ ક્રમબદ્ધ પ્રવાહમાં તેના સ્વકાળે સત્, એ બધાને જાણનારી જ્ઞાનપર્યાય પણ સત્.-આમ બધું ક્રમબદ્ધ અને વ્યવસ્થિત સત્ છે. તેનો નિર્ણય કર્યો ત્યાં પોતાને જ્ઞાતાપણું જ રહ્યું ને કર્તાપણાની મિથ્યાબુદ્ધિ મટી. સતનો જ્ઞાતા ન રહેતાં તે સત્ને ફેરવવા માંગે તે મિથ્યાબુદ્ધિ છે.

### [ ૨૭ ] જ્ઞાનસ્વભાવના નિર્ણયમાં પાંચે સમવાય આવી જાય છે.

બધી પર્યાયો તો ક્રમબદ્ધ જ છે પણ તેનો નિર્ણય કોણ કરે છે? જ્ઞાતાનું જ્ઞાન જ તેનો નિર્ણય કરે છે. જે જ્ઞાને આવો નિર્ણય કર્યો તે જ્ઞાને પોતાનો ( જ્ઞાનસ્વભાવનો ) નિર્ણય પણ ભેગો જ કર્યો છે. જ્યાં સ્વભાવસન્મુખ થઈને આવો નિર્ણય કર્યો ત્યાં-

( ૧ ) સ્વભાવ તરફનો સમ્યક્ 'પુરુષાર્થ' આવ્યો,

( ૨ ) જે શુદ્ધતા પ્રગટી છે તે સ્વભાવમાંથી પ્રગટી છે, તેથી 'સ્વભાવ' પણ આવ્યો,

( ૩ ) તે સમયે જે નિર્મળપર્યાય પ્રગટવાની હતી તે જ પ્રગટી છે તેથી 'નિયત' પણ આવ્યું,

( ૪ ) જે નિર્મળદશા પ્રગટી છે તે જ તે વખતનો સ્વકાળ છે, એ રીતે 'સ્વકાળ' પણ આવી ગયો,

( ૫ ) તે વખતે નિમિત્તરૂપ કર્મના ઉપશમાદિ સ્વયં વર્તે છે, એ રીતે 'કર્મ' પણ અભાવરૂપ નિમિત્ત તરીકે આવી ગયું;

-ઉપર પ્રમાણે સ્વભાવસન્મુખ પુરુષાર્થમાં પાંચે સમવાય એક સાથે આવી જાય છે.

### [ ૨૮ ] ઉદીરણા-સંક્રમણ વગેરેમાં પણ ક્રમબદ્ધ-પર્યાયનો નિયમ.

કર્મની ઉપશમ, ઉદીરણા, સંક્રમણ વગેરે અવસ્થાઓનું શાસ્ત્રમાં વર્ણન આવે છે તે બધી અવસ્થા પણ ક્રમબદ્ધ જ છે. શુભભાવથી જીવે અસાતાપ્રકૃતિનું સાતારૂપે સંક્રમણ કર્યું-એમ કથન આવે, પરંતુ ત્યાં, કર્મની તે અવસ્થા થવાની ન હતી ને જીવે કરી-એમ નથી, પણ તેવી અવસ્થા થવા વખતે જીવના તેવા પરિણામ નિમિત્ત હોય છે-એમ જણાવ્યું છે. બધે ઠેકાણે એક જ

અબાધિત નિયમ છે કે પદાર્થોની અવસ્થા ક્રમબદ્ધ છે ને ને આત્મા જ્ઞાયક છે, ફેરફાર કરનાર નથી. જીવે શુભભાવ કર્યા અને કર્મમાં અસાતા પલટીને સાતા થઈ, ત્યાં તે કર્મની અવસ્થામાં ફેરફાર તો થયો છે, પરંતુ તેથી કાંઈ તેની અવસ્થાનો ક્રમ તૂટયો નથી, તેમજ જીવે શુભભાવ કરીને તે અજીવમાં ફેરફાર કર્યો એમ પણ નથી; અસાતા પલટીને સાતા થઈ ત્યાં એવો જ તે અજીવની અવસ્થાનો ક્રમ હતો.

**[ ૨૯ ] દ્રવ્ય સત્, પર્યાય પણ સત્.**

જીવ બધું છોડીને ચાલ્યો ગયો–એમ લોકો કહે છે, પણ ત્યાં કંઈ જીવપણું તેણે છોડયું છે? જીવ જીવપણે રહીને બીજે ગયો છે ને! જેમ જીવ જીવપણે સત્ રહ્યો છે તેમ જીવની એકેક સમયની પર્યાય પણ તે તે સમયનું સત્ છે, તે પલટીને બીજા સમયની પર્યાયપણે થઈ જતી નથી.

**[ ૩૦ ] જ્ઞાયકના નિર્ણય વિના બધું ભણતર ઊંધું છે.**

હું જ્ઞાન છું–જ્ઞાયક છું એમ ન માનતાં પરમાં ફેરફાર કરવાનું માને છે તે બુદ્ધિ જ મિથ્યા છે. ભાઈ! આત્મા જ્ઞાન છે–એ વાતના નિર્ણય વિના તારું બધું ભણતર ઊંધું છે, તારા તર્ક અને ન્યાય પણ ઊંધા છે. જ્ઞાનસ્વભાવની ગમ પડયા વગર આગમ પણ અનર્થકારક થઈ પડે છે. શાસ્ત્રમાં નિમિત્તથી કથન આવે ત્યાં અજ્ઞાની પોતાની ઊંધી દ્રષ્ટિ પ્રમાણે તેનો આશય લઈને ઉલટો મિથ્યાત્વને પોષે છે.

**[ ૩૧ ] "હું તો જ્ઞાયક છું."**

બધાય જીવોની પર્યાય ક્રમબદ્ધ છે તો હું કોને ફેરવું? બધાય અજીવની પર્યાય પણ ક્રમબદ્ધ છે તો હું કોને ફેરવું?–હું તો જ્ઞાયક છું, જ્ઞાયકપણું જ મારો પરમ સ્વભાવ છે. હું જ્ઞાતા જ છું, કોઈનો ફેરવનાર નથી. કોઈનું દુઃખ મટાડી દઉં કે સુખ કરી દઉં એ વાત મારામાં નથી–આમ પોતાના જ્ઞાયક આત્માનો નિર્ણય કરવો તે સમ્યગ્દર્શન છે.

**[ ૩૨ ] બધું ફેરવીને આ વાત સમજવી પડશે.**

સોલાપુરમાં અધિવેશન વખતે વિદ્વત્ પરિષદે આ ક્રમબદ્ધપર્યાય સંબંધમાં ચર્ચા ઉપાડી હતી, પણ તેનો કાંઈ નિર્ણય બહાર ન આવ્યો, એમ ને એમ ભીનું સંકેલી લીધું; કેમકે જો આ વાતનો નિર્ણય કરવા જાય તો, નિમિત્તને લીધે કયાંય ફેરફાર થાય–એ વાત રહેતી નથી ને અત્યાર સુધી ઘૂંટેલું બધું ફેરવવું પડે છે. પણ તે બધું ફેરવીને, ક્રમબદ્ધપર્યાય જે રીતે કહેવાય છે તેનો નિર્ણય કર્યા વગર કોઈ રીતે શ્રદ્ધા–જ્ઞાન સાચાં થાય તેમ નથી.

**[ ૩૩ ] ક્રમબદ્ધ પરિણમતા જ્ઞાયકનું અકર્તાપણું.**

આત્મા જ્ઞાનસ્વભાવી વસ્તુ છે, જ્ઞાન તેનો પરમસ્વભાવ છે, ને જ્ઞાન સાથે શ્રદ્ધા, ચારિત્ર, આનંદ, વીર્ય વગેરે અનંત ગુણો રહેલા છે. દ્રવ્ય પરિણમતાં તે બધા ગુણોનું ક્રમસર પરિણમન થાય છે.

આત્મા જ્ઞાયક છે એટલે તેનો સ્વભાવ સ્વ–પરને જાણવાનો છે; પરને કરે કે રાગ વડે પરનું કારણ થાય એવો તેનો સ્વભાવ નથી, તેમજ પર તેનું કાંઈ કરે કે પોતે પરને કારણ બનાવે–એવો પણ સ્વભાવ નથી; આ રીતે અકારણકાર્યસ્વભાવ છે.

અહીં સર્વવિશુદ્ધજ્ઞાન–અધિકારમાં આ ક્રમબદ્ધપર્યાયની વાત લઈને આચાર્યદેવે જીવનું અકર્તાપણું સિદ્ધ કર્યું છે, એટલે કે જીવ જ્ઞાયક જ છે–એમ સમજાવ્યું છે. જ્ઞાનસ્વભાવી જીવ છે તેના અનંત ગુણોની સમય સમયની પર્યાયો ક્રમબદ્ધ જ ઊપજે છે અને તે જીવની સાથે એકમેક છે. ત્રણકાળની દરેક પર્યાય પોતાના સ્વકાળે જ ઊપજે છે, કોઈ પણ પર્યાય આડીઅવળી ઊપજતી નથી.

**[ ૩૪ ] પુરુષાર્થનો મોટો પ્રશ્ન.**

આમાં મોટો પ્રશ્ન છે કે 'તો પછી પુરુષાર્થ કયાં રહ્યો?'

તેનું સમાધાનઃ– આ નિર્ણય કર્યો ત્યાં એકલું જ્ઞાતાપણું જ રહ્યું, એટલે પરમાં ફેરફાર કરવાની બુદ્ધિથી ખસીને પુરુષાર્થનું જોર સ્વભાવ તરફ વળી ગયું. આ રીતે જ્ઞાન સાથે વીર્યગુણ (પુરુષાર્થ) પણ ભેગો જ છે. જ્ઞાનની ક્રમબદ્ધપર્યાય સાથે સ્વભાવ તરફનો પુરુષાર્થ પણ ભેગો જ વર્તે છે, ક્રમબદ્ધપર્યાયમાં પુરુષાર્થ કાંઈ જુદો નથી રહી જતો. ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કરીને જ્ઞાન સ્વ–તરફ વળ્યું ત્યાં તેની સાથે વીર્ય, સુખ, શ્રદ્ધા, ચારિત્ર, અસ્તિત્વ વગેરે અનંતા ગુણો એક સાથે જ પરિણમે છે, માટે આમાં પુરુષાર્થ પણ ભેગો જ છે.

**[ ૩૫ ] 'જ્ઞાયક' અને 'કારક'.**

અનાદિ અનંત કાળમાં કયા સમયે કયા દ્રવ્યની કેવી પર્યાય છે–તે સર્વજ્ઞદેવે વર્તમાનમાં પ્રત્યક્ષ જાણી લીધું છે; પરંતુ–સર્વજ્ઞદેવે જાણ્યું માટે તે દ્રવ્યો તેવી ક્રમબદ્ધ–

પર્યાયે પરિણમે છે–એમ નથી. પણ તે તે સમયની નિશ્ચિત ક્રમબદ્ધપર્યાયપણે પરિણમવાનો દ્રવ્યોનો જ સ્વભાવ છે. સર્વજ્ઞનું કેવળજ્ઞાન તે તો 'જ્ઞાપક' છે એટલે કે જણાવનાર છે, તે કાંઈ પદાર્થોનું કારક નથી. છએ દ્રવ્યો જ સ્વયં પોતપોતાના છ કારકપણે પરિણમે છે.

## [ ૨ ]
# પ્રવચન બીજું

[ વીર સં. ૨૪૮૦ ભાદરવા વદ ૧૩ ]

**પર્યાય ક્રમબદ્ધ હોવા છતાં શુદ્ધસ્વભાવના પુરુષાર્થ વિના શુદ્ધપર્યાય કદી થતી નથી. જ્ઞાન-સ્વભાવની પ્રતીતનો અપૂર્વ પુરુષાર્થ કરે તેને જ સમ્યગ્દર્શનાદિ નિર્મળ પર્યાય ક્રમબદ્ધ થાય છે.**

### [ ૩૬ ] જેનો પુરુષાર્થ જ્ઞાયક તરફ વળ્યો તેને જ ક્રમબદ્ધની શ્રદ્ધા થઈ.

'અહો ! હું જ્ઞાયક છું, જ્ઞાન જ મારો પરમ સ્વભાવ છે, એવા નિર્ણયનો અંતરમાં પ્રયત્ન કરે તેને એમ નક્કી થઈ જાય કે વસ્તુનો આવો જ સ્વભાવ છે ને સર્વજ્ઞદેવે કેવળજ્ઞાનથી આમ જ જાણ્યું છે. જે જીવે પોતાના જ્ઞાનમાં આવો નિર્ણય કર્યો તેને સર્વજ્ઞથી વિરુદ્ધ કહેનારા ( એટલે કે નિમિત્તને લીધે કાંઈ ફેરફાર થાય કે રાગથી ધર્મ થાય એવું મનાવનારા ) કુદેવ–કુગુરુ–કુશાસ્ત્રની માન્યતા છૂટી ગઈ છે, જ્ઞાનસ્વભાવ તરફ તેનો પુરુષાર્થ વળ્યો છે અને તેને જ સર્વજ્ઞદેવની તથા ક્રમબદ્ધપર્યાયની યથાર્થ શ્રદ્ધા થઈ છે.

### [ ૩૭ ] સર્વજ્ઞદેવને નહિ માનનાર.

કોઈ એમ કહે કે 'સર્વજ્ઞદેવ ભવિષ્યની પર્યાયને અત્યારે નથી જાણતા, પરંતુ જ્યારે તે પર્યાય થશે ત્યારે સર્વજ્ઞદેવ તેને જાણશે !'–તો આમ કહેનારને સર્વજ્ઞની શ્રદ્ધા પણ ન રહી. ભાઈ રે ! ભવિષ્યના પરિણામ થશે ત્યારે સર્વજ્ઞદેવ જાણશે–એમ નથી, સર્વજ્ઞદેવને તો પહેલેથી જ ત્રણકાળ ત્રણલોકનું જ્ઞાન વર્તે છે. તારે જ્ઞાયકપણે નથી રહેવું પણ નિમિત્ત વડે ક્રમ ફેરવવો છે–એ દૃષ્ટિ જ તારી ઊંધી છે. જ્ઞાનસ્વભાવની દૃષ્ટિ કરતાં પર્યાયનો નિર્મળ ક્રમ શરૂ થઈ જાય છે.

જીવ–અજીવના બધા પરિણામો ક્રમબદ્ધ જેમ છે તેમ સર્વજ્ઞદેવે જાણ્યા છે અને સૂત્રમાં પણ તેમ જ જણાવ્યા છે; તેથી આચાર્યદેવે ગાથામાં કહ્યું કે "जीवस्साजीवस्स दुजे परिणाम दु देसिया सुत्ते........" જીવઅજીવના ક્રમબદ્ધપરિણામ જેમ છે તેમ સર્વજ્ઞદેવ તેના જાણનાર છે, પણ તેના કારક નથી.

### [ ૩૮ ] આત્માનું જ્ઞાયકપણું ન માને તે કેવળી વગેરેને પણ માનતો નથી.

સમયે સમયે પોતાના ક્રમબદ્ધ પરિણામપણે જીવ ઊપજે છે; જીવમાં અનંતગુણો હોવાથી એક સમયમાં તે અનંત–ગુણોના અનંત પરિણામો થાય છે; તેમાં દરેક ગુણના પરિણામ સમયે સમયે નિયમિત ક્રમબદ્ધ જ થાય છે. આવા વસ્તુસ્વભાવનો નિર્ણય કરતાં જ્ઞાન સ્વસન્મુખ થઈને અકર્તાપણે–સાક્ષીભાવે પરિણમ્યું; ત્યાં, સાધકદશા હોવાથી હજી અસ્થિરતાનો રાગ પણ થાય છે પરંતુ જ્ઞાન તો તેનુંય સાક્ષી છે. સ્વ–પરપ્રકાશક જ્ઞાન ખીલ્યું તેની ક્રમબદ્ધ પર્યાય એવી જ છે કે તે સમયે જ્ઞાયકને જાણતાં તેવા રાગને પણ જાણે. આવું જ્ઞાયકપણું જે ન માને ને પર્યાયના ક્રમમાં ફેરફાર કરવાનું માને તો તે જીવ આત્માના જ્ઞાનસ્વભાવને માનતો નથી, કેવળીભગવાનને પણ તે નથી માનતો, કેવળીભગવાને કહેલાં શાસ્ત્રોને પણ તે નથી માનતો અને કેવળજ્ઞાનના સાધક ગુરુ કેવા હોય તેને પણ તે જાણતો નથી. ક્રમબદ્ધપર્યાયની પ્રતીત કરીને જેણે પોતાના જ્ઞાનસ્વભાવને પ્રતીતમાં લીધો તેને સમ્યગ્દર્શનાદિ થયા છે, અને તેણે જ ખરેખર કેવળીભગવાનને, કેવળીના શાસ્ત્રોને તથા ગુરુને માન્યા છે.

## [ ૩૯ ] પર્યાય ક્રમબદ્ધ હોવા છતાં, પુરુષાર્થવાળાને જ સમ્યગ્દર્શનાદિ નિર્મળપર્યાય થાય છે.

જાુઓ, આમાં આત્માના જ્ઞાયક સ્વભાવના પુરુષાર્થની વાત છે. 'ક્રમબદ્ધપર્યાય'નો એવો અર્થ નથી કે જીવ ગમે તેવા કુધર્મને માનતો હોય છતાં તેને સમ્યગ્દર્શન થઈ જાય! અથવા ગમે તેવા તીવ્ર વિષયકષાયોમાં વર્તતો હોય કે એકેન્દ્રિયાદિ પર્યાયમાં વર્તતો હોય છતાં તેને પણ ક્રમબદ્ધપણે તે પર્યાયમાં સમ્યગ્દર્શનાદિ થઈ જાય–એમ કદી બનતું નથી. જે કુધર્મને માને છે, તીવ્ર વિષયકષાયમાં વર્તે છે, કે એકેન્દ્રિયાદિમાં પડયા છે, તેને કયાં પોતાના જ્ઞાનસ્વભાવની કે ક્રમબદ્ધપર્યાયની ખબર છે? પર્યાય ક્રમબદ્ધ હોવા છતાં શુદ્ધસ્વભાવના પુરુષાર્થ વિના શુદ્ધપર્યાય કદી થતી નથી. જ્ઞાનસ્વભાવની પ્રતીતનો અપૂર્વ પુરુષાર્થ કરે તેને જ સમ્યગ્દર્શનાદિ નિર્મળ પર્યાય ક્રમબદ્ધ થાય છે, અને જે તેવો પુરુષાર્થ નથી કરતો તેને ક્રમબદ્ધ મલિન પર્યાય થાય છે. પુરુષાર્થ વગર જ અમને સમ્યગ્દર્શનાદિ નિર્મળ દશા થઈ જશે એમ કોઈ માને તો તે ક્રમબદ્ધપર્યાયનું રહસ્ય સમજ્યો જ નથી. જે જીવ કુદેવને માને છે, કુગુરુને માને છે, કુધર્મને માને છે, સ્વછંદપણે તીવ્ર કષાયોમાં વર્તે છે–એવા જીવને ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા જ થઈ નથી. ભાઈ! તારા જ્ઞાનસ્વભાવના પુરુષાર્થ વગર તે ક્રમબદ્ધપર્યાયને કયાંથી જાણી? જ્યાં સુધી કુદેવ–કુધર્મ વગેરેને માને ત્યાં સુધી તેની ક્રમબદ્ધપર્યાયમાં સમ્યગ્દર્શનની લાયકાત થઈ જાય એમ બને નહિ. સમ્યગ્દર્શનની લાયકાતવાળા જીવને તેની સાથે જ્ઞાનનો વિકાસ, સ્વભાવનો પુરુષાર્થ વગેરે પણ યોગ્ય જ હોય છે, એકેન્દ્રિયપણું વગેરે પર્યાયમાં તે પ્રકારના જ્ઞાન, પુરુષાર્થ વગેરે હોતાં નથી, એવો જ તે જીવની પર્યાયનો ક્રમ છે. અહીં તો એ વાત છે કે પુરુષાર્થ વડે જેણે જ્ઞાનસ્વભાવની પ્રતીત કરી તેને સમ્યગ્દર્શન થયું, એટલે પરનો તેમજ રાગાદિનો તે અકર્તા થયો, અને તેણે જ ક્રમબદ્ધપર્યાયને ખરેખર જાણી છે. હજી તો કુદેવ અને સુદેવનો નિર્ણય કરવાની પણ જેના જ્ઞાનમાં તાકાત નથી તે જીવમાં જ્ઞાયકસ્વભાવનો ને અનંત ગુણોની ક્રમબદ્ધ પર્યાયનો નિર્ણય કરવાની તાકાત તો કયાંથી હોય? ને યથાર્થ નિર્ણય વગર ક્રમબદ્ધપર્યાયમાં શુદ્ધતા થાય–એમ બનતું નથી.

## [ ૪૦ ] 'અનિયતનય' કે 'અકાળનય' સાથે ક્રમબદ્ધપર્યાયને વિરોધ નથી.

પ્રવચનસારના પરિશિષ્ટના ૪૭ નયોમાં ૨૭ મા અનિયતનયથી આત્માને 'અનિયત' કહ્યો છે, પરંતુ અનિયત એટલે અક્રમબદ્ધ એવો તેનો અર્થ નથી. ત્યાં પાણીની ઉષ્ણતાનો દાખલો આપીને સમજાવ્યું છે કે જેમ ઉષ્ણતા તે પાણીનો કાયમી સ્વભાવ નથી પણ ઉપાધિભાવ છે, તે કાયમી સ્વભાવ નથી માટે અનિયમિત છે, તેમ વિકાર આત્માનો કાયમી સ્વભાવ નથી પણ ઉપાધિભાવ છે, તેથી તે વિકાર અપેક્ષાએ આત્માને અનિયત કહ્યો છે. એ જ પ્રમાણે ૩૧મા બોલમાં ત્યાં "અકાળનય" કહ્યો છે, તેમાં પણ આ ક્રમબદ્ધપર્યાયના નિયમથી કાંઈ વિરુદ્ધ વાત નથી, કાંઈ ક્રમબદ્ધપર્યાય તોડીને તે વાત નથી. (આ અનિયતનય તથા અકાળનય બાબત વિશેષ સમજણ માટે આત્મધર્મમાં પ્રસિદ્ધ થતાં પૂ. ગુરુદેવનાં પ્રવચનો વાંચો.)

## [ ૪૧ ] જૈનદર્શનની મૂળવસ્તુનો નિર્ણય.

મૂળ વસ્તુસ્વભાવ શું છે તેનો પહેલા બરાબર નિર્ણય કરવો જોઈએ. આત્માનો જ્ઞાતા–દ્રષ્ટા સ્વભાવ શું? અને જ્ઞેય પદાર્થોનો ક્રમબદ્ધ સ્વભાવ શું? તેના નિર્ણયમાં વિશ્વદર્શનરૂપ જૈનદર્શનનો નિર્ણય આવી જાય છે; પણ અજ્ઞાનીને તેનો નિર્ણય નથી.

જાુઓ, આ મૂળવસ્તુ છે, તેનો પહેલા નિર્ણય કરવો જોઈએ, આ મૂળવસ્તુના નિર્ણય વગર ધર્મ થાય તેમ નથી. જેમ કોઈ માણસ બીજા પાસે પાંચહજાર રૂા. ની ઉઘરાણીએ જાય, ત્યાં સામો માણસ તેને લાડવા જમાડે, પણ આ તો કહે કે ભાઈ! જમવાની વાત પછી, પહેલા મુદ્દાની વાત નક્કી કરો, એટલે કે હું પાંચ હજાર રૂા. લેવા આવ્યો છું, તેની પહેલા સગવડ કરો–એ રીતે ત્યાં પણ મુદ્દાની વાતને મુખ્ય કરે છે; તેમ અહીં મુદ્દાની રકમ એ છે કે આત્મા જ્ઞાનસ્વભાવ છે તેનો નિર્ણય કરવો. આત્મા જ્ઞાયકસ્વભાવ છે ને પદાર્થોની પર્યાયનો ક્રમબદ્ધસ્વભાવ છે એનો જે નિર્ણય કરતો નથી, ને 'આવું નિમિત્ત જોઈએ ને આવો વ્યવહાર જોઈએ' એમ વ્યવહારની રુચિમાં રોકાઈ જાય છે તેને જરા પણ હિત થતું નથી. અહો! હું જ્ઞાયક છું–એ મૂળ વાત જેને પ્રતીતમાં આવી તેને ક્રમબદ્ધપર્યાય બેઠા વગર રહે નહિ; અને જ્યાં આ વાત બેઠી ત્યાં બધા ખુલાસા થઈ જાય છે.

## [ ૪૨ ] હારના મોતીના દ્રષ્ટાંતે ક્રમબદ્ધપર્યાયની સમજણ; અને જ્ઞાનને સમ્યક કરવાની રીત.

પ્રવચનસારની ૯૯ મી ગાથામાં લટકતા હારનું દ્રષ્ટાંત આપીને ઉત્પાદ-વ્યય-ધ્રુવ સિદ્ધ કર્યા છે, તેમાં પણ ક્રમબદ્ધપર્યાયની વાત આવી જાય છે. જેમ લટકતા હારમાં દરેક મોતી પોતપોતાનાં સ્થાનમાં પ્રકાશે છે, તેમાં પછી પછીના સ્થાને પછી પછીનું મોતી પ્રકાશે છે ને પહેલા પહેલાના મોતીઓ પ્રકાશતા નથી; તેમ લટકતા હારની માફક પરિણમતા દ્રવ્યમાં સમસ્ત પરિણામો પોતપોતાના અવસરોમાં પ્રકાશે છે; તેમાં પછી પછીના અવસરોએ પછી પછીના પરિણામો પ્રગટ થાય છે ને પહેલા પહેલાના પરિણામો પ્રગટ થતા નથી. ( જુઓ ગાથા ૯૯ ની ટીકા ) લટકતા હારના દોરામાં તેનું દરેક મોતી યથાસ્થાને ક્રમબદ્ધ ગોઠવાયેલું છે, જો તેમાં આડુંઅવળું કરવા જાય-પાંચમા નંબરનું મોતી ત્યાંથી ખસેડીને પચીસમા નંબરે મૂકવા જાય -તો હારનો દોરો તૂટી જશે એટલે હારની સળંગતા તૂટી જશે. તેમ જગતના દરેક દ્રવ્યો ઝૂલતા એટલે કે પરિણમતા છે. અનાદિ અનંત પર્યાયરૂપ મોતી ક્રમબદ્ધ ગોઠવાયેલા છે, તેને ન માનતાં એકપણ પર્યાયનો ક્રમ તોડવા જાય તો ગુણનો ને દ્રવ્યનો ક્રમ તૂટી જશે, એટલે કે શ્રદ્ધા જ મિથ્યા થઈ જશે. હું તો જ્ઞાયક છું, હું નિમિત્ત થઈને કોઈની પર્યાયમાં ફેરફાર કરી દઉં એવું મારું સ્વરૂપ નથી-એમ જ્ઞાયકસ્વભાવની પ્રતીત વડે અકર્તાપણું થઈ જાય છે અર્થાત્ સમ્યગ્જ્ઞાન થાય છે, અને તે જ જીવ સ્વ-પરપ્રકાશક જ્ઞાન વડે આ ક્રમબદ્ધપર્યાયને યથાર્થ પણે જાણે છે. આ રીતે હજી તો જ્ઞાનને સમ્યક્ કરવાની આ રીત છે; આ સમજ્યા વગર સમ્યગ્જ્ઞાન થાય નહિ.

## [ ૪૩ ] જ્ઞાયકભાવનું પરિણમન કરે તે જ સાચો શ્રોતા.

આ ક્રમબદ્ધપર્યાયના વિષયમાં અત્યારે ઘણી ગરબડ જાગી છે તેથી અહીં તેનું વિશેષ સ્પષ્ટીકરણ થાય છે. હજી તો આ વાતના શ્રવણનો પણ જેને પ્રેમ ન આવે તે અંતરમાં પાત્ર થઈને પરિણમાવે કયાંથી ? અને એકલા શ્રવણનો પ્રેમ કરે પણ જો સ્વછંદ ટાળીને અંતરમાં જ્ઞાયક ભાવનું પરિણમન ન કરે તો તેણે પણ ખરેખર આ વાત સાંભળી નથી. એ જ વાત સમયસારની ચોથી ગાથામાં આચાર્યદેવે મૂકી છે, ત્યાં કહ્યું છે કે એકત્વ-વિભક્ત શુદ્ધાત્માનું શ્રવણ જીવે પૂર્વે કદી કર્યું નથી; અનંતવાર સાક્ષાત્ તીર્થંકર ભગવાનના સમવસરણમાં જઈને દિવ્યધ્વનિ સાંભળી આવ્યો, છતાં આચાર્યભગવાન કહે છે કે તેણે શુદ્ધાત્માની વાતનું શ્રવણ કર્યું જ નથી.-કેમ ? કારણ કે અંતરમાં ઉપાદાન જાગૃત કરીને તે શુદ્ધાત્માની રુચિ ન કરી તેથી તેને શ્રવણમાં નિમિત્તપણું પણ ન આવ્યું.

## [ ૪૪ ] જ્યાં સ્વછંદ છે ત્યાં ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા નથી, સાધકને જ ક્રમબદ્ધપર્યાયની ખરી શ્રદ્ધા છે.

પ્રશ્નઃ- ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા થાય પણ પર્યાયના ક્રમમાંથી સ્વછંદ ન ટળે તો ?

ઉત્તરઃ- એમ બને જ નહિ, ભાઈ ! ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા કરે તેને પર્યાયમાં સ્વછંદનો ક્રમ રહે જ નહિ, કેમકે જ્ઞાનસ્વભાવની સન્મુખ થઈને તેણે તે પ્રતીત કરી છે. જ્ઞાનસ્વભાવની ઓળખાણના પુરુષાર્થ વિના એકલી ક્રમબદ્ધપર્યાયનું નામ લ્યે, તેની અહીં વાત નથી, કેમકે જ્ઞાનસ્વભાવની ઓળખાણ વગર તે ક્રમબદ્ધપર્યાયને પણ સમજ્યો નથી. જ્ઞાનસ્વભાવ તરફ વળીને ક્રમબદ્ધપર્યાયની પ્રતીત કરી ત્યાં તો અનંત ગુણોનો અંશ નિર્મળરૂપે પરિણમવા માંડયો છે; શ્રદ્ધામાં સમ્યગ્દર્શન થયું જ્ઞાનમાં સમ્યગ્જ્ઞાન થયું; આનંદના અંશનું વેદન થયું, વીર્યનો અંશ સ્વ તરફ વળ્યો, એ રીતે બધા ગુણોની અવસ્થાના ક્રમમાં નિર્મળતાની શરૂઆત થઈ ગઈ. હજી જેને શ્રદ્ધાજ્ઞાન સમ્યક્ થયા નથી, આનંદનું ભાન નથી, વીર્યબળ અંતરસ્વભાવ તરફ વળ્યું નથી, તેને ક્રમબદ્ધપર્યાયની ખરી પ્રતીત નથી. ક્રમબદ્ધપર્યાયની પ્રતીતની સાથે તો સ્વભાવ તરફનો પુરુષાર્થ છે, શ્રદ્ધા-જ્ઞાન સમ્યક થયા છે, આનંદ અને વીતરાગનો અંશ પ્રગટ થયો છે, એટલે ત્યાં સ્વછંદ તો હોતો જ નથી. સાધકદશામાં અસ્થિરતાનો રાગ આવે પણ ત્યાં સ્વછંદ તો હોતો જ નથી. અને જે રાગ છે તેનો પણ પરમાર્થે તો તે જ્ઞાની જ્ઞાતા જ છે. આ રીતે આમાં ભેદજ્ઞાનની વાત છે. સમ્યગ્દર્શન કહો, ભેદજ્ઞાન કહો, કે જ્ઞાયકભાવનો પુરુષાર્થ કહો, કે ક્રમબદ્ધપર્યાયની પ્રતીત કહો-એ બધું ભેગું જ છે. ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધાવાળાને હઠ પણ નથી રહેતી તેમ જ સ્વછંદ પણ નથી રહેતો. સમ્યક્શ્રદ્ધા થવા ભેગું જ તેણે તે ક્ષણે જ

ચારિત્ર પ્રગટ કરીને મુનિપણું લઈ લેવું જોઈએ–એમ હઠ ન હોય, અને ગમે તેવો રાગ થાય તેનો વાંધો નથી–એવો સ્વછંદ પણ ન હોય, જ્ઞાયકભાવરૂપ મોક્ષમાર્ગનો ઉદ્યમ તેને ચાલ્યા જ કરે છે.

### [ ૪૫ ] આ સમજે તો બધા ગોટા નીકળી જાય.

અત્યારે ઉપાદાન–નિમિત્તના ને નિશ્ચય–વ્યવહારના ઘણા ગોટા ચાલે છે, જો આ ક્રમબદ્ધપર્યાયનું સ્વરૂપ બરાબર સમજે તો તે બધા ગોટા નીકળી જાય તેમ છે. ‘દ્રવ્ય પોતાના ક્રમબદ્ધપરિણામ પણે ઊપજે છે’ એમ કહ્યું તેમાં તે તે પર્યાયનું ક્ષણિક ઉપાદાન આવી જાય છે. એકેક સમયની પર્યાય પોતપોતાના ક્ષણિક ઉપાદાનથી જ ક્રમબદ્ધપણે–નિયમિતપણે ઊપજે છે; પોતાના પરિણામોથી જ એટલે કે તે સમયની ક્ષણિક લાયકાતથી જ ઊપજે છે, નિમિત્તથી ઊપજતાં નથી. દરેક ગુણમાં પોતપોતાના ક્ષણિક ઉપાદાનથી ક્રમબદ્ધપરિણામ ઊપજે છે, એ રીતે અનંત ગુણોના અનંત પરિણામો એક સમયમાં ઊપજે છે, આ જે ક્રમબદ્ધપણું કહેવામાં આવે છે તે ‘ઉદ્ધર્વતાસામાન્ય’ અપેક્ષાએ એટલે કે કાળપ્રવાહની અપેક્ષાએ કહેવાય છે.

### [ ૪૬ ] વજ્રભીંત જેવો નિર્ણય.

ભાઈ! તારા જ્ઞાનને અંતરમાં વાળીને એકવાર વજ્રભીંત જેવો યથાર્થ નિર્ણય તો કર. વજ્રભીંત જેવો નિર્ણય કર્યા વગર મોક્ષમાર્ગ તરફ તારું વીર્ય ઊપડશે નહિ. આ નિર્ણય કરતાં તારી પ્રતીતમાં જ્ઞાનની અધિકતા થઈ જશે ને રાગ તે જ્ઞાનનું જ્ઞેય થઈ જશે આ સિવાય પરને હું કરું ને પરને હું ફેરવું–એવી બુદ્ધિ તે તો સંસારભ્રમણના કારણરૂપ છે.

### [ ૪૭ ] કેવળીની માફક બધાય જીવો જ્ઞાનસ્વરૂપ છે.

આત્મા જ્ઞાનસ્વભાવ છે; જ્ઞાન કોને ફેરવે? જેમ કેવળીભગવાન જગતના જ્ઞાતા–દ્રષ્ટા જ છે, તેમ આ આત્મા પણ જ્ઞાતા–દ્રષ્ટાપણાનું જ કાર્ય કરી રહ્યો છે. ભગવાન પૂરું એક સમયમાં જાણે છે ને આ જીવ અલ્પ જાણે છે, એટલો જ ફેર છે. પણ પોતાના જ્ઞાતાદ્રષ્ટાપણાની પ્રતીત ન કરતાં, અન્યથા માનીને જીવ સંસારમાં રખડે છે. ઓછું ને વધારે એવા ભેદને ગૌણ કરી નાખે તો બધા જીવોમાં જ્ઞાનનો એક જ પ્રકાર છે, બધા ય જીવો જ્ઞાનસ્વરૂપ છે ને જાણવાનું જ કાર્ય કરે છે; પણ જ્ઞાનપણે પોતાનું અસ્તિત્વ છે તેને પ્રતીતમાં ન લેતાં, જ્ઞાનના અસ્તિત્વમાં પરનું અસ્તિત્વ ભેગું ભેળવીને પર સાથે એકપણું માને છે, તે જ દુઃખ અને સંસાર છે.

### [ ૪૮ ] નિમિત્ત તે ખરેખર કારક નથી પણ અકર્તા છે.

“સર્વજ્ઞભગવાનને તો પરિપૂર્ણ જ્ઞાન ખીલી ગયું છે, તે ભગવાન તો ‘જ્ઞાપક’ છે માટે તે પરમાં કાંઈ ફેરફાર ન કરે–એ વાત તો બરાબર, પણ આ જીવ તો નિમિત્તપણે કારક થઈને પોતાની ઇચ્છા પ્રમાણે પદાર્થોમાં ફેરફાર–આડુંઅવળું કરી શકે!”–એમ કોઈ કહે તો તે પણ સત્ય નથી. જ્ઞાપક હો કે કારક હો, પણ પદાર્થની ક્રમબદ્ધપર્યાયને ફેરવીને કોઈ આડી–અવળી કરતું નથી. દરેક દ્રવ્ય પોતે જ પોતાનું કારક થઈને ક્રમબદ્ધપર્યાયપણે ઊપજે છે, નિમિત્તરૂપ બીજું દ્રવ્ય તે ખરેખર કારક નથી પણ અકારક છે, અકારકને કારક કહેવું તે ઉપચારમાત્ર છે; એ જ પ્રમાણે નિમિત્ત તે અકર્તા છે, તે અકર્તાને કર્તા કહેવો તે ઉપચાર છે–વ્યવહાર છે–અભૂતાર્થ છે.

### [ ૪૯ ] જ્ઞાયકના નિર્ણયમાં જ સર્વજ્ઞનો નિર્ણય.

ભગવાન સર્વના જ્ઞાયક છે–એવો નિર્ણય કોણે કર્યો? જ્ઞાનસ્વભાવની સન્મુખ થઈને પોતે જ્ઞાયક થયો ત્યારે જ ભગવાનના જ્ઞાયકપણાનો યથાર્થ નિર્ણય થયો.

### [ ૫૦ ] પર્યાયમાં અનન્યપણું હોવાથી, પર્યાય પલટતાં દ્રવ્ય પણ પલટે છે, ઘંટીના નીચલા પડની જેમ તે સર્વથા કૂટસ્થ નથી.

અહીં એમ કહ્યું કે ક્રમબદ્ધ પરિણામપણે દ્રવ્ય ઊપજે છે– ‘दवियं जं उप्पज्जइ गुणेहिं तं तेहिं जाणसु अणण्णं’ દ્રવ્ય પોતાના જે ગુણોથી જે ક્રમબદ્ધ પરિણામપણે ઊપજે છે તેમાં તેને અનન્ય જાણ. એટલે, એકલી પર્યાય જ પલટે છે ને દ્રવ્ય–ગુણ તો ‘ઘંટીના નીચલા પડની જેમ’ સર્વથા કૂટસ્થ જ રહે છે–એમ નથી. પર્યાય પલટતાં તે તે પર્યાયપણે દ્રવ્ય–ગુણ ઊપજે છે. પહેલા સમયની પર્યાયમાં જે દ્રવ્ય–ગુણ અનન્ય હતા તે બીજા સમયે પલટીને બીજા સમયની પર્યાયમાં અનન્ય છે. પહેલા સમયે પહેલી પર્યાયનો જે કર્તા હતો તે પલટીને બીજી પર્યાયનો કર્તા થયો છે. એ જ પ્રમાણે કર્તાની માફક કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન ને અધિકરણ એ બધા કારકોમાં સમયે સમયે પલટો થાય છે. પહેલા સમયે જેવું કર્તાપણું

હતું તેવું જ કર્તાપણું બીજા સમયે તે રહ્યું નથી, પર્યાય બદલતાં કર્તાપણું વગેરે પણ બદલ્યું છે. કર્તા–કર્મ વગેરે છ કારકો જેવા સ્વરૂપે પહેલા સમયે હતા તેવા જ સ્વરૂપે બીજા સમયે નથી રહ્યા; પહેલા સમયે પહેલી પર્યાય સાથે તદ્રૂપ થઈને તેનું કર્તાપણું હતું, ને બીજા સમયે બીજી પર્યાય સાથે તદ્રૂપ થઈને તે બીજી પર્યાયનું કર્તાપણું થયું. આમ પર્યાય અપેક્ષાએ, નવી નવી પર્યાયો સાથે તદ્રૂપ થતું–થતું આખું દ્રવ્ય સમયે સમયે પલટી રહ્યું છે; દ્રવ્ય અપેક્ષાએ ધ્રુવતા છે. આ જરાક સૂક્ષ્મ વાત છે.

પ્રવચનસારની ૯૩ મી ગાથામાં પણ કહ્યું છે કે 'तेहिं पुणो पज्जाया....' એટલે દ્રવ્ય તથા ગુણોથી પર્યાયો થાય છે. દ્રવ્ય પરિણમતાં તેના અનંત ગુણો પણ ક્રમબદ્ધપર્યાયપણે ભેગા જ પરિણમી જાય છે. પર્યાયમાં અનન્યપણે દ્રવ્ય ઊપજે છે એમ કહેતાં, પર્યાય પરિણમતાં દ્રવ્ય પણ પરિણમ્યું છે–એ વાત સિદ્ધ થાય છે; કેમકે જો દ્રવ્ય સર્વથા ન જ પરિણમે તો પહેલી પર્યાયથી છૂટીને બીજી પર્યાય સાથે તે કઈ રીતે તદ્રૂપ થાય? પર્યાય પલટતાં જો દ્રવ્ય ન પલટે તો તે જુદું પડયું રહે! –એટલે બીજી પર્યાય સાથે તેને તદ્રૂપપણું થઈ શકે જ નહિ. પરંતુ એમ બનતું નથી, પર્યાય પરિણમ્યે જાય ને દ્રવ્ય જુદું રહી જાય–એમ બનતું નથી.

કોઈ એમ કહે કે "પહેલા સમયની જે પર્યાય છે તે પર્યાય પોતે જ બીજા સમયની પર્યાયરૂપ પરિણમી જાય છે, દ્રવ્ય નથી પરિણમતું"–તો એ વાત જૂઠી છે. પહેલી પર્યાયમાંથી બીજી પર્યાય આવતી નથી, પર્યાયમાંથી પર્યાય આવે એમ માનનારને તો 'પર્યાયમૂઢ' કહ્યો છે. પર્યાય પલટતાં તેની સાથે દ્રવ્ય ક્ષેત્ર ને ભાવ પણ (પર્યાય અપેક્ષાએ) પલટી ગયાં છે. જો એમ ન હોય તો સમય સમયની નવી પર્યાય સાથે દ્રવ્યનું તદ્રૂપપણું સિદ્ધ થઈ શકે નહિ. 'સર્વ દ્રવ્યોને પોતાનાં પરિણામો સાથે તાદાત્મ્ય છે'–એમ કહીને આચાર્યદેવે અલૌકિક નિયમ ગોઠવી દીધો છે. ચિદ્‌વિલાસમાં પણ એ વાત લીધી છે. [ જુઓ ગુજરાતી પાનું ૩૦–૩૧ ]

### [ ૫૧ ] જીવનું સાચું જીવતર.

જીવ પોતાના ક્રમબદ્ધ પરિણામપણે ઊપજતો થકો, તેમાં તન્મયપણે જીવ જ છે, અજીવ નથી. અજીવના કે રાગના આશ્રયે ઊપજે એવું જીવનું ખરું સ્વરૂપ નથી. વળી ક્રમબદ્ધપરિણામ ન માને તો તેને પણ વસ્તુસ્વરૂપની ખબર નથી. 'જીવતો જીવ' તો પોતાની ક્રમબદ્ધપર્યાયપણે ઊપજે છે, તેને બદલે અજીવ વગેરે નિમિત્તને લીધે જીવ ઊપજે એમ માને, અથવા તો જીવ નિમિત્ત થઈને અજીવને ઊપજાવે એમ માને, તો તેણે જીવના જીવતરને જાણ્યું નથી. જીવનું જીવતર તો આવું છે કે પરના કારણકાર્ય વગર જ પોતે પોતાની ક્રમબદ્ધપર્યાયપણે ઊપજે છે.

### [ ૫૨ ] દ્રષ્ટિ અનુસાર ક્રમબદ્ધપર્યાય છે.

આત્મા જ્ઞાયકસ્વરૂપ....સમભાવી સૂર્ય છે, એવા સ્વભાવને જે જાણતો નથી ને સ્વછંદી થઈને મિથ્યાત્વની વિષમબુદ્ધિથી કર્તાપણું માને છે–પરમાં આડુંઅવળું કરવા માંગે છે–તેણે ખરેખર જીવને માન્યો નથી, જ્ઞાયકસ્વરૂપ જીવતત્ત્વને તેણે જાણ્યું નથી. કર્તાપણું માનીને કયાંય પણ ફેરફાર કરવા ગયો ત્યાં પોતે જ્ઞાતાપણે ન રહ્યો, ને ક્રમબદ્ધપર્યાય જ્ઞેયપણે છે તેને પણ ન માની; એટલે અકર્તાસાક્ષીસ્વરૂપ જ્ઞાયક જીવતત્ત્વ તેની દ્રષ્ટિમાં ન રહ્યું. જ્ઞાયકસ્વભાવ ઉપર જેની દ્રષ્ટિ છે તે જ્ઞાતા છે–અકર્તા છે, અને નિર્મળ ક્રમબદ્ધપર્યાયપણે તે ઊપજે છે; જ્ઞાતાસ્વભાવ ઉપર જેની દ્રષ્ટિ નથી ને પર સાથે નિમિત્ત–નૈમિત્તિક સંબંધ ઉપર જ જેની દ્રષ્ટિ છે તેને ઊંધી દ્રષ્ટિમાં ક્રમબદ્ધપર્યાય અશુદ્ધ થાય છે. આ રીતે દ્રષ્ટિ ફેરવવાની આ વાત છે, પરની દ્રષ્ટિ છોડીને જ્ઞાયક સ્વભાવની દ્રષ્ટિ કરવાની આ વાત છે; એવી દ્રષ્ટિ પ્રગટ કર્યા વગર આ વાત યથાર્થપણે સમજાય તેવી નથી.

### [ ૫૩ ] 'જ્ઞાયક'ના લક્ષ વગર એક પણ ન્યાય સાચો ન આવે.

પાણીના લોઢનો જે પ્રવાહ છે તે આડોઅવળો થતો નથી, પહેલાનો પ્રવાહ પાછળ, ને પાછળનો પ્રવાહ આગળ એમ બનતું નથી, તેમ દ્રવ્ય પોતાના અનાદિ–અનંત પર્યાયોના પ્રવાહક્રમને દ્રવે છે–પ્રવહે છે, તે પ્રવાહક્રમમાં જે જે પર્યાયને તે દ્રવે છે તે તે પર્યાયની સાથે તે અનન્ય છે. જેમ મકાનના બારીબારણાં નિયત છે, નાના મોટાં અનેક બારીબારણામાં જે ઠેકાણે જે બારી કે બારણું ગોઠવવાનું હોય તે જ બંધ બેસતું આવે; મોટું બારણું કાપીને નાના બારણાની જગાએ ગોઠવી દે તો તે મોટા બારણાની જગ્યાએ શું મૂકશે? મોટા બારણાને ઠેકાણે કાંઈ નાનું બારણું બંધ બેસતું નહીં આવે ત્યાં તો સૂતાર દરેક બારી–

બારણા ઉપર નંબર લખી રાખે છે. જો તે નંબરમાં આઘું-પાછું થાય તો બારી-બારણાનો મેળ તૂટી જાય છે. તેમ આત્મા જ્ઞાયકસ્વરૂપ છે ને પદાર્થો તેના જ્ઞેય છે, તે પદાર્થોની ક્રમબદ્ધપર્યાયમાં જે પર્યાયનું જે સ્થાન (-સ્વકાળ) છે તે આઘુંપાછું થતું નથી. જો એક પણ પર્યાયના સ્થાનને (પ્રવાહક્રમને) ફેરવીને આઘુંપાછું કરવા જાય તો કાંઈ વ્યવસ્થા જ નહિ રહે, કેમ કે એક પર્યાય ફેરવીને બીજે સ્થાને મૂકી તો બીજા સ્થાનની પર્યાયને ફેરવીને વળી ત્રીજા સ્થાને મૂકવી પડશે -એ રીતે આખું દ્રવ્ય ચૂંથાઈ જશે,-એટલે કે તે જીવની દ્રષ્ટિમાં દ્રવ્ય ખંડખંડ થઈને મિથ્યાત્વ થઈ જશે, સર્વજ્ઞતા કે જ્ઞાયકપણું તો સિદ્ધ જ નહિ થાય. 'હું જ્ઞાયક છું'-એ વાતનું જ્યાંસુધી લક્ષ ન થાય ત્યાંસુધી એક પણ ન્યાય સાચો સમજાય તેમ નથી. આત્મા જ્ઞાયક અને બધા પદાર્થો જ્ઞેય,-આમ જ્ઞાન અને જ્ઞેય બંને વ્યવસ્થિત છે. જેવા પદાર્થો છે તેવું જ્ઞાન જાણે છે, ને જેવું જ્ઞાન જાણે છે, તેવા જ પદાર્થો છે, છતાં કોઈને કારણે કોઈ નથી-આવું વસ્તુસ્વરૂપ છે. આવું વસ્તુસ્વરૂપ જાણીને જે જ્ઞાતા થયો તે રાગનો પણ જ્ઞાતા જ છે ને તે રાગ પણ તેના જ્ઞાનનું જ્ઞેય થઈને રહે છે. પદાર્થોની વ્યવસ્થાનો જ્ઞાયક ન રહેતાં ફેરફાર કરવાનું માને છે તેને પોતાના જ્ઞાનનો જ વિશ્વાસ નથી.

### [ ૫૪ ] "પદાર્થોનું પરિણમન વ્યવસ્થિત કે અવ્યવસ્થિત ?"

ભાઈ, તું જ્ઞાન છો; જ્ઞાન શું કરે? વસ્તુ જેમ હોય તેમ જાણે. તારું સ્વરૂપ જાણવાનું છે. તું વિચાર તો કર કે પદાર્થોનું પરિણમન વ્યવસ્થિત હોય કે અવ્યવસ્થિત? જો વ્યવસ્થિત છે એમ કહો તો તેમાં ક્યાંય ફેરવવાનું રહેતું નથી, જ્ઞાતાપણું જ રહે છે; અને જો અવ્યવસ્થિત કહો તો જ્ઞાને જાણ્યું શું? પદાર્થોનું પરિણમન અવ્યવસ્થિત કહેતાં જ્ઞાન જ અવ્યવસ્થિત ઠરશે. કેમ કે અવ્યવસ્થિત હોય તો કેવળીભગવાને જાણ્યું શું? એટલે કેવળજ્ઞાન જ સિદ્ધ નહિ થાય અને આત્માનો જ્ઞાનસ્વભાવ પણ સિદ્ધ નહિ થાય, જ્ઞાનસ્વભાવની ઓળખાણ વગર મિથ્યાત્વ ટળે નહિ ને ધર્મનો અંશ પણ થાય નહિ.

### [ ૫૫ ] જીવ કે અજીવ બધાની પર્યાય ક્રમબદ્ધ છે, તેને જાણતો જ્ઞાની તો જ્ઞાતાભાવપણે જ ક્રમબદ્ધ ઊપજે છે.

કોઈ કહે કે "જીવ કયારેક ક્રમબદ્ધ પરિણામે પરિણમે અને કયારેક અક્રમે પણ પરિણમે, તેમ જ અજીવ પણ કયારેક ક્રમબદ્ધ પરિણમે ને કયારેક જીવ તેને અક્રમે પણ પરિણમાવી દે."-તો એમ નથી. ભાઈ! જીવ કે અજીવ કોઈનું એવું સ્વરૂપ નથી કે અક્રમે પરિણમે. કેવળજ્ઞાન ચોથા ગુણસ્થાને થઈ જાય ને સમ્યગ્દર્શન તેરમા ગુણસ્થાને થાય-એમ કદી બનતું નથી, પહેલા કેવળજ્ઞાન થઈ જાય ને પછી મુનિદશા લ્યે એમ પણ કદી બનતું નથી, એવો જ વસ્તુના પરિણમનનો સ્વભાવ છે. ધર્મીને સ્વભાવદ્રષ્ટિમાં જ્ઞાયકભાવનો પુરુષાર્થ ચાલુ જ છે, જ્ઞાનમાં ધીરજ છે, ચારિત્રમાં અલ્પરાગ થાય છે તેને પણ જાણે છે, પણ તેને મૂંઝવણ નથી, ઉતાવળ નથી, હઠ નથી, તે તો ક્રમબદ્ધ પોતાના જ્ઞાતાભાવપણે ઊપજતો થકો તેમાં તદ્રૂપ છે.

### [ ૫૬ ] અજીવ પણ તેની ક્રમબદ્ધપર્યાયપણે સ્વયં ઊપજે છે.

જેમ જીવ પોતાની ક્રમબદ્ધપર્યાયે ઊપજે છે, તેમ અજીવ પણ પોતાની ક્રમબદ્ધપર્યાયપણે ઊપજે છે, જીવ તેનો કર્તા નથી. આ શરીર હાલે-ચાલે, ભાષા બોલાય, તે બધી અજીવની ક્રમબદ્ધપર્યાયો છે. તેનામાં જે સમયે જે પર્યાય થાય છે તે તેનાથી થાય છે, તે પર્યાયપણે તે અજીવ પોતે ઊપજે છે, જીવ તેનું કારણ નથી, ને તે જીવનું કાર્ય નથી. આમ અકાર્યકારણપણું જીવમાં પણ છે, ને અજીવમાં પણ છે એટલે તેમને પરસ્પર કાંઈપણ કારણકાર્યપણું નથી; આવું વસ્તુસ્વરૂપ બતાવીને અહીં આત્માનો જ્ઞાયકસ્વભાવ ઓળખાવવો છે.

### [ ૫૭ ] સર્વે દ્રવ્યોમાં 'અકાર્યકારણશક્તિ.'

સર્વે દ્રવ્યોને અન્ય દ્રવ્ય સાથે ઉત્પાદકઉત્પાદ્યભાવનો અભાવ છે, એટલે કે બધાય દ્રવ્યોને પર સાથે અકાર્યકારણપણું છે. આ રીતે 'અકાર્યકારણશક્તિ' બધાંય દ્રવ્યોમાં છે. અજ્ઞાનીઓ કહે છે કે "અકાર્યકરણશક્તિ તો સિદ્ધમાં જ છે ને સંસારી જીવોને તો પર સાથે કાર્ય-કારણપણું છે"-એ વાત જૂઠી છે.

### [ ૫૮ ] પુદ્ગલમાં ક્રમબદ્ધપર્યાય હોવા છતાં.......

પુદ્ગલમાં કર્મ વગેરેની અવસ્થા પણ ક્રમબદ્ધ છે;

પુદ્‌ગલમાં તે અવસ્થા થવાની ન હતી અને જીવે વિકાર કરીને તે અવસ્થા ઊપજાવી–એમ નથી. પુદ્‌ગલકર્મમાં ઉપશમ–ઉદીરણા–સંક્રમણ–ક્ષય વગેરે જે અવસ્થાઓ થાય છે તે અવસ્થાપણે પુદ્‌ગલ પોતે જ ક્રમબદ્ધપર્યાયથી ઊપજે છે. આમ હોવા છતાં એવો નિયમ છે કે જ્ઞાયકસ્વભાવની દ્રષ્ટિથી જ્ઞાતા થઈને જીવ જ્યાં અકર્તાપણે પરિણમ્યો, ત્યાં જગતમાં એવી ક્રમબદ્ધપર્યાયની લાયકાતવાળા કોઈ પરમાણુ જ નથી કે જે તેને મિથ્યાત્વપ્રકૃતિરૂપે બંધાય. મિથ્યાત્વપ્રકૃતિ સાથેનો નિમિત્તનૈમિત્તિકસંબંધ જ તેને જ્ઞાયક–દ્રષ્ટિમાં છૂટી ગયો છે. આ વાત આચાર્યદેવ હવે પછીની ગાથાઓમાં બહુ સરસ રીતે સમજાવશે.

### [ ૫૯ ] ક્રમબદ્ધપર્યાય નહિ સમજનારની કેટલીક ભ્રમણાઓ.

અજીવમાં જ્ઞાન નથી એટલે તેની અવસ્થા તો જેમ થવાની હોય તેમ ક્રમબદ્ધ થયા કરે, પણ જીવની અવસ્થા ક્રમબદ્ધ ન હોય, તે તો અક્રમે પણ થાય–એમ કોઈ માને તો તે વાત જૂઠી છે.

અજીવમાં જ્ઞાન નથી માટે તેની અવસ્થા જીવ જેવી કરવા ધારે તેવી થાય એટલે તેની અવસ્થા ક્રમબદ્ધ નથી પણ અક્રમ છે,–પાણી ભર્યું હોય તેમાં જેવો રંગ નાખશો તેવા રંગનું તે થઈ જશે–એમ કોઈ માને તો તેની વાત પણ જૂઠી છે.

ક્રમબદ્ધપર્યાય છે માટે આપણે કાંઈ પુરુષાર્થ ન કરવો–એમ કોઈ માને તો તે પણ અજ્ઞાની છે, ક્રમબદ્ધપર્યાયને તે સમજ્યો નથી.

હું જ્ઞાયક છું–એવા સ્વભાવનો પુરુષાર્થ કરતાં બધા દ્રવ્યોની ક્રમબદ્ધપર્યાયનો પણ નિર્ણય થાય છે, તે યથાર્થ છે. આ તરફ આત્માનો જ્ઞાયકસ્વભાવ ન માને, તથા બીજી તરફ પદાર્થોમાં ક્રમબદ્ધપરિણામ ન માને, ને ફેરફાર કરવાનું માને તો તે જીવ વસ્તુ સ્વરૂપને જાણતો નથી ને પંચપરમેષ્ઠી ભગવંતોને પણ ખરેખર માનતો નથી.

### [ ૬૦ ] જીવના કારણ વગર જ અજીવની ક્રમબદ્ધપર્યાય.

શરીરની અવસ્થા પણ અજીવથી થાય છે. હું તેની અવસ્થાને ફેરવું અથવા તો અનુકૂળ આહાર–વિહારનું બરાબર ધ્યાન રાખીને હું શરીરને સરખું રાખી દઉં–એમ જે માને છે તે મિથ્યાદ્રષ્ટિ છે. આહારના એક રજકણને પણ ફેરવવો તે જીવની ક્રિયા નથી. 'દાણે દાણે ખાનારનું નામ' એવી પુરાણી કહેવત છે તે પણ શું સૂચવે છે? –કે જેના પેટમાં જે દાણો આવવાનો તે જ આવવાનો; જીવ તેનું ધ્યાન રાખીને શરીરને સાચવી દે–એમ નથી. જીવના કારણ વગર જ અજીવ તેની ક્રમબદ્ધપર્યાયપણે ઊપજે છે. આત્માનો સ્વભાવ પોતાના જ્ઞાયકભાવપણે ઊપજવાનો છે.

"અરે! આ શરીરનો હાથ જેમ ઊંચો નીચો કરવો હોય તેમ આપણે કરી શકીએ, શું આપણામાં એટલી શક્તિ નથી કે પરમાણુને ફેરવી શકીએ?" એમ અજ્ઞાનીઓ દલીલ કરે છે.

જ્ઞાની કહે છે કે અરે ભાઈ! શું પરમાણુમાં એવી શક્તિ નથી કે તે તેના ક્રમબદ્ધપરિણામથી ઊંચાનીચા થાય? શું અજીવદ્રવ્યોમાં કાંઈ તાકાત નથી? ભાઈ! અજીવમાં પણ એવી તાકાત છે કે તારા કારણપણા વગર જ સ્વયં તે પોતાની હલન–ચલનાદિ અવસ્થારૂપે ઊપજે છે, તેની અવસ્થામાં તે તદ્રૂપ છે; તેનામાં કાંઈપણ ફેરફાર કરવાની જીવની શક્તિ નથી. જીવમાં તેને જાણવાની શક્તિ છે. માટે તું તારા જ્ઞાયકસ્વભાવનો નિર્ણય કર, ને અજીવના કર્તાપણાની બુદ્ધિ છોડ.

# [ ૩ ]
# પ્રવચન ત્રીજું

[ વીર સં. ૨૪૮૦ ભાદરવા વદ ૧૪ ]

**જે સમજવાથી આત્માનું હિત થાય એવો ઉપદેશ તે ઇષ્ટોપદેશ છે. આ 'યોગ્યતા' કહીને સમય સમયની પર્યાયની સ્વતંત્રતા બતાવાય છે તે જ ઉપદેશ ઇષ્ટ છે, આ સિવાય પરને લીધે કાંઈ થવાનું બતાવે એટલે કે પરાધીનતા બતાવે તે ઉપદેશ ઇષ્ટ નથી-હિતકારી નથી-પ્રિય નથી. સમય સમયની ક્રમબદ્ધપર્યાય બતાવીને આત્માને પોતાના જ્ઞાયકસ્વભાવ તરફ લઈ જાય તે ઉપદેશ ઇષ્ટ છે.**

## [ ૬૧ ] અધિકારની સ્પષ્ટતા.

આ સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર છે, 'સર્વવિશુદ્ધજ્ઞાન' એટલે એકલો જ્ઞાયકભાવ. જ્ઞાયકસ્વરૂપ જીવ કર્મનો કર્તા નથી એ વાત અહીં સિદ્ધ કરવી છે. ક્રમબદ્ધપર્યાયના વર્ણનમાં આત્માનો જ્ઞાયકસ્વભાવ સિદ્ધ કરીને તેને અકર્તા બતાવ્યો છે, આત્મા નિમિત્ત તરીકે પણ જડકર્મનો કર્તા નથી–એવો તેનો સ્વભાવ છે.

## [ ૬૨ ] ક્રમબદ્ધપર્યાયમાં શુદ્ધતાનો ક્રમ ક્યારે ચાલુ થાય ?

પ્રથમ તો જીવની વાત કરી કે જીવ પોતાના અનંતગુણોના પરિણામોથી ક્રમબદ્ધ નિયમિતપણે ઊપજે છે, અને તે પરિણામમાં અનન્યપણે તે જીવ જ છે, અજીવ નથી. આમાં દ્રવ્ય–ગુણ ને પર્યાય ત્રણે આવી ગયા. પોતાના અનાદિઅનંત પરિણામોમાં ક્રમબદ્ધપણે ઊપજતો જ્ઞાયકસ્વભાવી જીવ કોઈ પરના કાર્યમાં કારણ નથી અને કોઈ પર તેના કાર્યમાં કારણ નથી; કોઈને કારણે કોઈની અવસ્થાના ક્રમમાં ફેરફાર થાય એમ બનતું નથી. 'હું જ્ઞાયક છું' એવી સ્વભાવસન્મુખ દૃષ્ટિ થતાં ધર્મીને ક્રમબદ્ધપર્યાય નિર્મળપણે પરિણમવા લાગે છે, પરંતુ પર્યાયને આઘીપાછી ફેરવવા ઉપર તેની દૃષ્ટિ નથી. આ રીતે જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિનો પુરુષાર્થ થતાં ક્રમબદ્ધપર્યાયમાં શુદ્ધતાનો ક્રમ ચાલુ થઈ જાય છે.

## [ ૬૩ ] અકર્તાપણું સિદ્ધ કરવા ક્રમબદ્ધપર્યાયની વાત કેમ લીધી ?

કોઈને એમ પ્રશ્ન થાય કે અહીં તો આત્માને અકર્તા સિદ્ધ કરવો છે, તેમાં આ ક્રમબદ્ધપર્યાયની વાત કેમ લીધી ? –તો તેનું કારણ એ છે કે જીવ ને અજીવ બધાં દ્રવ્યો સ્વયં પોતપોતાની ક્રમબદ્ધપર્યાયથી ઊપજે છે–એ વાત બેઠા વિના, 'હું પરને ફેરવી દઉં' એવી કર્તાબુદ્ધિ છૂટતી નથી ને અકર્તાપણું થતું નથી. હું જ્ઞાયકસ્વભાવ છું–ને દરેક વસ્તુની અવસ્થા ક્રમબદ્ધ થયા કરે છે તેનો હું જાણનાર છું પણ ફેરવનાર નથી, આવો નિશ્ચય થતાં કર્તાબુદ્ધિ છૂટી જાય છે ને અકર્તાપણું એટલે કે સાક્ષીપણું–જ્ઞાયકપણું થઈ જાય છે. સ્વભાવથી તો બધા આત્મા અકર્તા જ છે, પરંતુ પર્યાયમાં અકર્તાપણું થઈ જાય છે તેની આ વાત છે.

## [ ૬૪ ] ક્રમબદ્ધ છે તો ઉપદેશ કેમ ?

પર્યાય તો ક્રમબદ્ધ જ થાય છે તો શાસ્ત્રમાં આટલો બધો ઉપદેશ કેમ આપ્યો–એમ કોઈ પૂછે, તો કહે છે કે ભાઈ ! એ બધા ઉપદેશનું તાત્પર્ય તો જ્ઞાયકસ્વભાવનો નિર્ણય કરાવવાનું છે. ઉપદેશની વાણી તો વાણીના કારણે ક્રમબદ્ધ નીકળે છે. આ કાળે આવી જ ભાષા કાઢીને હું બીજાને સમજાવી દઉં–એવી કર્તાબુદ્ધિ જ્ઞાનીને નથી.

## [ ૬૫ ] વસ્તુસ્વરૂપનો એક જ નિયમ.

સૌ દ્રવ્ય પોતપોતાના પરિણામના કર્તા છે, કોઈ બીજાની લપ તેમાં નથી. 'આવું નિમિત્ત આવે તો આમ થાય ને બીજું નિમિત્ત આવે તો બીજી રીતે થાય' એવું વસ્તુસ્વરૂપમાં નથી. વસ્તુસ્વરૂપનો એક જ નિયમ છે કે દરેક દ્રવ્ય ક્રમબદ્ધપર્યાયપણે ઊપજતું થકું પોતે જ પોતાની પર્યાયનું કર્તા છે, અને બીજાથી તે નિરપેક્ષ છે. વસ્તુ પોતે પોતાની ક્રમબદ્ધપર્યાયપણે ઊપજે છે એમ ન માનતાં, બીજો તેમાં

કાંઈ ફેરફાર કરે એમ જે માને છે તેને પરમાં ફેરફાર કરવાની બુદ્ધિ રહે છે, તેથી પર તરફથી ખસીને પોતાના જ્ઞાયકસ્વભાવ તરફ તે વળતો નથી એટલે તેને જ્ઞાતાપણું થતું નથી–અકર્તાપણું થતું નથી, ને કર્તાબુદ્ધિ છૂટતી નથી. અહીં 'દરેક દ્રવ્ય પોતાની ક્રમબદ્ધપર્યાયપણે ઊપજે છે, બીજો તેનો કર્તા નથી' એ નિયમ વડે આત્માનું અકર્તાપણું સમજાવીને તે કર્તાબુદ્ધિ છોડાવે છે.

### [ ૬૬ ] જ્ઞાયકસ્વભાવની દ્રષ્ટિ પ્રગટ કર્યા વિના, ક્રમબદ્ધપર્યાયની ઓથ લઈને બચાવ કરવા માંગે તે મોટો સ્વછંદી છે.

આ ક્રમબદ્ધપર્યાયની ઓથ લઈને સ્વછંદે કોઈ એમ બચાવ કરે કે "અમને ક્રોધ પણ થવાનો હતો તે ક્રમબદ્ધ થઈ ગયો, તેમાં અમે શું કરીએ?" તો તેને કહે છે કે અરે મૂઢ જીવ! આત્માનું જ્ઞાયકપણું હજી તને બેઠું નથી તો તું ક્રમબદ્ધપર્યાયની વાત ક્યાંથી લાવ્યો? જ્ઞાયકસ્વભાવના નિર્ણયથી જ ક્રમબદ્ધપર્યાયનો યથાર્થ નિર્ણય થાય છે. તારી દ્રષ્ટિ જ્ઞાયક ઉપર છે કે ક્રોધ ઉપર? જો જ્ઞાયક ઉપર દ્રષ્ટિ હોય તો જ્ઞાયકમાં વળી ક્રોધ થવાનું ક્યાંથી આવ્યું? તારા જ્ઞાયકભાવનો નિર્ણય કરીને તું પહેલા જ્ઞાતા થા, પછી તને ક્રમબદ્ધપર્યાયની ખબર પડશે. જ્ઞાયકસ્વભાવ તરફ વળીને તેને જ્ઞાનનું જ્ઞેય બનાવવું–તેની આમાં મુખ્યતા છે, રાગને જ્ઞેય કરવાની મુખ્યતા નથી. જ્ઞાયકસ્વભાવનો નિર્ણય કર્યો ત્યાં જ્ઞાનની જ અધિકતા રહે છે, ક્રોધાદિની અધિકતા થતી જ નથી, એટલે જ્ઞાતાને અનંતાનુબંધી ક્રોધાદિ તો થતા જ નથી; અને તેને જ ક્રમબદ્ધપર્યાય યથાર્થપણે બેઠી છે.

ક્રોધ વખતે જ્ઞાનસ્વરૂપ તો જેને ભાસતું નથી, ક્રોધની જ રુચિ છે, અને ક્રમબદ્ધપર્યાયની ઓથ લઈને બચાવ કરવા માંગે છે તે તો મોટો સ્વછંદી છે. ક્રમબદ્ધપર્યાયમાં જ્ઞાયકભાવનું પરિણમન ન ભાસતાં, ક્રોધનું પરિણમન ભાસે છે એ જ તેની ઊંધાઈ છે. ભાઈ રે! આ માર્ગ તો છૂટકારાનો છે,–કે બંધાવાનો? આમાં તો જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરીને છૂટકારાની વાત છે; આ વાતનો યથાર્થ નિર્ણય થતાં જ્ઞાન છૂટું ને છૂટું રહે છે. જે છુટકારાનો માર્ગ છે તેના બહાને જે સ્વછંદને પોષે છે તે જીવને છૂટકારાનો અવસર ક્યારે આવશે!!

### [ ૬૭ ] અજર....પ્યાલા!

આ તો અજર–અમર પ્યાલા છે; આ પ્યાલા પચાવવા મોંઘા છે. પાત્ર થઈને જેણે આ પ્યાલો પીધો ને પચાવ્યો તે અજર–અમર થઈ જાય છે, એટલે કે જન્મ–મરણ રહિત એવા સિદ્ધપદને પામે છે.

### [ ૬૮ ] ક્રમબદ્ધપર્યાયમાં ભૂમિકા અનુસાર પ્રાયશ્ચિતાદિનો ભાવ હોય છે.

"લાગેલા દોષોનું પ્રાયશ્ચિત કરવાનું વર્ણન તો શાસ્ત્રમાં ઘણું આવે છે, દોષ થયો તે પર્યાય પણ ક્રમબદ્ધ છે તો પછી તેનું પ્રાયશ્ચિતાદિ શા માટે?"–એમ કોઈને શંકા ઊઠે તો તેનું સમાધાન એ છે કે સાધકને તે તે ભૂમિકામાં પ્રાયશ્ચિતાદિનો તેવો વિકલ્પ હોય છે તેનું ત્યાં જ્ઞાન કરાવ્યું છે. સાધકદશા વખતે ક્રમબદ્ધપર્યાયમાં તેવા પ્રકારના ભાવો આવે છે તે બતાવ્યું છે. 'ક્રમબદ્ધપર્યાયમાં અમારે દોષ થવાનો હતો તે થઈ ગયો, માટે તેનું પ્રાયશ્ચિત શું?'–એમ કોઈ કહે તો તે મિથ્યાદ્રષ્ટિ–સ્વછંદી છે; સાધકને એવો સ્વછંદ હોતો નથી. સાધકદશા તો પરમ વિવેકવાળી છે. તેને હજી વીતરાગતા નથી થઈ તેમ સ્વછંદ પણ રહ્યો નથી, એટલે દોષોના પ્રાયશ્ચિત વગેરેનો શુભ–વિકલ્પ આવે–એવી જ એ ભૂમિકા છે.

ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા હોવા છતાં સમકીતિને ચોથા ગુણસ્થાને એવો ભાવ આવે કે હું ચારિત્રદશા લઉં, મુનિને એવો ભાવ આવે કે લાગેલા દોષોની ગુરુ પાસે જઈને સરળપણે આલોચના કરું ને પ્રાયશ્ચિત લઉં–"કર્મ તો ખરવાના હશે ત્યારે ખરશે, માટે આપણે તપ કરવાની શી જરૂર છે?" એવો વિકલ્પ મુનિને ન આવે; પણ હું તપ વડે નિર્જરા કરું–શુદ્ધતા વધારું–એવો ભાવ આવે.–આવું જ તે તે ભૂમિકાના ક્રમનું સ્વરૂપ છે. 'ચારિત્રદશા તો ક્રમબદ્ધપર્યાયમાં જ્યારે આવવાની હશે ત્યારે આવી જશે' એમ કહીને સમકીતિ કદી સ્વછંદી કે પ્રમાદી ન થાય; દ્રવ્યદ્રષ્ટિના જોરમાં તેને પુરુષાર્થ ચાલુ જ છે. ખરેખર દ્રવ્યદ્રષ્ટિવાળાને જ ક્રમબદ્ધપર્યાય યથાર્થ સમજાય છે. ક્રમ ફરે નહિ છતાં પુરુષાર્થની ધારા તૂટે નહિ, –એ વાત જ્ઞાયકસ્વભાવની દ્રષ્ટિ વિના બની શકતી નથી. શાસ્ત્રોમાં

પ્રાયશ્ચિત વગેરેનું વર્ણન કરીને વચલી ભૂમિકામાં કેવા કેવા ભાવ હોય છે–તેનું જ્ઞાન કરાવ્યું છે. ખરેખર તો જ્ઞાતાને જ્ઞાનની અધિકતામાં તે પ્રાયશ્ચિત વગેરેનો વિકલ્પ પણ જ્ઞેયપણે જ છે.

## [ ૬૯ ] ક્રમ-અક્રમ સંબંધમાં અનેકાન્ત અને સપ્તભંગી.

કોઈ એમ કહે છે કે "બધી પર્યાયો ક્રમબદ્ધ જ છે એમ કહેવામાં તો એકાંત થઈ જાય છે, માટે કેટલીક પર્યાયો ક્રમબદ્ધ છે ને કેટલીક અક્રમબદ્ધ છે–એમ અને કાન્ત કહેવું જોઈએ"–તો એમ કહેનાર મૂઢને એકાન્ત–અનેકાન્તની ખબર નથી. બધી પર્યાયો ક્રમબદ્ધ જ 'છે' ને અક્રમરૂપ 'નથી'–એવો અનેકાન્ત છે; અથવા ક્રમ–અક્રમનો અનેકાન્ત લેવો હોય તો આ પ્રમાણે છે કે બધા ગુણો દ્રવ્યમાં એક સાથે સહભાવીપણે વર્તે છે તેથી તે અપેક્ષાએ દ્રવ્ય અક્રમરૂપ છે, અને પર્યાય અપેક્ષાએ ક્રમરૂપ છે, એ રીતે કથંચિત્ ક્રમરૂપ ને કથંચિત્ અક્રમરૂપ એવો અનેકાન્ત છે, પરંતુ કેટલીક પર્યાયો ક્રમરૂપ ને કેટલીક પર્યાયો અક્રમરૂપ એમ માનવું તે તો અનેકાન્ત નથી પણ મિથ્યાત્વ છે.

પર્યાય અપેક્ષાએ તો ક્રમબદ્ધપણું જ છે–એ નિયમ છે. છતાં આમાં અનેકાન્ત અને સપ્તભંગી આવી જાય છે. ગુણો અપેક્ષાએ અક્રમપણું ને પર્યાયો અપેક્ષાએ ક્રમપણું–એવું અનેકાન્ત સ્વરૂપ છે તે ઉપર કહેવાઈ ગયું છે. તથા વસ્તુમાં (૧) સ્યાત્ ક્રમપણું, (૨) સ્યાત્ અક્રમપણું, (૩) સ્યાત્ ક્રમ–અક્રમપણું, (૪) સ્યાત્ અવક્તવ્યપણું, (૫) સ્યાત્ ક્રમઅવક્તવ્યપણું (૬) સ્યાત્ અક્રમ–અવક્તવ્યપણું, અને (૭) સ્યાત્ ક્રમ–અક્રમઅવક્તવ્યપણું–એ પ્રમાણે ક્રમ–અક્રમ સંબંધમાં સપ્તભંગી પણ ઉતરે છે, કઈ રીતે? તે કહેવાય છે–

(૧) પર્યાયો એક પછી એક ક્રમબદ્ધ થાય છે તેથી પર્યાયોની અપેક્ષાએ કહેતાં વસ્તુ ક્રમરૂપ છે.

(૨) ગુણો બધા એકસાથે સહભાવી છે તેથી ગુણોની અપેક્ષાએ કહેતાં વસ્તુ અક્રમરૂપ છે.

(૩) પર્યાયો તથા ગુણો–એ બંનેની અપેક્ષા (એકસાથે) લઈને કહેતાં વસ્તુ ક્રમ–અક્રમરૂપ છે.

(૪) એક સાથે બંને કહી શકતા નથી તે અપેક્ષાએ વસ્તુ અવક્તવ્ય છે.

(૫) વસ્તુમાં ક્રમપણું ને અક્રમપણું બંને એક સાથે હોવા છતાં, ક્રમરૂપ કહેતી વખતે અક્રમપણાનું કથન બાકી રહી જાય છે, તે અપેક્ષાએ વસ્તુ ક્રમ–અવક્તવ્યરૂપ છે.

(૬) એ જ પ્રમાણે અક્રમરૂપ કહેતાં ક્રમપણાનું કથન બાકી રહી જાય છે, તે અપેક્ષાએ વસ્તુ અક્રમ–અવક્તવ્યરૂપ છે.

(૭) ક્રમપણું તથા અક્રમપણું બંને અનુક્રમે કહી શકાય છે પણ એક સાથે કહી શકાતા નથી, તે અપેક્ષાએ વસ્તુ ક્રમ–અક્રમ–અવક્તવ્યરૂપ છે.

–એ પ્રમાણે ક્રમ–અક્રમ સંબંધમાં સપ્તભંગી સમજવી.

## [ ૭૦ ] અનેકાન્ત ક્યાં અને કઈ રીતે લાગુ પડે? (સિદ્ધનું દ્રષ્ટાંત)

યથાર્થ વસ્તુસ્થિતિ શું છે તે સમજ્યા વગર ઘણા લોકો અનેકાન્તના નામે કે સ્યાદ્વાદના નામે ગપગોળા ચલાવે છે. જેમ અસ્તિ–નાસ્તિમાં વસ્તુ સ્વપણે અસ્તિરૂપે છે ને પરપણે નાસ્તિરૂપ છે–એવો અનેકાન્ત છે; પણ–વસ્તુ સ્વપણે અસ્તિરૂપ છે ને પરપણે પણ અસ્તિરૂપ છે એવો અનેકાન્ત નથી, તે તો એકાંતરૂપ મિથ્યાત્વ છે. તેમ અહીં ક્રમ–અક્રમમાં પણ સમજવું. પર્યાયો ક્રમબદ્ધ છે ને ગુણો અક્રમ છે–એમ અનેકાન્ત છે, પણ પર્યાયો ક્રમબદ્ધ છે ને પર્યાયો અક્રમ પણ છે–એમ માનવું તે કાંઈ અનેકાન્ત નથી, તે તો મિથ્યાદ્રષ્ટિનો એકાંત છે. પર્યાયો તો ક્રમબદ્ધ જ છે ને અક્રમ નથી એવો અનેકાંત છે. પર્યાયમાં અક્રમપણું તો છે જ નહિ, તેથી તેમાં 'કથંચિત્ ક્રમ ને કથંચિત્ અક્રમ' એવો અનેકાન્ત લાગુ ન પડે. વસ્તુમાં જે ધર્મો હોય તેમાં સપ્તભંગી લાગુ પડે પણ વસ્તુમાં જે ધર્મો હોય જ નહિ તેમાં સપ્તભંગી લાગુ ન પડે.

'સિદ્ધ ભગવંતો એકાંત સુખી જ છે' એમ કહેતાં કોઈ અજ્ઞાની પૂછે કે સિદ્ધ ભગવાનને એકાંત સુખ જ કેમ કહો છો? કથંચિત્ સુખ ને કથંચિત્ દુઃખ એમ અનેકાંત કહોને? તેનું સમાધાન : ભાઈ, સિદ્ધ ભગવાનને જે સુખ પ્રગટયું તે એકાંત સુખ જ છે, તેમાં દુઃખ જરાપણ છે જ નહિ, તેથી તેમાં સુખ–દુઃખનો તેં કહ્યો તેવો અનેકાન્ત લાગુ ન પડે; સિદ્ધ ભગવાનને શક્તિમાં કે વ્યક્તિમાં કોઈ રીતે દુઃખ નથી તેથી ત્યાં સુખ–દુઃખનો એવો અનેકાન્ત કે સપ્તભંગી લાગુ ન પડે; પણ સિદ્ધ

ભગવાનને એકાંત સુખ જ છે ને દુઃખ જરાપણ નથી–એમ અનેકાન્ત લાગુ પડે. (જુઓ, પંચાધ્યાયી ગાથા ૩૩૩–૪–૫) તેમ અહીં પર્યાયમાં ક્રમબદ્ધપણું છે ને અક્રમપણું નથી–એવો અનેકાન્ત લાગુ પડે, પણ પર્યાયમાં ક્રમપણું છે ને પર્યાયમાં અક્રમપણું પણ છે–એવો અનેકાન્ત નથી; કેમકે પર્યાયમાં અક્રમપણું નથી. પર્યાયથી ક્રમરૂપ ને પર્યાયથી જ અક્રમરૂપ એવું ક્રમ–અક્રમરૂપ જીવનું સ્વરૂપ નથી, પણ પર્યાયથી ક્રમવર્તીપણું ને ગુણથી અક્રમપણું–એવું ક્રમ–અક્રમરૂપ જીવનું સ્વરૂપ છે.

### [ ૭૧ ] ટ્રેઈનના દ્રષ્ટાંતે શંકા અને તેનું સમાધાન.

પ્રશ્નઃ– એક માણસ ટ્રેઈનના ડબામાં બેઠો છે, ને ટ્રેઇન પૂર્વ દિશા તરફ જાય છે, ત્યાં ટ્રેઇન ચાલતાં માણસનું પણ પૂર્વ દિશા તરફ જે ગમન થાય છે તે તો ક્રમબદ્ધ છે, પણ તે માણસ ડબામાં ઊભો થઈને પશ્ચિમ તરફ જાય તો તે ગમનની અવસ્થા અક્રમરૂપ થઈને?

ઉત્તરઃ– અરે ભાઈ! તને હજી ક્રમબદ્ધપર્યાયની ખબર નથી. પર્યાયનું ક્રમબદ્ધપણું કહેવાય છે તે તો ઊર્ધ્વ પ્રવાહ અપેક્ષાએ (–કાળપ્રવાહ અપેક્ષાએ) છે, ક્ષેત્ર અપેક્ષાએ નહિ. તે માણસ પહેલા પૂર્વમાં ચાલે ને પછી પશ્ચિમમાં ચાલે તેથી કાંઈ તેની પર્યાયના કાળનો ક્રમ તૂટી ગયો નથી. ટ્રેઈન પૂર્વમાં જતી હોય ને તેમાં બેઠેલો માણસ ડબામાં પશ્ચિમ તરફ ચાલતો હોય, તેથી કાંઈ તેની તે પર્યાય અક્રમપણે નથી થઈ. અરે! ટ્રેઈન પૂર્વમાં જતી હોય ને આખી ટ્રેઈન પાછી ચાલીને પશ્ચિમમાં જાય, તો તે પણ ક્રમબદ્ધ જ છે. પર્યાયોનું ક્રમબદ્ધપણું દ્રવ્યના ઊર્ધ્વપ્રવાહ ક્રમની અપેક્ષાએ છે. આ ક્રમબદ્ધપર્યાયની વાત ઘણા જીવોએ તો હજી યથાર્થપણે સાંભળી પણ નથી. ક્રમબદ્ધપણું શું છે અને કઈ રીતે છે, તથા તેનો નિર્ણય કરનારનું ધ્યેય કયાં જાય છે–તે વાત લક્ષમાં લઈને સમજે પણ નહિ, તો તેની પ્રતીત કયાંથી થાય? વસ્તુમાં અનંત ગુણો છે તે બધા એક સાથે–પથરાયેલા–તિર્યક્‌પ્રચયરૂપ છે તેથી તે અક્રમરૂપ છે, અને પર્યાયો એક પછી એક–વ્યતિરેકરૂપ–ઊર્ધ્વપ્રચયરૂપ છે તેથી તે ક્રમરૂપ છે.

### [ ૭૨ ] ક્રમબદ્ધપર્યાયનો જ્ઞાતા કોણ?

જુઓ, ક્રમબદ્ધપર્યાય તો જીવ તેમ જ અજીવ બધા દ્રવ્યોમાં છે; પરંતુ આ વાત કાંઈ અજીવને નથી સમજાવતા, આ વાત તો જીવને સમજાવે છે કેમ કે જીવ જ જ્ઞાતા છે. જ્ઞાતાને પોતાના જ્ઞાયકસ્વભાવનું ભાન થતાં તે ક્રમબદ્ધ–પર્યાયનો પણ જ્ઞાતા થઈ જાય છે.

### [ ૭૩ ] ભાષાનો ઉત્પાદક જીવ નથી.

પાંચે અજીવ દ્રવ્યો પણ પોતપોતાના ગુણોથી પોતાના ક્રમબદ્ધ નિયમિત પરિણામપણે ઊપજતા થકા અજીવ જ છે, જીવ નથી. અજીવદ્રવ્યો–તેનો એકેક પરમાણુ પણ–પોતે પોતાના છ કારકરૂપે થઈને પોતાની ક્રમબદ્ધપર્યાયપણે સ્વયં ઊપજે છે; તે કોઈ બીજાના કર્તા નથી, તેમજ બીજાનું કાર્ય થઈને તેને પોતાનું કર્તા બનાવે એમ પણ નથી. ભાષા બોલાય તે અજીવની ક્રમબદ્ધપર્યાય છે, ને તે પર્યાયપણે અજીવદ્રવ્ય ઊપજે છે, જીવ તેને ઉપજાવતો નથી.

પ્રશ્નઃ– કેવળીભગવાનની દિવ્યવાણી તો ઇચ્છા વગર સહજપણે નીકળે છે તેથી તે ક્રમબદ્ધપર્યાય છે અને તેને તો જીવ ઉપજાવતો નથી–એમ ભલે કહો, પરંતુ છદ્મસ્થની વાણી તો ઇચ્છાપૂર્વક છે તેથી છદ્મસ્થ તો પોતાની ઇચ્છા મુજબ ભાષાને પરિણમાવે છે ને?

ઉત્તરઃ– ભાઈ, એમ નથી. કેવળીભગવાનને કે છદ્મસ્થને જે વાણી નીકળે છે તે તો અજીવના પોતાના તેવા ક્રમબદ્ધ પરિણામોથી જ નીકળે છે, જીવને લીધે નહિ. છદ્મસ્થને તે કાળે ઇચ્છા હોય, પણ તે ઇચ્છાએ વાણીને ઉપજાવી નથી. અને ઇચ્છા છે તે પણ જ્ઞાતાનું જ્ઞેય છે, જ્ઞાનની અધિકતામાં ધર્મી જીવ તે ઇચ્છાનો પણ જ્ઞાયક જ છે.

### [ ૭૪ ] જ્ઞાયકને જ જાણવાની મુખ્યતા.

ખરેખર તો, ઇચ્છાને જાણવી તે પણ વ્યવહાર છે, જ્ઞાનને અંતરમાં વાળીને જ્ઞાયકને જાણવો તે પરમાર્થ છે. ક્રમબદ્ધપર્યાયના નિર્ણયમાં રાગને જાણવાની મુખ્યતા નથી પણ જ્ઞાયકને જાણવાની મુખ્યતા છે. જ્ઞાનમાં જ્ઞાયકની મુખ્યતા થઈ ત્યારે રાગને તેનું વ્યવહાર જ્ઞેય કહ્યું; જ્ઞાતા જાગ્યો ત્યારે રાગને રાગરૂપે જાણ્યો અને ત્યારે જ રાગને વ્યવહાર કહેવાયો. આ રીતે નિશ્ચયપૂર્વક જ વ્યવહાર હોય છે, કેમ કે જ્ઞાન અને રાગ બંને એક સાથે ઊપજે છે, પહેલો રાગરૂપ વ્યવહાર ને પછી નિશ્ચય–એમ નથી. જો રાગને અર્થાત્ વ્યવહારને પહેલો કહો તો જ્ઞાન વગર

(એટલે કે નિશ્ચય વગર) તે વ્યવહારને જાણ્યો કોણે? વ્યવહાર પોતે તો આંધળો છે તેને કાંઈ સ્વ-પરની ખબર નથી. નિશ્ચયનું અવલંબન કરીને સ્વ-પર પ્રકાશક જ્ઞાતા જાગ્યો તે જ, જ્ઞાયકને જાણતાં રાગને પણ વ્યવહાર જ્ઞેય તરીકે જાણે છે. ક્રમબદ્ધપર્યાયના નિર્ણયમાં નિશ્ચય-વ્યવહાર બંને એક સાથે છે; પહેલો વ્યવહાર ને પછી નિશ્ચય એમ માને, એટલે કે રાગના અવલંબને જ્ઞાન થવાનું માને, તો તે ખરેખર ક્રમબદ્ધપર્યાયને સમજ્યો જ નથી.

### [ ૭૫ ] 'ઇષ્ટોપદેશ !' ની વાત;-કયો ઉપદેશ ઇષ્ટ છે?

દ્રવ્ય પોતાની ક્રમબદ્ધપર્યાયપણે ઊપજે છે-એમ કહેતાં તેમાં સમયસમયની ક્ષણિક યોગ્યતાની વાત પણ આવી ગઈ.

કોઈ કહે કે-"યોગ્યતાની વાત તો 'ઇષ્ટોપદેશ'માં આવી છે. આમાં કયાં આવી છે?" તેનો ઉત્તર-આ પણ ઇષ્ટ-ઉપદેશની જ વાત છે. ઇષ્ટ-ઉપદેશ એટલે હિતકારી ઉપદેશ. જે સમજવાથી આત્માનું હિત થાય એવો ઉપદેશ તે ઇષ્ટોપદેશ છે. આ 'યોગ્યતા' કહીને સમય સમયની પર્યાયની સ્વતંત્રતા બતાવાય છે તે જ ઉપદેશ ઇષ્ટ છે, આ સિવાય પરને લીધે કાંઈ થવાનું બતાવે એટલે કે પરાધીનતા બતાવે તે ઉપદેશ ઇષ્ટ નથી-હિતકારી નથી-પ્રિય નથી. સમય સમયની ક્રમબદ્ધપર્યાય બતાવીને આત્માને પોતાના જ્ઞાયકસ્વભાવ તરફ લઈ જાય તે ઉપદેશ ઇષ્ટ છે, પણ પર્યાયમાં ફેરફાર-આઘુંપાછું થવાનું જણાવીને કર્તા-બુદ્ધિને પોષે તે ઉપદેશ ઇષ્ટ નથી એટલે કે સાચો નથી, હિતકારી નથી. "આત્માને જે હિતમાર્ગમાં પ્રવર્તાવે તે ગુરુ છે; ખરેખર આત્મા પોતે જ પોતાની યોગ્યતાથી પોતાના આત્માને હિતમાર્ગમાં પ્રવર્તાવે છે તેથી પોતે જ પોતાનો ગુરુ છે, નિમિત્તરૂપે બીજા જ્ઞાનીગુરુ હોય પણ તે નિમિત્તને લીધે આ આત્મામાં કાંઈ થાય-એમ બનતું નથી." જુઓ, આ ઇષ્ટ ઉપદેશ! આ પ્રમાણે ઉપદેશ હોય તો જ તે ઇષ્ટ છે-હિતકારી છે-સત્ય છે, આનાથી વિરુદ્ધ ઉપદેશ હોય તો તે ઇષ્ટ નથી-હિતકારી નથી-સત્ય નથી.

### [ ૭૬ ] આત્માનું જ્ઞાયકપણું ને પદાર્થોના પરિણમનમાં ક્રમબદ્ધપણું.

આત્મા જ્ઞાયક છે, જ્ઞાતાદ્રષ્ટાપણું તેનું સ્વરૂપ છે. જેમ કેવળીભગવાન જગતના બધા દ્રવ્ય-ગુણ-પર્યાયના જ્ઞાતા છે તેમ આ આત્માનો સ્વભાવ પણ જ્ઞાતા છે. જ્ઞાને જાણ્યું માટે પદાર્થોમાં તેવી ક્રમબદ્ધપર્યાય થાય છે એમ નથી, તેમ જ પદાર્થો તેવા છે માટે તેમનું જ્ઞાન થયું એમ પણ નથી. આત્માનો જ્ઞાયકસ્વભાવ ને પદાર્થોનો ક્રમબદ્ધ પરિણમન સ્વભાવ છે. 'આમ કેમ' એવો વિકલ્પ જ્ઞાનમાં નથી તેમ જ પદાર્થોના સ્વભાવમાં પણ એવું નથી. 'આમ કેમ' એવો વિકલ્પ કરીને જે પદાર્થને ફેરવવા માગે છે તેણે જ્ઞાનના સ્વભાવને જાણ્યો નથી. જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરતાં સાધક જીવ જ્ઞાતા થઈ જાય છે, 'આમ કેમ' એવો મિથ્યાબુદ્ધિનો વિકલ્પ તેને થતો નથી.

### [ ૭૭ ] આવી છે સાધકદશા !-એક સાથે દસ બોલ.

જ્ઞાનને અંતરમાં વાળીને જ્ઞાનસ્વભાવનો જેણે નિર્ણય કર્યો તે-

| | | | |
|---|---|---|---|
| -ક્રમબદ્ધપર્યાયનો જ્ઞાતા થયો, | (૧) | -તેના જ્ઞાનમાં સર્વજ્ઞની સિદ્ધિ આવી, | (૨) |
| -તેને ભેદજ્ઞાન ને સમ્યગ્દર્શન થયું, | (૩) | -તેને મોક્ષમાર્ગનો પુરુષાર્થ શરૂ થયો, | (૪) |
| -તેને અકર્તાપણું થયું, | (૫) | -તેણે સમસ્ત જૈનશાસનને જાણ્યું, | (૬) |
| -તેણે દેવ-ગુરુ-શાસ્ત્રને ખરેખર ઓળખ્યા, | (૭) | -તેને નિશ્ચય-વ્યવહાર બંને એક સાથે આવ્યા, | (૮) |
| -તેની પર્યાયમાં પાંચે સમવાય આવી ગયાં, | (૯) | | |

-'योग्यता ही'નો તેને નિર્ણય થયો એટલે ઇષ્ટ-ઉપદેશપણ તેનામાં આવી ગયો. (૧૦)

### [ ૭૮ ] આ લોકોત્તર દ્રષ્ટિની વાત છે, આનાથી વિપરીત માને તે લૌકિકજન છે.

અહો, આ અલૌકિક-લોકોત્તર વાત છે. એક તરફ જ્ઞાયકસ્વભાવ ને સામે ક્રમબદ્ધપર્યાય-એનો નિર્ણય કરવો તે લોકોત્તર છે. હું જ્ઞાયક છું ને પદાર્થોની પર્યાયો ક્રમબદ્ધ છે-એમ ન માનતાં, કાંઈ પણ ફેરફાર કરવાનું જે માને છે તે લૌકિકજન છે, લોકોત્તર જૈનદ્રષ્ટિ તેને રહેતી નથી. પોતાના જ્ઞાયકસ્વભાવ સામે નજર રાખીને આત્મા ક્રમબદ્ધજ્ઞાયકભાવપણે જ ઊપજે, અને પદાર્થોની ક્રમબદ્ધ થતી પર્યાયોને જાણે-આવો જે લોકોત્તર સ્વભાવ, તેને જે નથી માનતો તે ભલે સંપ્રદાય તરીકે જૈનમાં રહ્યો હોય

તોપણ ભગવાન તેને અન્યમતિ–લૌકિકમતિ–એટલે કે મિથ્યાદ્રષ્ટિ કહે છે. આ "લૌકિકમતિ" કહેતાં કેટલાકને તે વાત કઠણ લાગે છે. પણ ભાઈ! સમયસારમાં આચાર્ય ભગવાન પોતે કહે છે કે–"ये त्वात्मानं कर्तारमेव पश्यंति ते लोकोत्तरिका अपि न लौकिकतामतिवर्तंते; लौकिकानां परमात्मा विष्णुः सुरनारकादिकार्याणि करोति, तेषां तु स्वात्मातानि करोतीत्यपसिद्धांतस्य समत्वात्। ततस्तेषामात्मनो नित्य–कर्तृत्वाभ्युपगमात् लौकिकानामिव लोकोत्तरिकाणामपि नास्ति मोक्षः।" (ગાથા ૩૨૧–૩૨૨ ટીકા)

–જેઓ આત્માને કર્તા જ દેખે છે–માને છે, તેઓ લોકોત્તર હોય તો પણ લૌકિકતાને અતિક્રમતા નથી; કારણ કે લૌકિકજનોના મતમાં પરમાત્મા વિષ્ણુ દેવનારકાદિ કાર્યો કરે છે, અને તેમના (–લોકથી બાહ્ય થયેલા એવા મુનિઓના) મતમાં પોતાનો આત્મા તે કાર્યો કરે છે–એમ અપસિદ્ધાંતની (એટલે કે ખોટા સિદ્ધાંતની) બંનેને સમાનતા છે. માટે આત્માના નિત્ય કર્તાપણાની તેમની માન્યતાને લીધે, લૌકિક જનોની માફક, લોકોત્તર પુરુષોનો (મુનિઓનો) પણ મોક્ષ થતો નથી.

તેના ભાવાર્થમાં પં. જયચંદ્રજી પણ લખે છે કે

"जो आत्माको कर्ता मानते हैं वे मुनि भी हों तो भी लौकिकजन सरीखे ही हैं, क्योंकि लोक ईश्वर को कर्ता मानते हैं और मुनियोंने भी आत्माको कर्ता मान लिया, इस तरह इन दोनों का मानना समान हुआ। इस कारण जैसे लौकिकजनों के मोक्ष नहीं है उसी तरह उन मुनियोंके भी मोक्ष नहीं।'

જુઓ, આમાં મૂળ સિદ્ધાંત છે. દિગંબર જૈન સંપ્રદાયનો દ્રવ્યલિંગી સાધુ થઈને પણ, જો 'આત્મા પરને કરે' એમ માને, તો તે પણ લૌકિકજનોની જેમ મિથ્યાદ્રષ્ટિ જ છે. હવે, આત્મા પરનો કર્તા છે–એમ કદાચ સીધી રીતે ન કહે, પણ–

–નિમિત્ત હોય તે પ્રમાણે કાર્ય થાય એમ માને, અથવા આપણે નિમિત્ત થઈને પરનું કાર્ય કરી દઈએ–એમ માને,

–અથવા રાગના–વ્યવહારના–અવલંબનથી નિશ્ચય શ્રદ્ધા–જ્ઞાન થવાનું માને,

–મોક્ષમાર્ગમાં પહેલો વ્યવહાર ને પછી નિશ્ચય એમ માને,

–અથવા રાગને લીધે જ્ઞાન થયું એટલે કે રાગ કર્તા ને જ્ઞાન તેનું કાર્ય–એમ માને,

તો તે બધા પણ ખરેખર લૌકિકજનો જ છે, કેમ કે તેમને લૌકિક દ્રષ્ટિ છૂટી નથી.–લૌકિકદ્રષ્ટિ એટલે મિથ્યાદ્રષ્ટિ.

'જ્ઞાયક' સામે નજર કરીને ક્રમબદ્ધપર્યાયને જાણનારા સમકીતિ લોકોત્તરદ્રષ્ટિવંત છે, ને એનાથી વિરુદ્ધ માનનારા લૌકિકદ્રષ્ટિવંત છે.

### [ ૭૯ ] સમજવા માટે એકાગ્રતા.

આ વાત સાંભળતાં જો સમજે તો મજા આવે તેવી છે, પણ તે સમજવા માટે જ્ઞાનને બીજેથી પાછું વાળીને જરાક એકાગ્ર કરવું જોઈએ. હજી તો જેને શ્રવણમાં પણ એકાગ્રતા ન હોય ને શ્રવણ વખતે પણ ચિત્ત બીજે ભમતું હોય, તે અંતરમાં એકાગ્ર થઈને આ વાત સમજે ક્યારે?

### [ ૮૦ ] અંદર નજર કરતાં બધો નિર્ણય થાય છે.

પ્રશ્નઃ– આપ તો ઘણાં પડખાં સમજાવો છો, પણ અમારી બુદ્ધિ થોડી, તેમાં અમારે કેટલુંક સમજવું?

ઉત્તરઃ– અરે ભાઈ! જે સમજવા માંગે તેને આ બધું સમજાય તેવું છે. દ્રષ્ટિ બહારમાં નાખી છે તેને ફેરવીને જરાક અંદરમાં નજર કરતાં જ આ બધા પડખાં સમજાઈ જાય તેમ છે. સમજનારો પોતે અંદર બેઠો છે કે ક્યાંક બીજે ગયો છે? અંદરમાં શક્તિપણે આખેઆખો જ્ઞાયકસ્વભાવ પડયો છે, તેમાં નજર કરે એટલી વાર છે. 'મારા નૈનની આળસે રે.... મેં હરિને નીરખ્યા ન જરી' ....... તેમ નજર કરતાં ન્યાલ કરી નાંખે એવો ભગવાન આત્મા અંદર બેઠો છે પણ નયનની આળસે અજ્ઞાની તેને નિહાળતો નથી. અંતર્મુખ નજર કરતાં આ બધા પડખાંનો નિર્ણય થઈ જાય છે.

### [ ૮૧ ] જ્ઞાતા સ્વ-પરને જાણતો થકો ઊપજે છે.

જ્ઞાતાભાવની ક્રમબદ્ધપર્યાયપણે ઊપજતો ધર્મી જીવ પોતાના જ્ઞાનસ્વભાવને પણ જાણે છે; સ્વ–પર બંનેને જાણતો થકો ઊપજે છે, પણ સ્વ–પર બંનેને કરતો થકો નથી ઊપજતો. કર્તા તો એક સ્વનો જ છે, ને સ્વમાં પણ ખરેખર જ્ઞાયકભાવની ક્રમબદ્ધ પર્યાયને જ કરે છે, રાગનું કર્તાપણું ધર્મીની દ્રષ્ટિમાં નથી.

જ્ઞાન ઊપજતું થકું પોતાને તેમજ રાગને પણ જાણતું ઊપજે છે, પરંતુ 'રાગને કરતું થકું' ઊપજે છે–એમ નથી. જ્ઞાન ઊપજે છે અને પોતે પોતાને જાણતું ઊપજે છે.

ઊપજવું અને જાણવું બંને ક્રિયા એક સાથે છે, જ્ઞાનમાં તે બંને ક્રિયા એક સાથે હોવામાં કાંઈ વિરોધ નથી. "આત્મા પોતે પોતાને કઈ રીતે જાણે-એ બાબતમાં પ્રવચનસારની ૩૬મી ગાથામાં આચાર્યદેવે શંકા-સમાધાન કર્યું છે. એક પર્યાયમાંથી બીજી પર્યાયની ઉત્પત્તિ થવામાં વિરોધ છે, પણ જ્ઞાનપર્યાય પોતે ઊપજે અને તે જ વખતે તે સ્વને જાણે-એવી બંને ક્રિયા એક સાથે હોવામાં કાંઈ વિરોધ નથી, કેમ કે જ્ઞાનનો સ્વભાવ જ સ્વ-પરને પ્રકાશવાનો છે. જ્ઞાન પોતે પોતાને નથી જાણતું-એમ માનનારે ખરેખર જ્ઞાનને જ માન્યું નથી. અહીં તો કહે છે કે જ્ઞાની પોતે પોતાને જાણતો થકો ક્રમબદ્ધ જ્ઞાયકભાવપણે જ ઊપજે છે. આ વાત બરાબર સમજવા જેવી છે.

### [ ૮૨ ] લોકોત્તર દ્રષ્ટિની વાત સમજવા માટે જ્ઞાનની એકાગ્રતા.

કોલેજના મોટા પ્રોફેસરોના ભાષણ કરતાં પણ આ તો જુદી જાતની વાત છે; ત્યાં તો સમજવા માટે ધ્યાન રાખે તો પણ જેટલો પૂર્વનો ઉઘાડ હોય તે પ્રમાણે જ સમજાય; અને સમજે તો પણ તેમાં તો આત્માનું કાંઈ કલ્યાણ નથી. અને આ તો લોકોત્તરદ્રષ્ટિની વાત છે, આમાં ધ્યાન રાખીને સમજવા માટે જ્ઞાનને એકાગ્ર કરે તો વર્તમાનમાં પણ નવો નવો ઉઘાડ થતો જાય, ને અંતરમાં એકાગ્ર થઈને સમજે તેનું તો અપૂર્વ કલ્યાણ થઈ જાય.

### [ ૮૩ ] સમકીતિ નિર્મળ ક્રમબદ્ધપર્યાયપણે જ ઊપજે છે.

જીવ પોતાની ક્રમબદ્ધપર્યાયપણે ઊપજતાં, તેના અનંત ગુણો એક સાથે પરિણમે છે; જ્ઞાયકસ્વભાવસન્મુખ ઝુકાવ થયો ત્યાં શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર વગેરે બધા ગુણોના પરિણમનમાં નિર્મળતાના અંશની શરૂઆત થઈ જાય છે, પછી ભલે તેમાં ઓછો-વધતો અંશ વ્યક્ત હોય; ચોથા ગુણસ્થાને જ્ઞાયકશ્રદ્ધા થઈ જાય છતાં જ્ઞાન-ચારિત્ર પૂરાં થઈ જતાં નથી પરંતુ તેનો અંશ તો પ્રગટ થઈ જાય છે. આ રીતે સમકીતિને નિર્મળપર્યાયપણે ઊપજવાની જ મુખ્યતા છે, અસ્થિરતાના જે રાગાદિભાવો થાય છે તે તેની દ્રષ્ટિમાં ગૌણ છે, અભૂતાર્થ છે. જ્ઞાયકભાવ ઉપર દ્રષ્ટિ રાખીને સમકીતિ નિર્મળક્રમબદ્ધપર્યાયપણે જ ઊપજે છે, રાગાદિપણે તે ખરેખર ઊપજતો જ નથી.

### [ ૮૪ ] ક્રમબદ્ધપરિણામમાં છ છ કારક.

આચાર્યદેવ કહે છે કે 'જીવ પોતાના ક્રમબદ્ધપરિણામે ઊપજતો થકો જીવ જ છે, અજીવ નથી;' તેમાં છએ કારક લાગુ પડે છે, તે આ પ્રમાણે-

૧ જીવ પોતે પોતાની પર્યાયના કર્તાપણે ઊપજતો થકો જીવ જ છે, અજીવનો કર્તા નથી.
૨ જીવે પોતે પોતાના કર્મપણે ઊપજતો થકો જીવ જ છે, અજીવનું કર્મ નથી.
૩ જીવ પોતે પોતાના કરણપણે ઊપજતો થકો જીવ જ છે, અજીવનું કરણ નથી.
૪ જીવ પોતે પોતાના સંપ્રદાનપણે ઊપજતો થકો જીવ જ છે, અજીવનું સંપ્રદાન નથી.
૫ જીવ પોતે પોતાના અપાદાનપણે ઊપજતો થકો જીવ જ છે, અજીવનું અપાદાન નથી.
૬ જીવ પોતે પોતાના અધિકરણપણે ઊપજતો થકો જીવ જ છે, અજીવનું અધિકરણ નથી.

વળી એ પ્રમાણે બીજા છ કારકો પણ નીચે મુજબ સમજવા-

૧ જીવ પોતાની પર્યાયપણે ઊપજતો થકો, અજીવને પોતાનો કર્તા બનાવતો નથી.
૨ જીવ પોતાની પર્યાયપણે ઊપજતો થકો, અજીવને પોતાનું કર્મ બનાવતો નથી.
૩ જીવ પોતાની પર્યાયપણે ઊપજતો થકો, અજીવને પોતાનું કરણ બનાવતો નથી.
૪ જીવ પોતાની પર્યાયપણે ઊપજતો થકો, અજીવને પોતાનું સંપ્રદાન બનાવતો નથી.
૫ જીવ પોતાની પર્યાયપણે ઊપજતો થકો, અજીવને પોતાનું અપાદાન બનાવતો નથી.
૬ જીવ પોતાની પર્યાયપણે ઊપજતો થકો, અજીવને પોતાનું અધિકરણ બનાવતો નથી.

તેમજ, અજીવ પણ પોતાની ક્રમબદ્ધપર્યાયપણે ઊપજતું થકું અજીવ જ છે, જીવ નથી. -તેમાં પણ ઉપર મુજબ છ-છ કારકો સમજી લેવા.

એ રીતે, જીવ-અજીવને પરસ્પર અકાર્યકારણપણું છે.

### [ ૮૫ ] -આ વાત કોને બેસે ?

જુઓ આ ભેદજ્ઞાન ! આવી સ્પષ્ટ વાત હોવા છતાં,

આ વાતને 'રોગચાળો, એકાંત' વગેરે કહીને કેટલાક વિરોધ કરે છે, કેમ કે પોતાની માનેલી ઊંધી વાતનો આગ્રહ તેમને છૂટતો નથી. અરે! ઊંધી માન્યતાને સાચી માની બેઠા છે તો તેને કેમ છોડે? પં. ટોડરમલજી પણ મોક્ષમાર્ગ–પ્રકાશકમાં કહે છે કે અન્યથા શ્રદ્ધાને સત્ય શ્રદ્ધા માનતો જીવ તેના નાશનો ઉપાય પણ શા માટે કરે? આ તો જેને માન અને આગ્રહ મૂકીને આત્માનું હિત કરવું હોય–એવા જીવને બેસે તેવી વાત છે.

### [ ૮૬ ] 'કરે છતાં અકર્તા'-એમ નથી.

અહીં જે વાત કહેવાય છે તેના ઉપરથી કેટલાક લોકો સમજ્યા વગર એમ કહે છે કે "જ્ઞાની પરનાં કામ કરે છે ખરો પરંતુ તે અકર્તા છે."–પણ એ વાત જૂઠી છે. 'અકર્તા' ને વળી પાછો 'કરે' એ વાત ક્યાંથી લાવ્યો? અહીં તો એમ કહેવાય છે કે–જ્ઞાની કે અજ્ઞાની કોઈ પરના કર્તા નથી, પરનાં કામ કોઈ કરી શકતો જ નથી. દરેક દ્રવ્ય પોતે જ પોતાની ક્રમબદ્ધપર્યાયપણે ઊપજે છે, તેમાં બીજાનું કર્તાપણું છે જ નહિ. કર્તાપણું જોનાર પોતાના જ્ઞાનસ્વભાવથી ભ્રષ્ટ થઈને જુએ છે એટલે ઊંધું દેખે છે; જ્ઞાયક રહીને દેખે તો કર્તાપણું ન માને. વસ્તુસ્વરૂપ તો જેમ છે તેમ જ રહે છે, અજ્ઞાની ઊંધું માને તેથી કાંઈ વસ્તુસ્વરૂપ અન્યથા થઈ જતું નથી.

### [ ૮૭ ] જો કુંભાર ઘડાને કરે તો............

જીવ ને અજીવ બધાંય દ્રવ્યો પોતપોતાની પર્યાયપણે સ્વયં ઊપજે છે. અજીવનો એકેક પરમાણુ પણ તેની ક્રમબદ્ધ અવસ્થાપણે સ્વયં ઊપજે છે; તેની વર્ણ–ગંધ વગેરે રૂપ અર્થપર્યાય પણ ક્રમબદ્ધ તેનાથી છે, ને ઘડો વગેરેના આકારરૂપ વ્યંજનપર્યાય પણ ક્રમબદ્ધ તેનાથી જ છે. માટી ઘડારૂપે ઊપજી ત્યાં તેની વ્યંજનપર્યાય (આકાર) કુંભારે કરી–એમ નથી. ઘડાપણે માટી પોતે ઊપજી છે ને માટી જ તેમાં વ્યાપી છે, કુંભાર નહીં, માટે કુંભાર તેનો કર્તા નથી. 'નિમિત્ત વિના ન થાય'–એ વાતનું અહીં કામ નથી. અહીં તો કહે છે કે દરેક દ્રવ્ય પોતાના પરિણામ સાથે તદ્રૂપ–તન્મય છે. જીવ જો અજીયવની અવસ્થાને કરે (–જેમ કે કુંભાર ઘડાને કરે) તો અજીવની અવસ્થા સાથે તદ્રૂપપણું થતાં તે પોતે પણ અજીવ બની જશે! જો નિમિત્ત પ્રમાણે કાર્ય થતું હોય તો અજીવના નિમિત્તે આત્મા પણ અજીવ થઈ જશે, ઇત્યાદિ અનેક દોષ આવી પડશે.

### [ ૮૮ ] 'યોગ્યતા' ક્યારે માની કહેવાય?

પ્રશ્નઃ– એક પ્યાલામાં પાણી ભર્યું છે, પાસે અનેક જાતના લાલ–લીલા રંગ પડયા છે, તેમાંથી જેવો રંગ લઈને પાણીમાં નાંખશો તેવા રંગનું પાણી થઈ જશે. તેનામાં યોગ્યતા તો બધી જાતની છે, પણ જે રંગનું નિમિત્ત આપશો તે જ રંગનું તે થશે. માટે નિમિત્ત પ્રમાણે કાર્ય થાય છે! ભલે થાય છે તેની યોગ્યતાથી, પણ જેવું નિમિત્ત આવે તેવું થાય!

ઉત્તરઃ– અરે ભાઈ! તારી બધી વાત ઊંધી છે. યોગ્યતા કહેવી, ને વળી નિમિત્ત આવે તેવું થાય–એમ કહેવું, એ વાત વિરુદ્ધ છે. નિમિત્ત આવે તેવું થાય એમ માનનારે 'યોગ્યતા' માની જ નથી એટલે કે વસ્તુના સ્વભાવને માન્યો જ નથી. પાણીના પરમાણુઓમાં જે સમયે જેવી લીલા કે લાલ રંગરૂપે થવાની યોગ્યતા છે તે જ રંગરૂપે તે પરમાણુઓ સ્વયં ઊપજે છે, બીજો નિમિત્ત લાવી શકે કે તેમાં ફેરફાર કરી શકે–એમ નથી. અરે! રંગના પરમાણુ જુદા ને પાણીના પરમાણુ પણ જુદા, એટલે રંગનું નિમિત્ત આવ્યું માટે પાણીના પરમાણુઓનો રંગ બદલ્યો એમ પણ નથી, પાણીના પરમાણુઓ જ સ્વયં પોતાની તેવી રંગ અવસ્થાપણે પરિણમ્યા છે.

લોટના પરમાણુઓમાંથી રોટલીની અવસ્થા હોશીયાર બાઈએ બનાવી–એમ નથી, પણ સ્વયં તે પરમાણુઓ જ તે અવસ્થારૂપે ઊપજ્યા છે.–એ વાત પણ ઉપરના દ્રષ્ટાંત પ્રમાણે સમજી લેવી.

સ્કંધમાં રહેલો દરેક પરમાણુ સ્વતંત્રપણે પોતાની ક્રમબદ્ધયોગ્યતાથી પરિણમે છે; સ્કંધના બીજા પરમાણુઓને લીધે તે સ્થૂળરૂપે પરિણમ્યો એમ નથી પણ તેનામાં જ સ્થૂળરૂપે પરિણમવાની સ્વતંત્ર લાયકાત થઈ છે. જુઓ, એક પરમાણુ છૂટો હોય ત્યારે તેનામાં સ્થૂળપરિણમન ન થાય, પણ સ્થૂળસ્કંધમાં ભળે ત્યારે તેનામાં સ્થૂળ પરિણમન થાય છે, તો તેના પરિણમનમાં એટલો ફેરફાર થયો કે નહિ?–હા ફેરફાર તો થયો છે, પણ તે કોના કારણે? કે પોતાની જ ક્રમબદ્ધ અવસ્થાના કારણે, પરને કારણે નહિ. એક છૂટો પરમાણુ સ્થૂળ સ્કંધમાં ભળ્યો, ત્યાં જેવો છૂટો હતો તેવો જ સ્કંધમાં તે નથી રહ્યો પણ સૂક્ષ્મમાંથી સ્થૂળસ્વભાવરૂપે તેનું પરિણમન થયું છે. તેનામાં સર્વથા ફેરફાર નથી થયો–એમ પણ નથી અને પરને કારણે ફેરફાર

થયો–એમ પણ નથી. તેની પોતાની યોગ્યતાથી જ તેનામાં ફેરફાર એટલે કે સૂક્ષ્મતામાંથી સ્થૂળતારૂપ પરિણમન થયું છે. જેમ એક છૂટા પરમાણુમાં સ્થૂળતારૂપ પરિણમન નથી થતું, તેમ સ્થૂળસ્કંધમાં પણ જો તેનું સ્થૂળ પરિણમન ન થતું હોય તો આ શરીરાદિ નોકર્મ વગેરે કાંઈ સિદ્ધ જ નહિ થાય. છૂટો પરમાણુ સ્થૂળ સ્કંધમાં ભળતાં તેનામાં સ્થૂળતારૂપ પરિણમન તો થાય છે પણ તે પરને લીધે થતું નથી, તેની પોતાની યોગ્યતાથી જ થાય છે.

### [ ૮૯ ] ક્રમબદ્ધનો નિર્ણય કરનારને 'અભાગ્ય' હોય જ નહિ.

'અભાગ્યથી કુદેવ, કુગુરુ અને કુશાસ્ત્રનું નિમિત્ત બની જાય તો ઊલટું અતત્ત્વશ્રદ્ધાન પુષ્ટ થઈ જાય'– એમ મોક્ષમાર્ગપ્રકાશકમાં કહ્યું છે, પરંતુ ત્યાં પણ તેવા નિમિત્તોના સેવનનો ઊંધો ભાવ કોણ કરે છે? ખરેખર તો પોતાનો જે ઊંધો ભાવ છે તે જ અભાગ્ય છે. આત્માના જ્ઞાયકસ્વભાવ તરફ ઝૂકીને જેણે ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કર્યો તેને એવું અભાગ્ય હોય જ નહિ એટલે કે કુદેવ–કુગુરુ–કુશાસ્ત્રનું સેવન તેને હોય જ નહીં.

આત્મા જ્ઞાયક છે ને વસ્તુની પર્યાય ક્રમબદ્ધપણે સ્વયં થાય છે–એવા વસ્તુસ્વરૂપને જે નથી જાણતો તેનું જ્ઞાન સાચું થતું નથી, ને સાચા જ્ઞાન વગર નિર્મળપર્યાય એટલે કે શાંતિ કે ધર્મ થતો નથી.

### [ ૯૦ ] સ્વાધીનદ્રષ્ટિથી જોનાર-જ્ઞાતા.

આઈસ ( બરફ ] નાંખવાથી પાણીની ઠંડી અવસ્થા થઈ–એમ નથી; પાણીમાં સાકર નાંખી માટે તે સાકરને લીધે પાણીના પરમાણુઓમાં ગળી અવસ્થા થઈ–એમ નથી; તે તે પરમાણુઓ સ્વાધીનપણે તેવી અવસ્થાપણે પરિણમ્યા છે. પોતાના આત્માને સ્વાધીનદ્રષ્ટિથી જ્ઞાયકભાવે પરિણમતો જોનાર જગતના બધા પદાર્થોને પણ સ્વાધીન પરિણમતા જુએ છે; તેથી તે જ્ઞાતા જ છે, અકર્તા જ છે. આત્મા તો અજીવના કાર્યને ન કરે, પરંતુ એક સ્કંધમાં રહેલા અનેક પરમાણુઓમાં પણ એક પરમાણુ બીજા પરમાણુનું કાર્ય ન કરે. આવી સ્વતંત્રતા છે.

### [ ૯૧ ] સંસ્કારનું સાર્થકપણું, -છતાં પર્યાયનું ક્રમબદ્ધપણું.

પ્રશ્નઃ– પ્રવચનસારના ૪૭ નયોમાં તો કહ્યું છે કે અસ્વભાવનયે આત્મા સંસ્કારને સાર્થક કરનારો છે, જેમ લોઢાના તીરમાં સંસ્કાર પાડીને લૂહાર નવી અણી કાઢે છે તેમ આત્માની પર્યાયમાં નવા સંસ્કાર પડે છે;–આમ છે તો પછી પર્યાયના ક્રમબદ્ધપણાનો નિયમ કયાં રહ્યો ?

ઉત્તરઃ– આત્મા પોતાની પર્યાયમાં જેવા સંસ્કાર પાડે તેવા પડે છે. અનાદિથી પર્યાયમાં મિથ્યાશ્રદ્ધા–જ્ઞાન હતા, તેને બદલે હવે જ્ઞાયકસ્વભાવ તરફ વળતાં તે મિથ્યાશ્રદ્ધાજ્ઞાન ટળીને, સમ્યક્શ્રદ્ધા–જ્ઞાનના અપૂર્વ સંસ્કાર પડયા, તેથી પર્યાયમાં નવા સંસ્કાર કહ્યા. તોપણ ત્યાં ક્રમબદ્ધપર્યાયનો નિયમ તૂટયો નથી. શું સર્વજ્ઞભગવાને તેમ નહોતું જોયું ને થયું? અથવા શું ક્રમબદ્ધપર્યાયમાં તેમ નહોતું ને થયું?–એમ નથી. પોતે પોતાના જ્ઞાયકસ્વભાવ સન્મુખના પુરુષાર્થ વડે નિર્મળપર્યાયપણે ઊપજ્યો ત્યાં, કેવળી ભગવાને ક્રમબદ્ધપર્યાયમાં જે નિર્મળ પર્યાય થવાનું જોયું હતું તે જ પર્યાય આવીને ઊભી રહી. આ રીતે, જ્ઞાયકસ્વભાવનો પુરુષાર્થ કરનારને પર્યાયમાં મિથ્યાત્વ ટળીને સમ્યગ્દર્શનના અપૂર્વ નવા સંસ્કાર પડયા વગર રહે નહિ, અને ક્રમબદ્ધપર્યાયનો ક્રમ પણ તૂટે નહિ.–આવો મેળ જ્ઞાયકસ્વભાવની દ્રષ્ટિ વગર સમજાશે નહિ.

### [ ૯૨ ] ક્રમબદ્ધપર્યાયનો જ્ઞાતા કોણ ?

જેને જ્ઞાયકસ્વભાવની દ્રષ્ટિ નથી ને ક્રમબદ્ધપર્યાયમાં આઘું–પાછું કરવાનું માને છે તેને જીવ–અજીવ દ્રવ્યોની ખબર નથી એટલે મિથ્યાજ્ઞાન છે. જે પરનું કર્તાપણું માને છે તેને તો હજી પરથી ભિન્નતાનું પણ ભાન નથી, પરથી ભિન્નતા જાણ્યા વિના, અંતરમાં જ્ઞાન અને રાગની ભિન્નતા તેના ખ્યાલમાં આવી શકશે નહિ. અહીં તો એવી વાત છે કે જે પોતાના જ્ઞાનસ્વભાવ તરફ વળ્યો તે ક્રમબદ્ધપર્યાયનો જ્ઞાતા છે, રાગને પણ તે જ્ઞાનથી ભિન્ન જ્ઞેય તરીકે જાણે છે. આવો જ્ઞાતા રાગાદિનો અકર્તા જ છે.

# [ ૪ ]

# પ્રવચન ચોથું

[ વીર સં. ૨૪૮૦ ભાદરવા વદ અમાસ ]

**ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય પણ જ્ઞાયકસ્વભાવની દ્રષ્ટિ વડે જ થાય છે, તેથી તેમાં જૈનશાસન આવી જાય છે. જે અબદ્ધસ્પૃષ્ટ... આત્માને દેખે છે તે સમસ્ત જિનશાસનને દેખે છે-એમ પંદરમી ગાથામાં કહ્યું, અને અહીં-'જે જ્ઞાયકદ્રષ્ટિથી ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કરે છે તે સમસ્ત જિનશાસનને દેખે છે' એમ કહેવાય છે,-તે બંનેનું તાત્પર્ય એક જ છે. દ્રષ્ટિને અંતરમાં વાળીને જ્યાં જ્ઞા...ય...ક ઉપર મીટ માંડી ત્યાં સમ્યક્શ્રદ્ધા-જ્ઞાન સાથે ચારિત્ર, આનંદ, વીર્ય વગેરેનું પણ શુદ્ધ પરિણમન થવા માંડયું, એ જ જૈનશાસન છે.**

## [ ૯૩ ] ક્રમબદ્ધપર્યાયના નિર્ણયમાં સાત તત્ત્વોની શ્રદ્ધા.

જીવ ને અજીવ બંનેની અવસ્થા તે તે કાળે ક્રમબદ્ધ સ્વતંત્ર થાય છે, તેમને એક બીજા સાથે કાર્યકારણપણું નથી. જીવનો જ્ઞાયકસ્વભાવ છે, તે જ્ઞાયકને જાણવાની મુખ્યતાપૂર્વક ક્રમબદ્ધપર્યાયનો જાણનાર છે.-આવી પ્રતીતમાં સાતે તત્ત્વોની શ્રદ્ધા પણ આવી જાય છે એટલે तत्त्वार्थश्रद्धानरूप સમ્યગ્દર્શન આમાં આવી જાય છે. સાતે તત્ત્વોની શ્રદ્ધા કઈ રીતે આવે છે તે કહે છે–

( ૧–૨ ) મારા જ્ઞાનાદિ અનંતગુણોના ક્રમબદ્ધ જ્ઞાતાદ્રષ્ટા પરિણામપણે હું ઊપજું છું ને તેમાં હું તન્મય છું-આવી સ્વસન્મુખ પ્રતીતિમાં જીવતત્ત્વની પ્રતીત આવી ગઈ; જ્ઞાતાદ્રષ્ટાપણે ઊપજતો થકો હું જીવ છું, અજીવ નથી, એ રીતે અજીવથી ભિન્નપણાનું-કર્મના અભાવ વગેરેનું-જ્ઞાન પણ આવી ગયું; એટલે અજીવતત્ત્વની પ્રતીત થઈ ગઈ.

( ૩–૪–૫–૬ ) જ્ઞાયકસ્વભાવની દ્રષ્ટિથી શ્રદ્ધા–જ્ઞાન નિર્મળ થયા છે, ચારિત્રમાં પણ અંશે શુદ્ધતા પ્રગટી છે, તેમ જ હજી સાધકદશા હોવાથી અમુક રાગાદિ પણ થાય છે. ત્યાં શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્રનું જેટલું નિર્મળ પરિણમન છે તેટલા સંવર–નિર્જરા છે, તથા જેટલા રાગાદિ થાય છે તેટલે અંશે આસ્રવ–બંધ છે. સાધકને તે શુદ્ધતા અને અશુદ્ધતા બંનેનું જ્ઞાન વર્તે છે, તેથી તેને આસ્રવ–બંધ–સંવર–નિર્જરા તત્ત્વોની પ્રતીત પણ આવી ગઈ.

( ૭ ) પરનો અકર્તા થઈને જ્ઞાયકસ્વભાવમાં એકાગ્ર થતાં ક્રમબદ્ધપર્યાયમાં અંશે શુદ્ધતા પ્રગટી છે, ને હવે આ જ ક્રમે જ્ઞાયકસ્વભાવમાં પૂર્ણ એકાગ્ર થતાં પૂર્ણ જ્ઞાતા–દ્રષ્ટાપણું ( કેવળજ્ઞાન ) પ્રગટી જશે ને મોક્ષદશા થઈ જશે,–એવી શ્રદ્ધા હોવાથી મોક્ષતત્ત્વની પ્રતીત પણ તેમાં આવી ગઈ.

આ રીતે, જ્ઞાયકસ્વભાવની સન્મુખ થઈને ક્રમબદ્ધ–પર્યાયની પ્રતીત કરતાં તેમાં 'तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्' પણ આવી જાય છે.

## [ ૯૪ ] સદોષ આહાર છોડવાનો ઉપદેશ અને ક્રમબદ્ધપર્યાય-તેનો મેળ.

પ્રશ્નઃ– જો પર્યાય ક્રમબદ્ધ જ થાય છે, આહાર પણ જે આવવાનો હોય તે જ આવે છે, તો પછી– 'મુનિઓએ સદોષ આહાર છોડવો ને નિર્દોષ આહાર લેવો'–એવો ઉપદેશ શા માટે ?

ઉત્તરઃ– ત્યાં એમ ઓળખાણ કરાવી છે કે જ્યાં મુનિદશા થઈ હોય ત્યાં એ પ્રકારનો સદોષ આહાર લેવાનો ભાવ હોતો જ નથી; તે ભૂમિકાનો ક્રમ જ એવો છે કે ત્યાં સદોષ આહાર લેવાની વૃત્તિ જ ન થાય. આવો આહાર લેવો ને આવો આહાર છોડવો–એ તો નિમિત્તનું કથન છે. પણ કોઈ એમ કહે કે "ભલે સદોષ આહાર આવવાનો હશે તો સદોષ આવશે, પણ અમને તે સદોષ આહારના ગ્રહણની વૃત્તિ નથી"–તો તે તો સ્વછંદી છે, તેની દ્રષ્ટિ જ આહાર ઉપર છે, જ્ઞાયક ઉપર તેની દ્રષ્ટિ નથી. મુનિઓને તો જ્ઞાનમાં એટલી બધી સરળતા થઈ ગઈ છે કે 'આ આહાર મારા માટે બનાવેલો હશે !' એટલી વૃત્તિ ઊઠે તો પણ ( –પછી ભલે તે આહાર તેમના માટે કરેલો ન

હોય ને નિર્દોષ હોય તો પણ-) તે આહાર લેવાની વૃત્તિ છોડી દે છે. અને કદાચિત ઉદ્દેશીક (-મુનિને માટે બનાવેલો) આહાર હોય પણ જો શંકાની વૃત્તિ પોતાને ન ઊઠે ને તે આહાર લ્યે તો પણ મુનિને ત્યાં કાંઈ દોષ લાગતો નથી. આ ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કરનારનું જોર પોતાના જ્ઞાયકસ્વભાવ તરફ જાય છે. પુરુષાર્થનું જોર જ્ઞાયકસ્વભાવ તરફ વળ્યા વગર ક્રમબદ્ધપર્યાયનો બધા પડખેથી યથાર્થ નિર્ણય થાય જ નહિ.

### [ ૯૫ ] ક્રમબદ્ધપર્યાયના નિર્ણયમાં જૈનશાસન.

જુઓ, પોતાના જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવની પ્રતીતપૂર્વક આ ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કર્યો ત્યાં પોતાની ક્રમબદ્ધપર્યાયમાં જ્ઞાતાપણાની જ અધિકતા થઈ, ને રાગનો પણ જ્ઞાતા જ રહ્યો; ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય પણ જ્ઞાયકસ્વભાવની દ્રષ્ટિ વડે જ થાય છે, તેથી તેમાં જૈનશાસન આવી જાય છે. જે અબદ્ધસ્પૃષ્ટ...આત્માને દેખે છે તે સમસ્ત જિનશાસનને દેખે છે-એમ પંદરમી ગાથામાં કહ્યું, અને અહીં-'જે જ્ઞાયકદ્રષ્ટિથી ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કરે છે તે સમસ્ત જિનશાસનને દેખે છે' -એમ કહેવાય છે,-તે બંનેનું તાત્પર્ય એક જ છે. દ્રષ્ટિને અંતરમાં વાળીને જ્યાં જ્ઞા... ય... ક ઉપર મીટ માંડી ત્યાં સમ્યક્શ્રદ્ધા-જ્ઞાન સાથે ચારિત્ર, આનંદ, વીર્ય વગેરેનું પણ શુદ્ધપરિણમન થવા માંડયું, એ જ જૈનશાસન છે; પછી ત્યાં સાધકદશામાં અસ્થિરતાનો રાગ અને કર્મનું નિમિત્ત વગેરે કેવાં હોય તે પણ સ્વ-પર પ્રકાશક જ્ઞાનમાં જ્ઞેયપણે જણાઈ જાય છે.

જે જીવમાં કે અજીવમાં, જે સમયે જે પર્યાયની યોગ્યતાનો કાળ છે તે સમયે તે પર્યાયરૂપે તે સ્વયં પરિણમે છે, કોઈ બીજા નિમિત્તને લીધે તે પર્યાય થતી નથી. આવા વસ્તુસ્વભાવનો નિર્ણય કરનાર જીવ પોતાના જ્ઞાયકભાવનો આશ્રય કરીને જ્ઞાતાદ્રષ્ટાભાવપણે જ ઊપજે છે, પણ અજીવના આશ્રયે ઊપજતો નથી. સાધક હોવાથી ભલે અધૂરી દશા છે, તો પણ જ્ઞાયકસ્વભાવના આશ્રયની મુખ્યતાથી જ્ઞાયકપણે જ ઊપજે છે, રાગાદિની મુખ્યતાપણે ઊપજતો નથી. જેણે જ્ઞાયકસ્વભાવની દ્રષ્ટિથી ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કર્યો તે જ ખરેખર સર્વજ્ઞને જાણે છે, તે જ જૈનશાસનને જાણે છે, તે જ ઉપાદાન-નિમિત્તને અને નિશ્ચયવ્યવહારને યથાર્થપણે ઓળખે છે. જેને જ્ઞાયકસ્વભાવની દ્રષ્ટિ નથી તેને તે કાંઈપણ યથાર્થ-સાચું હોતું નથી.

### [ ૯૬ ] આચાર્યદેવના અલૌકિક મંત્રો.

અહો! આ તો કુંદકુંદાચાર્યદેવના ને અમૃતચંદ્રાચાર્યદેવના અલૌકિક મંત્રો છે. જેને આત્માની પરિપૂર્ણ જ્ઞાનશક્તિનો વિશ્વાસ આવે તેને જ આ ક્રમબદ્ધપર્યાય સમજાય તેમ છે. સમયસારમાં આચાર્યદેવે ઠેકઠેકાણે આ વાત મૂકી છે-

મંગલાચરણમાં જ સૌથી પહેલા કળશમાં શુદ્ધાત્માને નમસ્કાર કરતાં કહ્યું હતું કે 'सर्वभावांतरच्छिदे' એટલે કે શુદ્ધાત્મા પોતાથી અન્ય સર્વ જીવાજીવ, ચરાચર પદાર્થોને સર્વ ક્ષેત્રકાળ સંબંધી, સર્વ વિશેષણો સહિત, એક જ સમયે જાણનારો છે. અહીં સર્વ ક્ષેત્રકાળ સંબંધી જાણવાનું કહ્યું તેમાં ક્રમબદ્ધપર્યાય હોવાનું આવી જ ગયું. ('स्वानुभूत्या चकासते' એટલે કે પોતાની અનુભવનરૂપ ક્રિયાથી પ્રકાશે છે-એમ કહીને તેમાં સ્વ-પ્રકાશકપણું પણ બતાવ્યું છે.)

પછી બીજી ગાથામાં જીવનું સ્વરૂપ વર્ણવતાં કહ્યું કે- 'ક્રમરૂપ અને અક્રમરૂપ પ્રવર્તતા અનેક ભાવો જેનો સ્વભાવ હોવાથી જેણે ગુણ-પર્યાયો અંગીકાર કર્યા છે.'-તેમાં પણ ક્રમબદ્ધપર્યાયની વાત આવી ગઈ.

ત્યાર પછી 'અનુક્રમે આવિર્ભાવ અને તિરોભાવ પામતી એવી તે તે વ્યક્તિઓ...' એમ ૬૨મી ગાથામાં કહ્યું તેમાં પણ ક્રમબદ્ધપર્યાયની વાત સમાઈ ગઈ.

ત્યાર પછી કર્તા કર્મ અધિકારની ગા. ૭૬-૭૭-૭૮માં 'પ્રાપ્ય, વિકાર્ય ને નિર્વર્ત્ય' એવા કર્મની વાત કરી; ત્યાં કર્તા, જે નવું ઉત્પન્ન કરતો નથી તેમજ વિકાર કરીને એટલે કે ફેરફાર કરીને પણ કરતો નથી, માત્ર જેને પ્રાપ્ત કરે છે તે કર્તાનું પ્રાપ્ય કર્મ છે,-એમ કહ્યું તેમાં પણ પર્યાયનું ક્રમબદ્ધપણું આવી ગયું. દ્રવ્ય પોતાની ક્રમબદ્ધપર્યાયને સમયે સમયે પ્રાપ્ત કરે છે-પહોંચી વળે છે.

ત્યાર બાદ પુણ્ય-પાપ અધિકારની ગા. ૧૬૦ 'सो सव्वणाणदरिसी...' માં કહ્યું કે આત્મદ્રવ્ય પોતે જ 'જ્ઞાન' હોવાને લીધે વિશ્વને (સર્વ પદાર્થોને) સામાન્ય-વિશેષપણે જાણવાના સ્વભાવવાળું છે... પણ પોતાના પુરુષાર્થના અપરાધથી સર્વ પ્રકારે સંપૂર્ણ એવા પોતાને (અર્થાત્ સર્વ પ્રકારે સર્વ જ્ઞેયોને જાણનારા એવા પોતાને) જાણતું નથી તેથી અજ્ઞાનભાવે વર્તે છે. અહીં "વિશ્વને સામાન્ય-વિશેષપણે જાણવાનો સ્વભાવ" કહેતાં તેમાં ક્રમબદ્ધપર્યાયની વાત પણ

સમાઈ ગઈ. જીવ પોતાના સર્વજ્ઞસ્વભાવને જાણતો નથી તેથી જ અજ્ઞાની છે. જો પોતાના સર્વજ્ઞસ્વભાવને જાણે તો તેમાં ક્રમબદ્ધપર્યાયનો પણ નિર્ણય થઈ જાય ને અજ્ઞાન રહે નહિ.

આસ્રવઅધિકારમાં ગા. ૧૬૬ માં "પોતે જ્ઞાનસ્વભાવવાળો હોઈને, કેવળ જાણે જ છે"-એમ કહ્યું ત્યાં જ્ઞેયોનું ક્રમબદ્ધપણું આવી ગયું.

ત્યાર પછી સંવરઅધિકારમાં "ઉપયોગ ઉપયોગમાં જ છે, ક્રોધમાં કે કર્મ-નોકર્મમાં ઉપયોગ નથી" એમ કહ્યું, ત્યાં ઉપયોગના સ્વપરપ્રકાશક સ્વભાવમાં ક્રમબદ્ધપર્યાયની વાત પણ સિદ્ધ થઈ જાય છે.

પછી નિર્જરા-અધિકાર ગા. ૨૧૬ માં વેદ્ય અને વેદક બંને ભાવોનું ક્ષણિકપણું બતાવ્યું, તે બંને ભાવો કદી ભેગા થતા નથી-એમ કહીને તેનું ક્રમબદ્ધપણું બતાવ્યું. સમય-સમયની ઉત્પન્ન-ધ્વંશી પર્યાય ઉપર જ્ઞાનીની દ્રષ્ટિ નથી પણ ધ્રુવ જ્ઞાયકસ્વભાવ ઉપર તેની દ્રષ્ટિ છે, ધ્રુવ-જ્ઞાયક ઉપર દ્રષ્ટિ રાખીને તે ક્રમબદ્ધપર્યાયનો જ્ઞાતા છે.

ત્યાર પછી બંધ-અધિકારમાં ૧૬૮ મા કળશ ( सर्वं सदैवनियतं.... ) માં કહ્યું કે આ જગતમાં જીવોને મરણ, જીવિત, દુઃખ, સુખ-બધુંય સદૈવ નિયમથી પોતાના કર્મના ઉદયથી થાય છે; 'બીજો પુરુષ બીજાનાં મરણ, જીવન, દુઃખ, સુખ કરે છે, આમ જે માનવું તે તો અજ્ઞાન છે.' એટલે આત્મા તે ક્રમબદ્ધપર્યાયનો જ્ઞાતા છે, પણ તેનો ફેરવનાર નથી-એ વાત તેમાં આવી ગઈ.

મોક્ષ-અધિકારમાં પણ ગા. ૨૯૭-૮-૯માં છ કારકોનું વર્ણન કરીને, આત્માને 'સર્વવિશુદ્ધચિન્માત્રભાવ' કહ્યો 'સર્વવિશુદ્ધચિન્માત્ર' કહેતાં સામા જ્ઞેયપદાર્થોનાં પરિણામો પણ ક્રમબદ્ધ છે-એમ તેમાં આવી ગયું.

આ સર્વવિશુદ્ધ-અધિકારની ચાલતી ગાથાઓ ( ૩૦૮ થી ૩૧૧ ) માં પણ ક્રમબદ્ધપર્યાયની સ્પષ્ટ વાત કરી છે.

બીજા શાસ્ત્રોમાં પણ અનેક ઠેકાણે આ વાત કરી છે. પં. બનારસીદાસજીએ શ્રી જિનેન્દ્રભગવાનનાં ૧૦૦૮ નામોમાં 'क्रमवर्ती' એવું પણ એક નામ આપ્યું છે.

### [ ૯૭ ] સ્પષ્ટ અને મૂળભૂત વાત '-જ્ઞાનશક્તિનો વિશ્વાસ.'

આ તો સીધી ને સ્પષ્ટ વાત છે કે આત્મા જ્ઞાન છે, સર્વજ્ઞતાનું તેનામાં સામર્થ્ય છે; સર્વજ્ઞતામાં શું જાણવાનું બાકી રહી ગયું? સર્વજ્ઞતાના સામર્થ્ય ઉપર જોર ન આવે તો ક્રમબદ્ધપર્યાય સમજાય નહિ. આ તરફ સર્વજ્ઞતાના સામર્થ્યને પ્રતીતમાં લીધું ત્યાં જ્ઞેયોમાં ક્રમબદ્ધપર્યાયો છે તેનો નિર્ણય પણ થઈ ગયો. આ રીતે આત્માના મૂળભૂત જ્ઞાયકસ્વભાવની આ વાત છે. આનો નિર્ણય ન કરે તો સર્વજ્ઞની પણ સાચી શ્રદ્ધા થતી નથી. આત્માની જ્ઞાન-શક્તિનો જ વિશ્વાસ ન આવે તેને જૈનશાસનની એકકેય વાત સમજાય તેવી નથી.

સમકીતિ પોતાના જ્ઞાયકસ્વભાવનો આશ્રય કરીને જ્ઞાતાપણાના ક્રમબદ્ધ પરિણામે ઊપજતો થકો જીવ જ છે, પણ કર્મનો આશ્રય કરીને ઊપજતો નથી તેથી અજીવ નથી.

ત્યાર પછી સ્વરૂપમાં વિશેષ એકાગ્રતા વડે છટ્ઠા-સાતમા ગુણસ્થાનરૂપ મુનિદશા પ્રગટી, તે મુનિદશારૂપે પણ જીવ પોતે જ પોતાના ક્રમબદ્ધપરિણામથી ઊપજતો થકો જીવ જ છે, પણ નિર્દોષ આહાર વગેરેના આશ્રયે તે પર્યાયપણે ઊપજતો નથી માટે અજીવ નથી.

ત્યાર પછી કેવળજ્ઞાન દશા થઈ, તેમાં પણ જીવ પોતે જ ક્રમબદ્ધ પરિણમીને તે અવસ્થાપણે ઊપજ્યો છે, તેથી તે જીવ જ છે, પણ ચોથો આરો કે શરીરનું સંહનન વગેરે અજીવના કારણે તે અવસ્થા ઊપજી નથી, તેમજ જીવે તે અજીવની અવસ્થા કરી નથી, તેથી તે અજીવ નથી.

### [ ૯૮ ] અહો ! જ્ઞાતાની ક્રમબદ્ધ ધારા !

જુઓ, આ જ્ઞાતાની ક્રમબદ્ધપર્યાય!-આમાં તો કેવળજ્ઞાન સમાય છે, મોક્ષમાર્ગ આવી જાય છે, સમ્યગ્દર્શન આવી જાય છે. અને આનાથી વિરુદ્ધ માનનાર અજ્ઞાની કેવો હોય તેનું જ્ઞાન પણ આવી જાય છે. જીવ અન અજીવ બધા તત્ત્વોનો નિર્ણય આમાં આવી જાય છે.

જુઓ, આ સત્યની ધારા!-જ્ઞાયકભાવનો ક્રમબદ્ધ પ્રવાહ!! જ્ઞાનીને પોતાના જ્ઞાયકસ્વભાવમાં એકતા વડે સમ્યગ્દર્શનથી શરૂ કરીને ઠેઠ કેવળજ્ઞાન સુધી એકલા જ્ઞાયકભાવની ક્રમબદ્ધ ધારા ચાલી જાય છે.

શાસ્ત્રમાં ઉપદેશ કથન અનેક પ્રકારનાં આવે, તે તે કાળે સંતોને તેવો વિકલ્પ ઊઠતાં તે પ્રકારની ઉપદેશવાણી નીકળી; ત્યાં જ્ઞાતા તો પોતાના જ્ઞાયકભાવની ધારાપણે ઊપજતો થકો તે વાણી અને વિકલ્પનો જ્ઞાતા જ છે, પણ તેમાં તન્મય થઈને તે-રૂપે ઊપજતો નથી.

જગતનો કોઈ પદાર્થ વચ્ચે આવીને જીવની ક્રમબદ્ધપર્યાયને ફેરવી નાંખે એમ ત્રણકાળમાં બનતું નથી; જીવ પોતાની ક્રમબદ્ધપર્યાયપણે ઊપજતો થકો જીવ જ છે; એ જ પ્રમાણે અજીવ પણ તેની ક્રમબદ્ધપર્યાયપણે ઊપજતું થકું અજીવ જ છે. જે જીવ આવો નિર્ણય અને ભેદજ્ઞાન નથી કરતો તે જીવ અજ્ઞાનપણે ભ્રાંતિમાં ભ્રમણ કરી રહ્યો છે.

### [ ૯૯ ] જ્ઞાનના નિર્ણયમાં ક્રમબદ્ધનો નિર્ણય.

પ્રશ્નઃ– ત્રણકાળની પર્યાય ક્રમબદ્ધ છે, છતાં કાલની વાત પણ કેમ જણાતી નથી?

ઉત્તરઃ– એનો જાણનાર–જ્ઞાયક કોણ છે તેનો તો પહેલા નિર્ણય કરો. જાણનારનો નિર્ણય કરતાં ત્રણકાળની ક્રમબદ્ધપર્યાયનો પણ નિર્ણય થઈ જશે. વળી જુઓ, ગઈ કાલે શનિવાર હતો ને આવતી કાલે સોમવાર જ આવશે, ત્યાર પછી મંગળવાર જ આવશે,–એ પ્રમાણે સાતે વારનું ક્રમબદ્ધપણું જાણી શકાય છે કે નહીં? 'ઘણા કાળ પછી કયારેક સોમવાર પછી શનિવાર આવી જશે તો? અથવા રવિવાર પછી બુધવાર આવી જશે તો?–એમ કદી શંકા નથી પડતી, કેમ કે તે પ્રકારનો ક્રમબદ્ધપણાનો નિર્ણય થયો છે; તેમ આત્માના કેવળજ્ઞાનસ્વભાવની પ્રતીત કરતાં બધા દ્રવ્યોની ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય થઈ જાય છે. અહીં તો 'ક્રમબદ્ધપર્યાય' કહેતાં જ્ઞાયકનો નિર્ણય કરવાનું પ્રયોજન છે. જ્ઞાતા પોતાના સ્વભાવસન્મુખ થઈને પરિણમ્યો ત્યાં પોતે સ્વકાળે ક્રમબદ્ધ પરિણમે છે, ને તેનું સ્વ–પરપ્રકાશક જ્ઞાન ખીલ્યું તે પરને પણ ક્રમબદ્ધ પરિણમતા જાણે છે, એટલે તેનો તે કર્તા થતો નથી.

### [ ૧૦૦ ] 'નિમિત્ત ન આવે તો?'–એમ કહેનાર નિમિત્તને જાણતો નથી.

પ્રશ્નઃ– જો વસ્તુની ક્રમબદ્ધપર્યાય એની મેળે નિમિત્ત વિના થઈ જતી હોય તો, આ પીંછી અહીં પડી છે તેને હાથના નિમિત્ત વિના ઊંચી કરી દ્યો!

ઉત્તરઃ– અરે ભાઈ! પીંછીની અવસ્થા પીંછીમાં, ને હાથની અવસ્થા હાથમાં,–તેમાં તું શું કર? પીંછી તેના ક્ષેત્રાંતરની ક્રમબદ્ધપર્યાયથી જ ઊંચી થાય છે, અને તે વખતે હાથ વગેરે નિમિત્ત પણ તેની ક્રમબદ્ધપર્યાયપણે હોય જ છે, ન હોય એમ બનતું નથી. આ રીતે નિમિત્તનું અસ્તિત્વ હોવા છતાં તેને જે નથી માનતો, અને 'નિમિત્ત ન આવે તો...' એમ તર્ક કરે છે તે ક્રમબદ્ધપર્યાયને કે ઉપાદાનનિમિત્તને સમજ્યો જ નથી. 'છે' પછી 'ન હોય તો...' એ પ્રશ્ન જ કયાંથી આવ્યો?

### [ ૧૦૧ ] 'નિમિત્ત વિના ન થાય'–એનો આશય શું?

ઉપાદાન–નિમિત્તની સ્પષ્ટતા બહાર આવતાં હવે કેટલાક લોકો એવી ભાષા વાપરે છે કે– 'નિમિત્ત ભલે કાંઈ કરતું નથી, પણ નિમિત્ત વિના તો થતું નથી ને!' પણ ઊંડાણમાં તો તેમનેય નિમિત્તાધીન દ્રષ્ટિ જ પડી છે. નિમિત્ત હોય છે તેને પ્રસિદ્ધિ કરવા માટે 'નિમિત્ત વિના ન થાય'–એમ પણ શાસ્ત્રમાં કહેવામાં આવે છે; પરંતુ– 'કાર્ય થવાનું હોય, ને નિમિત્ત ન આવે તો ન થાય' એવો તેનો અર્થ નથી. દેવસેનાચાર્ય નયચક્ર પૃ. પર–પ૩માં કહે છે કે "જો કે મોક્ષરૂપી કાર્યમાં ભૂતાર્થથી જાણેલો આત્મા વગેરે ઉપાદાન કારણ છે, તો પણ તે સહકારી કારણના વિના સિદ્ધ નથી થતું; તેથી સહકારી કારણની પ્રસિદ્ધિ અર્થે નિશ્ચય અને વ્યવહારનો અવિનાભાવ સંબંધ બતાવે છે." આમાં તો, ક્રમબદ્ધપર્યાયમાં ઉપાદાનની યોગ્યતા વખતે તે તે પ્રકારનું નિમિત્ત હોય જ છે– એમ જ્ઞાન કરાવ્યું છે; કોઈ અજ્ઞાની, નિમિત્તને સર્વથા માનતો ન હોય તો, 'નિમિત્ત વિના ન થાય' એમ કહીને નિમિત્તની પ્રસિદ્ધિ કરાવી છે એટલે કે તેનું જ્ઞાન કરાવ્યું છે. પરંતુ તેથી નિમિત્ત આવ્યું માટે કાર્ય થયું ને નિમિત્ત ન હોત તો તે પર્યાય ન થાત'–એવો તેનો સિદ્ધાંત નથી. 'નિમિત્ત વિના ન થાય' તેનો આશય એટલો જ છે કે જ્યાં જ્યાં કાર્ય થાય ત્યાં તે હોય છે, ન હોય એમ બનતું નથી. શાસ્ત્રોમાં તો નિમિત્તના ને વ્યવહારના અનેક લખાણો ભર્યા છે, પણ સ્વ–પરપ્રકાશક જ્ઞાતા જાગ્યા વિના તેના આશય ઉકેલશે કોણ?

### [ ૧૦૨ ] શાસ્ત્રોના ઉપદેશ સાથે ક્રમબદ્ધપર્યાયની સંધિ.

કુંદકુંદાચાર્યદેવની આજ્ઞાથી જયસેનાચાર્યદેવે બે દિવસમાં જ એક પ્રતિષ્ઠાપાઠની રચના કરી છે, તેમાં પ્રતિષ્ઠા સંબંધી ક્રિયાઓનું શરૂઆતથી માંડીને ઠેઠ સુધીનું વર્ણન કર્યું છે. પ્રતિમાજી માટે આવો પાષાણ લાવવો, આવી વિધિથી લાવવો, આવા કારીગરો પાસે પ્રતિમા ઘડાવવી; તેમજ અમુક વિધિ માટે માટી લેવા જાય ત્યાં

જમીન ખોદીને માટી લઈ લ્યે અને પછી વધેલી માટીથી તે ખાડો પૂરતાં જો માટી વધે તો તે શુભ શુકન સમજવા.–ઇત્યાદિ અનેક વિધિનું વર્ણન આવે છે, પણ આત્માનું જ્ઞાયકપણું રાખીને તે બધી વાત છે. જ્ઞાયકપણું ચૂકીને કે ક્રમબદ્ધપણું તોડીને તે વાત નથી. પ્રતિષ્ઠા કરાવનારને તે પ્રકારનો વિકલ્પ હોય છે અને માટી વગેરેની તેવી ક્રમબદ્ધપર્યાય થાય છે–તેની ત્યાં ઓળખાણ કરાવી છે, પણ અજીવની પર્યાયને જીવ કરી દે છે એમ ત્યાં નથી બતાવવું. પ્રતિષ્ઠામાં 'સિદ્ધચક્રમંડલવિધાન' ને 'યાગમંડલવિધાન' વગેરેના મોટો મોટા રંગબેરંગી મંડલ રચાય, ને શાસ્ત્રમાં પણ તેનો ઉપદેશ આવે, છતાં પણ તે બધું ક્રમબદ્ધ જ છે; શાસ્ત્રમાં તેનો ઉપદેશ આપ્યો તેથી કાંઈ તેનું ક્રમબદ્ધપણું ફરી ગયું કે જીવ તેનો કર્તા થઈ ગયો – એમ નથી. જ્ઞાતા તો પોતાને જાણતો થકો તેને પણ જાણે છે. ને પોતે પોતાના જ્ઞાયકભાવરૂપ ક્રમબદ્ધપર્યાયે ઊપજે છે.

એ જ રીતે સમિતિના ઉપદેશમાં પણ 'જોઈને ચાલવું વિચારીને બોલવું, જતનાની વસ્તુ લેવી–મૂકવી' ઇત્યાદિ કથન આવે, પણ તેનો આશય શરીરની ક્રિયાને જીવ કરી શકે છે–એમ બતાવવાનો નથી. મુનિદશામાં તે તે પ્રકારનો પ્રમાદભાવ થતો જ નથી, હિંસાદિનો અશુભભાવ થતો જ નથી–એવું જ મુનિદશાની ક્રમબદ્ધપર્યાયનું સ્વરૂપ છે–તે ઓળખાવ્યું છે. નિમિત્તથી કથન કરીને સમજાવે, તેથી કાંઈ ક્રમબદ્ધપર્યાયનો સિદ્ધાંત તૂટી જતો નથી.

### [ ૧૦૩ ] સ્વયં પ્રકાશી જ્ઞાયક.

શરીર વગેરેનો એકેક પરમાણુ સ્વતંત્રપણે તેની ક્રમબદ્ધપર્યાયરૂપે પરિણમી રહ્યો છે, તેને બીજો કોઈ અન્યથા ફેરવી શકે એમ ત્રણકાળમાં બનતું નથી. અહો! ભગવાન આત્મા તો સ્વયં પ્રકાશી છે, પોતાના જ્ઞાયકભાવ વડે તે સ્વ–પરનો પ્રકાશક જ છે. પણ અજ્ઞાનીને એ જ્ઞાયકસવભાવની વાત બેસતી નથી. હું જ્ઞાયક, ક્રમબદ્ધપર્યાયો જેમ છે તેમ તેનો હું જાણનાર છું,–જાણનાર જ છું પણ કોઈનો ફેરવનાર નથી–આવી સ્વસન્મુખ પ્રતીત ન કરતાં, અજ્ઞાની જીવ કર્તા થઈને પરને ફેરવવાનું માને છે, તે મિથ્યામાન્યતા જ સંસારભ્રમણનું મૂળ છે.

બધા જીવો સ્વયંપ્રકાશી જ્ઞાયક છે; તેમાં–

( ૧ ) કેવળીભગવાન 'પૂરા જ્ઞાયક' છે; ( તેમને જ્ઞાયકપણું પૂરું વ્યક્ત થઈ ગયું છે. )

( ૨ ) સમકીતિ–સાધક 'અધૂરા જ્ઞાયક' છે; ( તેમને પૂર્ણ જ્ઞાયકપણું પ્રતીતમાં આવી ગયું છે, પણ હજી પૂરું વ્યક્ત થયું નથી. )

( ૩ ) અજ્ઞાની 'વિપરીત–જ્ઞાયક' છે; ( તેને પોતાના જ્ઞાયકપણાની ખબર નથી. )

જ્ઞાયકસ્વભાવની અપ્રતીત તે સંસાર,

જ્ઞાયકસ્વભાવની પ્રતીત વડે સાધકદશા તે મોક્ષમાર્ગ, અને જ્ઞાયકસ્વભાવ પૂરો ખીલી જાય તે કેવળજ્ઞાન ને મોક્ષ.

### [ ૧૦૪ ] દરેક દ્રવ્ય 'નિજ-ભવન'માં જ બિરાજે છે.

જગતમાં દરેક દ્રવ્ય પોતાની ક્રમબદ્ધપર્યાય સાથે તદ્રૂપ છે, પણ પર સાથે તદ્રૂપ નથી. પોતપોતાના ભાવનું જે 'ભવન' છે તેમાં જ દરેક દ્રવ્ય બિરાજે છે. જીવના ગુણ–પર્યાયો તે જીવનો ભાવ છે ને જીવ ભાવવાન છે, અજીવના ગુણ–પર્યાયો તે તેનો ભાવ છે ને અજીવ ભાવવાન છે. પોતપોતાના ભાવનું જે ભવન–એટલે કે પરિણમન–તેમાં જ સૌ દ્રવ્ય બિરાજે છે. જીવના ભવનમાં અજીવ ગરતો નથી–પ્રવેશતો નથી, ને અજીવના ભવનમાં જીવ ગરતો નથી. એ જ પ્રમાણે એક જીવના ભવનમાં બીજો જીવ ગરતો નથી તેમજ એક અજીવના ભવનમાં બીજો અજીવ ગરતો નથી. જીવ કે અજીવ દરેક દ્રવ્ય પોતપોતાના નિજ–ભવનમાં ( નિજ પરિણમનમાં ) બિરાજે છે, પોતાના નિજ–ભવનમાંથી બહાર નીકળીને બીજાના ભવનમાં કોઈ દ્રવ્ય જતું નથી.

સુદૃષ્ટિ–તરંગિણીમાં છ મુનિઓનો દાખલો આપીને કહ્યું છે કે: જેમ એક ગુફામાં ઘણા કાળથી છ મુનિરાજ રહે છે, પરંતુ કોઈ કોઈથી મોહિત નથી, ઉદાસીનતા સહિત એક ગુફામાં રહે છે, છએ મુનિવરો પોતપોતાના સ્વરૂપસાધનમાં એવા લીન છે કે બીજા મુનિઓ શું કરે છે તેના ઉપર લક્ષ જતું નથી, એક બીજાથી નિરપેક્ષપણે સૌ પોતપોતામાં એકાગ્રપણે બિરાજે છે. તેમ આ ચૌદ બ્રહ્માંડરૂપી ગુફામાં જીવાદિ છએ દ્રવ્યો એક બીજાથી નિરપેક્ષપણે પોતપોતાના સ્વરૂપમાં બિરાજી રહ્યા છે, કોઈ દ્રવ્ય અન્ય દ્રવ્યની અપેક્ષા રાખતું નથી, બધા દ્રવ્યો પોતપોતાના ગુણ–પર્યાયોમાં જ રહેલા છે; જગતની ગુફામાં છએ દ્રવ્યો સ્વતંત્રપણે પોતપોતાના સ્વરૂપમાં પરિણમી રહ્યા છે. તેમાં ભગવાન આત્મા જ્ઞાયકસ્વભાવવાળો છે, આત્મા સિવાયના પાંચે દ્રવ્યોમાં જ્ઞાયકપણું નથી.

### [ ૧૦૫ ] આ વાત નહિ સમજનારાઓની કેટલીક ભ્રમણાઓ.

આત્મા જ્ઞાયક છે, ને જ્ઞાયકસ્વભાવે પરિણમતો તે ક્રમબદ્ધપર્યાયોનો જ્ઞાતા જ છે. આમાં જ્ઞાયકસ્વભાવની દ્રષ્ટિનું અનંતુ જોર આવે છે, તે નહિ સમજનારા અજ્ઞાની મૂઢ જીવોને આમાં એકાંત નિયતપણું જ ભાસે છે, પણ તેની સાથે સ્વભાવ અને પુરુષાર્થ, શ્રદ્ધા અને જ્ઞાન વગેરે આવી જાય છે તે તેને ભાસતા નથી.

કેટલાક લોકો આ વાત સાંભળ્યા પછી ક્રમબદ્ધપર્યાયની વાતો કરતા શીખ્યા છે, પણ તેનું ધ્યેય કયાં જાય છે ને તે સમજનારની દશા કેવી હોય તે જાણતા નથી, એટલે તેઓ પણ ભ્રમણામાં જ રહે છે.

"આપણે નિમિત્ત થઈને પરની અવસ્થામાં ફેરફાર કરી દઈએ" એમ કેટલાક અજ્ઞાનીઓ માને છે તેઓ પણ મૂઢ છે.

પ્રશ્નઃ– જો એમ છે, તો પચીસ માણસને જમવાનું કહીને પછી બેસી રહે તો શું એની મેળે રસોઈ વગેરે થઈ જશે!!

ઉત્તરઃ– ભાઈ, આ તો અંતર્દ્રષ્ટિની ઊંડી વાત છે, એમ અદ્ધરથી બેસી જાય એવી આ વાત નથી. જેને જમવાનું કહેવાનો વિકલ્પ આવ્યો, તે કાંઈ વીતરાગ નથી, એટલે તેને વિકલ્પ આવ્યા વગર રહેશે નહિ; પરંતુ જીવને વિકલ્પ આવે તો પણ ત્યાં વસ્તુમાં ક્રમબદ્ધપણે જે અવસ્થા થવાની છે તેમ જ થાય છે. આ જીવ વિકલ્પ કરે છતાં સામી વસ્તુમાં તેવી અવસ્થા ન પણ થાય; માટે વિકલ્પને લીધે બહારનું કાર્ય થાય છે–એમ નથી. અને વિકલ્પ થાય તેના ઉપર પણ જ્ઞાનીની દ્રષ્ટિનું જોર નથી.

### [ ૧૦૬ ] 'જ્ઞાની શું કરે છે'-તે અંતર્દ્રષ્ટિ વિના ઓળખાય નહિ.

પ્રશ્નઃ– શરીરમાં રોગ થવો કે મટવો તે બધી અજીવની ક્રમબદ્ધપર્યાય છે–એમ જ્ઞાની જાણે છે, છતાં પણ તે દવા તો કરે છે, ખાય–પીયે–બધું કરે છે!

ઉત્તરઃ– અરે મૂઢ! તને જ્ઞાયકભાવની ખબર નથી એટલે તારી બાહ્યદ્રષ્ટિથી તને જ્ઞાની એ બધું કરતા દેખાય છે, પણ જ્ઞાની તો પોતાના જ્ઞાયકસ્વભાવ ઉપરની દ્રષ્ટિથી જ્ઞાયકભાવમાં જ તન્મયપણે પરિણમી રહ્યા છે, રાગમાં પણ તન્મય થઈને તે પરિણમતા નથી, ને પરની કર્તાબુદ્ધિ તો તેને સ્વપ્ને પણ રહી નથી. અંતર્દ્રષ્ટિ વિના જ્ઞાનીના પરિણમનની તને ખબર નહિ પડે. જ્ઞાનીને હજી પૂર્ણ વીતરાગતા થઈ નથી તેથી અસ્થિરતામાં અમુક રાગાદિ થાય છે, તેને તે જાણે છે, પરંતુ એકલા રાગને જાણવાની પણ પ્રધાનતા નથી. જ્ઞાયકને જાણવાની મુખ્યતાપૂર્વક રાગને પણ જાણે છે; અને અનંતાનુબંધી રાગાદિ તો તેને થતા જ નથી, તેમજ જ્ઞાયકદ્રષ્ટિમાં સ્વસન્મુખ પુરુષાર્થ પણ ચાલુ જ છે. સ્વછંદ પોષે એવા જીવોને માટે આ વાત નથી.

### [ ૧૦૭ ] બે લીટીમાં અદ્ભુત રચના!

અહો! બે લીટીની ટીકામાં તો આચાર્યદેવે જગતના જીવ ને અજીવ બધાય દ્રવ્યોની સ્વતંત્રતાનો નિયમ મૂકીને અદ્ભુત રચના કરી છે. જીવ પોતાના ક્રમબદ્ધ પરિણામોથી ઊપજતો થકો જીવ જ છે, અજીવ નથી; એવી રીતે અજીવ પણ પોતાનાં ક્રમબદ્ધપરિણામોથી ઊપજતું થકું અજીવ જ છે, જીવ નથી. જીવ તે અજીવની પર્યાયને કરે, કે અજીવ તે જીવની પર્યાયને કરે, એમ જે માને તેને જીવ અજીવના ભિન્નપણાની પ્રતીત રહેતી નથી એટલે કે મિથ્યાશ્રદ્ધા થઈ જાય છે.

### [ ૧૦૮ ] અભાવ છે ત્યાં 'પ્રભાવ' કઈ રીતે પાડે?

પ્રશ્નઃ– એક બીજાનું કાંઈ કરે તો નહિ, પણ પરસ્પર નિમિત્ત થઈને પ્રભાવ તો પાડે ને?

ઉત્તરઃ– કઈ રીતે પ્રભાવ પાડે? –શું પ્રભાવ પાડીને પરની અવસ્થાને કોઈ ફેરવી શકે છે? કાર્ય થયું તેમાં નિમિત્તનો તો અભાવ છે તો તેણે પ્રભાવ કઈ રીતે પાડયો? જીવ પોતાના સ્વદ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવની અપેક્ષાએ સત્ છે, પણ પર વસ્તુના દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવની અપેક્ષાએ તે અસત્ છે, એટલે પરદ્રવ્યની અપેક્ષાએ તે અદ્રવ્ય છે, પરક્ષેત્રની અપેક્ષાએ તે અક્ષેત્ર છે, પરકાળની અપેક્ષાએ તે અકાળ છે, ને પર વસ્તુના ભાવની અપેક્ષાએ તે અભાવરૂપ છે; તેમજ આ જીવના દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવની અપેક્ષાએ બીજી બધી વસ્તુઓ અદ્રવ્ય–અક્ષેત્ર–અકાળ ને અભાવ રૂપ છે. તો પછી કોઈ કોઈનામાં પ્રભાવ પાડે એ વાત રહેતી નથી. દ્રવ્ય, ક્ષેત્ર ને ભાવને તો સ્વતંત્ર કહે, પણ કાળ એટલે કે સ્વપર્યાય તે પરને લીધે( નિમિત્તને લીધે ) થાય એમ માને તે પણ સ્વતંત્ર વસ્તુસ્વરૂપને સમજ્યો નથી. દરેક વસ્તુ સમયે

સમયે પોતાની ક્રમબદ્ધપર્યાયપણે ઊપજે છે એટલે કે તેનો સ્વકાળ પણ પોતાથી–સ્વતંત્ર છે.

એક પંડિતજી એમ કહે છે, કે "અમુક અમુક દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ને ભાવમાં એવી શક્તિ છે કે નિમિત્ત થઈને બીજામાં પ્રભાવ પાડે"–પણ જો નિમિત્ત પ્રભાવ પાડીને પરની પર્યાય ફેરવી દેતું હોય તો બે વસ્તુની ભિન્નતા જ ક્યાં રહી? પ્રભાવ પડવાનું કહેવું તે તો ફક્ત ઉપચાર છે. જો પરના દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી પોતાની પર્યાય થવાનું માને તો, પોતાના દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી પોતે નથી–એમ થઈ જાય છે એટલે પોતાની નાસ્તિ થઈ જાય છે. એ જ પ્રમાણે પોતે નિમિત્ત થઈને પરની અવસ્થાને કરે તો સામી વસ્તુની નાસ્તિ થઈ જાય છે. તેમજ, કોઈ દ્રવ્ય પરનું કાર્ય કરે તો તે દ્રવ્ય પરરૂપે છે–એમ થઈ ગયું એટલે પોતે પોતાપણે ન રહ્યું. જીવના સ્વકાળમાં જીવ છે ને અજીવના સ્વકાળમાં અજીવ છે; કોઈ કોઈના કર્તા નથી.

વળી નિમિત્તનું બલવત્તરપણું બતાવવા ભુંડણીના દૂધનું દૃષ્ટાંત આપે છે કેઃ ભુંડણીના પેટમાં દૂધ તો ઘણું ભર્યું છે, પણ બીજો તે કાઢી શકતો નથી, તેના નાના–નાના બચ્ચાંઓના આકર્ષક મોઢાનું નિમિત્ત પામીને તે દૂધ ઝટ તે બચ્ચાંઓના ગળામાં ઊતરી જાય છે.–માટે જુઓ, નિમિત્તનું કેવું સામર્થ્ય છે! –એમ કહે છે, પણ ભાઈ રે! દૂધનો એકેક રજકણ તેના સ્વતંત્ર ક્રમબદ્ધસ્વભાવથી જ પરિણમી રહ્યો છે. એ જ પ્રમાણે "હળદર ને ખારો ભેગો થતાં લાલ રંગ થયો, માટે ત્યાં એકબીજા ઉપર પ્રભાવ પડીને નવી અવસ્થા થઈ કે નહિ?"–એમ પણ કોઈ કહે છે, પણ તે વાત સાચી નથી. હળદર અને ખારાના રજકણો ભેગા થયા જ નથી, તે બંનેના દરેક રજકણ સ્વતંત્રપણે પોતપોતાના ક્રમબદ્ધપરિણામથી જ તેવી અવસ્થારૂપે ઊપજ્યા છે, કોઈ બીજાને કારણે તે અવસ્થા નથી થઈ. જેમ હારમાં અનેક મોતી ગૂંથાયેલા છે, તેમ દ્રવ્યમાં અનાદિ અનંત પર્યાયોની હારમાળા છે, તેમાં દરેક પર્યાયરૂપી મોતી ક્રમસર ગોઠવાયેલું છે.

## [ ૧૦૯ ] દરેક દ્રવ્ય પોતાની ક્રમબદ્ધપર્યાય સાથે તદ્રૂપ છે.

પહેલા તો આચાર્યદેવે મૂળ નિયમ બતાવ્યો કે જીવ અને અજીવ બંને દ્રવ્યો પોતપોતાની ક્રમબદ્ધપર્યાયપણે ઊપજે છે; હવે તેનું દૃષ્ટાંત તથા હેતુ આપે છે. અહીં દૃષ્ટાંત પણ 'સુવર્ણ'નું આપ્યું છે,–સોનાને કદી કાટ નથી લાગતો તેમ આ મૂળભૂત નિયમ કદી ફરતો નથી. જેમ કંકણ વગેરે પર્યાયોરૂપે ઊપજતા સુવર્ણને પોતાના કંકણ આદિ પરિણામો સાથે તાદાત્મ્ય છે, તેમ સર્વ દ્રવ્યોને પોતાનાં પરિણામો સાથે તાદાત્મ્ય છે. સોનામાં બંગડી વગેરે જે અવસ્થા થઈ, તે અવસ્થારૂપે સોનું પોતે ઊપજ્યું છે, સોની નહિ; જો સોની તે અવસ્થા કરતો હોય તો તેમાં તે તદ્રૂપ હોવો જોઈએ. પરંતુ સોની અને હથોડી તો એક કોર જુદા રહેવા છતાં તે કંકણ પર્યાય તો રહે છે, માટે સોની કે હથોડી તેમાં તદ્રૂપ નથી, સોનું જ પોતાની કંકણ આદિ પર્યાયમાં તદ્રૂપ છે. એ પ્રમાણે બધાય દ્રવ્યોને પોતપોતાના પરિણામ સાથે જ તાદાત્મ્ય છે, પર સાથે નહિ.

જુઓ, આ ટેબલ પર્યાય છે, તેમાં તે લાકડાના પરમાણુઓ જ તદ્રૂપ થઈને ઊપજ્યા છે; સુતાર કે કરવતના કારણે તે અવસ્થા થઈ એમ નથી. જો તે અવસ્થા સુતારે કરી હોય તો સુતાર તેમાં તન્મય હોવા જોઈએ. પરંતુ અત્યારે સુતાર કે કરવત નિમિત્તપણે ન હોવા છતાં પણ તે પરમાણુઓમાં ટેબલ પર્યાય તો વર્તે છે; માટે નક્કી થાય છે કે તે સુતારનું કે કરવતનું કાર્ય નથી. આ પ્રમાણે દરેક વસ્તુને પોતાની ક્રમબદ્ધ ઊપજતી પર્યાય સાથે જ તાદાત્મ્યપણું છે, પરંતુ જોડે સંયોગરૂપે રહેલી બીજી ચીજ સાથે તેને તાદાત્મ્યપણું નથી. આમ હોવાથી જીવને અજીવની સાથે કાર્ય–કારણપણું નથી, તેથી જીવ અકર્તા છે–એ વાત આચાર્યદેવ યુક્તિપૂર્વક સિદ્ધ કરશે.

# [ ૫ ]

# પ્રવચન પાંચમું

[ વીર સં. ૨૪૮૦ આસો સુદ એકમ ]

**જુઓ, આ ક્રમબદ્ધપર્યાયમાં ખરેખર તો જ્ઞાનસ્વભાવી આત્માની વાત છે; કેમ કે ક્રમબદ્ધપર્યાયનો જાણનાર કોણ? 'જ્ઞાયક'ને જાણ્યા વગર ક્રમબદ્ધપર્યાયને જાણશે કોણ? જ્ઞાયકસ્વભાવ તરફ વળીને જ્ઞાયકભાવપણે જે પરિણમ્યો તે જ્ઞાયક થયો એટલે અકર્તા થયો, ને તે જ ક્રમબદ્ધપર્યાયનો જ્ઞાતા થયો.**

## [ ૧૧૦ ] ક્રમબદ્ધપર્યાયે ઊપજતો જ્ઞાયક પરનો અકર્તા છે.

આ સર્વવિશુદ્ધજ્ઞાન–અધિકાર છે; સર્વવિશુદ્ધજ્ઞાન એટલે શુદ્ધજ્ઞાયકભાવ, તે પરનો અકર્તા છે–એ વાત અહીં સિદ્ધ કરવી છે.

પોતાના જ્ઞાયકભાવની ક્રમબદ્ધપર્યાયપણે ઊપજતો જીવ પરનો કર્તા નથી ને પર તેનું કાર્ય નથી. પર્યાય નવી થાય છે તે અપેક્ષાએ તે "ઊપજે છે" એમ કહ્યું છે, પહેલા તે પર્યાય ન હતી ને નવી પ્રગટી–એ રીતે પહેલાની અપેક્ષાએ, તે નવી ઊપજી કહેવાય છે, પણ તે પર્યાયને નિરપેક્ષપણે જુઓ તો દરેક સમયની પર્યાય તે તે સમયનું સત્ છે, તેની ઉત્પત્તિ કે વિનાશ તે તો પહેલા અને પછીના સમયની અપેક્ષાએ છે.

"દ્રવ્ય વિના પર્યાય ન થાય એટલે કે દ્રવ્ય અને પર્યાય એ બે ચીજ વગર કર્તાકર્મપણું સિદ્ધ ન થાય"–એ દલીલ તો જ્યારે કર્તાકર્મપણું સિદ્ધ કરવું હોય ત્યારે આવે; પરંતુ "પર્યાય પણ નિરપેક્ષ સત્ છે"–એમ સિદ્ધ કરવું હોય ત્યાં એ વાત ન આવે. એકેક સમયની પર્યાય પણ પોતે પોતાથી સત્ છે, 'દ્રવ્યથી નહિ આલિંગિત એવો શુદ્ધપર્યાય છે,' પર્યાય દ્રવ્યથી આલિંગિત નથી એટલે કે નિરપેક્ષ છે. (જુઓ, પ્રવચનસાર ગા. ૧૭૨ ટીકા) અહીં એ વાત સિદ્ધ કરવી છે કે પોતાની નિરપેક્ષ ક્રમબદ્ધ પર્યાયપણે ઊપજતો જીવ તેમાં તદ્રૂપ છે. દ્રવ્ય પોતાની પર્યાય સાથે તદ્રૂપ–એકમેક છે, પણ પરની પર્યાય સાથે તદ્રૂપ નથી, તેથી તેને પર સાથે કર્તાકર્મપણું નથી; એ રીતે જ્ઞાયક આત્મા અકર્તા છે. આ કર્તાકર્મ અધિકાર નથી પણ સર્વવિશુદ્ધજ્ઞાન–અધિકાર છે, એટલે અહીં જ્ઞાયકભાવ પરનો અકર્તા છે–એવું અકર્તાપણું સિદ્ધ કરવું છે.

જીવ પોતાના ક્રમબદ્ધ પરિણામોથી ઊપજતો થકો જીવ છે, –અજીવ નથી. "ઊપજે છે"–કોણ ઊપજે છે? જીવ પોતે. જીવ પોતે જે પરિણામપણે ઊપજે છે તેની સાથે તેને અનન્યપણું–એકપણું છે, અજીવ સાથે તેને અનન્યપણુ નથી માટે તેને અજીવ સાથે કાર્યકારણપણું નથી. દરેક દ્રવ્યને પોતે જે પરિણામપણે ઊપજે છે તેની સાથે જ અનન્યપણું છે, બીજાના પરિણામ સાથે તેને અનન્યપણું નથી તેથી તે અકર્તા છે. આત્મા પણ પોતાના જ્ઞાયકભાવપણે ઊપજતો થકો તેની સાથે તન્મય છે, તે પોતાના જ્ઞાનપરિણામ સાથે એકમેક છે, પણ પર સાથે એકમેક નથી, માટે તે પરનો અકર્તા છે. જ્ઞાયકપણે ઊપજતા જીવને કર્મ સાથે એકપણું નથી, માટે તે કર્મનો કર્તા નથી; જ્ઞાયકદ્રષ્ટિમાં તે નવા કર્મબંધનને નિમિત્ત પણ થતો નથી માટે તે અકર્તા જ છે.

## [ ૧૧૧ ] કર્મના કર્તાપણાનો વ્યવહાર કોને લાગુ પડે?

પ્રશ્નઃ– આ તો નિશ્ચયની વાત છે, પણ વ્યવહારથી તો આત્મા કર્મનો કર્તા છે ને?

ઉત્તરઃ– જ્ઞાયકસ્વરૂપ આત્મા ઉપર જેની દ્રષ્ટિ નથી ને કર્મ ઉપર દ્રષ્ટિ છે, એવો મિથ્યાદ્રષ્ટિ જીવ જ કર્મનો વ્યવહારે કર્તા છે–એ વાત આચાર્યદેવ હવેની ગાથાઓમાં કહેશે. એટલે જેને હજી કર્મની સાથેનો સંબંધ તોડીને જ્ઞાયકભાવરૂપે નથી પરિણમવું પણ કર્મની સાથે કર્તા–કર્મપણાનો વ્યવહાર રાખવો છે, તે તો મિથ્યાદ્રષ્ટિ જ છે. મિથ્યાત્વાદિ જડકર્મના કર્તાપણાનો વ્યવહાર અજ્ઞાનીને જ લાગુ પડે છે, જ્ઞાનીને નહિ.

પ્રશ્નઃ– તો પછી જ્ઞાનીને કયો વ્યવહાર?

ઉત્તરઃ– જ્ઞાનીના જ્ઞાનમાં તો પોતાના જ્ઞાયકસ્વભાવને જાણવાની મુખ્યતા છે, અને મુખ્ય તે નિશ્ચય છે, તેથી પોતાના જ્ઞાયકસ્વભાવને જાણવો તે નિશ્ચય છે; અને સાધકદશામાં વચ્ચે જે રાગ રહ્યો છે તેને જાણવો તે વ્યવહાર છે. જ્ઞાનીને આવા નિશ્ચય–વ્યવહાર એક સાથે વર્તે છે. પરંતુ–મિથ્યાત્વાદિ કર્મપ્રકૃતિના બંધનમાં નિમિત્ત થાય કે તેના વ્યવહાર કર્તા થાય–એવો વ્યવહાર જ્ઞાનીને હોતો જ નથી. તેને જ્ઞાયકદ્રષ્ટિના પરિણમનમાં કર્મ સાથેનો નિમિત્ત–નૈમિત્તિક સંબંધ તૂટી ગયો છે. હવેની ગાથાઓમાં આચાર્યદેવ આ વાત વિસ્તારથી સમજાવશે.

### [ ૧૧૨ ] વસ્તુનો કાર્યકાળ.

કાર્યકાળ કહો કે ક્રમબદ્ધપર્યાય કહો; જીવનો જે કાર્યકાળ છે તેમાં ઊપજતો થકો જીવ તેનાથી અનન્ય છે, ને અજીવના કાર્યકાળથી તે ભિન્ન છે. જીવની જે પર્યાય થાય તેમાં અનન્યપણે જીવદ્રવ્ય ઊપજે છે. તે વખતે જગતના બીજા જીવ–અજીવ દ્રવ્યો પણ સૌ પોતપોતાના કાર્યકાળે–ક્રમબદ્ધપર્યાયે–ઊપજે છે, પણ તે કોઈની સાથે આ જીવને એકતા નથી.

તેમજ, અજીવનો જે કાર્યકાળ છે તેમાં ઊપજતું થકું અજીવ તેનાથી અનન્ય છે, ને જીવના કાર્યકાળથી તે ભિન્ન છે. અજીવના એકેક પરમાણુની જે પર્યાય થાય તેમાં અનન્યપણે તે પરમાણુ ઊપજે છે, તેને બીજાની સાથે એકતા નથી. શરીર ચાલે, ભાષા બોલાય ઇત્યાદિ પર્યાયપણે અજીવ ઊપજે છે, તે અજીવની ક્રમબદ્ધપર્યાય છે, જીવને લીધે તે પર્યાય થતી નથી.

### [ ૧૧૩ ] નિષેધ કોનો ? નિમિત્તનો, કે નિમિત્તાધીન દ્રષ્ટિનો ?

પ્રશ્નઃ– આપ ક્રમબદ્ધપર્યાય હોવાનું કહો છો તેમાં નિમિત્તનો તો નિષેધ થઈ જાય છે? ક્રમબદ્ધપર્યાય માનતાં નિમિત્તનો સર્વથા નિષેધ નથી થઈ જતો, પણ નિમિત્તાધીનદ્રષ્ટિનો નિષેધ થઈ જાય છે. પર્યાયમાં અમુક નિમિત્ત–નૈમિત્તિક સંબંધ ભલે હો, પણ અહીં જ્ઞાયકદ્રષ્ટિમાં તેની વાત નથી. ક્રમબદ્ધપર્યાય માનતાં નિમિત્ત હોવાનો સર્વથા નિષેધ પણ નથી થતો, તેમજ નિમિત્તને લીધે કાંઈ થાય–એ વાત પણ રહેતી નથી. નિમિત્ત પદાર્થ તેના ક્રમબદ્ધસ્વકાળે તેનામાં ઊપજે છે, ને નૈમિત્તિકપદાર્થ પણ પોતાના સ્વકાળે પોતામાં ઊપજે છે, આમ બન્નેનું ભિન્નભિન્ન પોતપોતામાં પરિણમન થઈ જ રહ્યું છે. "ઉપાદાનમાં પર્યાય થવાની યોગ્યતા તો છે, પણ જો નિમિત્ત આવે તો થાય ને ન આવે તો ન થાય"–એ માન્યતા મિથ્યાદ્રષ્ટિની છે. પર્યાય થવાની યોગ્યતા હોય ને ન થાય એમ બને જ નહિ. તેમજ અહીં ક્રમબદ્ધપર્યાય થવાનો કાળ હોય ને તે વખતે તેને યોગ્ય નિમિત્ત ન હોય–એમ પણ બને જ નહિ. જો કે નિમિત્ત તે પરદ્રવ્ય છે, તે કાંઈ ઉપાદાનને આધીન નથી, પરંતુ તે પરદ્રવ્ય તેના પોતાને માટે તો ઉપાદાન છે, ને તેનું પણ ક્રમબદ્ધ પરિણમન થઈ જ રહ્યુ છે. અહીં આત્માને પોતાના જ્ઞાયકસ્વભાવસન્મુખના ક્રમબદ્ધપરિણમનથી છટ્ઠા–સાતમા ગુણસ્થાનની ભાવલિંગી મુનિદશા પ્રગટે, ત્યાં નિમિત્તમાં દ્રવ્યલિંગ તરીકે શરીરની દિગંબરદશા જ હોય–એવો તેનો ક્રમ છે. કોઈ મુનિરાજ ધ્યાનમાં બેઠા હોય ને કોઈ અજ્ઞાની આવીને તેમના શરીર ઉપર વસ્ત્ર નાંખી જાય તો તે કાંઈ પરિગ્રહ નથી, તે તો ઉપસર્ગ છે. સમ્યગ્દર્શન થયું ત્યાં કુદેવાદિને માને એવું ક્રમબદ્ધપર્યાયમાં હોય નહિ, તેમજ મુનિદશા થાય ત્યાં વસ્ત્ર–પાત્ર રાખે એવું ક્રમબદ્ધપર્યાયમાં હોય નહિ, એ પ્રમાણે બધી ભૂમિકાને યોગ્ય સમજી લેવું.

### [ ૧૧૪ ] યોગ્યતા અને નિમિત્ત. ( બધા નિમિત્તો ધર્માસ્તિકાયવત્ છે. )

'ઇષ્ટોપદેશ'માં ( ગા. ૩૫માં ) કહ્યું છે કે કોઈ પણ કાર્ય થવામાં વાસ્તવિકપણે તેની પોતાની યોગ્યતા જ સાક્ષાત્ સાધક છે, એટલે કે દરેક વસ્તુની પોતાની યોગ્યતાથી જ કાર્ય થાય છે, ત્યાં બીજી ચીજ તો ધર્માસ્તિકાયવત્ નિમિત્તમાત્ર છે. જેમ પોતાની યોગ્યતાથી સ્વયં ગતિ કરનારા પદાર્થોને ધર્માસ્તિકાય તો પડયું પાથર્યું નિમિત્ત છે, તે કાંઈ કોઈને ગતિ કરાવતું નથી; તેમ દરેક વસ્તુમાં પોતાની ક્રમબદ્ધપર્યાયની યોગ્યતાથી જ કાર્ય થાય છે, તેમાં જગતની બીજી ચીજ તો ફક્ત ધર્માસ્તિકાયવત્ છે. જુઓ, આ ઇષ્ટ–ઉપદેશ. આવો સ્વાધીનતાનો ઉપદેશ તે જ ઇષ્ટ છે, હિતકારી છે, યથાર્થ છે. આનાથી વિપરીત માન્યતાનો ઉપદેશ હોય તો તે ઇષ્ટ–ઉપદેશ નથી પણ અનીષ્ટ છે. જૈનદર્શનનો ઉપદેશ કહો....આત્માના હિતનો ઉપદેશ કહો....ઇષ્ટ ઉપદેશ કહો....વાજબી ઉપદેશ કહો....સત્યનો ઉપદેશ કહો....અનેકાન્તનો ઉપદેશ કહો કે સર્વજ્ઞ ભગવાનનો ઉપદેશ કહો....તે આ છે કેઃ જીવ ને અજીવ દરેક વસ્તુમાં

પોતપોતાની ક્રમબદ્ધ યોગ્યતાથી જ કાર્ય થાય છે, પરથી તેમાં કાંઈ પણ થતું નથી. વસ્તુ પોતાની ક્રમબદ્ધપર્યાયપણે પોતાની યોગ્યતાથી જ સ્વયં પરિણમી જાય છે, બીજી ચીજ તો ધર્માસ્તિકાયવત્ નિમિત્તમાત્ર છે. અહીં ધર્માસ્તિકાયનો દાખલો આપીને પૂજ્યપાદસ્વામીએ નિમિત્તનું સ્વરૂપ એકદમ સ્પષ્ટ કરી દીધું છે.

ધર્માસ્તિકાય તો આખા લોકમાં સદાય એમ ને એમ સ્થિત છે; જે જીવ કે પુદ્ગલો સ્વયં પોતાની યોગ્યતાથી જ ગતિ કરે છે તેમને તે નિમિત્તમાત્ર છે. ગતિરૂપે 'સ્વયં પરિણમતાને' જ નિમિત્ત છે, સ્વયં નહિ પરિણમતાને તે પરિણમાવતું નથી, તેમ જ નિમિત્ત પણ થતું નથી.

"યોગ્યતા વખતે નિમિત્ત ન હોય તો?"–એમ શંકા કરનાર ખરેખર યોગ્યતાને કે નિમિત્તના સ્વરૂપને જાણતો નથી. જેમ કોઈ પૂછે કે "જીવ–પુદ્ગલમાં ગતિ કરવાની યોગ્યતા તો છે, પણ ધર્માસ્તિકાય ન હોય તો?"–તો એમ પૂછનાર ખરેખર જીવ–પુદ્ગલની યોગ્યતાને કે ધર્માસ્તિકાયને જાણતો નથી. કેમ કે ગતિ વખતે સદાય ધર્માસ્તિકાય નિમિત્તપણે હોય જ છે, જગતમાં ધર્માસ્તિકાય ન હોય એમ કદી બનતું જ નથી.

'યોગ્યતા વખતે નિમિત્ત ન હોય તો?'

'ગતિની યોગ્યતા વખતે ધર્માસ્તિકાય ન હોય તો?'

'પાણી ઊનું થવાની યોગ્યતા વખતે અગ્નિ ન હોય તો?'

'માટીમાં ઘડો થવાની યોગ્યતા વખતે કુંભાર ન હોય તો?'

'જીવમાં મોક્ષ થવાની યોગ્યતા હોય પણ વજ્રર્ષભનારાચસંહનન ન હોય તો?'

–એ બધા પ્રશ્નો એક જ જાતના–નિમિત્તાધીન દ્રષ્ટિવાળાના –છે. એ જ પ્રમાણે ગુરુ–શિષ્ય, ક્ષાયક સમ્યક્ત્વ અને કેવળી–શ્રુતકેવળી, વગેરે બધામાં સમજી લેવું. જગતમાં જીવ કે અજીવ દરેક દ્રવ્ય પોતપોતાના નિયમિત સ્વકાળની યોગ્યતાથી જ પરિણમે છે, તે વખતે બીજી ચીજ નિમિત્તપણે હોય તે 'गतेः धर्मास्तिकायवत्' છે. કોઈ પણ કાર્ય થવામાં વસ્તુની 'योग्ता ही' નિશ્ચય કારણ છે, બીજું કારણ કહેવું તે 'ગતિમાં ધર્માસ્તિકાયવત્' ઉપચારમાત્ર છે, એટલે કે ખરેખર તે કારણ નથી. પોતાની ક્રમબદ્ધપર્યાયપણે વસ્તુ પોતે જ ઊપજે છે–એ નિયમ સમજે તો નિમિત્તાધીન દ્રષ્ટિના બધા ગોટા નીકળી જાય. વસ્તુ એક સમયમાં ઉત્પાદ–વ્યય–ધ્રુવસ્વરૂપ છે. એક સમયમાં પોતાની ક્રમબદ્ધપર્યાયપણે ઊપજે, તે જ સમયે પૂર્વ પર્યાયથી વ્યય પામે, ને તે જ સમયે સળંગતાપણે ધ્રુવ ટકી રહે–એમ ઉત્પાદ–વ્યય–ધ્રુવસ્વરૂપ વસ્તુ પોતે વર્તે છે, એક વસ્તુના ઉત્પાદ–વ્યય–ધ્રુવમાં વચ્ચે કોઈ બીજું દ્રવ્ય ઘૂસી જાય–એમ બનતું નથી.

જેમ, ખરેખર મોક્ષમાર્ગ તો એક જ છે, પણ તેનું નિરૂપણ બે પ્રકારથી છે; નિશ્ચયરત્નત્રયને મોક્ષમાર્ગ કહેવો તે તો ખરેખર મોક્ષમાર્ગ છે, અને વ્યવહારરત્નત્રયના રાગને મોક્ષમાર્ગ કહેવો તે ખરેખર મોક્ષમાર્ગ નથી, પણ ઉપચારમાત્ર છે;

તેમ, કાર્યનું કારણ ખરેખર એક જ છે. વસ્તુની યોગ્યતા તે જ ખરું કારણ છે, અને નિમિત્તને બીજું કારણ કહેવું તે ખરું કારણ નથી પણ ઉપચારમાત્ર છે;

એ જ પ્રમાણે, કાર્યનો કર્તા પણ એક જ છે, બે કર્તા નથી. બીજાને કર્તા કહેવો તે ઉપચારમાત્ર છે.

### [ ૧૧૫ ] દરેક દ્રવ્યનું સ્વતંત્ર પરિણમન જાણ્યા વિના ભેદજ્ઞાન થાય નહિ.

અહીં કહે છે કે દ્રવ્ય ઊપજતું થકું પોતાના પરિણામથી અનન્ય છે, એટલે તે પરિણામના કર્તા બે ન હોય. એક દ્રવ્યના પરિણામમાં બીજું દ્રવ્ય તન્મય ન થાય, માટે બે કર્તા ન હોય; તેમ જ એક દ્રવ્ય બે પરિણામમાં (પોતાના ને પરના બંનેના પરિણામમાં) તન્મય ન થાય, માટે એક દ્રવ્ય બે પરિણામને ન કરે. નાટક–સમયસારમાં પં. બનારસીદાસજી કહે છે કે–

करता परिनामी दरव, करमरूप परिनाम।
किरिया परजयकी फिरनी, वस्तु एक त्रय नाम।।७।।

અર્થાત્–અવસ્થારૂપે જે દ્રવ્ય પરિણમે છે તે કર્તા છે; જે પરિણામ થાય છે તે તેનું કર્મ છે; અને અવસ્થાથી અવસ્થાંતર થવું તે ક્રિયા છે. આ કર્તા, કર્મ અને ક્રિયા વસ્તુપણે ભિન્ન નથી, એટલે કે તે ભિન્ન ભિન્ન વસ્તુમાં રહેતા નથી. વળી–

एक परिनाम के न करता दरव दोइ, दोइ परिनाम एक दर्व न धरतु है।

एक करतूति दोइ दर्व कबहूं न करैं, दोइ करतूति एक दर्व न करतु है।।
जीव पुदगल एक खेत–अवगाही दोउ, अपनें अपनें रूप कोउ न टरतु है।
जड परनामनिकौ करता है पुदगल, चिदानंद चेतन सुभाउ आचरतु है।।१०।।

અર્થાત્–એક પરિણામના કર્તા બે દ્રવ્ય ન હોય; એક દ્રવ્ય બે પરિણામને ન કરે. એક ક્રિયાને બે દ્રવ્ય કદી ન કરે, તેમ જ એક દ્રવ્ય બે ક્રિયાને ન કરે.

જીવ અને પુદ્‌ગલ જો કે એક ક્ષેત્રે રહેલાં છે તો પણ પોતપોતાના સ્વભાવને કોઈ છોડતા નથી. પુદ્‌ગલ તો તેના જડ પરિણામોનું કર્તા છે, અને ચિદાનંદ આત્મા પોતાના ચેતન સ્વભાવને આચરે છે–કરે છે.

–આ પ્રમાણે દરેક દ્રવ્યના ભિન્ન ભિન્ન સ્વતંત્ર પરિણમનને જ્યાં સુધી જીવ ન જાણે ત્યાં સુધી પરથી ભેદજ્ઞાન થાય નહિ ને સ્વભાવમાં એકતા પ્રગટે નહિ, એટલે સમ્યગ્દર્શનાદિ કાંઈ થાય નહિ.

### [ ૧૧૬ ] પર્યાયમાં જે તન્મય હોય તે જ તેનો કર્તા.

ક્રમબદ્ધપરિણામે પરિણમતું દ્રવ્ય પોતાની પર્યાય સાથે એકમેક છે, એ સિદ્ધાંત સમજાવવા આચાર્યદેવ અહીં સોનાનું દ્રષ્ટાંત આપે છે. જેમ સોનામાં કુંડળ વગેરે જે અવસ્થા થઈ તેની સાથે તે સોનું એકમેક છે, જુદું નથી; સોનાની અવસ્થાથી સોની જુદો છે પણ સોનું જુદું નથી. તેમ જગતના જીવ કે અજીવ બધાય દ્રવ્યો પોતપોતાની જે અવસ્થા થાય છે તેની સાથે એકમેક છે, બીજા સાથે એકમેક નથી, માટે તે બીજાના અકર્તા છે. જે પર્યાય થઈ, તે પર્યાયમાં જે તન્મય હોય તે જ તેનો કર્તા હોય, પણ તેનાથી જે જુદો હોય તે તેનો કર્તા ન હોય–એ નિયમ છે. જેમ કે–

ઘડો થયો, ત્યાં તે ઘડારૂપ અવસ્થા સાથે માટીના પરમાણુઓ એકમેક છે, પણ કુંભાર તેની સાથે એકમેક નથી, માટે કુંભાર તેનો અકર્તા છે,

વસ્ત્ર થયું, ત્યાં તે વસ્ત્રરૂપ પર્યાય સાથે તાણા–વાણાના પરમાણુઓ એકમેક છે, પણ વણકર તેની સાથે એકમેક નથી, માટે તે તેનો અકર્તા છે.

કબાટ થયો, ત્યાં તે કબાટની અવસ્થા સાથે લાકડાના પરમાણુઓ એકમેક છે, પણ સુતાર તેની સાથે એકમેક નથી, માટે તે તેનો અકર્તા છે.

રોટલી થઈ, ત્યાં રોટલીની અવસ્થા સાથે લોટના પરમાણુઓ એકમેક છે, પણ બાઈ (રસોઈ કરનાર) તેની સાથે એકમેક નથી, માટે બાઈ રોટલીની અકર્તા છે.

સમ્યગ્દર્શન થયું, ત્યાં તે પર્યાય સાથે આત્મા પોતે એકમેક છે તેથી આત્મા તેનો કર્તા છે, પણ અજીવ તેમાં એકમેક નથી માટે તે અકર્તા છે. એ પ્રમાણે સમ્યગ્જ્ઞાન, સુખ, આનંદ, સિદ્ધદશા વગેરે બધી અવસ્થાઓમાં સમજી લેવું. તે તે અવસ્થાપણે ઊપજતો થકો જીવ જ તેમાં તદ્રૂપ થઈને તેનો કર્તા છે, તે અજીવ નથી એટલે અજીવ સાથે તેને કાર્ય–કારકપણું નથી.

### [ ૧૧૭ ] જ્ઞાતા રાગનો અકર્તા.

અહીં તો આચાર્યદેવ એ સિદ્ધાંત સમજાવે છે કે જ્ઞાયકસ્વભાવ સન્મુખ થઈને જે જીવ જ્ઞાતાપરિણામપણે ઊપજ્યો તે જીવ રાગનો પણ અકર્તા છે; પોતાના જ્ઞાતાપરિણામમાં તન્મય હોવાથી તેનો કર્તા છે, ને રાગનો અકર્તા છે, કેમકે રાગમાં તે તન્મય નથી. જ્ઞાયકભાવમાં જે તન્મય થયો તે રાગમાં તન્મય થતો નથી, માટે તે રાગનો અકર્તા જ છે.

–આવા જ્ઞાતાસ્વભાવને જાણવો તે નિશ્ચય છે. સ્વસન્મુખ થઈને આવું નિશ્ચયનું જ્ઞાન કરે તો, કઈ પર્યાયમાં કેવો રાગ હોય ને ત્યાં નિમિત્ત–નૈમિત્તિક સંબંધ કેવા પ્રકારનો હોય, –તે બધા વ્યવહારનો પણ યથાર્થ વિવેક થઈ જાય.

### [ ૧૧૮ ] નિશ્ચય-વ્યવહારનો જરૂરી ખુલાસો.

ઘણા લોકો કહે છે કે આ તો નિશ્ચયની વાત છે, પણ વ્યવહારે તો જીવ જડકર્મનો કર્તા છે! તો આચાર્યદેવ કહે છે કે અરે ભાઈ! જેની દ્રષ્ટિ જ્ઞાયક ઉપર નથી ને કર્મ ઉપર છે એવા અજ્ઞાનીને જ કર્મના કર્તાપણાનો વ્યવહાર લાગુ પડે છે, જ્ઞાયકદ્રષ્ટિવાળા જ્ઞાનીને તેવો વ્યવહાર લાગુ પડતો નથી. જ્ઞાયકસ્વભાવી જીવ મિથ્યાત્વાદિ કર્મનો અકર્તા હોવા છતાં તેને કર્મનો કર્તા કહેવો તે વ્યવહાર છે, અને તે વ્યવહાર અજ્ઞાનીને જ લાગુ પડે છે. જ્ઞાયક સ્વભાવની દ્રષ્ટિવાળો જ્ઞાની તો અકર્તા જ છે.

સોનાની જે અવસ્થા થઈ તેનો સોની અકર્તા છે, છતાં તેને નિમિત્ત કર્તા કહેવો તે વ્યવહાર છે. જે કર્તા છે તેને કર્તા જાણવો તે નિશ્ચય, અને અકર્તાને કર્તા કહેવો તે વ્યવહાર છે. જીવ પોતાની ક્રમબદ્ધ અવસ્થાપણે ઊપજતો થકો જીવ જ છે, ને અજીવ પોતાની ક્રમબદ્ધ અવસ્થાપણે ઊપજતું થકું અજીવ જ છે. જીવ તે અજીવની અવસ્થાનો અકર્તા છે, ને અજીવ તે જીવની અવસ્થાનું અકર્તા છે. આ રીતે જેમ જીવ અજીવને પરસ્પર કર્તાપણું નથી તેમ તેમને પરસ્પર કર્મપણું, કરણપણું, સંપ્રદાનપણું, અપાદાનપણું કે અધિકરણપણું પણ નથી. માત્ર નિમિત્તપણાથી તેમને એકબીજાના કર્તા, કર્મ, કરણ વગેરે કહેવા તે વ્યવહાર છે. નિમિત્તથી કર્તા એટલે ખરેખર અકર્તા; ને અકર્તાને કર્તા કહેવો તે વ્યવહાર. નિશ્ચયથી અકર્તા થયો ત્યારે વ્યવહારનું જ્ઞાન સાચું થયું. જ્ઞાયકસ્વભાવ તરફ વળીને જે જ્ઞાતા થયો તે રાગને રાગ તરીકે જાણે છે પણ તે રાગમાં જ્ઞાનની એકતા નથી કરતો, માટે તે જ્ઞાતા તો રાગનો પણ અકર્તા છે.

### [ ૧૧૯ ] ક્રમબદ્ધપર્યાયનું મૂળિયું.

જુઓ, આ ક્રમબદ્ધપર્યાયમાં ખરેખર તો જ્ઞાનસ્વભાવી આત્માની વાત છે; કેમ કે ક્રમબદ્ધપર્યાયનો જાણનાર કોણ? 'જ્ઞાયક'ને જાણ્યા વગર ક્રમબદ્ધપર્યાયને જાણશે કોણ? જ્ઞાયકસ્વભાવ તરફ વળીને જ્ઞાયકભાવપણે જે પરિણમ્યો તે જ્ઞાયક થયો, એટલે અકર્તા થયો, ને તે જ ક્રમબદ્ધપર્યાયનો જ્ઞાતા થયો. 'જ્ઞાયક' કહો કે 'અકર્તા' કહો;–જ્ઞાયક પરનો અકર્તા છે. જ્ઞાયક સ્વભાવ તરફ વળીને આવું ભેદ જ્ઞાન કરે, પછી સાધકદશામાં ભૂમિકા પ્રમાણે જે વ્યવહાર રહ્યો તેને જ્ઞાની જાણે છે, એટલે 'વ્યવહારનય તે કાળે જાણેલો પ્રયોજનવાન છે' એ વાત તેને લાગુ પડે છે. મિથ્યાદૃષ્ટિ તો જ્ઞાયકને પણ નથી જાણતો, અને વ્યવહારનું પણ તેને સાચું જ્ઞાન નથી.

દ્રવ્ય પોતાની જે ક્રમબદ્ધપર્યાયપણે ઊપજે છે તે પર્યાય જ તેનું કાર્ય છે, બીજું તેનું કાર્ય નથી. આ રીતે, એક કર્તાના બે કાર્ય હોતા નથી, તેથી જીવ અજીવને પરસ્પર કાર્યકારણપણું નથી. નિગોદથી માંડીને સિદ્ધ સુધીના બધા જીવો, એક પરમાણુથી માંડીને અચેતનમહાસ્કંધ, તેમજ બીજા ચાર અજીવ દ્રવ્યો, તે સર્વેને પોતપોતાના તે કાળના ક્રમબદ્ધ ઊપજતા પરિણામ સાથે તદ્રૂપપણું છે. પર્યાયો અનાદિ–અનંત ક્રમબદ્ધ હોવા છતાં તેમાં વર્તમાનપણે તો એક પર્યાય જ વર્તે છે, અને તે તે સમયે વર્તતી પર્યાયમાં દ્રવ્ય તદ્રૂપપણે વર્તી રહ્યું છે. વસ્તુ તો જ્યારે જુઓ ત્યારે વર્તમાન છે, જ્યારે જુઓ ત્યારે વર્તમાન તે સમયની પર્યાય સત્ છે, તે વર્તમાન પહેલા થઈ ગયેલી પર્યાયો ભૂતકાળમાં છે ને પછી થનારી પર્યાયો ભવિષ્યમાં છે; વર્તમાન પર્યાય એક સમય પણ આઘીપાછી થઈને ભૂત કે ભવિષ્યની પર્યાયરૂપ થઈ જતી નથી; તેમજ ભવિષ્યની પર્યાય ભૂતકાળની પર્યાયરૂપ થતી નથી કે ભૂતકાળની પર્યાય ભવિષ્યની પર્યાયરૂપ થઈ જતી નથી. અનાદિઅનંત પ્રવાહક્રમમાં દરેક પર્યાય પોતપોતાના સ્થાને જ પ્રકાશે છે, એ રીતે પર્યાયોનું ક્રમબદ્ધપણું છે,–આ વાત પ્રવચનસારની ગા. ૯૯માં પ્રદેશોના વિસ્તાર–ક્રમનું દૃષ્ટાંત આપીને અલૌકિક રીતે સમજાવી છે.

### [ ૧૨૦ ] ક્રમબદ્ધપર્યાયમાં શું શું આવ્યું ?

પ્રશ્નઃ– 'ક્રમબદ્ધ' કહેતાં ભૂતકાળની પર્યાય ભવિષ્યરૂપ, કે ભવિષ્યની પર્યાય ભૂતકાળરૂપ ન થાય–એ વાત તો બરાબર, પણ આ સમયે આ પર્યાય આવી જ થશે–એ વાત આ ક્રમબદ્ધપર્યાયમાં કયાં આવી ?

ઉત્તરઃ– ક્રમબદ્ધપર્યાયમાં જે સમયના જે પરિણામ છે તે સત્ છે, અને તે પરિણામનું સ્વરૂપ કેવું હોય તે પણ તેમાં ભેગું જ આવી જાય છે. 'હું જ્ઞાયક છું,' તો મારા જ્ઞેયપણે સમસ્ત પદાર્થોના ત્રણે કાળના પરિણામ ક્રમબદ્ધ સત્ છે–એવો નિર્ણય તેમાં થઈ જાય છે. જો આમ ન માને તો તેણે પોતાના જ્ઞાયકસ્વભાવના પૂરા સામર્થ્યને જ નથી માન્યું. હું જ્ઞાયક છું ને પદાર્થોમાં ક્રમબદ્ધપર્યાય થાય છે–એ વાત જેને નથી બેસતી તેને નિશ્ચય–વ્યવહારના કે નિમિત્ત ઉપાદાન વગેરેના બધા ઝઘડા ઊભા થાય છે, પણ જો આ નિર્ણય કરે તો બધા ઝઘડા ભાગી જાય, ને ભૂલ ભાંગીને મુક્તિ થયા વિના રહે નહિ.

### [ ૧૨૧ ] જ્યાં રુચિ ત્યાં જોર.

"નિમિત્તથી ને વ્યવહારથી તો આત્મા કર્મનો કર્તા છે ને !–એમ અજ્ઞાની જોર આપે છે; પણ ભાઈ ! તારું જોર ઊંધું છે; તું કર્મ તરફ જોર આપે છે પણ 'આત્મા અકર્તા છે–જ્ઞાન જ છે' એમ જ્ઞાયક ઉપર જોર કેમ નથી આપતો ? જેને જ્ઞાયકની રુચિ નથી ને રાગની રુચિ છે તે જ કર્મના કર્તાપણા ઉપર જોર આપે છે.

ક્રમબદ્ધપર્યાયનો યથાર્થ નિર્ણય કરનાર કાળના પ્રવાહ સામે નથી જોતો, પણ જ્ઞાયકસ્વભાવ સામે જુએ છે. કેમ કે વસ્તુની ક્રમબદ્ધપર્યાય કાંઈ કાળને લીધે થતી નથી. કાળદ્રવ્ય તો પરિણમનમાં બધાય દ્રવ્યોને એક સાથે નિમિત્ત છે, છતાં કોઈ પરમાણુ સ્કંધમાં જોડાય, તે જ વખતે બીજો તેમાંથી છૂટો પડે, એક જીવ સમ્યગ્દર્શન પામે ને બીજો જીવ તે જ વખતે કેવળજ્ઞાન પામી જાય, –એ પ્રમાણે જીવ–અજીવ દ્રવ્યોમાં પોતપોતાની યોગ્યતા પ્રમાણે ભિન્નભિન્ન અવસ્થારૂપે ક્રમબદ્ધ પરિણામ થાય છે. માટે, પોતાના જ્ઞાનપરિણામનો પ્રવાહ જ્યાંથી વહે છે–એવા જ્ઞાયકસ્વભાવ ઉપર દ્રષ્ટિ રાખીને જ ક્રમબદ્ધપર્યાયનું યથાર્થજ્ઞાન થાય છે.

### [ ૧૨૨ ] તદ્રૂપ અને કદ્રૂપ; ( જ્ઞાનીને દિવાળી, અજ્ઞાનીને હોળી. )

ક્રમબદ્ધપર્યાયપણે પરિણમતું દ્રવ્ય પોતાના પરિણામ સાથે 'તદ્રૂપ' છે; એમ ન માનતાં બીજો કર્તા માને તો તેણે દ્રવ્ય સાથે પર્યાયને તદ્રૂપ ન માની પણ પર સાથે તદ્રૂપ માની તેથી તેની માન્યતા 'કદ્રૂપ' થઈ–મિથ્યા થઈ. પર્યાયને અંતરમાં વાળીને જ્ઞાયકભાવ સાથે તદ્રૂપ કરવી જોઈએ, તેને બદલે પર સાથે તદ્રૂપ માનીને કદ્રૂપ કરી, તેણે દિવાળીને બદલે હોળી કરી. જેમ હોળીને બદલે દિવાળીના તહેવારમાં મોઢા ઉપર મસ ચોપડીને મેલું કરે તો તે મૂરખ કહેવાય. તેમ 'દિ....વાળી' એટલે પોતાની નિર્મળ સ્વપર્યાય, તેમાં પોતે તદ્રૂપ થવું જોઈએ તેને બદલે અજ્ઞાની પર સાથે પોતાને તદ્રૂપતા માનીને પોતાની પર્યાયને મલિન કરે છે એટલે તે દિ.....વાળીને બદલે પોતાના ગુણની હોળી કરે છે. ભાઈ, 'દિ' એટલે સ્વકાળની પર્યાય તેને 'વાળ' તારા આત્મામાં,–તો તારા ઘરે દિવાળીના દીવા પ્રગટે એટલે કે સમ્યગ્જ્ઞાનના દીવડા પ્રગટે ને મિથ્યાત્વની હોળી મટે. સ્વકાળની પર્યાયને અંતરમાં ન વાળતાં પર સાથે એકપણું માનીને, તે ઊંધી માન્યતામાં અજ્ઞાની પોતાના ગુણને હોમી દે છે એટલે તેને પોતાના ગુણની હોળી થાય છે–ગુણની નિર્મળદશા પ્રગટવાને બદલે મલિનદશા પ્રગટે છે; તેમાં આત્માની શોભા નથી.

સ્વભાવસન્મુખ થઈને ક્રમબદ્ધ આવેલા નિર્મળ સ્વકાળ સાથે તદ્રૂપતા ધારણ કરે તેમાં જ આત્માની શોભા ને પ્રભુતા છે. પોતપોતાની પર્યાય સાથે તદ્રૂપતા ધારણ કરે તેમાં જ દરેક દ્રવ્યની પ્રભુતા છે, જો તેની પર્યાયમાં બીજો તદ્રૂપ થઈને તેને કરે તો તેમાં દ્રવ્યની પ્રભુતા રહેતી નથી; અથવા આત્મા પોતે પર સાથે તદ્રૂપતા માનીને તેનો કર્તા થવા જાય તો તેમાં પણ પોતાની કે પરની પ્રભુતા રહેતી નથી. પરનો કર્તા થવા જાય તે પોતાની પ્રભુતાને ભૂલે છે. ક્રમબદ્ધપર્યાયનું જ્ઞાતાપણું ન માનતાં તેમાં આડુંઅવળું કરવાનું માને તો તે જીવ પોતાના જ્ઞાતાભાવ સાથે તદ્રૂપ ન રહેતાં, મિથ્યાદ્રષ્ટિ કદ્રૂપ થઈ જાય છે.

### [ ૧૨૩ ] -આ છે જૈનશાસનનો સાર !

અહો, દરેક દ્રવ્ય પોતે જ પોતાની ક્રમબદ્ધપર્યાયપણે પરિણમતું થકું, તે તે પરિણામમાં તદ્રૂપ થઈને તેને કરે છે, પણ બીજાને કરતું નથી, –આ એક સિદ્ધાંતમાં છએ દ્રવ્યોના ત્રણે કાળના પરિણમનના ઉકેલની ચાવી આવી જાય છે. હું જ્ઞાયક, ને પદાર્થોમાં સ્વતંત્ર ક્રમબદ્ધ પરિણમન–બસ ! આમાં બધો સાર આવી ગયો. પોતાના જ્ઞાયકસ્વભાવનો ને પદાર્થોના ક્રમબદ્ધપરિણામની સ્વતંત્રતાનો નિર્ણય કરીને, પોતે પોતાના જ્ઞાયકસ્વભાવમાં અભેદ થઈને પરિણમ્યો, ત્યાં પોતે જ્ઞાયક જ રહ્યો ને પરનો અકર્તા થયો, તેનું જ્ઞાન, રાગાદિથી છૂટું પડીને 'સર્વવિશુદ્ધ' થયું. આનું નામ જૈનશાસન, ને આનું નામ ધર્મ.

'યોગ્યતાને જ' કાર્યની સાક્ષાત્‌સાધક કહીને ઇષ્ટોપદેશમાં સ્વતંત્રતાનો અલૌકિક ઉપદેશ કર્યો છે. 'ઇષ્ટોપદેશ'ને 'જૈનનું ઉપનિષદ' પણ કહે છે. ખરેખર, વસ્તુની સ્વતંત્રતા બતાવીને આત્માને પોતાના જ્ઞાયક સ્વભાવ તરફ લઈ જાય–તે જ ઇષ્ટ–ઉપદેશ છે,–અને તે જ જૈનધર્મનો મર્મ છે તેથી જૈનનું ઉપનિષદ છે.

### [ ૧૨૪ ] '-વિરલા બૂઝે કોઈ !'

આ વાત સમજ્યા વગર ઉપાદાન–નિમિત્તનું પણ યથાર્થજ્ઞાન ન થાય. ઉપાદાન અને નિમિત્ત બંને ચીજો છે ખરી, તેનું જ્ઞાન કરાવવા માટે શાસ્ત્રોમાં તેનું વર્ણન કર્યું, ત્યાં અજ્ઞાની પોતાની ઊંધી દ્રષ્ટિથી ઉપાદાન–નિમિત્તના નામે ઊલટો સ્વ–પરની એકતાબુદ્ધિ પોષે છે; "જુઓ, શાસ્ત્રમાં નિમિત્ત તો કહ્યું છે ને ? બે કારણ તો કહ્યા છે ને ?"–એમ કહીને ઊલટો સ્વ–પરની એકતાબુદ્ધિ ઘૂંટે છે. પં. બનારસીદાસજી કહે છે કે–

उपादान निजगुण जहां तहां निमित्त पर होय।
भेदज्ञान परमाण विधि विरला बूझे कोय।।४।।

અર્થાત્ –જ્યાં ઉપાદાનની પોતાની નિજશક્તિથી કાર્ય થાય છે, ત્યાં બીજી ચીજ નિમિત્ત હોય છે; આમ ઉપાદાન અને નિમિત્ત બંને ચીજ તો છે, પણ ત્યાં ઉપાદાનની પોતાની યોગ્યતાથી જ કાર્ય થાય છે, ને નિમિત્ત તો તેમાં અભાવરૂપ–અકિંચિત્કર છે,–એવી ભેદજ્ઞાનની યથાર્થ વિધિ કોઈ વિરલા જ જાણે છે, એટલે કે સમકીતિ જ જાણે છે.

## [ ૧૨૫ ] અહીં સિદ્ધ કરવું છે-આત્માનું અકર્તાપણું.

અત્યાર સુધીમાં આચાર્યદેવે એ વાત સિદ્ધ કરી કે–"પ્રથમ તો જીવ ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી ઊપજતો થકો જીવ જ છે, અજીવ નથી; એવી રીતે અજીવ પણ ક્રમબદ્ધ પોતાના પરિણામોથી ઊપજતું થકું અજીવ જ છે, જીવ નથી; કારણ કે જેમ સુવર્ણને કંકણ આદિ પરિણામો સાથે તાદાત્મ્ય છે તેમ સર્વ દ્રવ્યોને પોતાના પરિણામો સાથે તાદાત્મ્ય છે."

હવે આ સિદ્ધાંત ઉપરથી જીવનું અકર્તાપણું સિદ્ધ કરવા માટે આચાર્યદેવ કહે છે કે "આમ જીવ પોતાના પરિણામોથી ઊપજતો હોવા છતાં તેને અજીવની સાથે કાર્યકારણભાવ સિદ્ધ થતો નથી;×××" કર્તા થઈને પોતાના જ્ઞાયકપરિણામપણે ઊપજતો જીવ, કર્મના બંધનનું પણ કારણ થાય–એમ બનતું નથી, એ રીતે તેનું અકર્તાપણું છે.

## [ ૧૨૬ ] 'એકનો કર્તા તે 'બે'નો કર્તા નથી. ( જ્ઞાયકના અકર્તાપણાની સિદ્ધિ. )

પ્રશ્નઃ– જો જીવ પોતાના પરિણામથી ઊપજે છે ને તેમાં તદ્રૂપ થઈને તેને કરે છે, તો એક ભેગું બીજાનું પણ કરે–તેમાં શો વાંધો ? 'એકનો ગોવાળ તે બેનો ગોવાળ' એટલે જે ગોવાળ એક ગાય ચરાવવા લઈ જાય તે ભેગો બે ગાય લઈ જાય, તો તેમાં તેને શું મહેનત ? અથવા 'એકનું રાંધવું, ભેગું બેનું રાંધવું.' તેમ કર્તા થઈને એક પોતાનું કરે તે ભેગું બીજાનું પણ કરે તો શું વાંધો ? જીવ પોતે જ્ઞાયકપણે ઊપજે પણ ખરો ને કર્મને બાંધે પણ ખરો–એમાં શું વાંધો ?

ઉત્તરઃ– દરેક દ્રવ્ય પોતાની પર્યાય સાથે તદ્રૂપ છે તેથી તેને તો કરે, પણ પર સાથે તદ્રૂપ નથી તેથી તેનો તે કર્તા નથી. પર સાથે તદ્રૂપ થાય તો જ પરને કરે, પરંતુ એમ તો કદી બની શકતું નથી. એટલે 'ગાયના ગોવાળ' વગેરે લૌકિક કહેવત અહીં લાગુ ન પડે. સ્વભાવ–સન્મુખ થઈને પોતાના જ્ઞાયકભાવપણે જે જીવ પરિણમ્યો, તે જીવ પોતાના તે જ્ઞાયકભાવ સાથે તદ્રૂપ છે, તેથી તેનો તો તે કર્તા છે, પરંતુ રાગાદિભાવો સાથે તે તદ્રૂપ નથી તેથી તે ખરેખર રાગનો પણ કર્તા નથી, એટલે કર્મના કર્તાપણાનો વ્યવહાર પણ તેને લાગુ પડતો નથી. આથી આચાર્યદેવ કહે છે કે 'જીવ પોતાના પરિણામોથી ઊપજતો હોવા છતાં તેને અજીવની સાથે કાર્યકારણભાવ સિદ્ધ થતો નથી.'

કયો જીવ ? ....કે જ્ઞાની;

કેવા પરિણામ ? ....કે જ્ઞાતાદ્રષ્ટાના નિર્મળ પરિણામ;–જ્ઞાની પોતાના જ્ઞાતાદ્રષ્ટાના નિર્મળપરિણામપણે ઊપજે છે, પણ અજીવ કર્મોના બંધનું કારણ થતો નથી; કેમકે તેને પોતાના જ્ઞાયકભાવ સાથે જ એકતા છે, રાગાદિ સાથે કે કર્મ સાથે એકતા નથી, માટે તે રાગાદિનો ને કર્મનો અકર્તા જ છે. જીવ પોતાના જ્ઞાયકપરિણામનો કર્તા થાય, ને સાથે સાથે અજીવમાં નવા કર્મો બંધાવામાં પણ નિમિત્ત થાય–એમ બનતું નથી. નવાં કર્મોમાં મુખ્યપણે અહીં મિથ્યાત્વ આદિ એકતાલિસ પ્રકૃતિની વાત લેવી છે, –તેનું બંધન જ્ઞાનીને થતું જ નથી. જ્ઞાનીને પોતાના નિર્મળ જ્ઞાનપરિણામ સાથે કાર્યકારણપણું છે, પરંતુ અજીવ સાથે કે રાગાદિ સાથે તેને કાર્યકારણપણું નથી, તેથી તે અકર્તા જ છે.

## [ ૧૨૭ ] વ્યવહાર -કયો ? અને કોને ?

પ્રશ્નઃ– આ તો નિશ્ચયની વાત થઈ, હવે વ્યવહાર સમજાવો.

ઉત્તરઃ– આ નિશ્ચયસ્વરૂપ સમજે તેને વ્યવહારની ખબર પડે. જ્ઞાતા જાગ્યો અને સ્વ–પર–પ્રકાશક શક્તિ ખીલી ત્યારે નિમિત્ત અને વ્યવહાર કેવા હોય તેને તે જાણે છે. પોતે રાગથી અધિક થઈને જ્ઞાયકપણે પરિણમતો, અસ્થિરતાનો જે રાગ છે તેને પણ જાણે છે તે જ્ઞાનીનો વ્યવહાર છે. પણ જ્યાં નિશ્ચયનું ભાન નથી, જાણનાર જાગ્યો નથી, ત્યાં વ્યવહારને જાણશે કોણ ? તે અજ્ઞાની તો રાગને જાણતાં તેમાં જ એકતા માની લ્યે છે, એટલે તેને તો રાગ તે જ નિશ્ચય થઈ ગયો, રાગથી જુદો કોઈ

રાગને જાણનાર ન રહ્યો. અહીં તો જ્ઞાતા જાગીને, જ્ઞાનની અધિકતારૂપે પરિણમતો, બાકીના અલ્પરાગને પણ જાણે તે વ્યવહાર છે. પરમાર્થજ્ઞેય તો પોતાનો જ્ઞાયકઆત્મા જ છે, ને રાગ તે જ્ઞાનીનું વ્યવહારક્ષેય છે. પણ જેને જ્ઞાયકસ્વભાવની દ્રષ્ટિ નથી, ને 'કર્મનો વ્યવહાર કર્તા તો છું ને!'–એવી દ્રષ્ટિ છે, તેને માટે આચાર્યદેવ હવે પછીની ગાથામાં કહેશે કે કર્મ સાથે કર્તાપણાનો વ્યવહાર અજ્ઞાની–મિથ્યાદ્રષ્ટિને જ લાગુ પડે છે.

## [ ૬ ]

# પ્રવચન છઠ્ઠું

[ વીર સં. ૨૪૮૦ આસો સુદ બીજ ]

**ભાઈ, પંચપરમેષ્ઠી ભગવાન જ અમારા 'પંચ' છે. જ્ઞાયકસ્વભાવ અને ક્રમબદ્ધપર્યાયનું આ જે વસ્તુસ્વરૂપ કહેવાય છે તે જ પ્રમાણે અનાદિથી પંચ પરમેષ્ઠી ભગવંતો કહેતા આવ્યા છે, અને મહાવિદેહમાં બિરાજતા સીમંધરાદિ ભગવંતો અત્યારે પણ એ જ ઉપદેશ આપી રહ્યા છે. આ સિવાય અજ્ઞાનીઓ બીજું વિપરીત માને તો ભલે માને, પણ અહીં તો પંચ પરમેષ્ઠી ભગવંતોને પંચ તરીકે રાખીને આ વાત કહેવાય છે.**

### [ ૧૨૮ ] જ્ઞાયક વસ્તુસ્વરૂપ, અને અકર્તાપણું.

આ 'સર્વવિશુદ્ધ જ્ઞાન–અધિકાર' ને 'શુદ્ધાત્મ–દ્રવ્ય–અધિકાર' પણ કહેવાય છે. જ્ઞાયકસ્વભાવી શુદ્ધ આત્મદ્રવ્યનું સ્વરૂપ શું છે તે આચાર્યદેવ ઓળખાવે છે. આત્માનો સ્વભાવ તો જ્ઞાયક છે, જાણનાર છે; તે જ્ઞાયકસ્વભાવ, નથી તો પરનો કર્તા, કે નથી રાગનો કર્તા. કર્તા થઈને પરની અવસ્થા ઉપજાવે એવું તો જ્ઞાયકનું સ્વરૂપ નથી, તેમજ રાગમાં કર્તાબુદ્ધિ પણ તેનો સ્વભાવ નથી, રાગ પણ તેના જ્ઞેયપણે જ છે. રાગમાં તન્મય થઈને નહિ, પણ રાગથી અધિક રહીને–ભિન્ન રહીને જ્ઞાયક તેને જાણે છે. આવું જ્ઞાયક–વસ્તુસ્વરૂપ સમજે તો જાણપણાના ને કર્તાપણાના બધા ગર્વ ઊડી જાય.

અહીં જીવને સમજાવવું છે કે તું જ્ઞાયક છો, પરનો અકર્તા છો. 'જ્ઞાયક' જ્ઞાતા–દ્રષ્ટા પરિણામ સિવાય બીજું શું કરે? આવા પોતાના જ્ઞાયકસ્વભાવને જાણીને, સ્વ–સન્મુખ નિર્મળ જ્ઞાનપરિણામે જે પરિણમ્યો તે જ્ઞાની એમ જાણે છે કે સમયે સમયે મારા જ્ઞાનના જે નિર્મળ ક્રમબદ્ધ પરિણામ થાય છે તેમાં જ હું તન્મય છું, રાગમાં કે પરમાં હું તન્મય નથી માટે તેનો હું અકર્તા છું.

અજીવ પણ પોતાના ક્રમબદ્ધ થતા જડ પરિણામ સાથે તન્મય છે ને બીજા સાથે તન્મય નથી, તેથી તે અજીવ પણ પરનું અકર્તા છે; પરંતુ અહીં તેની મુખ્યતા નથી અહીં તો જીવનું અકર્તાપણું સિદ્ધ કરવું છે; જીવને આ વાત સમજાવવી છે.

### [ ૧૨૯ ] દ્રષ્ટિ પલટાવીને સમ્યગ્દર્શન પ્રગટ કરે તે જ આ ઉપદેશનું રહસ્ય સમજ્યો છે.

આત્માના જ્ઞાયકભાવની આ વાત છે; આ સમજે તો અપૂર્વ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થાય, તેમજ તેની સાથે અતીન્દ્રિય આનંદના અંશનું વેદન થાય. દ્રષ્ટિ પલટાવે ત્યારે જીવને આ વાત સમજાય તેવી છે. આ વસ્તુ માત્ર વાત કરવા માટે નથી, પણ સમજીને અંતરમાં દ્રષ્ટિ પલટાવવા માટે આ ઉપદેશ છે. ક્રમબદ્ધપર્યાય તો અજીવમાં પણ થાય છે, પણ તેને કાંઈ એમ નથી સમજાવવું કે તું અકર્તા છો માટે દ્રષ્ટિ પલટાવ! અહીં તો જીવને સમજાવવું છે. અજ્ઞાની જીવ પોતાના જ્ઞાયકસ્વભાવને ભૂલીને, 'હું પરનો કર્તા' એમ માની રહ્યો છે; તેને અહીં સમજાવે છે કે ભાઈ! તું તો જ્ઞાયક છો, જીવ ને અજીવ બધાય દ્રવ્યો પોતપોતાની ક્રમબદ્ધપર્યાયમાં પરિણમી રહ્યા છે, તું તેનો જ્ઞાયક છો, પણ કોઈ પરનો કર્તા તું નથી. 'હું જ્ઞાયકભાવ, પરનો

અકર્તા, મારી જ્ઞાનપર્યાયમાં ક્રમબદ્ધ પરિણમું છું'–એમ સમજીને સ્વદ્રવ્યની દ્રષ્ટિ કરતાં સમ્યગ્દર્શન થાય છે. દ્રષ્ટિની દિશા સ્વ તરફ વાળે ત્યારે જ ક્રમબદ્ધપર્યાયનો યથાર્થ નિર્ણય થાય છે, ને તેને પોતામાં નિર્મળપર્યાયનો ક્રમ શરૂ થઈ જાય છે. 'મારી બધી પર્યાયો ક્રમબદ્ધ–ક્રમસર થાય છે' એમ નિર્ણય કરવા જતાં, તે પર્યાયોપણે પરિણમનારા એવા જ્ઞાયકદ્રવ્ય તરફ દ્રષ્ટિ જાય છે. મારું ક્રમબદ્ધપરિણમન મારામાં, ને પરનું ક્રમબદ્ધપરિણમન પરમાં, પરના ક્રમમાં હું નહિ, ને મારા ક્રમમાં પર નહિ,–આવું યથાર્થ ભેદજ્ઞાન કરતાં, 'હું પરનું કાંઈ કરું' એવી દ્રષ્ટિ છૂટી જાય છે, ને જ્ઞાયકસ્વભાવસન્મુખ દ્રષ્ટિ થાય છે. તે સ્વસન્મુખદ્રષ્ટિનું પરિણમન થતાં જ્ઞાન, આનંદ, વીર્ય વગેરે બધા ગુણોમાં પણ સ્વાશ્રયે અંશે નિર્મળ પરિણમન થયું.

### [ ૧૩૦ ] જૈનધર્મની મૂળ વાત.

પંડિત કે ત્યાગી નામ ધરાવનારા કેટલાકને તો હજી 'સર્વજ્ઞ'ની તેમજ 'ક્રમબદ્ધપર્યાય'ની પણ શ્રદ્ધા નથી. પરંતુ આ તો જૈનધર્મની મૂળ વાત છે, આનો નિર્ણય કર્યા વગર સાચું જૈનપણું હોય જ નહિ. જો કેવળજ્ઞાન ત્રણકાળની સમસ્તપર્યાયોને ન જાણે તો તે કેવળજ્ઞાન શેનું? અને જો પદાર્થોની ત્રણેકાળની બધી પર્યાયો વ્યવસ્થિત–ક્રમબદ્ધ જ ન હોય તો કેવળીભગવાને જોયું શું?

### [ ૧૩૧ ] 'सर्व भावांतरच्छिदे'

સમયસારનું માંગલિક કરતાં પહેલા જ કલશમાં આચાર્યદેવે કહ્યું કે–

नमः समयसाराय, स्वानुभूत्या चकासते।
चित्स्वभावाय भावाय, सर्वभावांतरच्छिदे।।१।।

'સમયસાર'ને એટલે કે શુદ્ધ આત્માને નમસ્કાર કરતાં આચાર્યદેવ કહે છે કે હું સાધક છું તેથી મારું પરિણમન અંતરમાં નમે છે, હું શુદ્ધાત્મામાં પરિણમું છું. –કેવો છે શુદ્ધાત્મા? પ્રથમ તો સ્વાનુભૂતિથી પ્રકાશમાન છે એટલે સ્વસન્મુખ જ્ઞાનક્રિયા વડે જ તે પ્રકાશમાન છે, રાગવડે કે વ્યવહારના અવલંબન વડે તે પ્રકાશતો નથી. વળી કહ્યું કે તે જ્ઞાનસ્વભાવરૂપ વસ્તુ છે, ને પોતાથી અન્ય સમસ્ત ભાવોને પણ જાણનાર છે. આ રીતે, જીવનો જ્ઞાનસ્વભાવ છે ને તે ત્રણેકાળની ક્રમબદ્ધપર્યાયોને જાણે છે–એ વાત પણ તેમાં આવી ગઈ.

### [ ૧૩૨ ] જ્ઞાનમાં પરને જાણવાની શક્તિ છે તે કાંઈ અભૂતાર્થ નથી.

પ્રશ્નઃ– જીવનો જ્ઞાનસ્વભાવ છે, ને કેવળજ્ઞાન થતાં તે બધા પદાર્થોની ત્રણેકાળની ક્રમબદ્ધ પર્યાયોને જાણે છે–એમ આપ કહો છો, પણ નિયમસારની ગા. ૧૫૯ તથા ૧૬૬ માં કહ્યું છે કે કેવળી ભગવાન નિશ્ચયથી સ્વને જાણે–દેખે છે, અને લોકાલોકને તો વ્યવહારથી જાણે–દેખે છે; તથા સમયસારની ગા. ૧૧ માં વ્યવહારને અભૂતાર્થ કહ્યો છે. માટે 'સર્વજ્ઞ ભગવાને ત્રણકાળની બધી પર્યાયો જાણી છે ને તે પ્રમાણે જ પદાર્થોમાં ક્રમબદ્ધ પરિણમન થાય છે' એ વાત બરાબર નથી! (–આવો પ્રશ્ન છે.)

ઉત્તરઃ– ભાઈ, તને સર્વજ્ઞની પણ શ્રદ્ધા ન રહી? શાસ્ત્રોની ઓથે તું તારી ઊંધી દ્રષ્ટિને પોષવા માંગે છે, પણ તને સર્વજ્ઞની શ્રદ્ધા વગર, શાસ્ત્રના એક અક્ષરનો પણ સવળો અર્થ નહિ સમજાય. જ્ઞાન પરને વ્યવહારે જાણે છે–એમ કહ્યું, ત્યાં જ્ઞાનમાં જાણવાની શક્તિ કાંઈ વ્યવહારથી નથી, જાણવાની શક્તિ તો નિશ્ચયથી છે, પણ પર સાથે એકમેક થઈને–અથવા તો પરની સન્મુખ થઈને કેવળજ્ઞાન તેને નથી જાણતું તેથી વ્યવહાર કહ્યો છે. સ્વને જાણતાં પોતામાં એકમેક થઈને જાણે છે. તેથી સ્વપ્રકાશકપણાને નિશ્ચય કહ્યો, ને પરમાં એકમેક નથી થતું માટે પરપ્રકાશને વ્યવહાર કહ્યો છે. પણ જ્ઞાનમાં સ્વ–પરપ્રકાશક શક્તિ છે તે તો નિશ્ચયથી જ છે, તે કાંઈ વ્યવહાર નથી. 'सर्व भावांतरच्छिदे'–એમ કહ્યું તેમાં શું બાકી રહી ગયું? –તે કાંઈ વ્યવહારથી નથી કહ્યું. વળી ૧૬૦ મી ગાથામાં 'सो सव्वणाणदरिसी××× અર્થાત્ આત્મા પોતે જ જ્ઞાન હોવાને લીધે વિશ્વને (સર્વ પદાર્થોને) સામાન્ય–વિશેષ પણે જાણવાના સ્વભાવવાળો છે'–એમ કહ્યું, તે કાંઈ વ્યવહારથી નથી કહ્યું પરંતુ નિશ્ચયથી એમ જ છે. જ્ઞાનમાં સ્વ–પરને જાણવાની શક્તિ છે તે કાંઈ વ્યવહાર કે અભૂતાર્થ નથી. અરે! સ્વછંદે કહેલી પોતાની વાતને સિદ્ધ કરવા, જ્ઞાનસ્વભાવના સામર્થ્યને પણ અભૂતાર્થ કહીને ઊડાડે, અને વળી કુંદકુંદભગવાન જેવા આચાર્યોના નામે તે વાત કરે–એ તો મૂઢ જીવોનો મોટો ગજબ છે!

અને તેઓની એવી વાતને જે સ્વીકારે છે તેને પણ ખરેખર સર્વજ્ઞદેવની શ્રદ્ધા નથી.

### [ ૧૩૩ ] સર્વજ્ઞ-સ્વભાવનો નિર્ણય કરે તેને પુરુષાર્થની શંકા રહેતી નથી.

હવે, ઘણા જીવો ઓઘે ઓઘે ( -નિર્ણયવગર ) સર્વજ્ઞને માનતા હોય, તેને એમ પ્રશ્ન થાય છે કે: જો સર્વજ્ઞ ભગવાને જોયું તે પ્રમાણે જ ક્રમબદ્ધપર્યાય થાય ને તે ક્રમમાં ફેરફાર ન થાય,-તો પછી જીવને પુરુષાર્થ કરવાનું ક્યાં રહ્યું ? તો તેને કહે છે કે હે ભાઈ ! તેં તારા જ્ઞાન-સ્વભાવનો નિર્ણય કર્યો છે ? -સર્વજ્ઞનો નિર્ણય કર્યો છે ? તું તારા જ્ઞાનસ્વભાવનો ને સર્વજ્ઞનો નિર્ણય કર તો તને ખબર પડશે કે ક્રમબદ્ધપર્યાયમાં પુરુષાર્થ કઈ રીતે આવે છે ? પુરુષાર્થનું યથાર્થ સ્વરૂપ જ હજી લોકોના સમજવામાં નથી આવ્યું. અનાદિથી પરમાં ને રાગમાં જ હું-પણું માનીને મિથ્યાત્વના અનંત દુઃખનો અનુભવ કરી રહ્યો છે, તેને બદલે જ્ઞાયકસ્વભાવનો નિર્ણય થતાં તે ઊંધી માન્યતા છૂટી ને જ્ઞાયકભાવ તરફ દ્રષ્ટિ વળી, ત્યાં અપૂર્વ અતીંદ્રિયઆનંદના અંશનો અનુભવ થાય છે,-એમાં જ અપૂર્વ પુરુષાર્થ આવી જાય છે. જ્ઞાયકસ્વભાવને દ્રષ્ટિમાં લઈને તેનો અનુભવ કરતાં પુરુષાર્થ, જ્ઞાન, શ્રદ્ધા, આનંદ, ચારિત્ર-એ બધા ગુણોનું પરિણમન સ્વ તરફ વળ્યું છે. સ્વસન્મુખ થઈને જ્ઞાનસ્વભાવનો નિર્ણય કર્યો તેમાં કેવળજ્ઞાનનો નિર્ણય, ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય, ભેદજ્ઞાન, સમ્યગ્દર્શન, પુરુષાર્થ, મોક્ષમાર્ગ-એ બધું એક સાથે આવી ગયું છે.

* * *

### [ ૧૩૪ ] નિર્મળ ક્રમબદ્ધપર્યાય ક્યારે શરૂ થાય ?

બધાય દ્રવ્યો પોતપોતાની ક્રમબદ્ધપર્યાયપણે ઊપજે છે, અને તેમાં તે તદ્રૂપ છે;-જીવ પોતાની પર્યાયથી ઊપજતો હોવા છતાં તે અજીવને ઉપજાવતો નથી, એટલે અજીવ સાથે તેને કાર્યકારણપણું નથી. આમ હોવા છતાં, અજ્ઞાની પોતાની દ્રષ્ટિ પોતાના જ્ઞાયકસ્વભાવ તરફ ન ફેરવતાં, 'હું પરને કરું' એવી દ્રષ્ટિથી અજ્ઞાનપણે પરિણમે છે, અને તેથી તે મિથ્યાત્વાદિકર્મોનો નિમિત્ત થાય છે. ક્રમબદ્ધ તો ક્રમબદ્ધ જ છે, પણ અજ્ઞાની પોતાના જ્ઞાયકસ્વભાવનો નિર્ણય નથી કરતો તેથી તેને ક્રમબદ્ધપર્યાય શુદ્ધ ન થતાં વિકારી થાય છે. જો જ્ઞાયકસ્વભાવનો નિર્ણય કરે તો દ્રષ્ટિ પલટાઈ જાય ને મોક્ષમાર્ગની નિર્મળ ક્રમબદ્ધપર્યાય શરૂ થઈ જાય.

### [ ૧૩૫ ] 'માત્ર દ્રષ્ટિકી ભૂલ હૈ.'

ચૈતન્યમૂર્તિ આત્મા જ્ઞાનસ્વભાવ છે, તે સ્વ-પરનો પ્રકાશક છે એટલે પદાર્થો જેમ છે તેમ તેને જાણનાર છે, પણ કોઈને આઘુંપાછું ફેરવનાર નથી. ભાઈ ! જગતના બધા પદાર્થોમાં જે પદાર્થની જે સમયે જે અવસ્થા થવાની છે તે થવાની જ છે, કોઈ પરદ્રવ્યની અવસ્થામાં ફેરફાર કરવા તું સમર્થ નથી; -તો હવે તારે શું કરવાનું રહ્યું ? પોતાના જ્ઞાયકસ્વભાવને ચૂકીને, 'હું પરનો કર્તા' એવી દ્રષ્ટિમાં અટક્યો છે તેની ગૂલાંટ મારીને જ્ઞાનસ્વભાવ તરફ તારી દ્રષ્ટિ ફેરવ ! જ્ઞાયક તરફ દ્રષ્ટિ કરતાં ક્રમબદ્ધપર્યાયનો જ્ઞાતા રહી જાય છે, તે જ્ઞાતા પોતાના નિર્મળજ્ઞાનાદિ પરિણામનો તો કર્તા છે, પણ રાગાદિનો કે કર્મનો કર્તા તે નથી. આવા જ્ઞાતાસ્વભાવને જે ન માને અને પરનો કર્તા થઈને તેની ક્રમબદ્ધપર્યાય ફેરવવા જાવ, તો તે જીવને સર્વજ્ઞની પણ ખરી શ્રદ્ધા નથી. જેમ સર્વજ્ઞભગવાન જ્ઞાતાદ્રષ્ટાપણાનું જ કાર્ય કરે છે, કોઈના પરિણમનને ફેરવતા નથી, તેમ આ આત્માનો સ્વભાવ પણ જ્ઞાતાદ્રષ્ટાપણાનું કાર્ય કરવાનો જ છે.

પુણ્ય-પાપ અધિકારની ૧૬૦મી ગાથામાં આચાર્યદેવ કહે છે કે-

सो सव्वणाणदरिसी कम्मरएण णियेणवच्छण्णो।
संसारसमावण्णो ण विजाणदि सव्वदो सव्वं।।

**તે સર્વજ્ઞાની-દર્શી પણ નિજકર્મરજ-આચ્છાદને,**
**સંસારપ્રાપ્ત ન જાણતો તે સર્વ રીતે સર્વને.**

જ્ઞાનસ્વરૂપી આત્મા તો સર્વનો જ્ઞાયક તથા દર્શક છે; પણ પોતાના જ્ઞાનસ્વભાવની સન્મુખ થઈને તેની પ્રતીત કરતો નથી તેથી જ તે અજ્ઞાનપણે વર્તે છે. સર્વને જાણનારો જે પોતાનો સર્વજ્ઞસ્વભાવ એટલે કે જ્ઞાયકસ્વભાવ, તેને પોતે જાણતો નથી તેથી જ્ઞાતાદ્રષ્ટાપણાનું પરિણમન ન થતાં અજ્ઞાનને લીધે વિકારનું પરિણમન થાય છે. જ્ઞાનસ્વભાવની પ્રતીત પછી જ્ઞાનીને અસ્થિરતાના કારણે અમુક રાગાદિ થાય ને જ્ઞાનનું પરિણમન ઓછું હોય-તેની અહીં મુખ્યતા નથી, કેમકે જ્ઞાનીને જ્ઞાતાદ્રષ્ટાપણાની જ મુખ્યતા છે, જ્ઞાતાદ્રષ્ટિના પરિણમનમાં રાગનું કર્તાપણું નથી.

### [ ૧૩૬ ] 'પુરુષાર્થ' ઊડે નહિ....ને....'ક્રમ' પણ તૂટે નહિ.

પોતાની ક્રમબદ્ધપર્યાયમાં જ્ઞાતાપણાનું કાર્ય કરતો જીવ બીજાનું પણ કાર્ય કરે એમ બનતું નથી, આ રીતે જ્ઞાયક જીવ અકર્તા છે. જડ કે ચેતન, જ્ઞાની કે અજ્ઞાની, બધાય પોતપોતાની ક્રમબદ્ધપર્યાયપણે ઊપજે છે.

**જ્ઞાયકસ્વભાવના આશ્રયે પુરુષાર્થ થાય, છતાં પર્યાયનો ક્રમ તૂટે નહિ,**
**જ્ઞાયકસ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શન થાય, છતાં પર્યાયનો ક્રમ તૂટે નહિ,**
**જ્ઞાયકસ્વભાવના આશ્રયે ચારિત્રદશા થાય, છતાં પર્યાયનો ક્રમ તૂટે નહિ,**
**જ્ઞાયકસ્વભાવના આશ્રયે આનંદ પ્રગટે, છતાં પર્યાયનો ક્રમ તૂટે નહિ,**

જ્ઞાયકસ્વભાવના આશ્રયે કેવળજ્ઞાન થાય, છતાં પર્યાયનો ક્રમ તૂટે નહિ; જુઓ, આ વસ્તુસ્થિતિ! પુરુષાર્થ ઊડે નહિ ને ક્રમ પણ તૂટે નહિ. જ્ઞાયકસ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર વગેરેનો પુરુષાર્થ થાય છે, અને તેવી નિર્મળદશાઓ થતી જાય છે, છતાં પણ પર્યાયનું ક્રમબદ્ધપણું તૂટતું નથી.

### [ ૧૩૭ ] અજ્ઞાનીએ શું કરવું?

પ્રશ્નઃ– અમે તો અજ્ઞાની છીએ, અમારે શું કરવું? શું ક્રમબદ્ધ માનીને બેસી રહેવું?

ઉત્તરઃ– ભાઈ! અજ્ઞાનીએ પોતાના જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરવો. સ્વસન્મુખ પુરુષાર્થ વડે જ્યાં જ્ઞાનસ્વભાવનો નિર્ણય કર્યો ત્યાં ક્રમબદ્ધનો પણ નિર્ણય થયો અને પોતાની ક્રમબદ્ધપર્યાયમાં જે નિર્મળપર્યાયનો ક્રમ હતો તે જ પર્યાય આવીને ઊભી રહી. સ્વસન્મુખ પુરુષાર્થ વગરની તો ક્રમબદ્ધની માન્યતા પણ સાચી નથી. જ્ઞાનસ્વભાવનો આશ્રય કરીને પરિણમતાં, જો કે પર્યાયનો ક્રમ આઘોપાછો થતો નથી તો પણ, સમ્યગ્દર્શન વગેરેનું પરિણમન થઈ જાય છે, ને અજ્ઞાનદશા છૂટી જાય છે. માટે, 'અજ્ઞાનીએ શું કરવું' એનો ઉત્તર આ છે કે પોતાના જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરીને અજ્ઞાન ટાળવું. પ્રશ્નમાં એમ હતું કે "શું અમારે બેસી રહેવું?"–પણ ભાઈ! બેસી રહેવાની વ્યાખ્યા શું? આ જડ શરીર બેસી રહે–તેની સાથે કાંઈ ધર્મનો સંબંધ નથી. અજ્ઞાની અનાદિથી રાગ સાથે એકતાબુદ્ધિ કરીને તે રાગમાં જ બેઠો છે–રાગમાં જ સ્થિત છે, તેને બદલે જ્ઞાયકસ્વભાવમાં એકતા કરીને તેમાં બેસે–એટલે કે એકાગ્ર થાય તો અજ્ઞાન ટળે ને સમ્યગ્દર્શનાદિ શુદ્ધતાનો અપૂર્વ ક્રમ શરૂ થાય.–આનું નામ ધર્મ છે.

### [ ૧૩૮ ] એક વગરનું બધુંય ખોટું.

હું જ્ઞાતા જ છું ને પદાર્થો ક્રમબદ્ધ પરિણમનારા છે એમ જે નથી માનતો, તે કેવળીભગવાનને નથી માનતો, આત્માના જ્ઞાનસ્વભાવને પણ નથી માનતો, પંચ પરમેષ્ઠી ભગવંતોને કે શાસ્ત્રને પણ તે નથી માનતો, જીવ–અજીવની સ્વતંત્રતાને કે સાત તત્ત્વોને પણ તે નથી જાણતો, મોક્ષમાર્ગના પુરુષાર્થને પણ તે નથી જાણતો, દ્રવ્ય–ગુણ–પર્યાયનું ઉપાદાન–નિમિત્તનું કે નિશ્ચય–વ્યવહારનું યથાર્થ સ્વરૂપ પણ તે નથી જાણતો. જ્ઞાનસ્વભાવનો નિર્ણય જેણે ન કર્યો તેનું કાંઈ પણ સાચું નથી. જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરે તો તેમાં બધા પડખાંનો નિર્ણય આવી જાય છે.

### [ ૧૩૯ ] પંચ તરીકે પરમેષ્ઠી, અને તેનો ફેંસલો.

પ્રશ્નઃ– આ સંબંધમાં અત્યારે બહુ ઝઘડા (મતભેદ) ચાલે છે, માટે આમાં 'પંચ'ને વચ્ચે નાંખીને કાંઈક નીવેડો લાવો ને?

ઉત્તરઃ– ભાઈ, પંચપરમેષ્ઠીભગવાન જ અમારા 'પંચ' છે. જ્ઞાયકસ્વભાવ અને ક્રમબદ્ધપર્યાયનું આ જે વસ્તુ–સ્વરૂપ કહેવાય છે તે જ પ્રમાણે અનાદિથી પંચપરમેષ્ઠી ભગવંતો કહેતા આવ્યા છે, અને મહાવિદેહમાં બિરાજતા સીમંધરાદિ ભગવંતો અત્યારે પણ એ જ ઉપદેશ આપી રહ્યા છે. આ સિવાય અજ્ઞાનીઓ બીજું વિપરીત માને તો ભલે માને, પણ અહીં તો પંચપરમેષ્ઠી ભગવંતોને પંચ તરીકે રાખીને આ વાત કહેવાય છે. પંચપરમેષ્ઠી ભગવંતો આ જ પ્રમાણે માનતા આવ્યા છે ને આજ પ્રમાણે કહેતા આવ્યા છે. જેને પંચપરમેષ્ઠી પદમાં ભળવું હોય તેણે પણ આ જ પ્રમાણે માન્યે છૂટકો છે.

જુઓ, આ પંચનો ફેંસલો!

હે ભાઈ! પંચપરમેષ્ઠી ભગવંતોમાં અરિહંત અને સિદ્ધ ભગવંતો સર્વજ્ઞ છે–ત્રણકાળ ત્રણલોકને પ્રત્યક્ષ જાણનારા છે,–એ સર્વજ્ઞતાને તું માને છે કે નથી માનતો?

–જો તું એ સર્વજ્ઞતાને ખરેખર માનતો હો તો તેમાં ક્રમબદ્ધપર્યાયનો પણ સ્વીકાર થઈ જ ગયો.



–અને જો તું સર્વજ્ઞતાને ન માનતો હો તો તેં 'પંચ'ને (–પંચપરમેષ્ઠી ભગવંતોને) જ ખરેખર માન્યા નથી.

'णमो अरिहंताणं ने णमो सिद्धाणं' એમ દરરોજ બોલે, પણ અરિહંત અને સિદ્ધ–ભગવાન કેવળજ્ઞાન સહિત છે,–તેઓ ત્રણકાળ ત્રણલોકને જાણે છે અને તે જ પ્રમાણે થાય છે–એમ માને તો તેમાં ક્રમબદ્ધપર્યાયનો સ્વીકાર આવી જ જાય છે. આત્માની સંપૂર્ણ જ્ઞાનશક્તિને અને ક્રમબદ્ધપર્યાયને જે નથી માનતો તે પંચપરમેષ્ઠી ભગવંતોને પણ યથાર્થ સ્વરૂપે નથી માનતો. માટે જેણે ખરેખર પંચપરમેષ્ઠી ભગવંતોને ઓળખવા હોય તેણે બરાબર નિર્ણય કરીને આ વાત માનવી.

–આવો પંચનો ફેંસલો છે.

## [ ૧૪૦ ] જીવના અકર્તાપણાની ન્યાયથી સિદ્ધિ.

જ્ઞાયક આત્મા કર્મનો અકર્તા છે–એમ અહીં આચાર્યદેવ ન્યાયથી સિદ્ધ કરે છેઃ

(૧) પ્રથમ તો જીવ ને અજીવ બધાંય દ્રવ્યો પોતપોતાની ક્રમબદ્ધપર્યાયપણે ઊપજે છે;

(૨) જે પર્યાય થાય છે તેમાં તે તદ્રૂપ છે;

(૩) જીવ પોતાનાં પરિણામપણે ઊપજતો હોવા છતાં, તે પરને (–કર્મને) ઉપજાવતો નથી, એટલે તેને પરની સાથે ઉત્પાદ્ય–ઉત્પાદક ભાવ નથી;

(૪) ઉત્પાદ્ય–ઉત્પાદકભાવ વગર કાર્ય–કારણપણું હોતું નથી, એટલે જીવ કારણ થઈને કર્મને ઉપજાવે એમ બનતું નથી; અને–

(૫) કારણ–કાર્યભાવ વગર જીવને અજીવ સાથે કર્તાકર્મપણું સિદ્ધ થઈ શકતું નથી, અર્થાત્ જ્ઞાયક–ભાવપણે ઊપજતો જીવ કર્તા થઈને, મિથ્યાત્વાદિ અજીવકર્મને ઉપજાવે, એમ કોઈ રીતે સિદ્ધ થતું નથી. –માટે જ્ઞાયકભાવની ક્રમબદ્ધપર્યાયપણે પરિણમતો જ્ઞાની કર્મનો અકર્તા જ છે. ભાઈ! તું તો જ્ઞાનસ્વભાવ! તું તારા જ્ઞાતાદ્રષ્ટાભાવપણે પરિણમીને, તે પરિણામમાં તદ્રૂપ થઈને તેને કર, પણ જડકર્મનો તું કર્તા થા–એવો તારો સ્વભાવ નથી. અહો!.....હું.....જ્ઞા.....ય.....ક.....છું.....એમ.....અં.....ત.....ર્.....મુ.....ખ થ.....ઈ.....ને સ.....મ.....જે તો.....જી.....વ.....ને.....કે.....ટ.....લી.....શાં.....તિ.....થ.....ઈ.....જા.....ય!.....

## [ ૧૪૧ ] અજીવમાં પણ અકર્તાપણું.

અહીં જીવનું અકર્તાપણું સમજાવવા માટે આચાર્યદેવે જે ન્યાય આપ્યો છે તે બધા દ્રવ્યોમાં લાગુ પડે છે. અજીવમાં પણ એક અજીવ તે બીજા અજીવનું અકર્તા છે. જેમકે–પાણી ઊનું થયું ત્યાં અગ્નિ તેનો અકર્તા છે, તે નીચે પ્રમાણે–

(૧) અગ્નિ અને પાણી બંને પદાર્થો પોતપોતાની ક્રમબદ્ધપર્યાયપણે ઊપજે છે;

(૨) પોતપોતાની જે પર્યાય થાય છે તેમાં તે તદ્રૂપ છે;

(૩) અગ્નિ પોતાનાં પરિણામપણે ઊપજતો હોવા છતાં, તે પાણીની ઉષ્ણ અવસ્થાને ઉપજાવતો નથી; એટલે તેને પાણીની સાથે ઉત્પાદ્ય–ઉત્પાદકભાવ નથી;

(૪) ઉત્પાદ્ય–ઉત્પાદકભાવ વગર કાર્ય–કારણપણું હોતું નથી, એટલે અગ્નિ કારણ થઈને પાણીની ઉષ્ણ અવસ્થાને ઉપજાવે –એમ બનતું નથી; અને–

(૫) કારણ–કાર્યભાવ વગર અગ્નિને પાણી સાથે કર્તાકર્મપણું સિદ્ધ થઈ શકતું નથી.

–માટે અગ્નિ પાણીની અકર્તા જ છે. અગ્નિ અગ્નિની પર્યાયમાં તદ્રૂપ છે, ને ઉષ્ણ પાણીની અવસ્થામાં તે પાણી જ તદ્રૂપ છે. એ જ પ્રમાણે કુંભાર અને ઘડો, વગેરે જગતના બધા પદાર્થોમાં પણ ઉપર મુજબ પાંચ બોલ લાગુ પાડીને એકબીજાનું અકર્તાપણું સમજી લેવું.

[ નોંધ : અહીં જે અગ્નિ અને પાણીનું દ્રષ્ટાંત આપ્યું છે, તે દ્રષ્ટાંત જીવનું અકર્તાપણું સિદ્ધ કરવા માટે નથી આપ્યું, પણ અજીવનું પરસ્પર અકર્તાપણું સિદ્ધ કરવા માટે તે દ્રષ્ટાંત છે,–એ વાત લક્ષમાં રાખવી. ]

### [ ૧૪૨ ] "–નિમિત્તકર્તા તો ખરો ને ?"

પ્રશ્નઃ– જીવ કર્તા છે કે નથી ?

ઉત્તરઃ– હા; જીવ કર્તા ખરો, પણ શેનો ? કે–પોતાના જ્ઞાયક પરિણામનો;–પુદ્ગલકર્મનો નહીં.

પ્રશ્નઃ– પુદ્ગલકર્મનો નિમિત્ત કર્તા તો ખરો કે નહિ ?

ઉત્તરઃ– ના; જ્ઞાયકભાવપણે પરિણમતો જીવ મિથ્યાત્વાદિ પુદ્ગલકર્મનો નિમિત્તકર્તા પણ નથી. કર્મના નિમિત્ત થવા ઉપર જેની દ્રષ્ટિ છે તે જીવને જ્ઞાયકભાવનું પરિણમન નથી પણ અજ્ઞાનભાવનું પરિણમન છે. અજ્ઞાન ભાવને લીધે જ તે પુદ્ગલકર્મનો નિમિત્તકર્તા થાય છે, અને તે સંસારનું જ કારણ છે.–આ વાત આચાર્યદેવે હવે પછીની ગાથાઓમાં બહુ સરસ સમજાવી છે.

### [ ૧૪૩ ] જ્ઞાતાનું કાર્ય.

જ્ઞાનસ્વભાવી જીવ કર્તા થઈને કોઈની પર્યાયને આઘીપાછી પલટાવે એમ નથી. પોતે પોતાના જ્ઞાતાપરિણામે ઊપજતો થકો ક્રમબદ્ધપર્યાયનો જ્ઞાતા છે, જ્ઞાતાપરિણામ તે જ જ્ઞાનીનું કાર્ય છે. જેમ ઈશ્વર જગતના કર્તા–એ વાત ખોટી છે, તેમ જીવ પરનો કર્તા એ વાત પણ ખોટી છે. જ્ઞાયકમૂર્તિ આત્મા સ્વ–પર પ્રકાશક છે, ખરેખર જ્ઞાયક તો શુભ–અશુભ ભાવોનો પણ જાણનાર જ છે; તેમાં એકતાપણે નહિ પરિણમતો હોવાથી, પણ ભિન્નપણે જ્ઞાનભાવે પરિણમતો હોવાથી, તે રાગનો કર્તા નથી. રાગને જ્ઞાન સાથે ભેળવીને જે તેનો કર્તા થાય છે, તેની દ્રષ્ટિ 'જ્ઞાયક' ઉપર નથી પણ વિકાર ઉપર છે, એટલે તે મિથ્યાદ્રષ્ટિ છે. શુભભાવ થાય, ત્યાં 'અશુભ થવાના હતા પણ જ્ઞાને તેને પલટીને આ શુભ કર્યા' એમ જે માને છે, તેનું વલણ પણ વિકાર તરફ જ છે, જ્ઞાયક ઉપર તેનું વલણ નથી. જ્ઞાતા તો જ્ઞાયકસ્વભાવની સન્મુખ થઈને, પોતાના જ્ઞાતાભાવે જ પરિણમતો, તે તે સમયના રાગને પણ જ્ઞાનનું વ્યવહારજ્ઞેય બનાવે છે, પણ તેને જ્ઞાનનું કાર્ય નથી માનતો. તે સમયે જે જ્ઞાનપરિણમન થયું (–તે જ્ઞાનપરિણમનની સાથે સમ્યક્શ્રદ્ધા, આનંદ, પુરુષાર્થ વગેરેનું પરિણમન પણ ભેગું જ છે) તે જ જ્ઞાતાનું કાર્ય છે. આ રીતે જ્ઞાની પોતાના નિર્મળ જ્ઞાન–આનંદ વગેરે પરિણામોનો કર્તા છે, પણ રાગનો કે પરનો કર્તા નથી.

### [ ૧૪૪ ] 'અકાર્યકારણશક્તિ' અને પર્યાયમાં તેનું પરિણમન.

જ્ઞાની જાણે છે કે મારામાં અકાર્યકારણશક્તિ છે; હું કારણ થઈને પરનું કાર્ય કરું, કે પર વસ્તુ કારણ થઈને મારું કાર્ય કરે–એવું પર સાથે કાર્યકારણપણું મારે નથી. અરે ! અંતરમાં જ્ઞાન કારણ થઈને રાગને કાર્યપણે ઉપજાવે, અથવા તો રાગને કારણ બનાવીને જ્ઞાન તેના કાર્યપણે ઊપજે,–એવું જ્ઞાન અને રાગને પણ કાર્યકારણપણું નથી. આવી અકાર્યકારણશક્તિ આત્મામાં છે.

પ્રશ્નઃ– અકાર્યકારણપણું તો દ્રવ્યમાં જ છે ને ?

ઉત્તરઃ– દ્રવ્યમાં અકાર્યકારણશક્તિ છે–એમ માન્યું કોણે ? –પર્યાયે. જે પર્યાયે દ્રવ્યસન્મુખ થઈને અકાર્ય–કારણશક્તિને માની, તે પર્યાય દ્રવ્યની સાથે અભેદ થઈને પોતે પણ અકાર્યકારણરૂપ થઈ ગઈ છે; એ રીતે પર્યાયમાં પણ અકાર્યકારણપણું છે. બીજી રીતે કહો તો, જ્ઞાયકસ્વભાવ તરફ વળીને જે પર્યાય અભેદ થઈ તે પર્યાયમાં રાગનું કે પરનું કર્તાપણું નથી, તે તો જ્ઞાયકભાવરૂપ જ છે.

### [ ૧૪૫ ] આત્મા પરનો ઉત્પાદક નથી.

જુઓ, ભાઈ ! જેને પોતાના આત્માનું હિત કરવાની ગરજ થઈ હોય–એવા જીવને માટે આ વાત છે. અંતરની લોકોત્તરદ્રષ્ટિની આ વાત છે, લૌકિક વાતની સાથે આ વાતનો મેળ ખાય તેમ નથી. લૌકિકમાં તો અત્યારે એવી ઝુંબેશ ચાલે છે કે "અનાજનું ઉત્પાદન વધારો ને વસ્તીનું ઉત્પાદન ઘટાડો." અહીં તો લોકોત્તરદ્રષ્ટિની વાત છે કે ભાઈ ! તું પરનો ઉત્પાદક નથી, તું તો જ્ઞાન છો. "અરે ! અભક્ષ્ય ચીજ ખાઈને પણ અનાજ બચાવો"–એમ કહેનાર તો અનાર્યદ્રષ્ટિવાળા છે ;–એવાની વાત તો દૂર રહી, પણ અહીં તો કહે છે કે આત્મા કર્તા થઈને પરને ઉપજાવે કે પરને ઊપજતું અટકાવે–એમ માનનાર પણ મૂઢ

મિથ્યાદૃષ્ટિ છે. જ્ઞાનીને તો અંતરમાં રાગનું પણ અકર્તાપણું છે-એ વાત તો હજી આનાથી પણ સૂક્ષ્મ છે.

[ ૧૪૬ ] 'બધા માને તો સાચું'-એ વાત ખોટી ( સાચા સાક્ષી કોણ ? )

પ્રશ્નઃ– બધાય હા પાડે તો તમારું સાચું !

ઉત્તરઃ– અરે ભાઈ ! અમારે તો પંચપરમેષ્ઠી જ પંચ છે, એટલે પંચપરમેષ્ઠી માને તે સાચું. દુનિયાના અજ્ઞાની લોકો ભલે બીજું માને.

જેવો પ્રશ્ન અહીં કર્યો તેવો જ પ્રશ્ન ભૈયા ભગવતી-દાસજીના ઉપાદાન નિમિત્તના દોહરામાં કર્યો છે; ત્યાં નિમિત્ત કહે છે કેઃ–

निमित्त कहै मोकों सबै जानत है जगलोय;
तेरो नांव न जान ही उपादाक को होय ? ।।४।।

–હે ઉપાદાન ! જગતમાં ઘરે ઘરે લોકોને પૂછીએ, તો બધા મારું જ નામ જાણે છે–અર્થાત્ નિમિત્તથી કાર્ય થાય એમ બધા માને છે, પણ ઉપાદાન શું છે તેનું તો નામ પણ જાણતા નથી.

ત્યારે તેના જવાબમાં ઉપાદાન કહે છે કે

उपादान कहे रे निमित्त ! तू कहा करै गुमान ?
मोकों जाने जीव वे जो है सम्यक्वान ।।५।।

–અરે નિમિત્ત ! તું ગુમાન શા માટે કરે છે ? જગતના અજ્ઞાની લોકો મને ભલે ન જાણે, પણ જેઓ સમ્યક્ત્વવંત જ્ઞાની જીવો છે તેઓ મને જાણે છે.

નિમિત્ત કહે છે કે જગતને પૂછીએ. ઉપાદાન કહે છે કે જ્ઞાનીને પૂછીએ.

એ જ પ્રમાણે ફરીથી નિમિત્ત કહે છે કે–

कहै जीव सब जगतके जो निमित्त सोइ होय।
उपादान की बातको पूछे नाहीं कोय।।६।।

–જેવું નિમિત્ત હોય તેવું કાર્ય થાય એમ તો જગતના બધા જીવો કહે છે, પણ ઉપાદાનની વાતને તો કોઈ પૂછતું ય નથી.

ત્યારે તેને જવાબ આપતાં ઉપાદાન કહે છે કે–

उपादान बिन निमित्त तू कर न सके इक काज।
कहा भयौ जग ना लखे जानत है जिनराज।।८।।

–અરે નિમિત્ત ! ઉપાદાન વગર એક પણ કાર્ય થઈ શકતું નથી એટલે કે ઉપાદાનથી જ કાર્ય થાય છે.– જગતના અજ્ઞાની જીવો ન જાણે તેથી શું થયું ?–જિનરાજ તો એ પ્રમાણે જાણે છે.

તેમ અહીં, 'આત્માનો જ્ઞાયકસ્વભાવ અને તેના જ્ઞેયપણે વસ્તુની ક્રમબદ્ધપર્યાયો' એ વાત દુનિયાના અજ્ઞાની જીવો ન સમજે અને તેની હા ન પાડે તેથી શું ? પરંતુ પંચપરમેષ્ઠી ભગવંતો તેની સાક્ષી છે, તેઓએ આ પ્રમાણે જ જાણ્યું છે ને આ પ્રમાણે જ કહ્યું છે; અને જે કોઈ જીવને પોતાનું હિત કરવું હોય–પંચ પરમેષ્ઠીની પંગતમાં બેસવું હોય, તેણે આ વાત સમજીને હા પાડયે જ છૂટકો છે.

[ ૧૪૭ ] 'ગોશાળાનો મત ?'-કે જૈનશાસનનો મર્મ ?

આ તો જૈનશાસનની મૂળ વાત છે. આ વાતને 'ગોશાળાનો મત' કહેનાર જૈનશાસનને જાણતો નથી. પ્રથમ તો 'ગોશાળો' હતો જ કયારે ? અને એ વાત તો અનેકવાર સ્પષ્ટ કહેવાય ગઈ છે કે જ્ઞાયકસ્વભાવ સન્મુખના પુરુષાર્થ વગર એકાંત નિયત માનનાર આ ક્રમબદ્ધપર્યાયનું રહસ્ય સમજ્યો જ નથી; સમ્યક્પુરુષાર્થ વડે જેણે જ્ઞાનસ્વભાવની પ્રતીત કરી અને જ્ઞાતા થયો તેને જ ક્રમબદ્ધપર્યાયનો યથાર્થ નિર્ણય છે, અને તેણે જ જૈનશાસનને જાણ્યું છે.

[ ૧૪૮ ] કર્તા-કર્મનું અન્યથી નિરપેક્ષપણું.

ઉત્પાદ્ય વસ્તુ પોતે જ પોતાની યોગ્યતાથી ઊપજે છે, બીજો કોઈ ઉત્પાદક નથી; વસ્તુમાં જ તેવી ક્રમબદ્ધપર્યાયપણે સ્વતઃ પરિણમવાની શક્તિ છે–તેવી અવસ્થાની યોગ્યતા છે–તેવો જ સ્વકાળ છે, તો તેમાં બીજો શું કરે ? અને જો વસ્તુમાં પોતામાં સ્વતઃ તેવી શક્તિ ન હોય–યોગ્યતા ન હોય–સ્વકાળ ન હોય તો પણ બીજો તેમાં શું કરે ?–માટે અન્યથી નિરપેક્ષપણે જ કર્તાકર્મપણું છે. પૂર્વે કર્તાકર્મ–અધિકારમાં આચાર્યદેવ એ વાત કહી ગયા છે કે "સ્વયં અપરિણમતાને પર વડે પરિણમાવી શકાય નહિ; કારણ કે વસ્તુમાં જે શક્તિ સ્વતઃ ન હોય તેને અન્ય કોઈ કરી શકે નહિ. અને સ્વયં પરિણમતાને તો પર પરિણમાવનારની અપેક્ષા ન હોય; કારણ કે વસ્તુની શક્તિઓ પરની અપેક્ષા રાખતી નથી." ( જુઓ ગાથા ૧૧૬ થી ૧૨૫ )

### [ ૧૪૯ ] સર્વત્ર ઉપાદાનનું જ બળ.

વળી પં. બનારસીદાસજી પણ કહે છે કે–

उपादान बल जहँ–तहां, नहि निमित्तको दाव।
एक चक्रसों रथ चले रविको यहै स्वभाव।।५।।

–જ્યાં જુઓ ત્યાં ઉપાદાનનું જ બળ છે, એટલે કે યોગ્યતાથી જ કાર્ય થાય છે, તેમાં નિમિત્તનો કાંઈ દાવપેચ નથી, "નિમિત્તને લીધે કાર્ય થયું" એવો નિમિત્તનો દાવ કે વારો કદી આવતો જ નથી, જ્યાં જુઓ ત્યાં ઉપાદાનનો જ દાવ છે. 'આમ કેમ?' કે ઉપાદાનની તેવી જ યોગ્યતા! 'નિમિત્તને લીધે થયું?'–કે ના.

### [ ૧૫૦ ] "-નિમિત્ત વિના......??"

પ્રશ્નઃ– નિમિત્ત કાંઈ કરે નહિ એ સાચું, પણ શું નિમિત્ત વિના થાય છે?

ઉત્તરઃ– હા, ભાઈ! ઉપાદાનના કાર્યમાં તો નિમિત્તનો અભાવ છે માટે ખરેખર નિમિત્ત વિના જ કાર્ય થાય છે. નિમિત્ત છે ખરું, પણ તે નિમિત્તમાં છે, ઉપાદાનમાં તો તેનો અભાવ જ છે, તે અપેક્ષાએ નિમિત્ત વિના જ થાય છે.

–આવી વાત આવે ત્યાં ઉપાદાન નિમિત્તનું ભેદજ્ઞાન સમજવાને બદલે કેટલાક ઊંધી દ્રષ્ટિવાળા જીવો કહે છે કે 'અરે! નિમિત્તનો નિષેધ થઈ જાય છે!' ભાઈ રે! આમાં નિમિત્તના અસ્તિત્વનો નિષેધ થતો નથી, નિમિત્ત નિમિત્ત તરીકે જેમ છે તેમ રહે છે. તું નિમિત્તને નિમિત્ત તરીકે રાખ, નિમિત્તને ઉપાદાનમાં ન ભેળવ. અજ્ઞાનીઓ નિમિત્ત–નૈમિત્તિક સંબંધને કર્તા–કર્મપણે માનીને, ઉપાદાન–નિમિત્તની એકતા કરી નાંખે છે.

"–કાર્ય થાય ઉપાદાનથી, પણ કાંઈ નિમિત્ત વિના થાય છે?

–શરીરની ક્રિયા થાય શરીરથી, પણ કાંઈ જીવ વિના થાય છે?

–વિકાર કરે જીવ પોતે, પણ કાંઈ કર્મ વિના થાય છે?

–જ્ઞાન થાય પોતાથી, પણ કાંઈ ગુરુ વિના થાય છે?

–મોક્ષ થાય જીવના ઉપાદાનથી, પણ કાંઈ મનુષ્યદેહ વિના થાય છે?"

–એમ કેટલાક દલીલ કરે છે; પણ ભાઈ! ઉપાદાનની પોતાની યોગ્યતાથી જ થાય–એમ જે ખરેખર જાણે છે તેને પર નિમિત્ત કેવું હોય તેનું પણ જ્ઞાન હોય જ છે, એટલે "નિમિત્ત વિના...." નો પ્રશ્ન તેને રહેતો નથી. તે તો જાણે છે કે ઉપાદાનથી કાર્ય થાય છે, ને ત્યાં યોગ્ય નિમિત્ત હોય જ છે,–'गतैः धर्मास्तिकायवत्।'

જે જીવ સ્વ–પર બે વસ્તુને માનતો જ નથી–નિમિત્તને જાણતો જ નથી, એવા અન્યમતિને નિમિત્તનું અસ્તિત્વ સિદ્ધ કરવા માટે "નિમિત્ત વિના ન થાય" એવી દલીલથી સમજાવવામાં આવે છે; પણ જ્યાં સ્વ–પરના ભેદજ્ઞાનની વાત ચાલતી હોય, ઉપાદાન–નિમિત્તની સ્વતંત્રતાનું વર્ણન ચાલતું હોય, ત્યાં વચ્ચે 'નિમિત્ત વિના ન થાય'–એ દલીલ મૂકવી તે તો નિમિત્તાધીન દ્રષ્ટિ જ સૂચવે છે. "નિમિત્ત હોય જ છે" પછી 'નિમિત્ત વિના ન થાય' એ દલીલનું શું કામ છે?

પ્રવચનસાર ગા. ૧૬૦ માં આચાર્યદેવ કહે છે કે ખરેખર હું શરીર, વાણી અને મનને આધારભૂત નથી, તેમનું કારણ હું નથી, તેમનો કર્તા હું નથી, તેમનો પ્રયોજક કે અનુમોદક પણ હું નથી; મારા વિના જ એટલે કે હું તે શરીરાદિનો આધાર થયા વિના, કારણ થયા વિના, કર્તા થયા વિના, પ્રયોજક કે અનુમોદક થયા વિના, તેઓ સ્વયં પોતપોતાથી જ કરાય છે, માટે હું તે શરીરાદિનો પક્ષપાત છોડીને (અર્થાત્ મારા નિમિત્ત વિના તે ન થાય–એવો પક્ષપાત છોડીને) અત્યંત મધ્યસ્થ–સાક્ષીસ્વરૂપ–જ્ઞાયક છું.

(જુઓ, પ્રવચનસાર ગા. ૧૬૦)

### [ ૧૫૧ ] આ ઉપદેશનું તાત્પર્ય અને તેનું ફળ.

અહીં આચાર્યદેવ કહે છે કે હે ભાઈ! સર્વે દ્રવ્યોને બીજાની સાથે ઉત્પાદ્ય–ઉત્પાદકભાવનો અભાવ છે, માટે તું જ્ઞાતા જ રહે. 'હું જ્ઞાન છું' એવો નિર્ણય કરીને સ્વસન્મુખ જ્ઞાતાપરિણામપણે જે ઊપજ્યો તે જીવ પોતાના સમ્યક્શ્રદ્ધા–જ્ઞાન–આનંદ વગેરે કાર્યપણે ઊપજે છે તેથી તેનો ઉત્પાદક છે, પણ કર્મ વગેરે પરનો ઉત્પાદક નથી. આમ જીવને સ્વભાવસન્મુખ દ્રષ્ટિ કરીને નિર્મળ ક્રમબદ્ધપર્યાયપણે પરિણમવા માટે આ ઉપદેશ છે. જ્ઞાયકસ્વભાવની સન્મુખ

**દૃષ્ટિ કરીને પરિણમ્યો ત્યાં-**

જ્ઞાનગુણ પોતાના નિર્મળ પરિણામ સાથે તદ્રૂપ થઈને પરિણમ્યો,

શ્રદ્ધાગુણ પોતાના સમ્યગ્દર્શન પરિણામ સાથે તદ્રૂપ થઈને પરિણમ્યો;

આનંદગુણ પોતાના આનંદપરિણામ સાથે તદ્રૂપ થઈને પરિણમ્યો;

–એ પ્રમાણે જ્ઞાયકસ્વભાવ સન્મુખ થઈને પરિણમતાં શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્ર–વીર્ય વગેરે બધા ગુણોની નિર્મળ પરિણમનધારા વધવા લાગી.–આ છે જ્ઞાયકસ્વભાવની ને ક્રમબદ્ધપર્યાયની પ્રતીતનું ફળ!

# [ ૭ ]

# પ્રવચન સાતમું

[ વીર સં. ૨૪૮૦ આસો સુદ ત્રીજ ]

**એક તરફ એકલો જ્ઞાયકસ્વભાવ, ને બીજી તરફ ક્રમબદ્ધપર્યાય,-એનો યથાર્થ નિર્ણય કરવામાં બધું આવી જાય છે, તે મૂળ વસ્તુધર્મ છે, તે કેવળી ભગવાનનું પેટ છે, સંતોનું હાર્દ છે, શાસ્ત્રોનો મર્મ છે, વિશ્વનું દર્શન છે, અને મોક્ષમાર્ગનું કર્તવ્ય કેમ થાય તેની આ રીત છે.**

**અજ્ઞાની કહે છે કે આ 'રોગચાળો' છે, ત્યારે અહીં કહે છે કે આ તો સર્વજ્ઞના હૃદયનું હાર્દ છે, જેને આ વાત બેઠી તેના હૃદયમાં સર્વજ્ઞ બેઠા,-તે અલ્પજ્ઞ હોવા છતાં 'હું સર્વજ્ઞ જેવો જ્ઞાતા જ છું, એવો તેને નિર્ણય થયો.**

### [ ૧૫૨ ] અધિકારનું નામ.

આ સર્વવિશુદ્ધજ્ઞાન–અધિકારની પહેલી ચાર ગાથાઓ વંચાય છે; સર્વવિશુદ્ધજ્ઞાન–અધિકાર કહો, જ્ઞાયકદ્રવ્યનો અધિકાર કહો, કે ક્રમબદ્ધપર્યાયનો અધિકાર કહો; જ્યાં જ્ઞાયકદ્રવ્યને પકડીને જ્ઞાન એકાગ્ર થયું ત્યાં તે જ્ઞાન સર્વવિશુદ્ધ થયું, અને તે જ્ઞાનના વિષય તરીકે બધા દ્રવ્યોની ક્રમબદ્ધપર્યાય છે તેનો પણ તેને નિર્ણય થયો.

### [ ૧૫૩ ] 'ક્રમબદ્ધ' અને 'કર્મબંધ' !

જુઓ, છ દિવસથી આ ક્રમબદ્ધપર્યાયની વાત ચાલે છે, ને આજે તો સાતમો દિવસ છે; ઘણા ઘણા પડખાંથી સ્પષ્ટીકરણ આવી ગયું છે. છતાં કેટલાકને આ વાત સમજવી કઠણ પડે છે. કોઈ તો કહે કે "महाराज! आप क्या कहते हो, 'कर्मबंध' मानना यह सम्यग्दर्शन है–ऐसा आप कहते हो?"–અરે ભાઈ! આ 'ક્રમબદ્ધ' જુદું ને 'કર્મબંધ' જુદું! બંને વચ્ચે તો મોટો ફેર છે. કર્મબંધ વગરનો જ્ઞાયકસ્વભાવ કેવો છે ને વસ્તુની પર્યાયમાં ક્રમબદ્ધપણું કઈ રીતે છે તે ઓળખે તો સમ્યગ્દર્શન થાય. આ 'ક્રમબદ્ધ' સમજે તો 'કર્મબંધ' નો નાશ થાય, અને 'ક્રમબદ્ધ' ન સમજે તેને 'કર્મબંધ' થાય.

### [ ૧૫૪ ] 'જ્ઞાયક' અને 'ક્રમબદ્ધ' બંનેનો નિર્ણય એક સાથે.

જીવમાં કે અજીવમાં સમયે સમયે જે ક્રમબદ્ધપર્યાય થવાની છે તે જ થાય છે; પહેલા થનારી પર્યાય પછી ન થાય, ને પછી થનારી પર્યાય પહેલા ન થાય. અનાદિ અનંત કાળપ્રવાહના જેટલા સમયો છે તેટલી જ દરેક દ્રવ્યની પર્યાયો છે; તેમાં જે સમયે જે પર્યાયનો નંબર ( ક્રમ ) છે તે સમયે તે જ પર્યાય થાય છે. જેમ સાત વારમાં રવિ પછી સોમ, સોમ પછી મંગળ–એમ બરાબર ક્રમબદ્ધ જ આવે છે, આડાઅવળા આવતા નથી, તેમ જ ૧ થી ૧૦૦ સુધીના નંબરમાં એક પછી બે, પચાસ પછી એકાવન, નવ્વાણું પછી સો, એમ બધા ક્રમબદ્ધ જ આવે છે, તેમ દ્રવ્યની ક્રમબદ્ધપર્યાયોમાં જે ૫૧ મી પર્યાય હોય તે ૫૦ કે ૫૨મી ન થાય, ૫૦ મી કે '૫૨' મી પર્યાય હોય તે ૫૧ મી ન થાય. એટલે કે પર્યાયના ક્રમબદ્ધપણામાં કોઈ પણ પર્યાય વચ્ચેથી ખસેડીને આઘી કે પાછી થઈ શકતી નથી. જેમ પદાર્થની પર્યાયનું આવું ક્રમબદ્ધસ્વરૂપ છે તેમ આત્માનું જ્ઞાયકસ્વરૂપ છે. હું સર્વવિશુદ્ધજ્ઞાનમાત્ર જ્ઞાયક છું, એવા જ્ઞાયકસ્વરૂપના નિર્ણય સાથે ક્રમબદ્ધપર્યાયનો પણ નિર્ણય થઈ જાય છે. આત્માનું

જ્ઞાયકસ્વરૂપ અને પર્યાયોનું ક્રમબદ્ધસ્વરૂપ, એ બેમાંથી એકને પણ ન માને તો જ્ઞાન અને જ્ઞેયનો મેળ રહેતો નથી એટલે કે સમ્યગ્જ્ઞાન થતું નથી. જ્ઞાયકસ્વભાવ અને ક્રમબદ્ધપર્યાય એ બંનેનો નિર્ણય એક સાથે જ થાય છે. –ક્યારે? કે જ્ઞાનસ્વભાવ તરફ વળે ત્યારે.

### [ ૧૫૫ ] આ વાત કોને પરિણમે?

હજી તો યથાર્થ ગુરુગમે જેણે આવી વાતનું શ્રવણ પણ કર્યું નથી તે તેનું ગ્રહણ ને ધારણ તો ક્યાંથી કરે? અને સત્યનું ગ્રહણ અને ધારણ કર્યા વગર જ્ઞાનસ્વભાવસન્મુખ થઈને તેની રુચિનું પરિણમન ક્યાંથી થાય? અહીં એમ કહેવું છે કે જે હજી તો ઊંધી વાતનું શ્રવણ અને પોષણ કરી રહ્યા છે તેને સત્ય રુચિના પરિણમનની લાયકાત નથી. જેને અંતરની ઘણી પાત્રતા અને પુરુષાર્થ હોય તેને જ આ વાત પરિણમે તેવી છે.

### [ ૧૫૬ ] ધર્મનો પુરુષાર્થ.

ઉત્પાદ–વ્યય–ધ્રુવ યુક્તં સત્, અને સત્ તે દ્રવ્યનું લક્ષણ છે; તેમાં પણ ક્રમબદ્ધપર્યાયની વાત સમાઈ જાય છે, ક્રમબદ્ધપર્યાય વગર ઉત્પાદ–વ્યય બની શકે નહિ. દરેક પર્યાયનો ઉત્પાદ પોતપોતાના કાળે એક સમય પૂરતો સત્ છે. એકલી પર્યાય ઉપર કે રાગ ઉપર દ્રષ્ટિ રાખીને આ ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય નથી થતો, પણ ધ્રુવ જ્ઞાયકસ્વભાવ ઉપર દ્રષ્ટિ રાખીને જ ક્રમબદ્ધપર્યાયનો યથાર્થ નિર્ણય થાય છે. ઘણાને એમ પ્રશ્ન થાય છે કે ક્રમબદ્ધપર્યાયમાં વળી ધર્મનો પુરુષાર્થ કરવાનું કયાં રહ્યું? તેને કહે છે કે ભાઈ! સમ્યક્શ્રદ્ધા–જ્ઞાનના અંતર્ પુરુષાર્થ વગર આ વાત નક્કી જ થતી નથી; 'હું જ્ઞાયક છું' એવી દ્રષ્ટિ વગર ક્રમબદ્ધપર્યાયનું જ્ઞાન કરશે કોણ? જ્ઞાનના નિર્ણય વિના જ્ઞેયનો નિર્ણય થતો જ નથી. જ્ઞાનના નિર્ણય સહિત ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કરે તો અનંત પદાર્થોમાં ક્યાંય ફેરફાર કરવાનો અનંતો અહંકાર ઊડી જાય, અને જ્ઞાતાપણે જ રહે.–આમાં જ મિથ્યાત્વના ને અનંતાનુબંધી કષાયના નાશનો પુરુષાર્થ આવી ગયો. આ જ ધર્મના પુરુષાર્થનું સ્વરૂપ છે, બીજો કોઈ બહારનો પુરુષાર્થ નથી.

### [ ૧૫૭ ] 'ક્રમબદ્ધ' નો નિર્ણય અને તેનું ફળ.

ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કોને થાય? અને તેનું ફળ શું?

–જેની બુદ્ધિ જ્ઞાયકભાવમાં એકાગ્ર થઈ છે, અને રાગમાં કે પરનો ફેરફાર કરવાની માન્યતામાં જેની બુદ્ધિ અટકી નથી તેને જ ક્રમબદ્ધપર્યાયનો યથાર્થ નિર્ણય થયો છે, અને તે નિર્ણયની સાથે તેને પુરુષાર્થ વગેરે પાંચે સમવાય (પૂર્વોક્ત પ્રકારે) આવી જાય છે. અને, સ્વસન્મુખ થઈને તે નિર્ણય કરતાં જ સમ્યગ્દર્શનાદિ નિર્મળ પર્યાયોનો ક્રમબદ્ધપ્રવાહ શરૂ થઈ જાય છે–એ જ તેનું ફળ છે. જ્ઞાયકસ્વભાવની દ્રષ્ટિ કહો, ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કહો, કે મોક્ષમાર્ગનો પુરુષાર્થ કહો,–ત્રણે એક સાથે જ છે; તેમાંથી એક હોય ને બીજા બે ન હોય–એમ ન બને.

દરેક પદાર્થ સત્ છે, તેનું જે અનાદિઅનંત જીવન છે તેમાં ત્રણકાળની પર્યાયો એક સાથે પ્રગટી જતી નથી પણ એક પછી એક પ્રગટે છે, અને દરેક સમયની પર્યાય વ્યવસ્થિત ક્રમબદ્ધ છે. આવા વસ્તુસ્વરૂપનો નિર્ણય કરનારને સર્વજ્ઞના કેવળજ્ઞાનનો નિર્ણય થયો અને પોતાના જ્ઞાનમાં તેવું સર્વજ્ઞતાનું સામર્થ્ય છે–એનો પણ નિર્ણય થયો. જ્ઞાન–સ્વભાવની સન્મુખતામાં આ બધાનો નિર્ણય એક સાથે થઈ જાય છે. અક્રમ એવા જ્ઞાયકસ્વભાવી દ્રવ્ય તરફ વળીને તેનો નિર્ણય કરતાં, પર્યાયના ક્રમબદ્ધપણાનો નિર્ણય પણ થઈ જાય છે, અક્રમરૂપ અખંડદ્રવ્યની દ્રષ્ટિ વગર પર્યાયના ક્રમબદ્ધપણાનું યથાર્થ જ્ઞાન થતું નથી.

ભગવાન! દ્રવ્ય ત્રિકાળી સત્ છે, ને પર્યાય એકેક સમયનું સત્ છે, તે સત્ જેમ છે તેમ જાણવાનો તારો સ્વભાવ છે, પણ તેમાં ક્યાંય આડુંઅવળું કરવાનો તારો સ્વભાવ નથી. અરે, સત્માં 'આમ કેમ?' એવો વિકલ્પ કરવાનો પણ તારો સ્વભાવ નથી. આવા સ્વભાવની પ્રતીત કરતાં મોક્ષમાર્ગની શરૂઆત થઈ જાય છે, ને તેમાં મોક્ષમાર્ગના પાંચે સમવાય એક સાથે આવી જાય છે.

### [ ૧૫૮ ] આ છે સંતોનું હાર્દ

એક તરફ એકલો જ્ઞાયકસ્વભાવ, ને બીજી તરફ ક્રમબદ્ધપર્યાય,–એનો યથાર્થ નિર્ણય કરવામાં બધું આવી જાય છે, તે મૂળ વસ્તુ ધર્મ છે, તે કેવળીભગવાનનું પેટ છે, સંતોનું હાર્દ છે, શાસ્ત્રોનો મર્મ છે, વિશ્વનું દર્શન છે, અને મોક્ષમાર્ગનું કર્તવ્ય કેમ થાય તેની આ રીત છે.

અજ્ઞાની કહે છે કે આ 'રોગચાળો' છે, ત્યારે અહીં કહે છે કે આ તો સર્વજ્ઞના હૃદયનું હાર્દ છે, જેને આ વાત બેઠી તેના હૃદયમાં સર્વજ્ઞ બેઠા,–તે અલ્પજ્ઞ હોવા છતાં 'હું સર્વજ્ઞ જેવો જ્ઞાતા જ છું' એવો તેને નિર્ણય થયો.

હજી જેણે આવા વસ્તુ સ્વરૂપનો નિર્ણય કર્યો નથી, અરે! આ વાત સાંભળી પણ નથી, ને એમને એમ ત્યાગી કે વ્રતીપણું લઈને ધર્મ માની લીધો છે, તેમને ધર્મ તો નથી, પરંતુ ધર્મની રીત શું છે તેની પણ તેમને ખબર નથી.

### [ ૧૫૯ ] આ વાત સમજે તેની દૃષ્ટિ પલટી જાય.

અહીં જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિની વાત છે, એટલે જ્ઞાનસ્વભાવનો નિર્ણય શું, પુરુષાર્થ શું, સમ્યગ્દર્શન શું,–એ બધું ભેગું જ આવી જાય છે, ને એ દૃષ્ટિમાં તો ગૃહીત કે અગૃહીત બંને મિથ્યાત્વનો નાશ થઈ જાય છે; જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિ જે કરતો નથી, પુરુષાર્થને માનતો નથી, સમ્યગ્દર્શન કરતો નથી ને 'જે થવાનું હશે તે થશે' એમ એકાંત નિયતને પકડીને સ્વછંદી થાય છે, તે ગૃહિતમિથ્યાદૃષ્ટિ છે, એવા જીવની અહીં વાત નથી. આ વાત સમજે તેને એવો સ્વછંદ રહે જ નહિ, તેની તો દૃષ્ટિનું આખું પરિણમન પલટી જાય.

### [ ૧૬૦ ] જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિની જ મુખ્યતા.

દ્રવ્યદૃષ્ટિ વગર ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય બનતો નથી; કેમ કે ક્રમબદ્ધપણું સમય સમયની પર્યાયમાં છે, અને છદ્મસ્થનો ઉપયોગ અસંખ્ય સમયનો છે, તે અસંખ્ય સમયના ઉપયોગમાં એકેક સમયની પર્યાય જુદી પાડીને પકડી શકાતી નથી, પણ ધ્રુવજ્ઞાયકસ્વભાવમાં ઉપયોગ એકાગ્ર થઈ શકે છે. તેથી સમય સમયની પર્યાયનું ક્રમબદ્ધપણું પકડવા જતાં, ઉપયોગ અંતરમાં વળીને ધ્રુવ જ્ઞાયકસ્વભાવમાં એકાગ્ર થાય છે, ને જ્ઞાયકની પ્રતીતમાં ક્રમબદ્ધપર્યાયની પ્રતીત પણ થઈ જાય છે. આ રીતે આમાં જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિ જ મુખ્ય છે.

### [ ૧૬૧ ] જેવું વસ્તુસ્વરૂપ, તેવું જ જ્ઞાન અને તેવી વાણી.

જુઓ, આ વસ્તુસ્વરૂપ! પદાર્થનું જેવું સ્વરૂપ હોય તેવું જ જ્ઞાન જાણે, તો તે જ્ઞાન સાચું થાય. બધા પદાર્થોની ત્રણેકાળની પર્યાયો ક્રમબદ્ધ છે એવું જ વસ્તુસ્વરૂપ છે, સર્વજ્ઞભગવાને કેવળજ્ઞાનમાં પ્રત્યક્ષ એ પ્રમાણે જાણ્યું છે અને વાણીમાં પણ તેમ જ કહ્યું છે; એ રીતે પદાર્થ, જ્ઞાન અને વાણી ત્રણે સરખાં છે. પદાર્થોનો જેવો સ્વભાવ છે તેવો જ જ્ઞાનમાં જોયો, અને જેવો જ્ઞાનમાં જોયો તેવો જ વાણીમાં આવ્યો; એવા વસ્તુસ્વરૂપથી જે વિપરીત માને છે,–આત્મા કર્તા થઈને પરની પર્યાયને ફેરવી શકે એમ માને છે, તે પદાર્થના સ્વભાવને જાણતો નથી, સર્વજ્ઞના કેવળજ્ઞાનને જાણતો નથી ને સર્વજ્ઞના કહેલા આગમને પણ તે જાણતો નથી, એટલે દેવ–ગુરુ–શાસ્ત્રને તેણે ખરેખર માન્યા નથી.

આ 'ક્રમબદ્ધપર્યાય' બાબતમાં અત્યારે ઘણા જીવોને નિર્ણય નથી, અને બહુ ગોટા ચાલે છે તેથી અહીં ઘણા ઘણા પ્રકારથી તેની સ્પષ્ટતા કરવામાં આવી છે.

### [ ૧૬૨ ] સ્વછંદીના મનનો મેલ : નંબર ૧.

પ્રશ્નઃ– સર્વજ્ઞ ભગવાને જોયું હશે તેમ ક્રમબદ્ધ થશે એમ આપ કહો છો, તો પછી અમારી પર્યાયમાં મિથ્યાત્વ પણ ક્રમબદ્ધ થવાનું હશે તે થશે!

ઉત્તરઃ– અરે મૂઢ! તારે સર્વજ્ઞને માનવા નથી ને સ્વછંદ પોષવો છે!–કાઢી નાંખ તારા મનનો મેલ!! સર્વજ્ઞનો નિર્ણય કરે અને વળી મિથ્યાત્વ પણ રહે–એ ક્યાંથી લાવ્યો? તેં સર્વજ્ઞનો નિર્ણય જ કર્યો નથી. માટે અંતરનો મેલ કાઢી નાંખ....ગોટા કાઢી નાંખ, ને જ્ઞાનસ્વભાવના નિર્ણયનો ઉદ્યમ કર. જ્ઞાનસ્વભાવના નિર્ણય વિના 'ક્રમબદ્ધ'ની વાત તું ક્યાંથી લાવ્યો? માત્ર 'ક્રમબદ્ધ' એવા શબ્દો પકડી લીધે ચાલે તેવું નથી. જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરીને ક્રમબદ્ધને માને તો તો પોતાની પર્યાયમાં મિથ્યાત્વ રહેવાનો પ્રશ્ન જ ન ઊઠે, કેમકે તેની પર્યાય તો અંતરસ્વભાવમાં વળી ગઈ છે, તેને હવે મિથ્યાત્વનો ક્રમ હોય જ નહિ, અને સર્વજ્ઞભગવાન પણ એવું જુએ જ નહિ.

જેને જ્ઞાનસ્વભાવનું ભાન નથી, સર્વજ્ઞનો નિર્ણય નથી ને તે પ્રકારનો ઉદ્યમ પણ કરતો નથી, વિકારની રુચિ છોડતો નથી ને ફક્ત ભાષામાં 'ક્રમબદ્ધપર્યાય'નું નામ લઈને સ્વછંદી થાય છે, તેવા જીવો તો પોતાના આત્માને જ છેતરે છે. અરે! જે પરમ વીતરાગતાનું કારણ છે

તેની ઓથ લઈને સ્વછંદને પોષે છે, એ તો તેની મહા ઊંધાઈ છે.

### [ ૧૬૩ ] સ્વછંદીના મનનો મેલ : નંબર ૨.

એક ત્યાગી–પંડિતજીએ વિદ્યાર્થી ઉપર ખૂબ ક્રોધ કર્યો, કોઈએ તેને ટકોર કરી ત્યારે તેણે કહ્યું કે “अरे! भया! तुमने गोमट्टसार नहीं पढा, गोमट्टसारमें ऐसा लिखा है कि जब क्रोधक उदय आता है तब क्रोध हो ही जाता है।”–જુઓ, આ ગોમટ્ટસાર શીખીને સાર કાઢયો! અરે ભાઈ! તું ગોમટ્ટસરની ઓથ ન લે, તારા જેવા સ્વછંદ પોષનારને માટે ગોમટ્ટસારનું એ કથન નથી. પહેલાં તો ક્રોધાદિ કષાય થાય તેનો ભય રહેતો, ને પોતાના દોષની નિંદા કરતો, તેને બદલે હવે તો તે પણ ન રહ્યું! ભાઈ રે! શાસ્ત્રનો ઉપદેશ તો વીતરાગતા માટે હોય? કે કષાય વધારવા માટે? અજ્ઞાનદશામાં જેવો કષાય હતો એવા ને એવા જ કષાયમાં ઊભો હોય તો તે શાસ્ત્રને ભણ્યો જ નથી, ભલે ગોમટ્ટસારનું નામ લ્યે પણ ખરેખર તે ગોમટ્ટસારને માનતો જ નથી.

### [ ૧૬૪ ] સ્વછંદીના મનનો મેલ : નંબર ૩.

–એ જ પ્રમાણે હવે આ ક્રમબદ્ધપર્યાયની વાતમાં લ્યો. કોઈ જીવ રુચિપૂર્વક તીવ્ર ક્રોધાદિ ભાવો કરે અને પછી એમ કહે છે “શું કરીએ ભાઈ? અમારી ક્રમબદ્ધપર્યાય એવી જ થવાની હતી!” ક્રમબદ્ધપર્યાય સાંભળીને જ્ઞાયકસ્વભાવ તરફ વળવાને બદલે, જો આવો સાર કાઢે તો તે સ્વછંદી છે, ક્રમબદ્ધપર્યાયને તે સમજ્યો જ નથી. અરે ભાઈ! તું ક્રમબદ્ધપર્યાયની ઓથ ન લે, તારા જેવા સ્વછંદ પોષનાર માટે આ વાત નથી પહેલાં તો ક્રોધાદિ કષાયનો ભય રહેતો ને પોતાના દોષની નિંદા કરતો, તેને બદલે હવે તો તે પણ ન રહ્યું? ભાઈ રે! આ ક્રમબદ્ધપર્યાયનો ઉપદેશ તો પોતાના જ્ઞાયકસ્વભાવની દ્રષ્ટિ કરતો નથી તે જીવ ક્રમબદ્ધપર્યાયની વાત સમજ્યો જ નથી, ભલે ક્રમબદ્ધપર્યાયનું નામ લ્યે પણ ખરેખર તે ક્રમબદ્ધપર્યાયને માનતો જ નથી.

માટે હે ભાઈ! તારા મનનો મેલ કાઢી નાંખ, સ્વછંદનો બચાવ છોડી દે ને વિકારની રુચિ છોડીને જ્ઞાનસ્વભાવની પ્રતીતનો ઉદ્યમ કર.

### [ ૧૬૫ ] સમકીતિની અદ્‌ભૂત દશા!

પ્રશ્નઃ– ક્રમબદ્ધપર્યાયની ખરી સમજણ કેવી રીતે થાય?

ઉત્તરઃ– ‘હું જ્ઞાયક છું’ –એમ જ્ઞાતા તરફ વળીને; પોતાની દ્રષ્ટિને જ્ઞાયકસ્વભાવ તરફ વાળે તેને જ ક્રમબદ્ધપર્યાયની ખરી સમજણ થાય છે, એ સિવાય થતી નથી. આ રીતે ક્રમબદ્ધપર્યાય માનનારની દ્રષ્ટિ ક્રોધાદિ ઉપર ન હોય, પણ જ્ઞાયક ઉપર જ હોય; ને જ્ઞાયકદ્રષ્ટિના પરિણામનમાં ક્રોધાદિ રહેતા નથી. જ્ઞાયકસ્વભાવની દ્રષ્ટિનું આવું પરિણમન થયા વગર જીવને સાચો સંતોષ થાય નહિ, સમાધાન થાય નહિ; ને સમકીતિને આવી દ્રષ્ટિનું પરિણકન થતાં તે બૃતબૃત્ય થલ ગયા, તેને બધા સમાધાન થઈ ગયા; જ્ઞાયકપણાના પસ્રણમનમાં તેને કોઈનું અભિમાન પણ ન રહ્યું, તેમજ પોતામાં પ્રમાદ પણ ના રહ્યો ને ઉતાવળ પણ ન રહી. જ્ઞાતાપણાના પરિણમનની જ ધારા ચાલી રહી છે તેમાં આકુળતા પણ કેવી? ને પ્રમાદ પણ કેવો? –આવી સમકીતિ અદ્‌ભુતદશા છે!

### [ ૧૬૬ ] જ્ઞાતાપણાથી ચ્યૂત થઈને અજ્ઞાની કર્તા થાય છે.

એક તરફ જ્ઞાતા–ભગવાન, ને સામે પદાર્થોનું ક્કબદ્ધપરિણમન,–તેનો આત્મા જ્ઞાતા જ છે, એવો મેળ છે, તેને બદલે તે મેળ તોડીને (એટલે કે પોતે પોતાના જ્ઞાતાસ્વભાવથી ચ્યૂત થઈને), જે જીવ કર્તા થઈને પરના ક્રમને ફેરવવા માંગે છે, તે જીવ પરના ક્રમને તો ફેરવી શકતો પણ તેની દ્રષ્ટિમાં વિષમતા (મિથ્યાત્વ) થાય છે. જ્ઞાયકપણાનો નિર્મળ પ્રવાહ ચાલવો જોઈએ તેને બદલે ઊંધી દ્રષ્ટિને લીધે તે વિકારના કર્તાપણે પરિણમે છે.

### [ ૧૬૭ ] સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન કયારે થાય?

જેને પોતાનું હિત કરવું હોય–એવા જીવને માટે આ વાત છે. હિત સત્યથી થાય પણ અસત્યથી ન થાય. સત્યના સ્વીકાર વગર સાચું જ્ઞાન થાય નહિ, ને સમ્યક્ જ્ઞાન વગર ધર્મ કે હિત થાય નહિ. જેણે પોતાના જ્ઞાનમાંથી અસત્યપણું ટાળીને સત્યપણું કરવું હોય તેણે શું કરવું–તેની આ વાત છે.

જેવો પદાર્થ છે તેવી જ તેની શ્રદ્ધા કરે, અને જેવી શ્રદ્ધા છે તેવો જ પદાર્થ હોય,–તો તે શ્રદ્ધા સાચી છે; એ જ પ્રમાણે જેવો પદાર્થ છે તેવું જ તેનું જ્ઞાન કરે, અને જેવું જ્ઞાન છે તેવો જ પદાર્થ હોય,–તો તે જ્ઞાન સાચું છે.

"આત્મા જ્ઞાયકસ્વરૂપ છે, જ્ઞાયકપણું તે જ જીવતત્ત્વનું ખરું સ્વરૂપ છે; ને પદાર્થો ક્રમબદ્ધપર્યાયપણે સ્વયં પરિણમનારા છે, આ 'જ્ઞાયક' પોતાના જ્ઞાન સહિત તેમનો જ્ઞાતા છે, પણ તે કોઈના ક્રમને ફેરવીને આઘુંપાછું કરનાર નથી"– આવા વસ્તુ સ્વરૂપની શ્રદ્ધા અને જ્ઞાન કરે તો તે શ્રદ્ધા–જ્ઞાન સાચા થાય, એટલે હિત અને ધર્મ થાય.

### [ ૧૬૮ ] મિથ્યા શ્રદ્ધા-જ્ઞાનનો વિષય જગતમાં નથી.

–પણ કોઈ એમ માને કે 'હું કર્તા થઈને પરની અવસ્થાને ફેરવી દઉં, એટલે કે મારે પર સાથે કાર્યકારણપણું છે'–તો તેની માન્યતા મિથ્યા છે, કેમ કે તેની માન્યતા પ્રમાણે વસ્તુસ્વરૂપ જગતમાં નથી. મિથ્યા શ્રદ્ધાનો ( તેમજ મિથ્યા જ્ઞાનનો ) વિષય જગતમાં નથી. જેમ જગતમાં 'ગધેડાનું શીંગડું' એ કોઈ વસ્તુ જ નથી, તેથી 'ગધેડાનું શીંગડું' એવી શ્રદ્ધા કે જ્ઞાન તે મિથ્યા જ છે. તેમ 'પર સાથે કાર્યકારણપણું હોય' એવી કોઈ વસ્તુ જ જગતમાં નથી, છતાં 'હું પરનું કરું– એમ પર સાથે કાર્ય-કારણપણું' જે માને છે તેની શ્રદ્ધા અને જ્ઞાન મિથ્યા જ છે; કેમ કે તેની માન્યતા પ્રમાણે કોઈ વિષય જગતમાં નથી. અહીં એમ ન સમજવું કે–જેમ 'ગધેડાનું શીંગડું' અથવા તો 'પર સાથે કાર્યકારણપણું' જગતમાં નથી તેમ મિથ્યાશ્રદ્ધા પણ નથી. મિથ્યાશ્રદ્ધા–જ્ઞાન તો અજ્ઞાનીની પર્યાયમાં છે, પણ તેની શ્રદ્ધા પ્રમાણે વસ્તુસ્વરૂપ જગતમાં નથી. અજ્ઞાનીની પર્યાયમાં મિથ્યાશ્રદ્ધા તો 'સત્' છે, પણ તેનો વિષય 'અસત્' છે અર્થાત્ તેનો કોઈ વિષય જગતમાં નથી.

જુઓ, અહીં કહ્યું કે 'મિથ્યાશ્રદ્ધા સત્ છે' એટલે શું ?–કે જગતમાં મિથ્યાશ્રદ્ધાનું હોવાપણું ( –સત્પણું ) છે, મિથ્યાશ્રદ્ધા છે જ નહિ–એમ નથી; પણ તે મિથ્યાશ્રદ્ધાના અભિપ્રાય પ્રમાણે કોઈ વસ્તુ જગતમાં નથી. જો તે શ્રદ્ધા પ્રમાણે વસ્તુનું સ્વરૂપ ન હોય તો તેને મિથ્યાશ્રદ્ધા ન કહેવાય.

### [ ૧૬૯ ] આમાં શું કરવાનું આવ્યું ?

અહીં એક વાત ચાલે છે કે આત્માનું જ્ઞાયકપણું અને બધી વસ્તુની પર્યાયોનું ક્રમબદ્ધપણું માન્યા વગર શ્રદ્ધા–જ્ઞાન સાચા થતા નથી, ને સાચા શ્રદ્ધા–જ્ઞાન વગર હિત કે ધર્મ થતો નથી.

કોઈ પૂછે કે–આમાં શું કરવાનું આવ્યું ? તો તેનો ઉત્તર એ છે કે–પહેલા પરનું કર્તાપણું માનીને વિકારમાં એકાગ્ર થતો હતો, તેને બદલે હવે જ્ઞાનસ્વભાવમાં એકાગ્રતા કરીને જ્ઞાતા–દ્રષ્ટા રહ્યો. તે જ્ઞાતાદ્રષ્ટાપણામાં અતીન્દ્રિયઆનંદનું વેદન, સ્વભાવનો પુરુષાર્થ વગેરે પણ ભેગું જ છે.

### [ ૧૭૦ ] જ્ઞાયકસન્મુખ દ્રષ્ટિનું પરિણમન, એ જ સમ્યક્ત્વનો પુરુષાર્થ.

જ્ઞાયકસ્વભાવનો નિર્ણય કરીને જેણે ક્રમદ્ધપર્યાય માની તેને સ્વસન્મુખ પુરુષાર્થ પણ ભેગો જ આવી ગયો છે. જ્ઞાયકસ્વભાવ સન્મુખ જે પરિણમન થયું તેમાં પુરુષાર્થ કાંઈ જુદો રહી જતો નથી, પુરુષાર્થ પણ ભેગો જ પરિણમે છે. જ્ઞાયકસ્વભાવની દ્રષ્ટિ, ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય, સ્વસન્મુખ પુરુષાર્થ, કે સમ્યગ્દર્શન–એ બધા કાંઈ જુદા જુદા નથી, પણ એક જ છે. એટલે કોઈ એમ કહે કે "અમે જ્ઞાયકનો ને ક્રમબદ્ધનો નિર્ણય તો કર્યો, પણ હજી સમ્યગ્દર્શનનો પુરુષાર્થ કરવાનો બાકી રહ્યો છે" તો એનો નિર્ણય સાચો નથી; કેમકે જો જ્ઞાયકસ્વભાવનો ને ક્રમબદ્ધપર્યાયનો યથાર્થ નિર્ણય હોય તો સમ્યગ્દર્શનનો પુરુષાર્થ તેમાં આવી જ જાય છે.

### [ ૧૭૧ ] જ્ઞાયકસ્વભાવના આશ્રયે જ નિર્મળપર્યાયનો પ્રવાહ.

સ્વસન્મુખ પુરુષાર્થ વડે જ્ઞાયકસ્વભાવનો આશ્રય કરતાં સમ્યગ્દર્શન થાય, છતાં તે ક્રમબદ્ધ છે.

જ્ઞાયકસ્વભાવનો આશ્રય કરતાં મુનિદશા થાય, છતાં તે ક્રમબદ્ધ છે.

જ્ઞાયકસ્વભાવનો આશ્રય કરતાં શુક્લધ્યાન થાય, છતાં તે ક્રમબદ્ધ છે.

જ્ઞાયકસ્વભાવનો આશ્રય કરતાં કેવળજ્ઞાન અને મોક્ષદશા થાય, છતાં તે પણ ક્રમબદ્ધ છે.

આ રીતે જ્ઞાયકસ્વભાવના આશ્રયે જ નિર્મળ પર્યાયનો પ્રવાહ વહે છે. જ્ઞાયકસ્વભાવનો આશ્રય જે નથી કરતો તેને ક્રમબદ્ધપર્યાયમાં નિર્મળપ્રવાહ શરૂ થતો નથી પણ મિથ્યાત્વ ચાલુ જ રહે છે. સ્વસન્મુખ પુરુષાર્થ વડે જ્ઞાયકસ્વભાવનો આશ્રય કર્યા વિના કોઈને પણ નિર્મળપર્યાયનો ક્રમ શરૂ થઈ જાય–એમ બનતું નથી.

### [ ૧૭૨ ] એકલા જ્ઞાયક ઉપર જ જોર.

જુઓ, આમાં જોર ક્યાં આવ્યું? એકલા જ્ઞાયકસ્વભાવના અવલંબન ઉપર જ બધું જોર આવ્યું. કાળના પ્રવાહ સામે જોઈને બેસી રહેવાનું ન આવ્યું, પણ જ્ઞાયક સામે જોઈને તેમાં એકાગ્ર થવાનું આવ્યું. જ્ઞાનીની દ્રષ્ટિનું જોર નિમિત્ત ઉપર, રાગ ઉપર કે ભેદ ઉપર નથી, પણ અક્રમ એવા ચૈતન્યસ્વભાવ ઉપર જ તેની દ્રષ્ટિનું જોર છે, ને એ જ સાચો પુરુષાર્થ છે. અંતરમાં પોતાના જ્ઞાયકસ્વભાવને જ સ્વજ્ઞેય બનાવીને જ્ઞાન એકાગ્ર થયું, તે જ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર ને મોક્ષનું કારણ છે.

### [ ૧૭૩ ] -તારે જ્ઞાયક રહેવું છે? કે પરને ફેરવવું છે?

જ્ઞાયકસ્વભાવસન્મુખ થઈને ક્રમબદ્ધપર્યાયનો જ્ઞાતા થયો તેનું ફળ વીતરાગતા છે, ને તે જ જૈનશાસનનો સાર છે. જેને જ્ઞાનસ્વભાવની ખબર નથી, સર્વજ્ઞની શ્રદ્ધા નથી,–એવા લોકો આ ‘ક્રમબદ્ધપર્યાય’ની સામે એવી દલીલ કરે છે કે “ઈશ્વરનું કર્તૃત્વ માને ત્યાં તો ભક્તિ વગેરેથી ઈશ્વરને રાજી કરીને તેમાં ફેરફાર પણ કરાવી શકાય, પણ આ ક્રમબદ્ધપર્યાયનો સિદ્ધાંત તો એવો આકરો કે ઈશ્વર પણ તેમાં ફેરફાર ન કરી શકે!”–અરે ભાઈ! તારે તારામાં જ્ઞાયકપણે રહેવું છે કે કોઈમાં ફેરફાર કરવા જવું છે? શું પરમાં ક્યાંય ફેરફાર કરીને તારે સર્વજ્ઞના જ્ઞાનને ખોટું ઠરાવવું છે? આત્માના જ્ઞાનસ્વભાવને તારે માનવો છે કે નહિ? જ્ઞાનસ્વભાવી આત્મા પાસેથી જ્ઞાતાદ્રષ્ટાપણા સિવાય બીજું કયું કામ તારે લેવું છે? જ્ઞાનસ્વભાવની પ્રતીત કરીને જ્ઞાયકભાવપણે પરિણમવું તેમાં આખો મોક્ષમાર્ગ સમાઈ જાય છે.

### [ ૧૭૪ ] જ્ઞાની જ્ઞાતા જ રહે છે, ને તેમાં પાંચે સમવાય આવી જાય છે.

એકવાર આવા જ્ઞાયકસ્વભાવનો નિર્ણય કરે તો જ્ઞાતાપણું થઈ જાય ને પરના કર્તાપણાનું અભિમાન ઊડી જાય, એટલે પર પ્રત્યે એકત્વબુદ્ધિના અનંતાનુબંધી રાગ–દ્વેષ હર્ષ–શોકનો તો ભુક્કો થઈ ગયો. રાગનો ને પરનો સંગ છોડીને, અંતરમાં જ્ઞાયકસ્વભાવનો સંગ કરે તેને જ્ઞેયોની ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય થઈ જાય છે એટલે તે જ્ઞાતા જ રહે છે, એકત્વબુદ્ધિપૂર્વકના રાગ–દ્વેષ તેને ક્યાંય પણ થતા જ નથી. શિષ્યની જ્ઞાનાદિ પર્યાય તેનાથી ક્રમબદ્ધ થાય છે, હું તેનું શું કરીશ? હું તો જ્ઞાતા જ છું–એમ જાણ્યું ત્યાં જ્ઞાનીને તેના પ્રત્યે એકત્વબુદ્ધિથી રાગ કે દ્વેષ (–શિષ્ય હોશિયાર હોય તો રાગ, ને શિષ્યને ન આવડે તો દ્વેષ) થતો જ નથી, ને એ પ્રમાણે ક્યાંય પણ જ્ઞાનીને એકત્વબુદ્ધિથી રાગાદિ થતા નથી; તેને તો પોતાના જ્ઞાનસ્વભાવમાં એકત્વબુદ્ધિથી નિર્મળ જ્ઞાનાદિ પરિણામ જ થાય છે.

જ્ઞાયકભાવનું જે પરિણમન થયું તે જ તેનો સ્વકાળ છે, તે જ તેનું નિયત છે, તે જ તેનો સ્વભાવ છે, તે જ તેનો પુરુષાર્થ છે, ને તેમાં કર્મનો અભાવ છે. આ રીતે જ્ઞાયકભાવના પરિણમનમાં જ્ઞાનીને એક સાથે પાંચે સમવાય આવી જાય છે.

### [ ૧૭૫ ] અહીં જીવને તેનું જ્ઞાયકપણું સમજાવે છે.

જીવ ક્રમબદ્ધ પોતાની જ્ઞાનાદિ પર્યાયપણે ઊપજે છે તેથી તેને પોતાની પર્યાય સાથે કારણ–કાર્યપણું છે, પણ પરની સાથે તેને કારણ–કાર્યપણું નથી. એક દ્રવ્યમાં બીજા દ્રવ્યના કારણ–કાર્યનો અભાવ છે. આ દ્રવ્યમાં પોતાની ક્રમબદ્ધપર્યાયનું કાર્ય–કારણપણું સમયે સમયે થઈ રહ્યું છે, ને તે જ વખતે સામે જગતના બીજા બધા દ્રવ્યોમાં પણ સૌ–સૌની પર્યાયનું કારણ–કાર્યપણું બની જ રહ્યું છે; પરંતુ સર્વે દ્રવ્યોને અન્ય દ્રવ્યો સાથે કારણ–કાર્યપણાનો અભાવ છે. આવી વસ્તુસ્થિતિ સમજે તો, હું કારણ થઈને પરનું કાંઈ પણ કરી દઉં–એવો ગર્વ ક્યાં રહે છે? આ સમજે તો ભેદજ્ઞાન થઈને, જ્ઞાયકસ્વભાવ તરફ ઝૂકાવ થઈ જાય. જીવને પોતાના જ્ઞાયકસ્વભાવ તરફ વાળવા માટે આ વાત સમજાવે છે. પોતાના જ્ઞાયકસ્વભાવ ઉપર જેની દ્રષ્ટિ નથી, ક્રમબદ્ધપર્યાયપણે દરેક વસ્તુ પોતે જ સ્વયં ઊપજે છે તેની જેને ખબર નથી, ને રાગાદિ વડે પરની અવસ્થામાં ફેરફાર કરવાનું માને છે એવા જીવને સમજાવે

છે કે અરે જીવ! તારું સ્વરૂપ તો જ્ઞાન છે, જગતના પદાર્થોની જે ક્રમબદ્ધ અવસ્થા થાય તેનો તું ફેરવનાર કે કરનાર નથી પણ જાણનાર છો, માટે તારા જાણનાર સ્વભાવની પ્રતીત કર, અને જાણનારપણે જ રહે,–એટલે કે જ્ઞાનસ્વભાવમાં જ એકાગ્ર થા; એ જ તારું ખરું કાર્ય છે.

### [ ૧૭૬ ] જીવને અજીવની સાથે કારણ-કાર્યપણું નથી.

જગતના પદાર્થોમાં સ્વાધીનપણે જે ક્રમબદ્ધ અવસ્થા થાય છે તે જ તેની વ્યવસ્થા છે, તે વ્યવસ્થાને આત્મા ફેરવી શકે નહિ. જીવ પોતાના જ્ઞાનપણે પરિણમતો, ભેગો અજીવની અવસ્થાને પણ કરી દે એમ બનતું નથી. આત્મા અને જડ બન્નેમાં સમયે સમયે પોતપોતાનું નવું નવું કાર્ય ઉત્પન્ન થાય છે, અને તે પોતે તેમાં તદ્રૂપ હોવાથી તેનું કારણ છે; આ પ્રમાણે દરેક વસ્તુને પોતામાં સમયે સમયે નવું નવું કાર્ય–કારણપણું બની જ રહ્યું છે; છતાં તેમને એકબીજા સાથે કાર્ય–કારણપણું નથી. જેવું જ્ઞાન હોય તેવી ભાષા નિકળે, અથવા જેવા શબ્દો હોય તેવું જ અહીં જ્ઞાન થાય, તો પણ જ્ઞાનને અને શબ્દને કારણકાર્યપણું નથી. ઇચ્છા પ્રમાણે ભાષા બોલાય ત્યાં અજ્ઞાની એમ માને છે કે મારા કારણે ભાષા બોલાણી; અથવા શબ્દોના કારણે મને તેવું જ્ઞાન થયું–એમ તે માને છે. પણ બન્નેના સ્વાધીન પરિણમનને તે જાણતો નથી. દરેક વસ્તુ સમયે સમયે નવા નવા કારણ–કાર્યપણે પરિણમે છે, ને નિમિત્તપણ નવા નવા થાય છે, છતાં તેમને પરસ્પર કાર્ય–કારણપણું નથી; પોતાના કારણ–કાર્ય પોતામાં, ને નિમિત્તના કારણ–કાર્ય નિમિત્તમાં. ભેદજ્ઞાનથી આવું વસ્તુસ્વરૂપ જાણે તો જ્ઞાનનો વિષય સાચો થાય, એટલે સમ્યગ્જ્ઞાન થાય.

### [ ૧૭૭ ] ભૂલેલાને માર્ગ બતાવે છે, રોગીનો રોગ મટાડે છે.

જ્ઞાયકસ્વભાવ ક્રમબદ્ધપર્યાયનો જ્ઞાતા છે, તેને બદલે ક્રમબદ્ધને એકાંત–નિયત કહીને જે તેનો નિષેધ કરે છે, તે પોતાના જ્ઞાયકપણાની જ ના પાડે છે, ને કેવળજ્ઞાનને ઊડાડે છે. ભાઈ! તું એકવાર તારા જ્ઞાયકપણાનો તો નિર્ણય કર...જ્ઞાયકનો નિર્ણય કરતાં તને ક્રમબદ્ધની પ્રતીત પણ થઈ જશે, એટલે અનાદિનું ઊંધું પરિણમન છૂટીને સવળું પરિણમન શરૂ થઈ જશે. આ રીતે ઊંધા રસ્તેથી છોડાવીને સ્વભાવના સવળા રસ્તે ચડાવવાની આ વાત છે. જેમ લગ્નના માંડવે જવાને બદલે કોઈ મસાણમાં જઈ ચડે, તેમ અજ્ઞાની, પોતાના જ્ઞાયકસ્વભાવની લગની કરીને તેમાં એકાગ્ર થવાને બદલે, રસ્તો ભૂલીને 'હું પરનું કરું' એવી ઊંધી દૃષ્ટિથી ભવભ્રમણના રસ્તે જઈ ચડયો. અહીં આચાર્યદેવ તેને જ્ઞાયકસ્વભાવનું અકર્તાપણું બતાવીને સવળે રસ્તે (–મોક્ષના માર્ગે) ચડાવે છે. 'હું જ્ઞાયકસ્વરૂપ છું'–એવી જ્ઞાયકની લગની છોડીને મૂઢ અજ્ઞાની જીવ, પરની કર્તાબુદ્ધિથી આત્માની શ્રદ્ધા જ્યાં ખાખ થઈ જાય છે એવા મિથ્યાત્વરૂપી સ્મશાનમાં જઈ ચડયો. આચાર્યદેવ તેને કહે છે કે ભાઈ! તારું જ્ઞાયકજીવન છે, તેનો વિરોધ કરીને બાહ્યવિષયોમાં એકતાબુદ્ધિને લીધે તને આત્માની શ્રદ્ધામાં ક્ષય લાગુ પડયો છે, આ તારો ક્ષય રોગ મટાડવાની દવા છે, જ્ઞાયક સ્વભાવની સન્મુખ થઈને ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કર, તો તારી કર્તાબુદ્ધિ ટળે ને ક્ષય રોગ મટે, એટલે કે મિથ્યા શ્રદ્ધા ટળીને સમ્યક્શ્રદ્ધા થાય. અત્યારે ઘણા જીવોને આ નિર્ણય કરવો કઠણ પડે છે, પણ આ તો ખાસ જરૂરનું છે; આ નિર્ણય કર્યા વગર ભવભ્રમણનો અનાદિનો રોગ મટે તેમ નથી. મારો જ્ઞાયકસ્વભાવ પરનો અકર્તા છે, હું મારા જ્ઞાયકપણાના ક્રમમાં રહીને, ક્રમબદ્ધપર્યાયનો જાણનાર છું–આવો નિર્ણય ન કરે તેને અનંત સંસારભ્રમણના કારણરૂપ મિથ્યાશ્રદ્ધા ટળતી નથી.

### [ ૧૭૮ ] વસ્તુનું પરિણમન વ્યવસ્થિત હોય કે અવ્યવસ્થિત ?

ભાઈ! તું વિચાર તો કર, કે વસ્તુનું પરિણમન વ્યવસ્થિત હોય કે અવ્યવસ્થિત ?

જો અવ્યવસ્થિત કહો તો જ્ઞાન જ સિદ્ધ ન થાય; અવ્યવસ્થિત પરિણમન હોય તો કેવળજ્ઞાન ત્રણકાળનું કઈ રીતે જાણે ? મનઃપર્યય અવધિ જ્ઞાન પણ પોતાના ભૂતભવિષ્યના વિષયને કઈ રીતે જાણે ? જ્યોતિષી જોશ શેનાં જુએ ? શ્રુતજ્ઞાન શું નક્કી કરે ? હજારો–લાખો કે અસંખ્ય વર્ષો પછી, ભવિષ્યની ચોવીસીમાં આ જ ચોવીસ જીવો તીર્થંકર થશે–એ બધું કઈ રીતે નક્કી થાય ? સાત વારમાં કયા વાર પછી કયો વાર આવશે, ને અઠ્ઠાવીસ નક્ષત્રમાં

કયા નક્ષત્ર પછી કયું નક્ષત્ર આવશે-એ પણ કઈ રીતે નક્કી થઈ શકે? અવ્યવસ્થિત પરિણમન હોય તો આ કાંઈ પણ પહેલેથી નક્કી થઈ શકે નહિ, એટલે તેનું જ્ઞાન જ કોઈને ન થાય. પરંતુ એવું જ્ઞાન તો થાય છે, માટે વસ્તુનું પરિણમન વ્યવસ્થિત-ક્રમબદ્ધ-નિયમબદ્ધ જ છે.

-અને વ્યવસ્થિત જ પરિણમન દરેક વસ્તુમાં છે, તો આત્મા તેમાં કાંઈ ફેરફાર કરી દે-એ વાત રહેતી નથી, જ્ઞાયકપણું જ રહે છે. માટે તું તારા જ્ઞાયકપણાનો નિર્ણય કર, ને પરને ફેરવવાની બુદ્ધિ છોડ-એવો ઉપદેશ છે. પરને અવ્યવસ્થિત માનતાં તારું જ્ઞાન જ અવ્યવસ્થિત થઈ જાય છે, એટલે કે તને તારા જ્ઞાનની જ પ્રતીત રહેતી નથી. અને જ્ઞાનની પ્રતીત કરે તેને પરને ફેરવવાની બુદ્ધિ રહેતી નથી.

### [ ૧૭૯ ] જ્ઞાતાના પરિણમનમાં મુક્તિનો માર્ગ.

આવા પોતાના જ્ઞાયકસ્વભાવનો નિર્ણય કરીને, સ્વસન્મુખ જ્ઞાતાભાવપણે ક્રમબદ્ધપરિણમતા જીવને પર સાથે ( કર્મ સાથે ) કાર્યકારણપણું સિદ્ધ થતું નથી, તે જીવ કર્તા થઈને અજીવનું કાર્ય પણ કરે-એમ બનતું નથી. આ રીતે જીવ અકર્તા છે-જ્ઞાયક છે-સાક્ષી છે. જ્ઞાયકસ્વભાવ સન્મુખ થઈને આવું જ્ઞાયકપણાનું જે પરિણમન થયું તેમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આવી જાય છે, ને તે જ મોક્ષનું કારણ છે.

## [ ૮ ]

# પ્રવચન આઠમું

[ વીર સં. ૨૪૮૦ આસો સુદ ચોથ ]

**ભાઈ! આ વાત સમજીને તું સ્વસન્મુખ થા....તારા જ્ઞાયકસ્વભાવ સન્મુખ થા.-આ સિવાય બીજો કોઈ હિતનો રસ્તો નથી. છૂટવાનો રસ્તો તારામાં જ પડ્યો છે, અંતરના જ્ઞાયકસ્વરૂપને પકડીને તેમાં એકતા કર તો છૂટવાનો માર્ગ તારા હાથમાં જ છે; આ સિવાય બહારના લાખ ઉપાય કર્યે પણ છૂટકારો ( મુક્તિનો માર્ગ ) હાથ આવે તેમ નથી.**

### [ ૧૮૦ ] હે જીવ! તું જ્ઞાયકપણે જ રહે.

આત્મા જ્ઞાયક છે; જડ-ચેતનના ક્રમબદ્ધપરિણામ થયા કરે છે, ત્યાં તેનો જ્ઞાયક ન રહેતાં પરમાં કર્તાપણું માને છે તે જીવ અજ્ઞાની છે. અહીં આચાર્યદેવ સમજાવે છે કે તારે પર સાથે કર્તાકર્મપણું નથી; તું અજીવનો કર્તા, ને અજીવ તારું કાર્ય એમ નથી. જીવ ને અજીવ ક્રમબદ્ધપર્યાયપણે ઊપજે છે, જે સમયે જે પર્યાય થવાની છે તે સમયે તે જ થવાની, તે આઘીપાછી કે ઓછી-વધતી ન થાય; દ્રવ્ય પોતે પોતાની ક્રમબદ્ધપર્યાયપણે ઊપજે છે, તો બીજો તેમાં શું કરે? તેમાં બીજાની અપેક્ષા શું હોય? માટે હે જીવ! તું જ્ઞાયકપણે જ રહે. તું જ્ઞાયક છો, પરનો અકર્તા છો, તું તારા જાણનાર સ્વભાવમાં અભેદ થઈને નિર્વિકલ્પ પ્રતીત કર. સ્વસન્મુખ થઈને જ્ઞાતાભાવપણે જ પરિણમન કર, પણ હું નિમિત્ત થઈને પરનું કામ કરી દઉં-એવી દ્રષ્ટિ છોડી દે.

### [ ૧૮૧ ] ભાઈ, તું જ્ઞાયક ઉપર દ્રષ્ટિ કર, નિમિત્તની દ્રષ્ટિ છોડ!

કેટલાક એમ માને છે કે 'નિમિત્ત થઈને આપણે બીજાનું કરી દઈએ' -એ પણ ઊંધી દ્રષ્ટિ છે. ભાઈ, વસ્તુની ક્રમબદ્ધપર્યાય સ્વયં તેનાથી થાય ત્યારે બીજી ચીજ નિમિત્તપણે હોય છે-એનું નામ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે, પણ અવસ્થા ન થવાની હોય ને નિમિત્ત આવીને કરી દે-એવો કોઈ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ નથી. જડ ને ચેતન બધા દ્રવ્યો પોતે જ પોતાની ક્રમબદ્ધપર્યાયપણે ઊપજે છે, એટલે નિમિત્તથી કાંઈ થાય એ વાત ઊડી જાય છે. આત્મા અજીવનો કર્તા નથી.-એ સમજવાનું ફળ તો એ

છે કે તું પર ઉપરથી દ્રષ્ટિ ઉઠાડીને, તારા અભેદજ્ઞાયક આત્મા ઉપર જ દ્રષ્ટિ મૂક, સ્વસન્મુખ થઈને આત્માની નિર્વિકલ્પ પ્રતીત કર. 'હું કર્તા નથી પણ નિમિત્ત થઈને પરનું કામ કરું' એ વાત પણ આમાં રહેતી નથી, કેમકે જ્ઞાયક તરફ વળેલો પરની સામે જોતો નથી,–જ્ઞાયકની દ્રષ્ટિમાં પર સાથેના નિમિત્ત–નૈમિત્તિક સંબંધનું પણ લક્ષ છૂટી ગયું છે, તેમાં તો એકલા જ્ઞાયકભાવનું જ પરિણમન છે. અજ્ઞાનીઓ તો નિમિત્ત–નૈમિત્તિક સંબંધના બહાને કર્તા–કર્મપણું માની લે છે, એની વાત તો દૂર રહી, પરંતુ અહીં તો કહે છે કે એકવાર પર સાથેના નિમિત્ત–નૈમિત્તિક સંબંધને પણ દ્રષ્ટિમાંથી છોડીને, એકલા જ્ઞાયકસ્વભાવને જ દ્રષ્ટિમાં લે, દ્રષ્ટિને અંતરમા વાળીને જ્ઞાયકમાં એકાગ્ર કર,–તો સમ્યગ્દર્શન થાય. આવી અંતરની સૂક્ષ્મ વાત છે, તેમાં 'નિમિત્ત આવે તો થાય ને નિમિત્ત ન આવે તો ન થાય'–એવી સ્થૂળ વાત તો કયાંય રહી ગઈ!–એને હજી નિમિત્તને શોધવું છે, પણ જ્ઞાયકને નથી શોધવો,–જ્ઞાયક તરફ અંતરમાં નથી વળવું. પોતાના જ્ઞાયકપણાની પ્રતીત નથી તે જીવ નિમિત્ત થઈને પરને ફેરવવા માંગે છે. ભાઈ! પરદ્રવ્ય તેની ક્રમબદ્ધપર્યાયે ઊપજે છે, ને તું તારી ક્રમબદ્ધપર્યાયે ઊપજે છે,–પછી તેમાં કોઈ કોઈનું નિમિત્ત થઈને તેના ક્રમમાં કાંઈ ફેરફાર કરી દે–એ વાત કયાં રહી? ક્રમબદ્ધપર્યાય વિનાનો એવો કયો સમય ખાલી છે, કે બીજો આવીને કાંઈ ફેરફાર કરે? દ્રવ્યમાં તેની ક્રમબદ્ધપર્યાય વગરનો કોઈ સમય ખાલી નથી, અને આત્મામાં જ્ઞાયકપણા વગરનો કોઈ સમય ખાલી નથી. માટે જ્ઞાયકસન્મુખ થઈને તું જ્ઞાતા રહીજા. જ્ઞાયકસ્વભાવનો નિર્ણય કરે તો બધી ઊંધી માન્યતાના મીંડાં વળી જાય.

### [ ૧૮૨ ] ક્રમબદ્ધપરિણમતા દ્રવ્યોનું અકાર્ય કારણપણું.

દરેક આત્મા ને દરેક જડ પોતપોતાના ક્રમબદ્ધ પરિણામપણે ઊપજે છે; એ રીતે ઉપજતા થકા, તે દ્રવ્યો પોતાના પરિણામ સાથે તદ્રૂપ છે, પણ અન્ય સાથે તેને કારણકાર્યપણું નથી. માટે જીવ કર્તા થઈને અજીવનું કાર્ય કરે એમ બનતું નથી, તેથી જીવ અકર્તા છે. દરેક દ્રવ્ય પોતાની તે તે સમયની ક્રમબદ્ધપર્યાય સાથે અનન્ય છે; જો બીજો આવીને તેની પર્યાયમાં હાથ નાંખે તો તો તેને પરની સાથે અનન્યપણું થઈ જાય, એટલે ભેદજ્ઞાન ન રહેતાં બે દ્રવ્યની એકતાબુદ્ધિ થઈ જાય. ભાઈ! ક્રમબદ્ધપર્યાયપણે દ્રવ્ય પોતે ઉપજે છે, તો બીજો તેમાં શું કરશે?–આવી સમજણ તે ભેદજ્ઞાનનું કારણ છે. વસ્તુસ્વભાવ જ આવો છે, તેમાં બીજું થાય તેમ નથી; બીજી રીતે માને તો મિથ્યાજ્ઞાન થાય છે.

### [ ૧૮૩ ] ભેદજ્ઞાન વગર નિમિત્ત-નૈમિત્તિકસંબંધનું જ્ઞાન થતું નથી.

જુઓ, આ શરીરની આંગળી ઊંચી–નીચી થાય છે તે અજીવ–પરમાણુઓની ક્રમબદ્ધપર્યાય છે, ને તે પર્યાયમાં તન્મયપણે અજીવ ઊપજ્યું છે, જીવ તે પર્યાયપણે ઊપજ્યો નથી એટલે આત્માએ આંગળીની પર્યાયમાં કાંઈ કર્યું–એ વાત હરામ છે. અને આ રીતે છએ દ્રવ્યો પોતપોતાના સ્વભાવથી જ પોતાની ક્રમબદ્ધપર્યાયરૂપે પરિણમે છે, આવી સ્વતંત્રતા જાણીને ભેદજ્ઞાન કરે તો જ, નિમિત્ત–નૈમિત્તિકસંબંધ કેવો હોય તેનું યથાર્થજ્ઞાન થાય છે. બીજી ચીજ આવે તો કાર્ય થાય ને ન આવે તો ન થાય–એમ માને તો ત્યાં નિમિત્ત–નૈમિત્તિકસંબંધ સિદ્ધ નથી થતો, પણ કર્તાકર્મપણાની મિથ્યામાન્યતા થઈ જાય છે. બીજી ચીજ આવે તો કાર્ય થાય– એટલે કે નિમિત્તને લીધે કાર્ય થાય–એમ માનનારા, દ્રવ્યના ક્રમબદ્ધ સ્વતંત્ર પરિણમનને નહિ જાણનારા, જ્ઞાનસ્વભાવને નહિ માનનારા, ને પરમાં કર્તાપણું માનનારા મૂઢ છે.

### [ ૧૮૪ ]–"પણ વ્યવહારથી તો કર્તા છે ને..."

'વ્યવહારથી તો નિમિત્ત કર્તા છે ને?' એમ અજ્ઞાની કહે છે;–પણ ભાઈ! 'વ્યવહારથી કર્તાપણું છે' એમ જોર દઈને તારે સિદ્ધ શું કરવું છે. વ્યવહારના નામે તારે તારી એકતાબુદ્ધિ જ દ્રઢ કરવી છે. 'પણ વ્યવહારે કર્તા' એટલે ખરેખર અકર્તા–એમ તું સમજ. એક વસ્તુની ક્રમબદ્ધપર્યાય વખતે બીજી ચીજ પણ ક્રમબદ્ધપર્યાયથી ઊપજતી થકી નિમિત્તપણે ભલે હો; અહીં જે પર્યાય, અને તે વખતે સામે જે નિમિત્ત, તે બંને સુનિશ્ચિત જ છે. આવું વ્યવસ્થિતપણું જાણે તેને 'નિમિત્ત આવે તો થાય ને નિમિત્ત ન આવે તો ન થાય' એ પ્રશ્ન રહે જ નહિ.

### [ ૧૮૫ ] સમ્યગ્દર્શનની સૂક્ષ્મ વાત.

બીજું–અહીં તો એથી પણ સૂક્ષ્મ વાત એ છે કે,

જ્ઞાયક ઉપર દૃષ્ટિ કરતાં નિમિત્ત-નૈમિત્તિકસંબંધની દૃષ્ટિ પણ છૂટી જાય છે. નિમિત્તનૈમિત્તિકસંબંધ ઉપર જ જેની દૃષ્ટિ છે તેની દૃષ્ટિ પર ઉપર છે, અને જ્યાં સુધી પર ઉપર દૃષ્ટિ છે ત્યાં સુધી નિર્વિકલ્પ પ્રતીતિરૂપ સમ્યક્ત્વ થતું નથી. એકલા જ્ઞાયકસ્વભાવને દૃષ્ટિમાં લઈને એકાગ્ર થાય ત્યારે જ સમ્યગ્દર્શન થાય છે ને નિર્વિકલ્પ આનંદનું વેદન થાય છે. આવી દશા વગર ધર્મની શરૂઆત થતી નથી.

### [ ૧૮૬ ] ફરવું પડશે, જેને આત્મહિત કરવું હોય તેણે !

અહો, આત્માના હિતની આવી સરસ વાત!! આવી વાતને એકાંતવાદ કહેવો કે ગૃહીત મિથ્યાદૃષ્ટિના નિયતવાદની સાથે આની સરખામણી કરવી તે તો જૈનશાસનનો જ વિરોધ કરવા જેવો મોટો ગજબ છે! "સ્યાદ્વાદ નથી, એકાંત છે, નિયત છે, રોગચાળો છે"-ઇત્યાદિ કહીને વિરોધ કરનારા બધાયને ફરવું પડશે, આ વાત ત્રણકાળમાં ફરે તેમ નથી. આનાથી વિરુદ્ધ કહેનારા ભલે ગમે તેવા મોટા ત્યાગી કે વિદ્વાન ગણાતા હોય તો પણ તે બધાયને ફરવું પડશે,-જો આત્માનું હિત સાધવું હોય તો.

### [ ૧૮૭ ] ગંભીર રહસ્યનું દોહન.

આચાર્યભગવાને આ ચાર ગાથાઓમાં ( ૩૦૮ થી ૩૧૧માં ) પદાર્થસ્વભાવનો અલૌકિક નિયમ ગોઠવી દીધો છે, ને અમૃતચંદ્રાચાર્યદેવે ટીકા પણ એવી જ અદ્ભુત કરી છે. કુંદકુંદાચાર્યદેવે ટૂંકામાં દ્રવ્યાનુયોગને ગંભીરપણે સમાડી દીધો છે, ને અમૃતચંદ્રાચાર્યદેવે ટીકામાં તે સ્પષ્ટ કરીને ખૂલ્લું મૂક્યું છે. જેમ ભેંસના પેટમાં દૂધ ભર્યું હોય તે જ દોવાઈને બહાર આવે છે, તેમ સૂત્રમાં ને ટીકામાં જે રહસ્ય ભર્યું છે તેનું જ આ દોહન થાય છે, મૂળમાં છે તેનો જ આ વિસ્તાર થાય છે.

### [ ૧૮૮ ] આખાદ્રવ્યને સાથે ને સાથે રાખીને અપૂર્વ વાત !

જીવ પોતાના ક્રમબદ્ધપરિણામોથી ઊપજતો હોવા છતાં, અજીવની સાથે તેને કારણ-કાર્યપણું નથી. અહીં તો આચાર્યદેવ કહે છે કે 'दवियं जं उप्पज्जइ'....એટલે કે સમયે સમયે પોતાના નવા નવા ક્રમબદ્ધ પરિણામપણે દ્રવ્ય જ પોતે ઊપજે છે. પહેલા સમયે કારણ-કાર્યરૂપે જે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ છે તે ચારે બીજા સમયે ગુલાંટ મારીને બીજા સમયના કારણ-કાર્યરૂપે પરિણમી જાય છે; એકલા પરિણામ જ પલટે છે ને દ્રવ્ય નથી પલટતું-એમ નથી, કેમકે પરિણામપણે દ્રવ્ય પોતે ઊપજે છે. ઘંટીના બે પડની માફક દ્રવ્યને અને પર્યાયને જુદાપણું નથી, એટલે જેમ ઘંટીમાં ઉપલું પડ ફરે છે ને નીચલું તદ્દન સ્થિર રહે છે, તેમ અહીં પર્યાય જ પરિણમે છે ને દ્રવ્ય પરિમતું જ નથી-એમ નથી. પર્યાયપણે કોણ પરિણમ્યું ? કે વસ્તુ પોતે. આત્મા અને તેના અનંતા ગુણો, સમયે સમયે નવી નવી પર્યાયપણે ઊપજે છે, તે પર્યાયમાં તે તદ્રૂપ છે. આથી પર્યાયઅપેક્ષાએ જોતાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ ને ભાવ ચારે ય બીજા સમયે પલટી ગયા છે. દ્રવ્ય અને ગુણ અપેક્ષાએ સદૃશતા જ હોવા છતાં, પહેલા સમયના જે દ્રવ્ય-ક્ષેત્ર-ભાવ છે તે પહેલા સમયની તે પર્યાયપણે ઊપજેલા( -પરિણમેલા ) છે, અને બીજા સમયે તે દ્રવ્ય-ક્ષેત્રભાવ ત્રણે પલટીને બીજા સમયની તે પર્યાયપણે ઊપજે છે. એ પ્રમાણે ક્રમબદ્ધપર્યાયપણે દ્રવ્ય પોતે પરિણમે છે. બીજા સમયે પર્યાય 'એવી ને એવી' ભલે થાય, પણ દ્રવ્યને પહેલા સમયે જે તદ્રૂપપણું હતું તે પલટીને બીજા સમયે બીજી પર્યાય સાથે તદ્રૂપપણું થયું છે. અહો, પર્યાયે પર્યાયે આખા દ્રવ્યને સાથે ને સાથે લક્ષમાં રાખ્યું છે. દ્રવ્યનું આ સ્વરૂપ સમજે તો પર્યાયે-પર્યાયે દ્રવ્યનું અવલંબન વર્ત્યા જ કરે એટલે દ્રવ્યની દૃષ્ટિમાં નિર્મળ-નિર્મળ પર્યાયોની ધારા ચાલે.... એવી અપૂર્વ આ વાત છે.

### [ ૧૮૯ ] -છૂટવાનો માર્ગ.

પર્યાયપણે ઊપજ્યું કોણ ? કે દ્રવ્ય ! એટલે પોતાને પોતાના જ્ઞાયકદ્રવ્ય સામે જ જોવાનું રહે છે; બીજો આવીને આનું કાંઈ કરી દ્યે, કે આ કોઈ બીજાનું કરવા જાય- એ વાત ક્યાં રહે છે ? ભાઈ ! આ વાત સમજીને તું સ્વસન્મુખ થા... તારા જ્ઞાયકસ્વભાવ સન્મુખ થા. આ સિવાય બીજો કોઈ હિતનો રસ્તો નથી. છૂટવાનો રસ્તો તારામાં જ પડ્યો છે, અંતરના જ્ઞાયકસ્વરૂપને પકડીને તેમાં એકતા કર તો છૂટવાનો માર્ગ તારા હાથમાં જ છે; આ સિવાય બહારના લાખ ઉપાય કર્યે પણ છૂટકારો ( મુક્તિનો માર્ગ ) હાથ આવે તેમ નથી.

### [ ૧૯૦ ] 'જ્ઞાયક' જ જ્ઞેયોનો જ્ઞાતા છે.

પોતાના ક્રમબદ્ધપરિણામમાં તદ્રૂપ વર્તતું દ્રવ્ય

પ્રવાહ ક્રમમાં દોડયું જ જાય છે, આયત સામાન્ય એટલે કે દોડતો પ્રવાહ તેમાં તદ્રૂપપણે દ્રવ્ય ઊપજે છે. દ્રવ્યના પ્રદેશો બધા એક સાથે (વિસ્તાર સામાન્ય સમુદાયરૂપે) રહેલા છે, ને પર્યાયો એક પછી એક ક્રમબદ્ધ પ્રવાહપણે વર્તે છે. દ્રવ્યના ક્રમબદ્ધ પરિણમનની ધારાને રોકવા, તોડવા કે ફેરવવા કોઈ સમર્થ નથી. હું જ્ઞાયક, જગતના દ્રવ્ય-ગુણ-પર્યાય જેમ સત્ છે તેમ તેનો જાણનાર છું-આમ પોતાના જ્ઞાયકસ્વભાવનો નિર્ણય કરવાની આ વાત છે. જ્ઞાયકનો નિર્ણય કરે તે જ જ્ઞેયોને યથાર્થપણે જાણે છે.

**[ ૧૯૧ ] આ છે, જ્ઞાયકસ્વભાવનું અકર્તાપણું.**

દ્રવ્ય-ક્ષેત્ર ને ભાવ, પહેલા સમયે તે પર્યાયમાં તદ્રૂપ છે, તે પર્યાય પલટીને બીજી પર્યાય થઈ, ત્યારે બીજા સમયે તે પર્યાયમાં તદ્રૂપ છે. એ રીતે વસ્તુના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ ને ભાવ ચારેય સમયે સમયે પલટીને નવી નવી અવસ્થાપણે ઊપજે છે, તેથી તેની સાથે જ તેને કારણ-કાર્યપણું છે, પણ બીજાની સાથે કારણ-કાર્યપણું નથી. જુઓ, આ જ્ઞાયકસ્વભાવનું અકર્તાપણું!

(૧) જ્ઞાયકસ્વભાવ પરથી તો ભિન્ન, (૨) રાગાદિના ભાવોથી પણ ભિન્ન,

(૩) એક પર્યાય, આગળ-પાછળની બીજી અનંત પર્યાયોથી ભિન્ન,

(૪) એક ગુણ બીજા અનંત ગુણોથી ભિન્ન, અને

(૫) દ્રવ્ય-ગુણને પહેલા સમયે જે પર્યાય સાથે તદ્રૂપપણું હતું તે તદ્રૂપપણું બીજા સમયે નથી રહ્યું, પણ બીજા સમયે બીજી પર્યાય સાથે તદ્રૂપપણું થયું છે.

-જુઓ આ સત્યનું શ્રદ્ધાન થવાની રીત! આ વાત લક્ષમાં લેતાં આખું જ્ઞાયકદ્રવ્ય નજર સામે આવી જાય છે.

**[ ૧૯૨ ] 'જીવંત વસ્તુવ્યવસ્થા અને જ્ઞાયકનું જીવન'-તેને જે નથી જાણતો તે મૂઢ માને છે- 'મરેલા જીવતું, ને જીવતાને મરેલું!'**

જેમ કોઈ અજ્ઞાની પ્રાણી મડદાને જીવતું માનીને તેને જીવાડવા માંગે-ખવરાવવા પીવરાવવા માંગે, તો કાંઈ મડદું જીવતું થાય નહિ ને આનું દુઃખ મટે નહિ. (અહીં રામચંદ્રજીનો દાખલો નથી આપતા, કેમ કે રામચંદ્રજી તો જ્ઞાની સમકીતિ હતા.) પણ મડદાને મડદા તરીકે જાણે તો તેની ભ્રમણાનું દુઃખ ટળે. તેમ પર વસ્તુ સાથે કર્તાકર્મપણાનો અત્યંત અભાવ જ છે (મડદાની માફક) છતાં પરનું હું કરું એમ જે માને છે તે અભાવને અભાવ તરીકે ન માનતાં, પરનો પોતામાં સદ્ભાવ માને છે, તે ઊંધી માન્યતાથી તે દુઃખી જ છે.

અથવા, જેમ કોઈ જીવતાને મરેલું માને તો તે મૂઢ છે, તેમ આત્મા જ્ઞાયકસ્વભાવે જીવતો છે, જ્ઞાયકપણું જ તેનું જીવન છે, તેને બદલે તેને પરનો કર્તા માને છે તે જ્ઞાયકજીવનને હણી નાંખે છે, એટલે તે મોટો હિંસક છે. વળી પરવસ્તુ પણ જીવતી (-સ્વયં પરિણમતી) છે, તેને બદલે હું તેને પરિણમાવું એમ જેણે માન્યું તેણે પર વસ્તુને જીવતી ન માની પણ મરેલી એટલે કે પરિણમન વગરની માની. સ્વતંત્ર પરિણમતી વસ્તુને પર સાથે કર્તા-કર્મપણું જે માને છે તે જીવંત વસ્તુવ્યવસ્થાને જાણતો નથી. સમયસાર (પૃ. ૪૨૩) માં પણ કહ્યું છે કે "જેનું જે હોય તે તે જ હોય, જેમ કે-આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે'-આવો તાત્ત્વિક સંબંધ જીવંત છે." જુઓ, આ જીવંત સંબંધ!! આત્માને પોતાના જ્ઞાનાદિ સાથે એકતાનો સંબંધ જીવંત છે, પણ પર સાથે કર્તાકર્મપણાનો સંબંધ જરા પણ જીવંત નથી. જો પરદ્રવ્ય આત્માનું કાર્ય હોય અર્થાત્ આત્મા પરનું કાર્ય કરે, તો તે પરદ્રવ્ય આત્મા જ થઈ જાય; કેમ કે જે જેનું કાર્ય હોય તે તેનાથી જુદું ન હોય. પરંતુ જ્ઞાયકઆત્માને પર સાથે એવો તો કોઈ સંબંધ નથી. છતાં જે પર સાથે કર્તાકર્મનો સંબંધ માને છે તે જ્ઞાયકજીવનને હણી નાંખે છે ને મડદાંને જીવતું કરવા માંગે છે, તે મૂઢ-મિથ્યાદૃષ્ટિ છે. દરેક દ્રવ્ય સ્વયં પરિણમીને પોતપોતાની ક્રમસર પર્યાયમાં તદ્રૂપપણે વર્તે છે, -આવી જીવંત વસ્તુવ્યવસ્થા છે, તેને બદલે બીજા વડે તેમાં કાંઈ ફેરફાર થવાનું માને, તો તેથી કાંઈ વસ્તુવ્યવસ્થા તો ફરશે નહિ પણ તેમ માનનારો મિથ્યાદૃષ્ટિ થશે.

ચારે કોરથી એક જ ધારાની વાત છે, પણ પાત્ર થઈને સમજવા માંગે તેને જ સમજાય તેવું છે. દ્રવ્યના ક્રમબદ્ધ પ્રવાહને કોઈ બીજો વચ્ચે આવીને ફેરવી નાંખે એવું જીવંત વસ્તુમાં નથી, એટલે સ્વભાવસન્મુખ થઈને જ્ઞાયકભાવપણે પરિણમ્યો, તેને જ્ઞાયકભાવની પરિણમન ધારામાં વચ્ચે રાગનું કર્તાપણું આવી જાય એવું જ્ઞાયકના જીવનમાં નથી,

છતાં જ્ઞાયકને રાગનો કર્તા માને તો તે જીવંત વસ્તુને જાણતો નથી, જ્ઞાયકના જીવનને જાણતો નથી.

જ્ઞાયકજીવને પોતાના નિર્મળજ્ઞાન પરિણામનું કર્તાપણું થાય–એવો સંબંધ જીવતો છે, પણ જ્ઞાયકજીવને અજીવનું કર્તાપણું થાય–એવો સંબંધ જીવતો નથી. જ્ઞાનીને જ્ઞાયકભાવ સાથે સંબંધ જીવતો છે ને મોહ સાથેનો સંબંધ મરી ગયો છે,–આવું છે જ્ઞાતાનું જીવન!

**[ ૧૯૩ ] કર્તાકર્મપણું અન્યથી નિરપેક્ષ છે, માટે જીવ અકર્તા છે, જ્ઞાયક છે.**

આચાર્યદેવ કહે છે કે જીવ કર્તા ને અજીવ તેનું કર્મ–એમ કોઈ રીતે સાબિત થતું નથી, કેમ કે કર્તાકર્મની અન્યથી નિરપેક્ષપણે સિદ્ધિ છે, એક વસ્તુના કર્તાકર્મમાં વચ્ચે બીજાની અપેક્ષા નથી. ક્રમબદ્ધઅવસ્થાપણે ઊપજતું દ્રવ્ય જ કર્તા થઈને પોતાના પર્યાયરૂપ કર્મને કરે છે, ત્યાં 'આ હોય તો આ થાય'–એવી અન્ય દ્રવ્યની અપેક્ષા નથી; પરની અપેક્ષા વગર એકલા સ્વદ્રવ્યમાં જ કર્તાકર્મની સાબિતી થઈ જાય છે. આ નિશ્ચય છે, આવી નિશ્ચય વસ્તુસ્થિતિનું જ્ઞાન થયું ત્યારે બીજા નિમિત્તને જાણવું તે વ્યવહાર છે. ત્યાં પણ, આ વસ્તુનું કાર્ય તો તે નિમિત્તથી નિરપેક્ષ જ છે,–નિમિત્તને લીધે આ કાર્યમાં કાંઈ પણ થયું એમ–નથી. વ્યવહારથી નિમિત્તને કર્તા કહેવાય, પણ તેનો અર્થ એવો નથી કે તેણે કાર્યમાં કાંઈ પણ કરી દીધું! 'વ્યવહાર કર્તા' નો અર્થ જ 'ખરેખર અકર્તા.' કર્તાકર્મ અન્યથી નિરપેક્ષ છે એટલે નિમિત્તથી પણ નિરપેક્ષ છે, અન્ય કોઈની અપેક્ષા વગર જ પદાર્થને પોતાની પર્યાય સાથે કર્તા–કર્મપણું છે. એકેક દ્રવ્યના છએ કારકો (કર્તા–કર્મ–કરણ વગેરે) અન્ય દ્રવ્યોથી નિરપેક્ષ છે, ને પોતાના સ્વદ્રવ્યમાં જ તેની સિદ્ધિ થાય છે ; કર્તા–કર્મ–કરણ–સંપ્રદાન–અપાદાન અને અધિકરણ, એ છએ કારકો જીવના જીવમાં છે, ને અજીવના અજીવમાં છે. આમ હોવાથી જીવને અજીવનું કર્તાપણું કોઈ રીતે સિદ્ધ થતું નથી, પણ જીવ અકર્તા જ છે–જ્ઞાયક જ છે–એમ બરાબર સિદ્ધ થાય છે. આ રીતે આચાર્યદેવે જીવનું અકર્તાપણું સિદ્ધ કર્યું.

**[ ૧૯૪ ] 'આ 'ક્રમબદ્ધપર્યાયના પારાયણનું સપ્તાહ' આજે પૂરું થાય છે...'**

**[ ૧૯૫ ] આ સમજે તે શું કરે? -બધાં ઉપદેશનો નીચોડ!**

પ્રશ્નઃ– પણ આ વાત સમજ્યા પછી કરવું શું?

ઉત્તરઃ– અંદર જ્ઞાયકમાં ઠરવું,–એ સિવાય બીજું શું કરવું છે? શું તારે બહારમાં કૂદકા મારવા છે? કે પરનું કાંઈ કરી દેવું છે? આ જ્ઞાયકસ્વરૂપ સમજતાં પોતે જ્ઞાયક–સન્મુખ થઈને જ્ઞાતાપણે જ રહ્યો, ને રાગના કર્તાપણે ન થયો;–એ જ આ સમજણનું ફળ છે. 'હું જ્ઞાયક છું' એમ સમજ્યો,–ત્યાં જ્ઞાયક શું કરે? જ્ઞાયક તો જ્ઞાતાદ્રષ્ટાપણાનું જ કાર્ય કરે. જ્ઞાયક પાસે પરનું કે રાગનું કામ કરવાનું જે માને છે તે જ્ઞાયકસ્વભાવને સમજ્યો જ નથી ને ક્રમબદ્ધપર્યાયને પણ સમજ્યો નથી. <u>ભાઈ! જ્ઞાયકસ્વભાવની સન્મુખ થઈને તેમાં એકાગ્ર થતાં સમ્યગ્દર્શનથી માંડીને કેવળજ્ઞાન સુધીની ક્રમબદ્ધપર્યાય ખીલતી જાય છે,–ને આ જ બધા ઉપદેશનો નીચોડ છે.</u> સર્વવિશુદ્ધજ્ઞાન–અધિકારની આ ચાર ગાથાઓમાં આચાર્યદેવે બધો નીચોડ કરી નાંખ્યો છે. 'સર્વ વિશુદ્ધ જ્ઞાન' એટલે જ્ઞાયક માત્ર શુદ્ધ આત્મા! તેની પ્રતીત કર, ને ક્રમબદ્ધપર્યાય જેમ છે તેમ જાણ.

**[ ૧૯૬ ] જ્ઞાયકભગવાન જાગ્યો........તે શું કરે છે?**

આ જ્ઞાયકની પ્રતીત કરી ત્યાં તે જ્ઞાયકભૂમિમાં જ પર્યાય કૂદે છે,–જ્ઞાયકનો જ આશ્રય કરીને નિર્મળપણે ઊપજે છે, પણ રાગાદિનો આશ્રય કરીને ઊપજતી નથી. જ્ઞાયકસ્વભાવની સન્મુખતા થઈ ત્યાં પર્યાય કૂદે છે–એટલે કે નિર્મળ–નિર્મળપણે વધતી જ જાય છે. અથવા–દ્રવ્ય કૂદીને પોતાની નિર્મળ ક્રમબદ્ધપર્યાયમાં કૂદકા મારે છે,–તે પર્યાયપણે પોતે ઊપજે છે, પણ ક્યાંય બહારમાં કૂદકા મારે એમ નથી. પહેલા જ્ઞાયકના ભાન વગર મિથ્યાત્વ દશામાં સૂતો હતો, તેને બદલે હવે સ્વભાવસન્મુખ થઈને જ્ઞાયકભગવાન જાગ્યો ત્યાં તે પોતાની નિર્મળપર્યાયમાં કૂદવા લાગ્યો, હવે વધતી વધતી નિર્મળ પર્યાયમાં કૂદતો કૂદતો તે કેવળજ્ઞાન લેશે.

**[ ૧૯૭ ] 'ક્રમબદ્ધ'ના જ્ઞાતાને મિથ્યાત્વનો ક્રમ ન હોય.**

પ્રશ્નઃ– ક્રમબદ્ધપર્યાય તો અજ્ઞાનીને પણ છે ને?

ઉત્તરઃ– ભાઈ, એ પ્રશ્નનો ઉત્તર એ છે કે જ્ઞાયકસ્વ–

ભાવની દૃષ્ટિથી ક્રમબદ્ધપર્યાયનું સ્વરૂપ જે સમજે તેને પોતામાં અજ્ઞાન રહે જ નહિ. તે એમ જાણે છે કે જ્ઞાનીને, અજ્ઞાનીને કે જડને, બધાયને ક્રમબદ્ધપર્યાય છે; પણ તેમાં–

જ્ઞાનીને પોતાના જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિથી નિર્મળ–નિર્મળ ક્રમબદ્ધપર્યાય થાય છે,

અજ્ઞાનીને ઊંધી દૃષ્ટિમાં મલિન ક્રમબદ્ધપર્યાય થાય છે, અને

જડની ક્રમબદ્ધપર્યાય જડરૂપ થાય છે.

–આવું જાણનાર જ્ઞાનીને પોતામાં તો મિથ્યાત્વાદિ મલિન પર્યાયનો ક્રમ રહે જ નહિ, કેમકે તેનો પુરુષાર્થ તો પોતાના જ્ઞાયકસ્વભાવ તરફ વળી ગયો છે, તેથી તેને તો સમ્યગ્દર્શનાદિ નિર્મળ પર્યાયનો ક્રમ શરૂ થઈ ગયો છે. જો આવી દશા ન થાય તો તે ખરેખર ક્રમબદ્ધપર્યાયનું રહસ્ય સમજ્યો નથી પણ માત્ર વાતો કરે છે.

### [ ૧૯૮ ] 'ચૈતન્ય ચમત્કારી હીરો.'

અહીં આચાર્ય ભગવાનને જીવને તેનું જ્ઞાયકપણું સમજાવ્યું છેઃ ભાઈ ! તારો આત્મા જ્ઞાયક છે....'ચૈતન્ય ચમત્કારી હીરો' છે, તારો આત્મા સમયે સમયે જ્ઞાતાદૃષ્ટાપણાની ક્રમબદ્ધપર્યાયપણે ઊપજીને જાણ એવો જ તારો સ્વભાવ છે. કોઈ પર પદાર્થોની અવસ્થાને ફેરવવાનો સ્વભાવ નથી; માટે પરની કર્તાબુદ્ધિ છોડ ને તારા જ્ઞાયક સ્વભાવની સન્મુખ થઈને જ્ઞાયકપણે જ રહે.

### [ ૧૯૯ ] ચૈતન્ય રાજાને જ્ઞાયકભાવની રાજગાદીએ બેસાડીને સમ્યક્ત્વના તિલક થાય છે. ત્યાં વિરોધ કરીને પરને ફેરવવા માંગે છે તેનો દી' ફર્યો છે! ('-રા' નથી ફરતો...રા'નો દી' ફરે છે.')

અહો, આવી પરમ સત્ય વાત સમજાવીને આચાર્યદેવ આત્માને તેના જ્ઞાયકસ્વભાવની રાજગાદીએ બેસાડે છે....આત્મામાં સમ્યક્ત્વનું તિલક કરે છે...પરંતુ, ઊંધી દૃષ્ટિવાળા મૂઢ જીવો આવી સત્ય વાતનો પણ વિરોધ કરે છે, –એને જ્ઞાયકપણે નથી રહેવું પણ પરના કર્તાપણાનું અભિમાન કરીને હજી સંસારમાં રખડવું છે. રાજા રા'માંડલિકને એકવાર કોઈ જુવાન ચારણબાઈ તિલક કરવા આવી; ત્યારે, તે બાઈનું રૂપ જોઈને રાજાની દૃષ્ટિ બગડી, તેથી જ્યાં તે બાઈ તિલક કરવા જાય છે ત્યાં પોતાનું મોઢું બીજી દિશામાં ફેરવી લીધું. બાઈ બીજી દિશામાં તિલક કરવા ગઈ તો રા'એ ત્રીજી દિશામાં મોઢું ફેરવ્યું. છેવટે બાઈએ પોતાની સાસુને કહ્યું કે : "રા' ફરે છે." તેની સાસુ રાજાનું હૃદય સમજી ગઈ તેથી તેણે જવાબ આપતાં કહ્યુંઃ "બેટા ! રા' નથી ફરતો...રા' નો દી ફરે છે !"

તેમ અહીં શ્રીગુરુ જીવને તેના જ્ઞાયકસ્વભાવના સિંહાસને બેસાડીને, ત્રણ લોકના જ્ઞાનસામ્રજ્યનું રાજતિલક કરે છે...'અરે જીવ ! અંતરમાં જ્ઞાયકભગવાનની પ્રતીત કરીને રાજ–સ્થાનમાં બેસવાનો (–ઉત્કૃષ્ટ સ્વભાવમાં એકાગ્ર થવાનો) અવસર આવ્યો, સમ્યગ્દર્શનરૂપી રાજતિલક કરવાનું ટાણું આવ્યું... અરે ! ચૈતન્યરાજા ! બેસ તારા જ્ઞાયકભાવની ગાદીએ, આ તને તિલક થાય છે.'

....ત્યાં, જેને વિકારની રુચિ છે એવા ઊંધી દૃષ્ટિવાળા મૂઢ જીવો (રા'માંડલિકની જેમ મોઢું ફેરવીને) કહે છે કે 'અરે ! એમ નહિ.... એમ નહિ.... અમે તો પરનું ફેરવી દઈએ....' એટલે એને જ્ઞાયકપણે નથી રહેવું પણ વિકારી દૃષ્ટિ રાખીને પરને ફેરવવું છે. પણ અરે મૂઢ ! તારાથી કોઈની પર્યાય નહિ ફરે, તું જ્ઞાયકસન્મુખ નથી થતો ને પર તરફ મોઢું ફેરવે છે તો તારો દી' ફર્યો છે– તારી દૃષ્ટિ ઊંધી થઈ છે; જ્ઞાયકસ્વભાવની રાજગાદીએ બેસીને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રના તિલક કરવાનો અવસર આવ્યો, ત્યારે જ્ઞાયકસ્વભાવની પ્રતીત કરીને સ્વસન્મુખ થવાને બદલે અજ્ઞાની ઊંધું માને છે ને 'એકાંત છે, રે ! એકાંત છે...' એમ કહીને વિરોધ કરે છે, અરે ! એનો દી' ફર્યો છે, જ્ઞાયકસન્મુખ થઈને નિર્મળ સ્વકાળ થવો જોઈએ તેને બદલે તે મિથ્યાત્વને પોષે છે તેથી તેનો દી' ફર્યો છે.

### [ ૨૦૦ ] 'કેવળીના નંદન'બતાવે છે-કેવળજ્ઞાનનો પંથ !

ભગવાન ! તારો આત્મા તો જ્ઞાયકસ્વરૂપ છે, તે જ્ઞાયક રાગાદિ ભાવોનો અકર્તા છે. જ્ઞાયકસન્મુખ થતાં જે જ્ઞાનભાવ પ્રગટયો તથા અતીન્દ્રિય આનંદનું વેદન પ્રગટયું તેનો કર્તા–ભોક્તા આત્મા છે, પણ રાગાદિનું કે કર્મનું કર્તા–ભોક્તાપણું તેમાં નથી. આવા ચૈતન્યમૂર્તિ જ્ઞાયકસ્વભાવને નક્કી કરીને જ્ઞાતાદૃષ્ટાપણે રહેવું ને તેમાં ઠરવું એ જ કરવાનું છે. જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિથી જ્ઞાતા થઈને પોતામાં ઠર્યો ત્યાં જીવ રાગાદિનો

અકર્તા જ છે ને કર્મનો પણ અકર્તા છે, તે કર્મબંધનનો નિમિત્તકર્તા પણ નથી એટલે તેને બંધન થતું જ નથી;–હવે જ્ઞાયકસ્વભાવસન્મુખ રહીને જ્ઞાતાદ્રષ્ટાપણાના નિર્મળ–નિર્મળ પરિણામે પરિણમતાં તેને રાગાદિ સર્વથા ટળી જશે ને કેવળજ્ઞાન થઈ જશે. **આ જ કેવળજ્ઞાનનો પંથ અને રાહ છે.**

**... જ ય હો....**

**જ્ઞાયકસ્વભાવની સન્મુખ લઈ જઈને,**

**‘સર્વજ્ઞશક્તિ’ની...ને ‘ક્રમબદ્ધપર્યાય’ ની પ્રતીત કરાવનાર**

**કેવળીપ્રભુના લઘુનન્દન શ્રી કહાનગુરુદેવનો જય હો.**

**જ્ઞાયકમૂર્તિનો જય હો....**

# સુવર્ણપુરી સમાચાર

* પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવ સુખશાંતિમાં બિરાજે છે; હાલ સવારના પ્રવચનમાં મોક્ષમાર્ગપ્રકાશક અને બપોરના પ્રવચનમાં સમયસાર વંચાય છે. એ ઊપરાંત રાત્રિચર્ચા, ભક્તિ વગેરે કાર્યક્રમ નિયમિત ચાલુ છે.

* "આત્માનો જ્ઞાયકસ્વભાવ અને ક્રમબદ્ધપર્યાય" ઉપર હાલમાં પૂ. ગુરુદેવે બે વખત અદ્‌ભુત પ્રવચનો કર્યા, તેમાંથી પહેલી વખતનાં આઠ પ્રવચનો આ અંકમાં પ્રસિદ્ધ થયા છે, બીજી વખતનાં પાંચ પ્રવચનો થયાં છે તે હવે પછી પ્રસિદ્ધ થશે. આ બધાય પ્રવચનો એક સાથે પુસ્તક રૂપે પણ પ્રસિદ્ધ કરવાનું નક્કી થયું છે. આ પ્રવચનો પ્રસિદ્ધ થતાં પહેલા પૂજ્ય ગુરુદેવે વાંચી જવા કૃપા કરી છે.

* આ નૂતનવર્ષના પ્રારંભે-કારતક સુદ એકમના રોજ રાત્રે, પૂ. બેનશ્રીબેનના ઘરે દોઢ કલાક સુધી બેનશ્રીબેને માનસ્તંભ-સન્મુખ અદ્‌ભુત ભાવભરી ભક્તિ કરાવી હતી.

* ચાલુ સાલનું દિ. જૈનતિથિદર્પણ છપાઈને તૈયાર થાય છે.

* જે ગ્રાહકોએ હજી સુધી લવાજમ ન ભર્યું હોય, તેઓ હજી પણ વહેલાસર સોનગઢના સરનામે લવાજમ મોકલી આપીને આત્મધર્મ-કાર્યાલયને વી. પી. કરવાની તકલીફમાંથી બચાવે-એવી વિનંતી છે.

## મુક્તિના ઉપાયનું પહેલું સોપાન

અંતરના ચિદાનંદ સ્વભાવને ઓળખીને તેમાં એકાગ્રતાથી રાગ ટાળીને જેમણે સર્વજ્ઞતા પ્રગટ કરી તે સર્વજ્ઞ પરમાત્માના દિવ્યધ્વનિમાં એવો ઉપદેશ આવ્યો કે : અરે આત્મા! તેં તારા અસલી સ્વભાવ તરફ કદી વલણ કર્યું નથી; તારો આત્મા એક સમયમાં પરિપૂર્ણ જ્ઞાન ને આનંદસ્વભાવથી ભરેલો છે તેને ઓળખીને તેની પ્રીતિ કર. અંતર આત્મામાં એકાગ્ર થતાં રાગ ટળી જાય છે ને સર્વજ્ઞતાં પ્રગટી જાય છે, માટે રાગ તે તારું ખરું સ્વરૂપ નથી પણ પૂર્ણજ્ઞાન તે તારું સ્વરૂપ છે. – આ પ્રમાણે રાગથી ભિન્ન જ્ઞાન-સ્વરૂપ આત્માનો નિર્ણય કરવો તે મુક્તિના ઉપાયનું પહેલું સોપાન છે.

## કયાં...અટકયા.... ?....

અજ્ઞાની જીવ જગતથી ભિન્ન પોતાના ચૈતન્યસ્વરૂપને ચૂકીને દેશનું-પરનું-ઘરનું અને શરીર વગેરેનું કામ કરવાના અભિમાનમાં અટકે છે, બહુ તો ધર્મના નામે આગળ ચાલે તો દયા-વ્રત વગેરેના શુભરાગમાં ધર્મ માનીને ત્યાં અટકી જાય છે; પણ શરીરાદિની ક્રિયાથી ભિન્ન ને શુભરાગથી પણ પાર એવા પોતાના જ્ઞાનાનંદ સ્વરૂપ આત્માનું લક્ષ કરતો નથી, તેથી તેના જન્મમરણના દુઃખનો અંત આવતો નથી. અનાદિકાળમાં પુણ્ય કર્યાં તોપણ જીવ સંસારમાં જ રખડયો છે, તો તે સંસારનું મૂળકારણ શું છે તે જાણીને તેને ટાળવાનો ઉપાય કરવો જોઈએ.

## મહાન તત્ત્વાર્થશાસ્ત્ર હિન્દી ભાષામાં પ્રકાશિત થયું છે.

# મોક્ષશાસ્ત્ર [ સૂત્રજી ]

**જેમાં સર્વજ્ઞ વીતરાગ કથિત તત્ત્વાર્થોના નિરૂપણને સુગમ, સ્પષ્ટ રીતે પ્રકાશમાં લાવવાનું વિવેચન, વિસ્તૃત પ્રશ્નોત્તર-પરિશિષ્ટ, નય પ્રમાણ અને શાસ્ત્રાધાર સહિત હોવાથી આ શાસ્ત્રનું સમસ્ત જિજ્ઞાસુઓએ વાંચન, મનન કરવા યોગ્ય છે.**

મૂલ્ય પડતર કિંમતથી પણ બે રૂપિયા ઓછું રાખવામાં આવ્યું છે.

**પૃષ્ઠ સંખ્યા પ્રાયઃ ૯૦૦, મૂલ્ય રૂા. ૫-૦-૦**

પોસ્ટેજ ખર્ચ અલગ આપવાનું રહેશે.

**: પ્રાપ્તિ સ્થળ :**

શ્રી જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ સોનગઢ [ સૌરાષ્ટ્ર ]


## ઉત્તમ ચૈતન્યતત્ત્વ

અહો ! આ જગતમાં આનંદ સહિત અને ઉત્તમ તો ચૈતન્યતત્ત્વ જ છે; ચૈતન્યતત્ત્વ સિવાય બહારમાં ક્યાંય આનંદ નથી અને બીજું કાંઈ તેનાથી ઉત્તમ નથી. જગતમાં સર્વોત્કૃષ્ટ ચૈતન્યતત્ત્વ છે, આ શુદ્ધ ચિદ્રૂપ પરમાત્મ તત્ત્વથી ઊંચું જગતમાં કોઈ નથી. આવું ચૈતન્યતત્ત્વ જ પ્રાપ્ત કરવા યોગ્ય છે. ચૈતન્યતત્ત્વની પ્રાપ્તિ સિવાય (એટલે કે તેની ઓળખાણ સિવાય) પુણ્ય-પાપના ભાવો જીવે અનંતવાર કર્યા અને બહારના સંયોગો અનંતવાર મળ્યા, પણ તેમાં ક્યાંય આત્માનો આનંદ નથી. આ શરીરથી પાર ને પુણ્યથી પણ પાર ચૈતન્યતત્ત્વ છે, તે પોતે જ અતીન્દ્રિય આનંદનો સાગર છે. આવા ચૈતન્યતત્ત્વને જ્યાં સુધી જીવ ન સમજે ત્યાં સુધી તેને ધર્મની શરૂઆત થાય નહિ. માટે આવા ચૈતન્યતત્ત્વની ઓળખાણનો યથાર્થ ઉદ્યમ કરવો તે ધર્મની શરૂઆતનો ઉપાય છે.

મુદ્રકઃ-જમનાદાસ માણેકચંદ રવાણી, અનેકાન્ત મુદ્રણાલય : વલ્લભવિદ્યાનગર ( ગુજરાત )
પ્રકાશકઃ-શ્રી જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી જમનાદાસ માણેકચંદ રવાણી, વલ્લભવિદ્યાનગર ( ગુજરાત )